વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૩૯મું
જુલાઈ - ૨૦૧૪
અંક : ૪૩૪

મંગલ મંદિર ● જુલાઈ-૨૦૧૪ ● ૧
(કુલ પાના : ૧૧૮)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

## અષાઢી બીજ વિશેષાંક



હાવરા બ્રિજ - કોલકત્તા

**આ અંકનું સૌજન્ય**
**શ્રી હરીશભાઈ રંગવાલા (ભૂજ) અમદાવાદ તરફથી પ્રાપ્ત થયેલ છે**

તંત્રી મંડળ :
**અશોક મહેતા** - મુખ્ય તંત્રી
**મનુભાઈ શાહ**
**દિનેશચંદ્ર મહેતા**

મુખ્ય કાર્યાલય :-
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન** (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kutchi_jainamd@hotmail.com • Website : www.kutchijainahd.org












# નવનીત એજ્યુકેશન લિમિટેડ

## દ્વારા પ્રકાશિત
## શ્રેષ્ઠ
# જીવનચરિત્ર શ્રેણી

દીવાથી દીવો પ્રગટે એમ, આ શ્રેણી જીવનને જીવનથી જોડતો સેતુ બની રહેશે. આ શ્રેણીમાં એવી વ્યક્તિઓનાં જીવનચરિત્રો છે, જેમણે સમાજ કે રાષ્ટ્રના ઘડતરમાં પોતાનું વિશિષ્ટ યોગદાન આપ્યું છે. તેમનું જીવન સ્વયં એક સંદેશ છે.

## આ શ્રેણીનાં પુસ્તકો ...

1. ગૌતમ બુદ્ધ
2. મહાત્મા ગાંધી
3. રવીન્દ્રનાથ ટાગોર
4. વલ્લભભાઈ પટેલ
5. સ્વામી વિવેકાનંદ
6. સુભાષચંદ્ર બોઝ
7. ઇન્દિરા ગાંધી
8. રાણા પ્રતાપ
9. લાલબહાદુર શાસ્ત્રી
10. જવાહરલાલ નેહરુ
11. ડૉ. બાબાસાહેબ આંબેડકર
12. ડૉ. રાજેન્દ્રપ્રસાદ
13. રાજા રામમોહન રાય
14. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્
15. ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ
16. છત્રપતિ શિવાજી
17. મધર ટેરેસા
18. કલ્પના ચાવલા
19. સુનિતા વિલિયમ્સ
20. ડૉ. વિક્રમ સારાભાઈ

**દરેક બુકસેલરને ત્યાં મળે છે.**

P06 CL OGO. EPS











**Since 1958** **Leading. Innovating. Growing.**







Winner of Excellence Awards
CEAT 2010 & 2011
CFBP - 2011
Apollo CV - 2012

**ISO 9001 : 2008**

# V-Trans offers unmatched service edge to all its customers

## Our Divisions

**V-Trans**
Reliable Hard Freight Transport

**V-Xpress**
Timebound Multimodal Express Cargo Service

**V-Logis**
Warehousing & Inventory Management

- **Specialized in swift, safe movement of parcels from a small 10 kg parcel to bulk sundry, Full truck Loads, ODC and Projects at most cost effective rates**
- **Expertise in multi point door pickup and door delivery**
- **Next Day Delivery Service on select 25 routes and scheduled dispatches to major locations**
- **Geographical presence across India at 400 locations in 26 states - further expanding**
- **Unique V-Trans advantages: Full transit insurance, centralized Customer Service Cell with Toll Free Nos. Specialized Key Accounts Management for multi location servicing, fully computerized operations, all logistic solutions under one roof**

**Corporate Office : V-Trans (India) Limited**
5-A, Navre Apartments, S. V. Marg, Sion (West),Mumbai - 400 022. Tel: 022 - 2402 0880. Fax: 022-24043144
Email: info@vtransgroup.com Web: www.vtransgroup.com

**V-Trans Toll Free no. : 1800-220-180** **V-Xpress Toll Free no. : 1800-220-240**


COOKWELL HEALTH CARE PRODUCT
COOKWELL®
Masala Grinder
Cum
Mini Flour Mill
Instagrind
PATENTED BY GOVT. OF INDIA
QUALITY CONTROL ORDER 1981,89,93
HOUSE HOLD ELECTRICAL APPLIANCES MAH/10/009/0694
GOVERNMENT OF MAHARASHTRA
100% Pure Copper
25/29 Gaze Wire Motor Universal
Heavy Duty Dynamically Balance
COOKWELL®
COOKING SYSTEM
100% Cooking & Safety
Upto 50%
Less Power Consumption
COOKWELL
Microbiologically Tested
PURIFICATION PROCESS
FILTRON™
100% Safe Water
High Performance
Mineral Water System
Big 17 Ltrs. CAPACITY
TESTED By
MADE IN INDIA
APPROVED BY GOVT. OF INDIA
NANO Ceramic Candle
Silica Sand
Silver Activated Carbon
Activated Alumina Balls
Zeolite
Mineral Sand
Mineral Stone
COOKWELL®
Manufactured by :
CookWell Domestic Appliances,
Plot 213, Shelar Compound, Subhash Nagar,
Nahur (W), Mumbai-400078. Customer Care : 022-25666711
Email : info@cookwellindia.com Website : www.cookwellindia.com
ડિલર્સ ડિસ્ટ્રીબ્યુટર્સ
આવકાર્ય



सत्यमेव जयते

તા. ૧૩-૦૬-૨૦૧૪

સ્નેહી ભાઈશ્રી અશોકભાઈ,

નમસ્કાર.

ગુજરાત તેની વણથંભી વિકાસ યાત્રા થકી દેશની સીમાઓ પાર કરી વૈશ્વિક સ્તરે પોતાની આગવી ઓળખ ઊભી કરી ચૂક્યું છે. ગુજરાતની આ વિકાસ ગાથા રાજ્યના પ્રત્યેક નાગરિક માટે ગૌરવપ્રદ છે. પ્રગતિના પથ પર અગ્રેસર રહીને ગુજરાત આજે સમસ્ત રાષ્ટ્ર માટે પથદર્શક બન્યું છે. સહુનો સાથ - સહુનો વિકાસની ભાવનાને ચરિતાર્થ કરી, ગુજરાતનું ગૌરવ આજે સમસ્ત રાષ્ટ્રનું ગૌરવ બન્યું છે.

વિકાસના માર્ગ પર અવિરતપણે ગુજરાત આગળ ધપતું રહે તેવી ભાવના વ્યક્ત કરતો આપનો શુભેચ્છા પત્ર પ્રાપ્ત થતાં આનંદની લાગણી અનુભવું છું. સહુના સહિયારા પુરુષાર્થ થકી ગુજરાતની પ્રગતિનો પથ પ્રશસ્ત થતો રહે તેવી ભાવના સાથે આભારની લાગણી પ્રગટ કરું છું.

આનંદીબેન

(આનંદીબેન પટેલ)

To,
**Shree Ashokbhai Mehta,** Managing Trustee & President,
Shree Kutchi Jain Bhavan,
43/44, Brahman Mitra Mandal Society,
Paldi Ellisbridge, Ahmedabad - 380006.
Email : kutchi_jainamd@hotmail.com

*આનંદીબેન પટેલ*
**મુખ્ય મંત્રી, ગુજરાત રાજ્ય**




**નવભારત સાહિત્ય મંદિર**

૨૦૨, પેલિકન હાઉસ, આશ્રમ રોડ, અમદાવાદ
ફોન : (૦૭૯) ૨૬૫૮૦૩૬૫, ૨૬૫૮૩૭૮૭

પતાસા પોળની સામે, ગાંધી રોડ, અમદાવાદ
ફોન : (૦૭૯) ૨૨૧૩૨૯૨૧, ૨૨૧૩૯૨૫૩

mail : info@navbharatonline@gmail.com
website : www.navbharatonline.com

– ગુજરાતી ભાષાના જાણીતા લેખકો દ્વારા લખાયેલાં
– તમામ વિષયોનાં પુસ્તકો
– તમામ પ્રકાશકોનાં પુસ્તકો
– ગુજરાતી ભાષાની ક્લાસિક કૃતિઓ
– વિપુલ બાળસાહિત્ય
– ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી ભાષાનાં પુસ્તકો
– બે વિશાળ એ.સી. શો-રૂમ
– જીવનને બદલી નાખનાર ઉત્તમ વિપુલ સાહિત્ય

ગુજરાતી ભાષાનાં ઉત્તમ પુસ્તકો
એક જ સ્થળેથી મેળવવા માટે પધારો છો ને?

**આપને મનગમતાં કોઈ પણ પુસ્તક માટે સંપર્ક કરો તથા અમારા બે સેન્ટ્રલ એ.સી. શો-રૂમની મુલાકાત લો.**

TOYCRA
play to grow

TOYCRA, 2nd Floor,
Indraprashth Corporate House,
Opp. Relaince Petrol Pump,
Prahlad Nagar Road,
Satellite, Ahmedabad-380015

Ph: (079) 66170265, Mo. : 98791 10650

mail : toycra@gmail.com
facebook link : facebook.com/toycra

– ઈન્ટરનેશનલ બ્રાન્ડના અવનવાં અદ્‌ભુત ટોય્ઝ
– વિશ્વની ૪૦ જાણીતી બ્રાન્ડનાં રમકડાં
– વૈવિધ્યસભર રમકડાંઓ ડેમો સહિત
– વિશ્વની જાણીતી ગેમ્સ
– એજ્યુકેશનલ - નોલેજ બુક્સ
– ગુજરાતી તથા અંગ્રેજી ભાષાનાં ઉત્તમ પુસ્તકો
– પુસ્તકો, ટોય્ઝ, ગેઈમ્સ જોવા, બેસવાની ઉત્તમ સુવિધા
– ૧૨૦૦૦ સ્ક્વેર ફૂટમાં પથરાયેલ વિશાળ એ.સી. શો-રૂમ
– તમામ ઉંમરના લોકો માટેની બ્રાન્ડ્સ

અમદાવાદના સૌથી ટોય્ઝના સૌપ્રથમ આવા
વિશાળ એ.સી. શો-રૂમમાં પધારો છો ને?

**વિશ્વની જાણીતી બ્રાન્ડનાં ટોય્ઝ, ગેઈમ્સ મેળવવા અમારા વિશાળ એ.સી. શો-રૂમની આજે જ મુલાકાત લો.**

છેલ્લા ૩૮ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**

અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**

**વલોવતન**
દિનેશ આર. મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**સાર સમાચાર**
શાંતિલાલ સંઘવી

**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**જાણવા જેવું, સુડોકુ અને શબ્દ રમત**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

*લેખ* — *લેખક* — *પાના નં.*

**તંત્રી લેખ :**

- કચ્છને ફાળવવામાં આવેલ નર્મદા નદીના વધારાના પાણીના કાર્યો ........ અશોક મહેતા ........ ૯
- અષાઢી બીજ – કચ્છી નવું વર્ષ ........ દિનેશ આર. મહેતા ...... ૧૧
- આગામી કાર્યક્રમોની એક ઝલક ........ ૧૨

**કચ્છ એક અલગ રાજ્ય : તેના ફાયદા તથા ગેરફાયદા**

- કચ્છ – એક અલગ રાજ્ય!? ........ સુરેશચંદ્ર મહેતા, પૂર્વ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય ....... ૧૪
- કચ્છનું અલગ રાજ્ય હોવું જોઈએ? ........ પ્રવીણ કે. લહેરી, પૂર્વ મુખ્ય સચિવ, ગુજરાત રાજ્ય ....... ૧૭
- કચ્છની ખમીરવંતી પ્રજાને સરળ અને ઝડપી વિકાસને અનુરૂપ તંત્રની જરૂર છે ........ સનત મહેતા, પૂર્વ નાણામંત્રી, ગુજરાત રાજ્ય ....... ૧૯
- કચ્છ : એક અલગ રાજ્ય – ફાયદા અને ગેરફાયદા ........ બાબુભાઈ મેઘજી શાહ, પૂર્વ નાણામંત્રી, ગુજરાત રાજ્ય ...... ૨૧
- જો કચ્છ એક અલગ રાજ્ય બને તો ગુજરાતની જેમ દેશભરમાં મોડેલ બને ........ મહારાવશ્રી પ્રાગમલજી ત્રીજા, કચ્છના મહારાવશ્રી ....... ૨૨
- કચ્છ : એક અલગ રાજ્ય – ફાયદા અને ગેરફાયદા ........ પ્રભાકર ધોળકિયા, પૂર્વ ચૂંટણી કમિશનર, ગુજરાત રાજ્ય ...... ૨૪
- કચ્છ : એક અલગ રાજ્ય – ફાયદા અને ગેરફાયદા ........ યાસીન દલાલ, વિખ્યાત કટાર લેખક ....... ૨૬
- કચ્છ અલગ રાજ્ય હોત તો નર્મદાના પૂરતા પાણી આપણે મેળવી શક્યા હોત ........ કીર્તિ ખત્રી, સલાહકાર, 'કચ્છમિત્ર' ....... ૨૭
- કચ્છ : એક અલગ રાજ્ય – ફાયદા અને ગેરફાયદા ........ ડૉ. એમ.જી. ઠક્કર, હેડ, ડિપાર્ટમેન્ટ ઓફ એનવીરોનમેન્ટલ સાયન્સ, કચ્છ યુનિવર્સિટી ...... ૨૯
- કચ્છ : એક અલગ રાજ્ય – ફાયદા અને ગેરફાયદા ........ અશ્વિન ઝિંઝુવાડિયા, અભ્યાસુ કટાર લેખક ....... ૩૦
- કચ્છ : વિશિષ્ટ પ્રદેશ ઝંખે છે વિશેષ જાળવણી ........ નલિન ઉપાધ્યાય, કટાર લેખક ....... ૩૨
- કચ્છ : એક અલગ રાજ્ય – ફાયદા અને ગેરફાયદા ........ શશીકાંત ઠક્કર, ઍડવોકેટ અને કટારલેખક ....... ૩૪
- કચ્છ : એક અલગ રાજ્ય – ફાયદા અને ગેરફાયદા ........ વીનેશ અંતાણી, કટાર લેખક ...... ૩૬
- અલગ કચ્છ રાજ્ય આજના સંદર્ભમાં જરૂરી ખરું? ........ નરેશ અંતાણી, ઇતિહાસવિદ્ અને કટાર લેખક ...... ૩૯
- પ્રવાસન વિકાસ થકી કચ્છ વિકાસના દ્વાર ઉઘાડી શકાય ........ પ્રા. પૃથ્વી શાહ, કટાર લેખક ....... ૪૦
- કચ્છ : એક અલગ રાજ્ય – ફાયદા અને ગેરફાયદા ........ જયકુમાર સંઘવી, ભૂતપૂર્વ ધારાસભ્યશ્રી ....... ૪૩
- કચ્છ : એક અલગ રાજ્ય – ફાયદા અને ગેરફાયદા ........ ખુશમન ગુલાબચંદ શાહ ...... ૪૪

**કચ્છ**

- કચ્છી બિઝનેસ ડિરેક્ટરી ........ હંસરાજ કંસારા ...... ૪૫
- કરાંચીથી મુંબઈનો ટપાલ વ્યવહાર કચ્છ માર્ગે કરાતો ........ નરેશ પી. અંતાણી ...... ૪૮
- આપણા કચ્છી લોક સંગીતનું ફલક વિસ્તરે છે ........ લાલ રાંભિયા ...... ૫૧

**પ્રજાતંત્ર**

- જો જો, આંકડા બતાવવામાં ઉત્સાહનો અતિરેક ના થાય ........ શશીકાંત એમ. ઠક્કર, ઍડવોકેટ ...... ૫૨

**વિચાર મંથન**

- સામાજિકતા વળગણ બને ત્યારે ........ યાસીન દલાલ ...... ૫૪
- ચૂપકીદી જ વધુ બોલકી બની રહે છે ........ ડૉ. ગિરીશ વીછીવોરા ...... ૫૬

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૨**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**માનદ્ મંત્રી**
શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

***અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.***

## વિચાર વિમર્શ

- આપણી બે દુનિયા ........ મુરજી ગડા ...... ૫૭
- જાત પ્રત્યેનો શ્રેષ્ઠ અભિગમ : સૌથી મોટી વીરતા ........ ડૉ. ચંદ્રકાંત મહેતા ...... ૫૯

## સમાજની ક્ષિતિજો

- નર-નારીના સંબંધો અને લગ્ન સંસ્થા : પ્રકરણ-૭
  સુધારાલક્ષી વ્યવસ્થાના પ્રશ્નો ........ સ્વામી સચ્ચિદાનંદજી ...... ૬૦
- સચ્ચાઈના સોમાંથી સો (સંભારણાની સફર : મણકો-૧૪) . ડૉ. સુધા મૂર્તિ (અનુવાદ : સોનલ મોદી) ...... ૬૨
- તું અને હું — આ દાસ્તાન સનાતન : (૩) ........ માવજી કે. સાવલા ...... ૬૪
- સુંદરતા અને પ્રેમ ........ ભોલાભાઈ ગોલીબાર, તંત્રી 'ચક્રમ-ચંદન' ...... ૬૫

## ઇતિહાસ

- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઈતિહાસ (૩૦) ........ સંકલન : પ્રતાપ નારાણજી દંડ ...... ૬૬

## પર્યાવરણ

- પર્યાવરણ દિન નિમિત્તે થોડું ચિંતન - મનન ........ ડૉ. કિશોર શાહુ ...... ૬૯

## સંસ્થા / વ્યક્તિ વિશેષ

- એક આશ્રમી વ્યક્તિત્વ : શ્રી વેલજીભાઈ ........ હરેશ ધોળકિયા ...... ૭૦

## તંદુરસ્તી

- હૃદયરોગની સારવારમાં ઉપયોગી હાઈબ્રીડ પ્રક્રિયા ........ ડૉ. ધીરેન શાહ ...... ૭૩
- ચશ્માથી મુક્તિ ........ ડૉ. જુગલ પી. શાહ, આંખના સર્જન ...... ૭૬
- મનની વૈદ્યકીય તપાસ ........ ડૉ. મણિલાલ ગડા, ડૉ. દિપ્તી શાહ ...... ૭૭

## ભૌતિકવાદ

- બાળકોને ભરડામાં લેતો ઉપભોક્તાવાદ ........ હરેશ ધોળકિયા ...... ૭૯

## સંશોધન

- તાળું - ચાવી ........ મિતેષ એમ. સોલંકી ...... ૮૧

## વાર્તા

- મને સમજે એવું છે કોઈ? ........ ડૉ. ઊર્મિલા શાહ ...... ૮૨

## હળવાશની ક્ષણોમાં

- બાલુડેં જ્યું ગાલિયું ........ સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૮૪

## નિયમિત વિભાગો

- આંજો કાગર ........ ૮૭
- અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૯૧
- સાર સમાચાર ........ સંકલન : શાંતિલાલ સંઘવી ...... ૯૫
- જાણવા જેવું ........ સંકલન : રજનીકાંત પારેખ ...... ૯૬
- શબ્દ રમત-૯૫ ........ સંકલન : રજનીકાંત પારેખ ...... ૯૭
- *Nano 9 Sudoko* (ક્રમાંક : ૧૦૫૧) ........ સંકલન : રજનીકાંત પારેખ ...... ૯૯
- 'મંગલ મંદિર' — પ્રાપ્ત થયેલાં લવાજમ ........ ૧૦૦
- વલોવતન ........ સંકલન : દિનેશ આર. મહેતા .... ૧૦૧
- સમાજ દર્પણ ........ ૧૦૫
- સંસ્થા સમાચાર ........ ૧૦૬
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ........ ૧૦૮
- ઊડતી નજરે ........ ૧૧૨

Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**


# તંત્રી લેખ

## કચ્છને ફાળવવામાં આવેલ નર્મદા નદીના વધારાના પાણીના કાર્યો

*– અશોક મહેતા*




**નર્મદા ડેમની ઊંચાઈ વધારવાની પરમિશન મળતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માનતી જાહેરાત.**
*(ગુજરાત સમાચાર, તા. ૧૩-૬-૨૦૧૪)*



**જાહેર ચેતવણી**

કાર્યપાલક ઈજનેરશ્રી સુજલામ સુફલામ સ્પ્રેડીંગ ચેનલ વિભાગ નં. ૧, હિંમતનગરની યાદી જણાવે છે કે, સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ સાંકળ ૨૭.૦૦ થી ૧૫૮.૦૦ કી.મી. સુધીની નહેર મહીસાગર જીલ્લાના ખાનપુર તાલુકાના વડાગામ થી શરૂ થઈને વડાગામ ગાંગટા, લુણાવાડા તાલુકાના લાલસર, ધામોદ, ડેટા, જુફરાલી, ખેમપુર તથા વીરપુર તાલુકાના કોયલા છરવંગી ગાંધારી, ડેભારી, બાદરપુરા, આલમપુરા, ભરોડી, બારોડા, વીરપુર, લીંબરવાડા, વરધરા, આસુદરીયા, નુરપુર તથા બાલાશિનોર તાલુકાના ગુદુલા જેઠોલી, ભાંથલા તેમજ અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકાના કુદવાડા ઝાંખરીયા, મંજીનામુવાડા, સાબરકાંઠા જીલ્લાના બાયડ તાલુકાના મંજીનામુવાડા, ઝાંખરીયા દેરોલી દેસાઈપુરા, ફાંટા, ધીરપુર, લાંક (ધીરપુર), ડેમાઈ, માધવકંપા, દખણેશ્વર, કોજણ, પીપોદરા, આંબાગામ, વસાદરા, સીમલજ, રણેચી, અલવા, આકોડીયા (જીતપુર), ફતેપુર, રતનપુર, વાત્રકગઢ, ધનસુરા તાલુકાના ગોપલપુરા, લાલુ આકરુન્દ, ખીલોડીયા, તલોદ તાલુકાના પડુસણ, વાવ, સુલતાનપુર, હરસોલ, ગુલાબની મુવાડી, ઉમેદની મુવાડી, માધવગઢ, તલોદ, ધાધવાસણા, તથા પ્રાંતિજ તાલુકાના ઝાલાની મુવાડી, બાલીસણા, હુંચ મામરોલી, લીંબલા, કતપુર, કમાલપુર, સાદોલીયા ગામોમાંથી પસાર થાય છે. આગામી ચોમાસાઢ ૨૦૧૪ દરમ્યાન નહેરમાં વરસાદી પાણી તેમજ નહેરમાં છોડવામાં આવનાર પાણી ચાર મીટરથી વધારે ઉંડાઈમાં ભરાઈને નહેરમાં વહેવાની શક્યતા છે. તેમજ કેનાલમાંથી જુદી જુદી જગ્યાએ મુકેલ એસ્કેપમાંથી નદી નાળામાં પાણી છોડવાની શક્યતા છે. આથી ઉપરોક્ત ગામોની તેમજ કેનાલ વિસ્તારના આજુ બાજુના ગામોની જાહેર જનતાને તાકીદ સાથે સાવચેત કરવામાં આવે છે કે ચોમાસા દરમ્યાન નહેરના વિસ્તારમાં અવર જવર કરવી નહીં તેમજ પ્રવેશવું નહીં તથા પોતાના ઢોર-ઢાંખરને પ્રવેશવા દેવા નહીં તેમજ નહેરના પાણીમાં પ્રવેશવું નહીં આવા ગેરકાયદેસર પ્રવેશને કારણે અકસ્માત થવાની સંભાવના છે. જેની સબંધિત વિસ્તારની જનતાએ નોંધ લેવા વિનંતી છે.

ક્રમાંક ના.મા.નિ./હિંમત/૫૮/૨૦૧૪

**ઉત્તર ગુજરાતની સુજલામ્ સુફલામ્ યોજનાની કેનાલમાં ચોમાસા દરમ્યાન ફુલ પાણી ભરાવાનું હોવાથી કાર્યપાલક ઇજનેરશ્રીની – ચેતવણી આપતી જાહેરાત**
*(ગુજરાત સમાચાર, તા. ૧૩-૬-૨૦૧૪)*

નર્મદા ડેમની ૧૨૧.૯૨ મીટરની ઊંચાઈએ પહોંચેલ બાંધકામ ઉપર દરવાજા લગાવી તેની ઊંચાઈ ૧૩૮.૩૮ મીટર સુધી લઈ જવાની નર્મદા કંટ્રોલ ઓથોરિટીએ ગુજરાત સરકારને પરમિશન આપી દીધા બાદ વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીનો આભાર માનતી ફુલ પેઈજની જાહેરાત 'ગુજરાત સમાચાર'ના શુક્રવાર, તા. ૧૩-૬-૨૦૧૪ના અંકમાં પ્રસિધ્ધ થયેલ હતી. એ જ સમાચારના પાછળના ભાગમાં જાહેર ચેતવણી આપતી એક અન્ય જાહેરાત પણ પ્રસારિત કરવામાં આવેલ હતી. આ જાહેરાત કાર્યપાલક ઈજનેરશ્રી, સુજલામ્ સુફલામ્ યોજના સ્પ્રેડિંગ ચેનલ વિભાગ નં.-૧ તરફથી ચેતવણી સ્વરૂપે આપવામાં આવેલ હતી કે આ ચોમાસા દરમ્યાન આ કેનાલમાં ૪ મીટરથી પણ વધુ ઊંચાઈનો પાણીનો પ્રવાહ રહેવાથી તેની આજુબાજુના વિસ્તારમાં લોકોએ આવવું નહીં, કેનાલમાં પડવું નહીં તથા પોતાના ઢોર-ઢાંખરને સંભાળીને રાખવા.

બંને સમાચાર ગુજરાતની જનતા માટે આનંદના કહેવાય. ટ્રીબ્યુનલના ૧૯૭૯ના ચુકાદા બાદ હવે પછીના એક-બે વર્ષમાં જ ડેમની નિર્ધારિત ૧૩૮ મીટરની ઊંચાઈ સુધી બાંધકામ પહોંચાડી શકાશે અને નર્મદા યોજનાનો મહત્તમ લાભ ગુજરાતની પ્રજાને પણ હવે પછી તરતમાં આપી શકાશે. બીજા સમાચારની વિગત એવી છે કે નર્મદા નદીના ૩ એમ.એ.એફ.

*જે નિરંતર આત્મામાં બધા લોકોને અને બધા લોકોમાં આત્માને જુએ છે તે કોઈથી પણ અને કશાથીયે કંટાળતો નથી.*

વધારાના પાણીમાંથી ૧ એમ.એ.એફ. ઉત્તર ગુજરાતને, ૧ એમ.એ.એફ. સૌરાષ્ટ્રને અને ૧ એમ.એ.એફ. કચ્છને ફાળવવાનો જે નિર્ણય વર્ષ ૨૦૦૬માં લેવાયેલ, તેના અનુસંધાને ઉત્તર ગુજરાતના વધારાના પાણીના લગભગ બધા જ વિભાગના કાર્યો પૂર્ણ થઈ ગયેલ છે. અને તે કેનાલોમાં પાણી પસાર કરી તેની આજુબાજુની વિસ્તારની જનતાને તેના લાભો મળવાની શરૂઆત થઈ ચૂકેલ છે. ગુજરાતની જનતા તરીકે આ સમાચારો પણ આનંદદાયક ગણી શકાય.

જ્યાં લગી સૌરાષ્ટ્ર વિભાગના વધારાના પાણીની યોજનાનો સવાલ છે ત્યાં લગી મૂળ યોજના મુજબ તેનો અંદાજિત ખર્ચ રૂા. ૧૦,૦૦૦ કરોડ આંકવામાં આવેલ હતો. તેમાંથી રૂા. ૧,૦૦૦ કરોડ ગુજરાત સરકારશ્રીના વર્ષ ૨૦૧૩-૨૦૧૪માં ફાળવવામાં આવેલ હતા. વિશ્વાસપાત્ર સાધનો દ્વારા મળેલ સમાચાર અનુસાર વર્ષ ૨૦૧૪-૨૦૧૫ના બજેટમાં તે માટે રૂા. ૩૩૦૦ કરોડની જોગવાઈ નિયત કરવામાં આવેલ છે. આવતા ૨-૩ વર્ષમાં તેના સંપૂર્ણ કાર્યો પૂરા થઈ જવાનો અંદાજ છે.

જ્યાં લગી કચ્છને ફાળવાયેલ નર્મદા નદીના ૧.૦૦ એમ.એ.એફ. વધારાના પાણીના કાર્યોના આયોજનોનો સવાલ છે ત્યાં લગી કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલનું એક પ્રતિનિધિ મંડળ સિંચાઈ મંત્રી શ્રી બાબુભાઈ બોખીરિયા પાસે થોડા સમય અગાઉ આ કાર્યો માટે ચાલુ નાણાંકીય વર્ષમાં બજેટકીય જોગવાઈ મેળવી તેના કાર્યો તાત્કાલિક શરૂ કરાવી દેવા વિનંતી કરવા માટે ગયેલ હતું. કે જયારે સિંચાઈ મંત્રીશ્રીનો પ્રત્યુત્તર પ્રોત્સાહજનક ન હતો અને તેને લગતા સમાચાર કચ્છના વર્તમાનપત્ર 'કચ્છ મિત્ર' વગેરેમાં પ્રકાશિત થયેલ હતા.

ત્યારબાદ વિશ્વાસપાત્ર સૂત્રોમાંથી જાણવા મળેલ છે કે વર્ષ ૨૦૧૪-૨૦૧૫ના બજેટમાં કચ્છના વધારાના પાણીના કાર્યો માટે સિંચાઈ વિભાગ તરફથી નાણાં વિભાગમાં કોઈ પણ જાતની રજૂઆત કરવામાં આવેલ નથી. તેનો મતલબ એ થયો કે ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન પણ, વર્ષ ૨૦૦૬માં મંજૂરી મળ્યા બાદના ૮મા વર્ષે પણ કચ્છને ફાળવાયેલ વધારાના પાણીના કાર્યો શરૂ કરવા ગુજરાત રાજયના જળસિંચાઈ વિભાગની કોઈ પણ પ્રકારની તૈયારી નથી. આ અંગેના અહેવાલો રવિવાર,તા. ૧૪-૬-૨૦૧૪ના 'કચ્છ મિત્ર'માં પણ પ્રસારિત કરવામાં આવેલ હતા.

ઉપરોક્ત હકીકતનો ટૂંક સાર એટલો જ છે કે છેલ્લા ૮ વર્ષ દરમ્યાન વધારાના પાણી અંગેના ઉત્તર ગુજરાતના કાર્યો પૂર્ણ કરી દેવામાં આવેલ છે, સૌરાષ્ટ્રના કાર્યો ધમધોકાર ચાલુ છે અને સદાયે દુષ્કાળગ્રસ્ત રહેતા કચ્છ પ્રદેશનો નંબર સૌથી છેલ્લે આંકવામાં આવેલ છે. આ કાર્યો ક્યારે શરૂ થઈ શકશે અને ક્યારે પૂરા કરવામાં આવશે તેની વિગત ગુજરાત સરકારના ઉચ્ચ હોદ્દા પર બેઠેલી એક પણ વ્યક્તિ આપી શકવાની પરિસ્થિતિમાં નથી.

અમે માનીએ છીએ કે કચ્છના નવનિયુક્ત રાજયકક્ષાના મંત્રીશ્રી, કચ્છના ધારાસભ્યશ્રીઓ તથા કચ્છના સાંસદસભ્યશ્રી આ પ્રશ્નની જરૂરિયાત ગુજરાત સરકારને સમજાવવા તનતોડ પ્રયાસ કરતા જ હશે અને તેઓના પ્રયાસ થકી કદાચ કચ્છ માટે પણ ચાલુ નાણાંકીય વર્ષમાં જ બજેટની ફાળવણી કરવામાં આવે તો તે દરેક કચ્છી માટે આનંદની વાત બની રહેશે. પરંતુ તેવી પરિસ્થિતિમાં પણ અગર કોઈ બજેટકીય ફાળવણી કરવામાં ન આવે તો કચ્છની સામાજિક સંસ્થાઓએ પણ આ પ્રશ્ન સિંચાઈ મંત્રીશ્રી, નાણાંમંત્રીશ્રી તથા મુખ્યમંત્રીશ્રી પાસે લઈ જવો જોઈએ અને કચ્છના કેસને સમજાવવાનો પ્રયાસ કરવો જોઈએ. સંઘબળનો પ્રયાસ કદાચ આ પ્રશ્નનો વહેલી તકે ઉકેલ લાવી શકશે.

*(લેખ લખાયો : સોમવાર, તા. ૨૩-૬-૨૦૧૪)*

## કચ્છ : એક અલગ રાજ્ય – તેના ફાયદા તથા ગેરફાયદા

આ વિષય પર બંને તરફના સમર્થકોને અભિપ્રાય આપતા આપણે અનેક વખત સાંભળેલ / વાંચેલ છે. બંને પ્રકારની દલીલોના સમર્થનમાં અમે વિવિધ તજજ્ઞો પાસેથી લેખો મંગાવી, તેમાંથી આવેલ પંદર જેટલા લેખોની બંને પ્રકારની દલીલો 'મંગલ મંદિર'ના 'અષાઢી બીજ વિશેષાંક'માં તેઓના લેખ સ્વરૂપે પ્રસારિત કરેલ છે. આ પ્રકારની લેખમાળાથી વાચક વર્ગને કચ્છના અલગ રાજયના ફાયદા તથા ગેરફાયદા, વિગતવાર માહિતી / દલીલ સહિત અભ્યાસપ્રદ માહિતી પૂરી પાડશે. આ વિષયે બંને પ્રકારના સમર્થકોને યોગ્ય માહિતી મળી શકવાથી જનહિતાર્થે યોગ્ય નિર્ણય લઈ શકાશે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

*આત્માનો અવાજ હંમેશાં સાચો જ હોય છે.*

# અષાઢી બીજ – કચ્છી નવું વર્ષ

• દિનેશ આર. મહેતા •

*આય વલો અસાંજો વતન,*
*મુંજી માતૃભૂમિ કે નમન....*

કચ્છવાસીઓ માટે અષાઢી બીજનું ઘણી રીતે મહત્ત્વ છે. અષાઢી બીજના દિવસે સૌ કચ્છીઓની મીટ આકાશ તરફ મંડાતી હોય છે. 'અષાઢી બીજ, કાં વાદળ કાં વીજ....' વાળી પંક્તિ મુજબ, તે દિવસે કચ્છી માડુ મેઘરાજાનો વર્તારો નક્કી કરતા હોય છે, વરસાદના એંધાણ પારખવાની કોશિશ કરતા હોય છે. વર્ષ દરમ્યાન, સમગ્ર કચ્છ પ્રદેશમાં સારો વરસાદ થશે તેવો હર્ષોલ્લાસ અગાઉથી જ એટલે કે અષાઢી બીજના દિવસે વ્યક્ત કરતા હોય છે. બીજા અર્થમાં, શ્રધ્ધા અને ઉમંગનો દિવસ એટલે અષાઢી બીજનો દિવસ.

કચ્છમાં અષાઢી બીજના દિવસે નવા વર્ષ તરીકેની ઉજવણી ક્યારથી અને કેવી રીતે થઈ હશે તે બાબતે જુદી જુદી માન્યતાઓ પ્રવર્તે છે. આ સંબંધમાં કેટલીક દંતકથાઓ પ્રચલિત છે. એક ઉલ્લેખ મુજબ, જે તે સમયના રાજાઓએ એક યા બીજી રીતે અષાઢી બીજના દિવસે સફળતા પ્રાપ્ત કરી હતી. આ કારણે અષાઢી બીજને મહત્ત્વ આપવામાં આવ્યું છે. તે ઉપરાંત, કચ્છમાં રણ અને દરિયાના પરિણામે ચંદ્રનો ખાસ મહિમા રહેલો છે. જેના પરિણામે કચ્છના લોકોએ અષાઢી બીજને સ્વીકારેલ છે. અષાઢ માસથી વર્ષાઋતુનો આરંભ થતો હોય છે. બીજના ચંદ્રથી તેની કળા પૂર્ણ થાય ત્યાં સુધી એકધારી ચડતી થતી હોય છે. આ કારણે અષાઢી બીજ - નૂતન વર્ષ એ શુકનવંતો અને સતત વિકાસ સૂચક છે. આ રીતે કચ્છી નવા વર્ષની શરૂઆત વર્ષાઋતુના આરંભે થાય છે જ્યારે ભારતમાં મોટાભાગના વિસ્તારમાં કારતક અથવા તો ચૈત્ર માસમાં થતી હોય છે.

કચ્છી નવા વર્ષનો એક સીધો સંબંધ દરિયાઈ વિદેશ વ્યાપાર સાથે રહેલો છે. વેપાર અર્થે કચ્છના માંડવી બંદરનો વિશ્વના ઘણા દેશો સાથે સદીઓ સુધી મહત્ત્વનો હિસ્સો હતો. તે સાથે કચ્છના અન્ય નાના બંદરો પણ વેપાર ક્ષેત્રે સક્રિય હતા. ઉલ્લેખનીય છે કે, કચ્છનો દરિયાઈ વિદેશ વેપાર રાતા સમુદ્રના દેશો સાથે વિશેષ માત્રામાં હતો. વેપારના ઉદ્દેશથી દિવસ-રાત દરિયો ખૂંદતા લોકો દરિયાની ખાસ પૂજા - અર્ચના અષાઢી બીજના દિવસે ભાવપૂર્વક કરતા હતા. ખારવા લોકો પોતાના વહાણોને શણગારીને એક ઉત્સવ મનાવતા હતા. જે પ્રથા પાછળથી પણ ચાલુ રહી હતી. અન્ય એક ઉલ્લેખ અનુસાર જે તે સમયના રાજાઓએ એક અથવા બીજી રીતે અષાઢી બીજના દિવસે સફળતા હાંસલ કરી હતી. તે કારણે પણ તે દિવસને મહત્ત્વ અપાયું છે.

રાજાશાહીના સમયમાં કચ્છના રાજદરબારમાં અષાઢી બીજની ઉજવણી ખૂબ જ ઉત્સાહભેર અને ઠાઠમાઠથી કરવામાં આવતી હતી. નાની મોટી દરેક કચેરીઓ ઝુમ્મરો, ધજા અને લાઈટોથી શણગારવામાં આવતી. રાજા પણ પ્રજાજનોનો આદર સત્કાર કરતા. સવારીનું આયોજન થતું હતું. પ્રજાજનો તેને જોઈને આનંદ માણતા. સ્કૂલ વગેરે સ્થળોએ મીઠાઈનું વિતરણ થતું અને ત્યારબાદ સ્કૂલોમાં રજા રહેતી. તે દિવસે રાજાના મહેલમાં દરબાર ભરીને રાજા અને પ્રજાનું સ્નેહ મિલન યોજાતું હતું. શુકન અર્થે નવા વર્ષે સ્થાનિક ચલણ કોરીના સિક્કા બહાર પાડવામાં આવતા હતા. રાજાશાહી જવાથી આ પ્રકારની ઘણી પ્રથાઓ લુપ્ત થઈ છે. આમ છતાં નાળિયેર અને સાકર અથવા સિક્કાને હાથમાં રાખીને ચંદ્ર દર્શન કર્યા બાદ, વડીલોને પગે લાગવાની પ્રથા થોડે ઘણે અંશે આજે પણ જળવાઈ રહી છે. મંદિરો તથા મસ્જિદોમાં પ્રાર્થના - બંદગી થતી. હંસાપીર દાદાના સ્થાને રાત્રિ દરમ્યાન ઉર્સ - મેળો ભરાતો. સમગ્ર કચ્છમાં જાહેર રજા રહેતી હતી. અષાઢી બીજની ઉજવણીનો વ્યાપ ધીરે ધીરે ઓછો થતો જાય છે. આમ છતાં આજે પણ કચ્છના અનેક સ્થળોએ લોકગીત, રાસ અને સંગીતના કાર્યક્રમો યોજાતા હોય છે.

ભૌગોલિક રીતે કચ્છ પ્રદેશ એક સીમાડે હોતાં, તેનાં અમુક ખાસ પ્રકારના પહેરવેશ, સંસ્કૃતિ વગેરેમાં આગવી છાપ ઉપસી આવે છે. કચ્છ એટલે કચ્છી માડુઓની ભાતીગળ ભૂમિ. કચ્છી માડુ ઉત્તમ કક્ષાના ખંતીલા અને હિંમતવાળા છે અને ત્યાંના હવા-પાણી દરેકને સ્વસ્થ રાખે તેવા છે. ત્યાંના લોકો મીઠી વાણી અને લાગણીમય સ્વભાવ ધરાવે છે. ભારતના અન્ય સ્થળેથી બદલી રૂપે કામચલાઉ ત્યાં ગયેલા લોકો, ત્યાં જ કાયમને માટે સ્થાયી થઈ જાય છે. આવી ભૂમિ માત્ર કચ્છ જ છે. આ રીતે, કચ્છના રણ અને ત્યાંની ધરાના દર્શન કરવા તે પણ એક અનેરો લહાવો છે.

આ પ્રકારના કચ્છી માડુઓનો નૂતન વર્ષ એટલે અષાઢી બીજ. તે દિવસે સમગ્ર કચ્છીઓનું હૈયું હેલે ચડે. ઘણાં પ્રકારની વિશિષ્ટતાઓ વચ્ચે વસતા કચ્છી લોકોને જીવનની યાતનાઓ પણ છે પરંતુ તેને નિયમના સ્વરૂપે ક્યારેય જોતા નથી. આ સ્થિતિમાં અષાઢનું મહત્ત્વ સમજીને તેને જીવનનો ઉત્સવ બનાવ્યો છે. તેની નૂતનવર્ષ તરીકે ઉજવણી કરીને હંમેશાં ભાવપૂર્વક સત્કારે છે. એટલું જ નહીં પરંતુ તેને ભાવનાત્મક રીતે લોકજીવન સાથે સાંકળી લીધેલ છે. તે દિવસે કવિ સંમેલનો અને મુશાયરા પણ યોજવામાં આવે છે. આ રીતે જોઈએ તો કચ્છનું અનુપમ ઉત્સવ એટલે અષાઢી બીજ. 'કચ્છી નયેં વરેજી વધાઈયું.'

*'જત હકડો કચ્છી વસે, ઉત ડિયાણી કચ્છ.'*

*અંતઃકરણ એ અંદરનો અવાજ છે જે ચેતવણી આપે છે કે કોઈક જોઈ રહ્યું છે.*

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● શનિવાર, તા. ૧૨-૭-૨૦૧૪ બપોરે ૨.૩૦ કલાકથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | મહિલા ઉત્કર્ષ સમિતિ | (૧) લગ્નગીત હરીફાઈ<br>(૨) બ્યુટી હરીફાઈ |
| ● રવિવાર, તા. ૨૭-૭-૨૦૧૪ સવારે ૯.૩૦ કલાકથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | ૨૭મી વાર્ષિક સામાન્ય સભા<br>(ફક્ત નોંધાયેલા સભ્યોને પધારવા આમંત્રણ છે.) |
| ● શુક્રવાર, તા. ૧૫-૮-૨૦૧૪ સવારે ૯.૦૦ કલાકે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | સ્વાતંત્ર્ય દિન – ધ્વજવંદન કાર્યક્રમ |
| ● રવિવાર, તા. ૭-૯-૨૦૧૪ સવારે ૧૦.૦૦થી ૧.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | વાર્ષિક સ્નેહમિલન, ક્ષમાપના કાર્યક્રમ તથા સ્વામિવાત્સલ્ય જમણ.<br>(ધોરણ-૭ સુધીના છાત્રોને પુરસ્કાર) |
| ● રવિવાર, તા. ૭-૯-૨૦૧૪ સવારે ૧૧.૦૦ કલાકે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | મહિલા ઉત્કર્ષ સમિતિ | રંગોળી હરીફાઈ |

**● છ રીતે અજ્ઞાનીને ઓળખી શકાય ●**

(૧) કારણ વગર ગુસ્સે થાય, (૨) લાભ વગર બોલે, (૩) પ્રગતિ વિના પરિવર્તન પામે, (૪) કામનું ન હોવા છતાં પૂછપરછ કરે, (૫) અજાણી વ્યક્તિમાં વિશ્વાસ મૂકે અને (૬) દુશ્મનને મિત્ર માને.




# ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર



## ઍંકરવાલા અહિંસાધામ

**An ISO 9001 : 2008 Certified**

મુંબઈ કાર્યાલય : ૫, ગુરૂકૃપા એપાર્ટમેન્ટ, કસ્તુરબા ક્રોસ રોડ નં.-૧, બોરીવલી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૬. ફોન : (૦૨૨) ૨૮૬૨૭૭૯૫, ૨૮૬૫૮૨૬૬
કચ્છ ઓફિસ : પ્રાગપુર રોડ જંકશન, તા. મુંદ્રા, કચ્છ. (ગુજરાત) મો. ૦૯૯૨૫૧ ૨૫૨૦૨, ૦૯૯૦૪૭ ૫૭૬૪ ફોન : (૦૨૮૩૮) ૨૨૨૩૫૨
ઈ-મેઈલ : ahinshadham_kutch@yahoo.co.in ● વેબસાઈટ : www.ahinsadham.org

**-: સંસ્થાના સંકુલમાં જોવાલાયક વિભાગો :-**

- મ્યુઝિયમ (અહિંસા, પર્યાવરણ)
- ૧૧,૦૦૦ સ્કે.નું વિશાળ ICU
- ઓડિટોરીયમ
- ગોપાલ સ્મૃતિ મંદિર
- અંધ અને અપંગ પશુઓ માટેના આવાસ
- યાત્રિકો માટે ભોજનશાળા

દેવનાર કતલખાનામાંથી મુક્ત કરાયેલાં જય અને વિજય બળદની જોડી.

**-: સંકુલથી ૫ કિ.મી.ના અંતરે સંસ્થાના જોવાલાયક અન્ય વિભાગો :-**

- ૩૫ એકરનું વિશાળ ઍંકરવાલા નંદી સરોવર
- પશુ-પક્ષીઓ માટે મુક્ત અભયારણ્ય.

આપનું યોગદાન પહોંચશે અબોલ જીવોની સેવા માટે....

**ચેક "ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર"ના નામે લખવો.**

- Dena Bank, Borivali (East) Branch, SB A/c. No. 055110013650 RTGS/IFSC Code : BKDN0460551
- Abhyudaya Co-Operative Bank Ltd., Borivali (East) Branch, A/c. No. CD 024021100005006 RTGS / IFSC Code : ABHY0065024


*એ વ્યક્તિ આંધળો છે જે પોતાના અંતઃકરણને નથી જોતો અને એ વ્યક્તિ લંગડો છે જે સત્યના માર્ગે ચાલતો નથી.*

# કચ્છ

# એક અલગ રાજ્ય....

# તેના ફાયદા અને ગેરફાયદા

અત્રે સ્પષ્ટતા કરવાની કે કચ્છ એક અલગ રાજ્ય હોવું જોઈએ કે નહીં – તે અત્રે વિષય નથી... વિષય છે માત્ર તેના ફાયદા તથા ગેરફાયદા.

હકીકતમાં આ વિષયે બંને સાઈડની વ્યક્તિઓ, પક્ષો અથવા તો રાજકારણીઓ ભિન્ન ભિન્ન પ્રકારના મતાંતરોની રજૂઆત કરતા હોય છે. કેટલાક લોકો તેના ફાયદા, ગેરફાયદા જાણ્યા વિના અથવા તો તે બાબતે ઊંડાણથી અભ્યાસ કર્યા વિના પોતાની રજૂઆતો ગમે ત્યારે, ગમે તે રીતે કરી દેતા હોય છે. આ પરિસ્થિતિમાં લોકો ગેરમાર્ગે ના દોરાય અથવા તો ઉક્ત વિષય અન્વયે તેમની પાસે સર્વગ્રાહી જાણકારી પ્રાપ્ત થાય તેવા ઉદ્દેશથી – અમે અથાગ પ્રયત્નો બાદ આ વિષયના નિષ્ણાતો પાસેથી કેટલીક માહિતી પ્રાપ્ત કરી શક્યા છીએ. તે અન્વયે કેટલાક તજજ્ઞોના અભ્યાસપ્રદ લેખો અત્રે પ્રસ્તુત કર્યા છે. અપેક્ષા છે કે, આ પ્રકારની માહિતી કચ્છના હિતાર્થે, કચ્છી પ્રજાજનને ઉપયોગી થશે અને સંબંધિત વિષયે પથદર્શક બની રહેશે.

*– તંત્રી મંડળ*

*અજ્ઞાન જેવો બીજો કોઈ શત્રુ નથી.*

# કચ્છ – એક અલગ રાજ્ય!?

***સુરેશચંદ્ર મહેતા***
*પૂર્વ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય*

*આ અભ્યાસ માત્ર જાણકારી માટે છે. અલગ કચ્છ રાજ્યની માંગણી કરનારા અને તેથી જુદો મત ધરાવતા બંને પક્ષો ખુલ્લા મનથી અને વધારે ઊંડાણથી વિચારીને નિર્ણય લઈ શકે તે હેતુથી આ લેખ તૈયાર કર્યો છે.*

*આ લેખમાંના બેઝિક આંકડાઓ સરકારી અને અધિકૃત (જો તે સાચા હોય તો) છે. તે ઉપરની કસરત મારી છે.*

*મારો અભિપ્રાય બતાવ્યો નથી. સિવાય કે ક્યાંક અછડતા ઉલ્લેખથી તે અભિપ્રેત થઈ જતો હોય.*

*– સુરેશચંદ્ર મહેતા*

સમગ્ર રાજ્યમાં સૌથી વધારે વિકાસ ક્ષમતા ધરાવતો કચ્છ જિલ્લો જ્યારે રાજ્યની રચનાના ચોપ્પન વર્ષ પછી પણ વિકાસના માર્ગે જવાના બદલે સ્થગિતતાનો ભોગ બનતો જતો હોય તો અસંતોષની લાગમીમાં અલગ રાજ્યની માંગણી સ્વાભાવિક બને.

પરંતુ

અલગ રાજ્યની રચના માત્ર reactive feelingsથી વાજબી ઠરતી નથી. 'સાતત્યપૂર્ણ વિકાસ' એ રાજ્ય માટે પાયાની આવશ્યક્તા છે. જે માત્ર તર્ક અને વાસ્તવિકતાથી જ માપી શકાય. નહિંતર ઉલમાંથી ચુલનો ભોગ બનવું પડે અને જેનો પછી – પસ્તાવા સિવાય અન્ય કોઈ વિકલ્પ ન હોય.

ઉપર જણાવ્યું તેમ માત્ર વિકાસ ક્ષમતા એ રાજ્યની રચના માટેનું એકમાત્ર વાજબી કે પર્યાપ્ત કારણ બની શકે કે કેમ? તે તપાસવું રહ્યું.

આ સંદર્ભે પણ કચ્છના અલગ રાજ્યનો મુદ્દો તપાસવો રહ્યો.

રાજ્યની રચના માટેના કેટલાક મહત્ત્વના અને જરૂરી પાસાઓ છે. જેમકે

૧. ચોક્કસ ભૌગોલિક વિસ્તાર.
૨. કાયમી વસતિ
૩. નિશ્ચિત થયેલ રાજકીય હકુમત
૪. સરકાર
૫. ક્ષમતા.

રાજ્યની માંગણી અને તેનું વાજબીપણું જેટલા વધારે યથાર્થ, તેટલું માંગણીનું વજન પણ વધારે. એટલે યથાર્થતા દર્શાવતા પરિબળોના કેટલાક જમા ઉધાર પાસાઓને જોઈએ.

રાજ્યની રચનાના કેટલાક મહત્ત્વના પરિબળો અને તેમની યથાર્થતા તપાસીએ તો ઉપર લખેલ પરિબળો વિષે વિગતે વિચારીએ.

### ૧. ચોક્કસ ભૌગોલિક વિસ્તાર :

ચોક્કસ ભૌગોલિક વિસ્તાર એ રાજ્ય માટે પાયાનું અને અતિ જરૂરી અંગ છે. વિસ્તારની ચોક્કસતા રાજ્યની કાયમી શાંતિ અને સલામતીને સ્પર્શતો મુદ્દો હોઈ તેની વાસ્તવિક અને સ્પષ્ટ સીમારેખા જરૂરી છે. જો કે કુદરતી રીતે જ કચ્છની આ મુદ્દે ચોક્કસતા લગભગ નક્કી થયેલ છે. જેની ત્રણ દિશાઓ તો કુદરતે જ નક્કી કરી આપી છે. ચોથી દિશા પણ કાયદાથી સુનિશ્ચિત થઈ ચૂકી છે (જિલ્લા સ્વરૂપે). જેથી આ મુદ્દો કોઈ ખાસ ધ્યાન કેન્દ્રિત કરતો જરૂરી મુદ્દો નથી બનતો.

મહદ્ અંશે અક્ષાંસ-રેખાંશની પરિભાષામાં :

ઉત્તર અક્ષાંસ : ૨૨-૪૪-૧૧થી ૨૪-૪૧-૨૫

અને પૂર્વ રેખાંશ : ૬૮-૦૯-૪૬ થી ૭૧-૫૪-૪૭ સુધીનો વિસ્તાર.

હવે જો કચ્છ જિલ્લાને રાજ્યમાં પરિવર્તિત કરવાનો થાય તો આશરે ૪૫,૬૫૨ ચો.કિ.મી.નો વિસ્તાર ધરાવતું રાજ્ય બને. જેનો નંબર દેશમાં ૨૧મો આવે.

### ૨. વસતિ :

વસતિનો મુદ્દો કચ્છ જિલ્લાના સંદર્ભે થોડો વિચાર માંગતો મુદ્દો છેલ્લા દાયકામાં બન્યો છે. છેક ૧૯૦૧થી કચ્છ જિલ્લાની વસતિ જે આશરે ૪ લાખ ૮૮ હજાર જેટલી હતી તે ધીમે ધીમે વધતી ૨૦૦૧માં સૈકાના અંતે વધીને આશરે ૧૫ લાખ જેટલી થઈ. પણ છેલ્લા દાયકામાં આ વસતિમાં સીધો ૫ લાખનો વધારો થઈને તે આજે ૨૦ લાખ ઉપર પહોંચી છે. ૧૯૦૧માં જેટલી વસતિ હતી તેટલો વધારો છેલ્લા એક દાયકામાં થયો તે ટકાવારીની દૃષ્ટિએ સૌથી વધારે ધ્યાન ખેંચતો મુદ્દો બન્યો છે. છેલ્લા દાયકાની કચ્છની વસતિ ૩૨.૦૩ ટકાના દરે વધી છે. છેલ્લા દાયકાનો ભારતનો વસતિનો વૃધ્ધિદર ૧૭.૬૪ ટકાનો, ગુજરાતનો ૧૯.૧૭ ટકાનો અને કચ્છનો ૩૨.૦૩ ટકાનો થયો છે. કચ્છ જો રાજ્ય બને તો તેના વિકાસની પરિભાષા વિચારતી વખતે વસતિના વૃધ્ધિદરની સ્થિરતાનો ખાસ જુદી રીતે વિચાર કરવો પડે કારણકે આ સાથેના ચાર્ટમાં બતાવ્યું છે કે ક્યારેય પણ આટલું મોટું fluctuation જાણવામાં આવ્યું નથી ત્યારે હવે પછી કયા પ્રકારનો વૃધ્ધિદર રહેશે તેની કલ્પના જુદા જુદા સંદર્ભે વિચારવી પડે.

*અજ્ઞાન ખરાબ છે તે ખરું, પણ જાણવાની ઈચ્છા જ ન કરવી તે એથી પણ વધુ ખરાબ છે.*

| ક્રમ | વર્ષ | કુલ વસતિ | દશકાની વસતિનો વધારો (ટકામાં) |
|---|---|---|---|
| ૧. | ૧૯૦૧ | ૪૮૮૦૨૨ | ૦ |
| ૨. | ૧૯૧૧ | ૫૧૩૪૨૯ | ૫.૨૧ |
| ૩. | ૧૯૨૧ | ૪૮૪૫૪૭ | (–) ૫.૬૩ |
| ૪. | ૧૯૩૧ | ૫૨૦૪૯૬ | ૭.૪૨ |
| ૫. | ૧૯૪૧ | ૫૦૭૮૮૦ | (–) ૨.૪૨ |
| ૬. | ૧૯૫૧ | ૫૬૭૬૦૬ | ૧૧.૭૬ |
| ૭. | ૧૯૬૧ | ૬૯૬૪૪૦ | ૨૨.૬૯ |
| ૮. | ૧૯૭૧ | ૮૪૯૭૬૯ | ૨૨.૦૨ |
| ૯. | ૧૯૮૧ | ૧૦૫૦૧૬૧ | ૨૩.૫૮ |
| ૧૦. | ૧૯૯૧ | ૧૨૬૨૫૦૭ | ૨૦.૨૨ |
| ૧૧. | ૨૦૦૧ | ૧૫૮૩૨૨૫ | ૨૫.૪૦ |
| ૧૨. | ૨૦૧૧ | ૨૦૯૦૩૧૩ | ૩૨.૦૩ |

### ૩. નિશ્ચિત થયેલ રાજકીય હકુમત :

ઉપર લખેલ મુદ્દા નં.-૧ માં આ બાબતનો સમાવેશ થઈ ગયેલ છે.

### ૪. સરકાર :

ઉપર વર્ણવેલ બે મુદ્દા કરતાં અત્યારના સંદર્ભે અગત્યનો મુદ્દો સરકાર છે.

નવી થનારી રાજ્યની સરકાર ક્ષમતાવાળી - સમસ્ત વિસ્તારનો સમ્યક વિચાર કરનારી - સાતત્યપૂર્ણ વિકાસનું આયોજન અને અમલીકરણ કરવા માટે સક્ષમ હોય તે અતિ જરૂરી છે અને ભવિષ્યમાં વિકસતું રાજ્ય અન્ય રાજ્યોની હરીફાઈમાં હરણફાળ ભરી શકે તેવું બનાવવાની કલ્પના અને શક્તિ બનાવનારી હોય તો જ નવા રાજ્યની રચના સાર્થક બને. તે સંદર્ભમાં નીતિઓનું ઘડતર અને ઓથોરીટેટીવ અમલીકરણ કરનારી હોય તે જરૂરી છે. તે માટેની ક્ષમતાવાળી માનવ શક્તિ વિના તે સંભવી શકે નહિ. આ માનવશક્તિ અત્યારે તૈયાર મળવાની સંભાવના જ્યારે નહિંવત્ છે ત્યારે નવા રાજ્યની રચના એ માત્ર અસ્તિત્વ ટકાવતું રાજ્ય જ બની રહે. ભવિષ્યના તંદુરસ્ત વિકાસના વિચારનું તો બાળમરણ રચનાના પાયાથી જ થાય.

તેથી રાજ્યના અસ્તિત્વથી પહેલા ઉપર કહ્યા પ્રમાણેની dedicated માનવ શક્તિ માટે યુવાધનને તૈયાર કરવો પડે.

આ માટેની સંસ્થાઓનો સદંતર અભાવ એ એક minus point છે.

### ૫. ક્ષમતા :

રાજ્યની રચનાના વિચાર વખતે સૌથી અગત્યનો મુદ્દો ક્ષમતાનો છે. તેથી તેનો અનેકવિધ રીતે જુદા જુદા પાસાઓથી વિચાર કરવો પડે. મુખ્યત્વે ક્ષમતા બે પાસાઓમાં વહેંચાયેલી છે.

**ક્ષમતા**

| **Resources** | **Political Capacity** |
|---|---|
| કુદરતી સંપદા<br>આર્થિક<br>સામાજિક<br>માનવ વિકાસ<br>સાતત્યપૂર્ણ development | કાયદાઓ ઘડીને તેનો કડક અમલ કરવાની<br>Legislative Capacity to control and supervise<br>Sustainable economic growth (G.D.P. etc.) |

ઉપર જણાવેલ theoritical કોઠો એ રાજ્યની રચનામાંનો જરૂરી પરિબળો બતાવતો ચાર્ટ છે.

હવે આ બાબતને કચ્છ જિલ્લા સાથે વાસ્તવિક રીતે ચર્ચવી રહી.

પહેલા અંગ તરીકે કુદરતી સંપદાને તપાસીએ.

- **જમીન (કૃષિ) – Land Agriculture :**

**જમીનનો વિસ્તાર :** જમીન વિસ્તારના મુદ્દે કચ્છ જિલ્લો જબરદસ્ત વિપુલતા ધરાવે છે. જે તેનું મોટું જમાપાસું છે. આટલી બધી મોટી ખેત વિશેષ જમીન આખા દેશમાં જૂજ જિલ્લા પાસે જ છે. જમીનના મુદ્દે જોઈએ તો જિલ્લાના કુલ વિસ્તારમાં કેટલી જમીન સૌથી વધારે મહત્ત્વના એવા ખેત વિસ્તાર એટલે કે ખેડવાલાયક વિસ્તાર ધરાવે છે. આ મુદ્દે નીચેની વિગતો જોઈએ.

જિલ્લાના કુલ ૪૫,૬૫૨ ચો.કિ.મી.માંથી જિલ્લાના રણ વગેરે વિસ્તારને બાદ કરતાં ભૌગોલિક વિસ્તાર ૧૯,૫૭,૬૨૯ હેક્ટર જેટલો છે. જેમાં ખેડવા લાયક વિસ્તાર ૩,૩૯,૦૦૦ હેક્ટર છે જે પડતર છે, અને ૭૫,૬૬૯ હેક્ટર ચાલુ પડતર છે. જિલ્લાનો ચોખ્ખો વાવેતર વિસ્તાર ૬,૭૯,૯૩૬ અને કુલ વાવેતર વિસ્તાર ૭,૨૭,૭૩૩ હેક્ટર જેટલો છે. આમ વાવેતર વિસ્તાર અને પડતર વિસ્તારનો સરવાળો કરીએ તો ૧૦,૯૪,૬૦૫ હેક્ટર જેટલી જમીન ખેત તળે આવે છે. જે રાજ્યની ટોટલ ખેત તળેની જમીન ૯૭,૨૨,૨૦૦ હેક્ટરના આશરે ૧૧ ટકા જેટલી થાય છે. આટલી મોટી પડતર જમીન રાજ્યના અન્ય જિલ્લાઓમાં ક્યાંય નથી અને કચ્છ જિલ્લાનો નંબર તેમાં પ્રથમ આવે છે. આનો અર્થ એ થાય

*સોમાંથી નવ્વાણું ટકા માણસો પોતાના અજ્ઞાનથી પોતે દુઃખી થાય છે.*

કે જિલ્લો જો રાજ્યમાં પરિણમે તો રાજ્યની ખેત પેદાશ ખૂબ જ ગણનાપાત્ર બને અને રાજ્યનું ઘરગથ્થુ ઉત્પાદન (જી.ડી.પી.) Gross Domestic Production જે રાજ્યના વિકાસના માપવાનું માપદંડ છે, તેનો એક અંશ એટલે કે ખેત પેદાશ રૂા. ૩૨૦૦ કરોડ જેટલું થાય. જે રાજ્યની ખેત પેદાશના જી.ડી.પી.ના ૩.૬૪ ટકા થાય. આ બાબત ત્યારે જ સંભવી શકે જ્યારે ખેડવાલાયક પડતર જમીન જે ઉપર જણાવી છે તે સિંચાઈ હેઠળ આવરી શકાય તો જ, અન્યથા નહિ. કૃષિની સાથે જ સીધું સંલગ્ન તત્ત્વ સિંચાઈ છે. માટે સિંચાઈનો પણ અલગથી આ સાથે વિચાર કરીએ.

● **સિંચાઈ :**

પાણી એ અતિ મહત્ત્વનું અને જિલ્લાના અસ્તિત્વના મૂળમાં જતું એક મહત્ત્વનું પરિબળ છે. મનુષ્ય, પ્રાણી, પશુ-પક્ષી જીવન બધું પાણી પર આધારિત છે. વૃક્ષો જંગલો, ઉદ્યોગો, ધંધા-વેપાર વગેરે તમામ પાણી પર આધારિત છે. પાણી વિના સંસ્કૃતિનું અસ્તિત્વ સંભવી શકતું નથી અને કચ્છ જિલ્લો પાણીની તીવ્ર તંગી અનુભવતો જિલ્લો છે અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર રિસોર્સમાં તે જબરું ઉધારપાસું એટલે કે મોટી લાયેબીલીટી છે. અત્યારે ખેતીના પાસાને જ જો પકડીએ તો સિંચાઈ જે કેનાલ, ટેન્ક, કૂવાઓ, પાતાળકૂવાઓ અને અન્ય નાના સોર્સોમાંથી ઉપલબ્ધ છે. જિલ્લામાં અત્યારે જે સિંચાઈ થાય છે તે જિલ્લાની કુલ જમીનના માત્ર ૧૨ ટકા જેટલી જ છે. જ્યારે રાજ્યની પરિસ્થિતિ ૫૨ (બાવન) ટકા જેટલી છે. જે રાજ્યની એવરેજ લેવલ કરતા ખૂબ જ ઓછી છે. તે નોંધવાપાત્ર છે કે આટલી ઓછી ટકાવારી ધરાવતો કચ્છ જિલ્લો એકમાત્ર જિલ્લો છે. અન્ય બધા જ જિલ્લાઓ કચ્છ કરતાં સિંચાઈમાં ઘણાં જ આગળ છે. હવે જો જિલ્લાને રાજ્યમાં પરિવર્તિત કરવું હોય તો પાણીની ઉપલબ્ધિનો પહેલો વિચાર કરવો પડે. રાજ્યનું અસ્તિત્વ જ્યારે પાયાની સુવિધાઓ એટલે કે નેચરલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રીસોર્સિસ ધરાવતું હોય ત્યારે જ સારી રીતે સંભવી શકે. અન્યથા પરાવલંબિત પરિસ્થિતિ રાજ્યને કાયમ બોજારૂપ થાય. અત્યારે કચ્છ જિલ્લો મહદ્ અંશે ભૂતળના પાણી આધારિત છે. ૮૭ ટકા જેટલું પાણી ભૂતળથી જ મેળવાય છે જેનું તળ ધીમેધીમે નીચે ઉતરતું જાય છે. વરસાદ આધારિત અનિશ્ચિતતાના આધાર ઉપર રાજ્યના વિકાસનો ચોક્કસ પાયો કંડારી શકાય નહિ. ભૂમિ પરનું પાણી સંગ્રહશક્તિ ન હોવાને કારણે વ્યર્થ જાય છે અને પરિણામે નર્મદા ઉપર સંપૂર્ણપણે આજે જિલ્લો પરાવલંબિત છે. નર્મદાના પાણી રાજ્યની રચના થઈ જાય ત્યાં સુધીમાં જો કચ્છમાં વહેતા ન થાય તો એ પાણી પરનો કચ્છનો અધિકાર પણ એક પ્રશ્નાર્થ ચિહ્ન બની જવા સંભવ છે. તેથી નર્મદાના પાણી કચ્છમાં પૂરા વહેતા થઈ જાય ત્યાં સુધી રાજ્યની રચનાનો વિચાર કરવો જોઈએ નહીં તેવું લાગે છે. સિંચાઈના અને પાણીની ઉપલબ્ધિના અન્ય પાસાંઓનો વિચાર અત્યારના પ્રાથમિક અભ્યાસમાં બહુ સુસંગત જણાતો નથી. નર્મદાનું પાણી નિયમિત અને વધારાનું એ બંને જો આયોજન પ્રમાણે સંપૂર્ણપણે ઉપલબ્ધ થઈ જાય તો કચ્છ જિલ્લાની લગભગ સાડા ત્રણ લાખ હેક્ટર કરતાં પણ વધારે ખેતીની સિંચાઈ માટે પાણી ઉપલબ્ધ બને. માત્ર નિયમિત પાણી તો ખૂબ જ ઓછું એટલે કે ૧ લાખ ૧૨ હજાર હેક્ટર પૂરતું આયોજિત છે. જેથી વધારાનું પાણી એ કચ્છ માટે must છે.

● **પશુપાલન (Live Stock) :**

GDP Sectorial ના ત્રણ પાસામાં Primary પાસુ એગ્રીકલ્ચર હોવાથી તે head તળે ખેત ઉત્પાદન પછીનો તબક્કો એ પશુપાલન છે. જોગાનુજોગ જિલ્લાની ઓળખ પણ પશુપાલન સાથે સંકળાયેલી છે. ત્યારે રાજ્યના કુલ પશુધન અને દૂધાળા પશુધન (ગાયો-ભેંસો) અને દૂધ ઉત્પાદનમાં કચ્છ ક્યાં છે તે તપાસીએ.

રાજ્યના કુલ પશુધનમાં કચ્છ જિલ્લાના પશુધનનું પ્રમાણ ઘણું ઓછું છે. છતાં વ્યક્તિદીઠ દૂધની સંખ્યા કચ્છ જિલ્લામાં રાજ્ય કરતાં વધારે છે. એક અંદાજ પ્રમાણે અત્યારે વધેલી દૂધ ઉત્પાદન સતર્કતાને નજરમાં લેતાં કચ્છનું અત્યારનું અંદાજે દૂધ ઉત્પાદન વાર્ષિક બેથી અઢી લાખ ટનનું છે. જે રાજ્યના વાર્ષિક દૂધ ઉત્પાદનના ૨.૫ ટકા જેટલું છે.

Agri Sector ના અન્ય પાસાઓમાં ઊન - ઇંડાં ઉત્પાદનને સ્થળ સંકોચના કારણે જણાવ્યા નથી. પરંતુ મત્સ્યોદ્યોગના પાસાને અવગણી શકાય નહિ. દુનિયાના બજારમાં વર્ષે આશરે ૨૫૩૩ કરોડની મત્સ્યોદ્યોગ નિકાસ ધરાવતા રાજ્યમાં મત્સ્યોદ્યોગ ક્ષેત્રે કચ્છ જિલ્લો વર્ષે આશરે રૂા. ૪૦૦ કરોડ જેટલું નિકાસ હુંડિયામણ મેળવે છે. જે રાજ્યના ૧૫.૭૯ ટકા જેટલું છે.

*(ક્રમશઃ)*

## કચ્છી નવું વર્ષ

*કચ્છી નવું વરે ખણીને આવઈ અષાઢી બીજ*
*કચ્છડો પાંજો મઠો મલકને મઠા હવાને પાણી*
*કચ્છડો પાંજો કામણગારોને મઠી પાં મણીજી વાણી*
*કચ્છીયેંજો નવો વરે ખણીને આવઈ અષાઢી બીજ*
*ખીલી ખીલી ખીર ખારાયું મણીકે ને ગાંઈયું મઠા મઠા ગીત.*

*જ્યોત્સના બી. ગોગરી - અમદાવાદ*

# કચ્છનું અલગ રાજ્ય હોવું જોઇએ?

*પ્રવીણ ક. લહેરી*
*પૂર્વ મુખ્ય સચિવ, ગુજરાત સરકાર*

પશ્ચિમે અરબી સમુદ્ર, ઉત્તરે મોટું રણ, દક્ષિણે કચ્છનો અખાત અને પૂર્વમાં નાના રણથી ઘેરાયેલ 'કચ્છ' દ્વિકલ્પ ભૌગોલિક રીતે જ નહીં પણ અનેક રીતે અનોખો પ્રદેશ છે. કચ્છ પ્રદેશની ભૂમિ, પ્રજા, વનસ્પતિ, વન્ય જીવો, આબોહવા અને સંસ્કૃતિમાં અનેક આગવા તત્ત્વો છે જેનાથી કચ્છનું પોત બંધાયું છે. આવા ભાતીગળ પ્રદેશનો ઇતિહાસ પણ નોખી ભાત પાડે તે સ્વાભાવિક છે. ધોળાવીરા જેવા સિંધુ સંસ્કૃતિનો ભવ્ય વારસો ઉજાગર કરતાં અનેક સ્થળો આપણને ભૂતકાળની પ્રગતિશીલ સામાજિક - આર્થિક વ્યવસ્થાના દર્શન કરાવે છે. સિંધુ સંસ્કૃતિના સમયમાં પણ કચ્છના લોકો માટે પાણીની તંગી એ પ્રાણપ્રશ્ન હતો અને આજે પણ તે ચિંતાનો વિષય છે. સિંધુનો પ્રવાહ કચ્છમાં વહેતો અટક્યો ત્યારબાદ આજીવિકા માટે દેશ-વિદેશમાં પ્રસ્થાન કરવાની પ્રથા કચ્છના લોકજીવનનું અભિન્ન અંગ બની ગયું. ૨૦૦૧ સુધી લોકવાયકા એવી હતી કે જેટલા કચ્છી કચ્છમાં છે તેથી વધારે કચ્છી પ્રજા બહાર વસી છે.

૧૯૮૪માં સરકારી યોજના હેઠળ ગ્રેટ બ્રિટનના વેલ્સમાં ઉચ્ચ અભ્યાસ માટે જવાનું થયું. ત્યાંનાં પાટનગર કાર્ડિફમાં કચ્છી સમાજે યોજેલ ગરબામાં હાજરી આપી ત્યારે કચ્છીઓની વિશ્વવ્યાપી હાજરીનો અનુભવ થયો. દરિયો ખેડીને જે દેશ-વિદેશ ગયા તેમાંથી જૂજ લોકો પરત આવ્યા, બાકીનાઓ તો જ્યાં ધંધો-વ્યવસાય નોકરી ત્યાં જ વતનમાં રહે તેમ સ્થાયી થયા. જો કે મૂળ પ્રદેશ સાથે સંપર્ક રાખ્યો અને કચ્છી સંસ્કૃતિ અને અસ્મિતાને જાળવી રાખી. આ પૃષ્ઠભૂમિના સંદર્ભમાં જોઈએ તો એ વાત સ્વીકારવી પડે કે કચ્છ અને કચ્છી લોકો ભારત દેશની વિવિધતામાં સૌથી ભાતીગળ ઓળખ ધરાવે છે.

આઝાદી પહેલાં મહારાણા દ્વારા શાસિત પ્રદેશ મુખ્યત્વે દરિયા માર્ગે દેશ-વિદેશ સાથે જોડાયેલ હતો. માંડવીથી ઓખા કે કંડલાથી જોડિયા, માંડવીથી કરાંચી કે પોરબંદર અને મુંબઈ આ બધી જગ્યાઓ દરિયાઈ વાહન વ્યવહારથી જોડાયેલી હતી. ૧૯૭૦માં સુરજબારી બ્રિજ ખુલ્લો મુકાયો ત્યારે શ્રી પ્રેમજીભાઈ ઠક્કર (તત્કાલીન મહેસૂલમંત્રી)એ પ્રવચનમાં કહેલું કે "કચ્છની એકલતાનો અંત આવે છે. કચ્છ અને સૌરાષ્ટ્ર જોડાતાં ગુજરાત વધારે મજબૂત અને પ્રગતિશીલ બનશે." સુરજબારી પૂલ બન્યા બાદ કચ્છનું ગુજરાત અને દેશના અન્ય ભાગો સાથેનું જોડાણ સુદૃઢ બન્યું છે તે નિર્વિવાદ છે. આઝાદી બાદ જયારે રાજ્યોનું વિલીનીકરણ થયું ત્યારે જૂની બ્રિટીશ પ્રેસીડેન્સી (પ્રાંતો)ને 'એ' વર્ગના રાજ્યનો દરજ્જો મળ્યો. તેમાં અમૂક રાજ્યો ભેળવી દેવાયા. દા.ત. વડોદરા રાજ્યને મુંબઈમાં ભેળવી દેવાયું.

રજવાડાઓનો સમૂહ બન્યો તેને 'બી' વર્ગના રાજ્યોનો દરજ્જો મળ્યો. જેમ કે સૌરાષ્ટ્ર, પેપ્સુ, હૈદ્રાબાદ વગેરે. અમુક પ્રદેશો તદ્દન અલગ હતા તેમને 'ક' વર્ગના રાજ્યોનો દરજ્જો અપાયો. 'ક' વર્ગના રાજ્યોનો વહીવટ ચીફ કમિશનર હસ્તક હતો અને આજના કેન્દ્રશાસિત વિસ્તારોની જેમ તેમાં સત્તા સીમિત હતી. કચ્છને 'ક' વર્ગનો દરજ્જો મળ્યો જે ૧૯૪૮થી ૧૯૫૬ સુધી ચાલ્યો. ત્યારબાદ ગુજરાતનો આજનો રાજ્ય વિસ્તાર બૃહદ (દ્વિભાષી-મરાઠી-ગુજરાતી) મુંબઈ રાજ્ય બન્યું. આ પણ એક નવતર પ્રયોગ હતો. ૧૯૫૬માં રાજ્યોના પુનઃગઠન સમયે ફક્ત ૧૫ રાજ્યો હતાં જે તેલંગાણાની સ્થાપના બાદ ૨૯ રાજ્યો બન્યા છે. ૯ કેન્દ્રશાસિત પ્રદેશો છે. ગુજરાતમાં દીવ-દમણ અને દાદરાનગર હવેલી એમ બે કેન્દ્રિય શાસિત પ્રદેશો છે. આજે વસતિ વધારા બાદ નાના રાજ્યોની જરૂરિયાત સ્વીકારી અનેક રાજ્યોના વિભાજન થઈ રહ્યા છે. ઉત્તરપ્રદેશની ગત વિધાનસભાએ ઉત્તર પ્રદેશને ચાર રાજ્યોમાં વિભાજિત કરવા ઠરાવ પસાર કર્યો હતો. બંધારણીય રીતે સંસદને રાજ્યોના વિભાજન-એકત્રીકરણના અધિકારો છે. આ દેશમાં ૧૨૫ કરોડની વસતિ માટે કેટલા રાજ્યો હોવા જોઇએ? કોઈ અમેરિકામાં ૩૦ કરોડ લોકો માટે ૫૦ રાજ્યો તો અહીં ત્રિરાશી માંડીને અંદાજ કરીએ તો ૨૦૦ રાજ્યોનો સમૂહ કરવો પડે. ઉત્તર પૂર્વની વિશેષ સમસ્યા હલ કરવા ૭ નાના નાના રાજ્યો બન્યા ત્યારથી નાના રાજ્યો ઝડપી વિકાસ માટે અનુકૂળ છે તેવી માન્યતા વ્યાપક છે. છત્તીસગઢે અલગ રાજ્ય થયા બાદ વિકાસમાં હરણફાળ ભરી છે તે ઉદાહરણ સાથે નાના રાજ્યોની સ્થાપના માટે આગ્રહ કરવામાં આવે છે. સામા પક્ષે એવી દલીલ છે કે આજના ક્રાંતિકારી સંચાર યુગમાં ૫ કરોડની વસતિ માટે એક રાજ્ય હોવું દરેક રીતે પોષણક્ષમ અને વાજબી છે. સિંગાપુર, હોંગકોંગ કે શાંઘાઈની જેમ મુંબઈ, કલકત્તા, ચેન્નાઈ, બેંગાલુરુ વગેરે મહાનગરોને અલગ રાજ્યોનો દરજ્જો આપવા માટે પણ રજૂઆત થાય છે.

આ સંદર્ભમાં કચ્છ માટે અલગ રાજ્ય હોવું જોઇએ કે કેમ તે પ્રશ્ન તપાસીએ.

કચ્છની વિશિષ્ટતાઓ અને આગવી ઓળખ જાળવી રાખવા અલગ રાજ્ય હોવું જરૂરી છે તેવી લાગણી છે. ભાષાકીય ધોરણે તપાસતાં 'કચ્છી' અલગ ભાષાનો દરજ્જો મેળવી શકે તેવો ભાષાશાસ્ત્રીનો અભિપ્રાય છે. કચ્છી બોલી જ નથી પણ સાહિત્યસભર ભાષા છે જેનું વ્યાકરણ સિંધીની નજીક છે અને શબ્દભંડોળમાં ગુજરાતીથી અલગ શબ્દો ઉપયોગમાં છે. જામનગરના જોડિયા, ઓખા, સલાયામાં કચ્છી બોલાય છે.

*જ્યાં અજ્ઞાન છે ત્યાં દુઃખ આવશે જ.*

અગાઉ એવી લાગણી હતી કે કચ્છનો પ્રદેશ દૂર હોવાથી તેમજ પાણીના અભાવના કારણે તેના વિકાસ માટે જોઇએ તેટલી કાળજી થતી નથી. જો કે ભૂકંપ બાદ આવેલા ઉદ્યોગો, કંડલા અને મુંદ્રા બંદરોના વિકાસ બાદ પરિસ્થિતિમાં ગુણાત્મક પરિવર્તન આવ્યું છે. કચ્છનું અર્થતંત્ર ઘણું મજબૂત બન્યું છે. રોજગારીની તકો ઝડપવા સમગ્ર દેશમાંથી લોકો કચ્છમાં આવતાં આજનું ૨૦ લાખની વસતિ ધરાવતું હકીકતમાં 'મિની ઇન્ડિયા'નું દશ્ય પૂરું પાડે છે. કચ્છ સાચા અર્થમાં 'કોસ્મોપોલીટન' બન્યું છે. કચ્છની સંસ્કૃતિ, કલા, વિરાસત અને જીવનશૈલી અનોખી છે. તેથી તેના સંરક્ષણ માટે પણ અલગ રાજ્યની જરૂરિયાત છે. કચ્છ ઉત્તરે પાકિસ્તાન સાથે આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવે છે તેથી અલગ રાજ્ય હોય તો સુરક્ષા વધારે ચુસ્ત બનાવી શકાય. કચ્છીઓ મોટી સંખ્યામાં બહાર વસે છે અને આગવું સ્થાન ભોગવે છે. ૨૦૧૪માં કચ્છના શ્રી દિનેશ ત્રિવેદી પશ્ચિમ બંગાળના બરાકપુરમાંથી અને મુંબઈમાંથી શ્રી કિરીટ સોમૈયા સંસદ સભ્ય તરીકે ચૂંટાયા તે કચ્છી પ્રભાવ ક્ષેત્રનો પરચો દર્શાવે છે.

કચ્છના અલગ રાજ્યનો કોઈ ફાયદો નથી તેવો અભિપ્રાય ધરાવનારાની દલીલો છે કે, કચ્છની વસતિ થોડી છે. એકલું અટૂલું કચ્છ ઉપેક્ષિત રહેશે અને રાજ્ય તરીકે વિકાસ માટે જે સંશાધનો, વ્યવસ્થા જોઇએ તેના અભાવમાં વિકાસ ધીમો રહેશે.

છેલ્લા ૫૮ વર્ષથી (૧૯૫૬)થી કચ્છ ગુજરાત (પહેલાં મુંબઈ) સાથે જોડાવાથી એકતાની ભાવના સ્થાપિત થઇ છે. માત્ર એક સંસદ સભ્ય અને ૬ વિધાનસભ્ય ધરાવતા પ્રદેશને રાજ્ય બનાવતાં તેની રાજકીય સ્થિતિ એક મ્યુનિસિપાલિટીથી સારી નહીં હોય તેવું મંતવ્ય ધરાવતા લોકો પણ છે. કચ્છી ભાષા-બોલી સ્વરૂપે સેંકડો વર્ષના વિદેશવાસી કચ્છીઓમાં જળવાય છે. કચ્છની કલા કારીગરી કચ્છની જ નહીં પણ ગુજરાત અને ભારતની ઓળખ બન્યા છે. કચ્છી સાહિત્યનું ખેડાણ થઇ રહ્યું છે. ઐતિહાસિક સ્થળો અને પ્રાચીન વારસો જળવાઇ રહ્યો છે ત્યારે નાના રાજ્યમાં વિશાળ પ્રદેશ અને ઓછી વસતિના કારણે કાર્યક્ષમતા રહેશે નહીં.

૨૦૦૧ પછી કચ્છની કાયાપલટ થઈ છે. તેમાં આજે ખેતી, ઉદ્યોગ, ઉર્જા, પરિવહન દેશના અન્ય હિસ્સાઓ સાથે અતૂટ બંધન થયું છે ત્યારે અલગ રાજ્ય હોવાથી ફરી એકલતામાં જવાની વાત ઘડિયાળના કાંટા ઉલટી દિશામાં ફેરવવાની ચેષ્ટા છે. ૪૫,૬૫૨ ચો. કિ.મી.નો વિસ્તાર ધરાવતું કચ્છ હરિયાણા જેવા અનેક રાજ્યોથી વધારે વિસ્તાર ધરાવે છે. પ્રતિ ચોરસ કિલોમીટર દીઠ વસતિની ઘનતા ફક્ત ૪૬ વ્યક્તિઓની છે ત્યારે કચ્છ અલગ થાય તો કશો લાભ થાય તેવી સ્થિતિ નથી.

કચ્છના અનેક લોકોની તીવ્ર લાગણી અને દઢ માન્યતા છે કે, કચ્છનું રાજ્ય અલગ હોય તો સારું.

તમામ પાસાઓનો શાંતિથી વિચાર કરીએ તો એક બાબત સમજાય છે કે કચ્છ અનોખું છે, તેમાં ઘણી વિશેષતા છે, તેનો વહીવટ અને વિકાસ ઝડપી અને સંતુલિત થાય તે માટે કાંઈક કરવાની જરૂર છે. કચ્છ વિકાસ બોર્ડ આ જવાબદારી નિભાવી શકે? કચ્છ માટે અલગ કમિશનર દરજ્જાના અધિકારીની નિમણૂકથી વહીવટ અસરકારક બને? અલગ રાજ્ય થવાથી આર્થિક વિકાસ/ રોજગારીની તકો વધે? આ પ્રશ્નોના ઉત્તર લાગણીથી પ્રેરાઇને આપીએ તો અલગ અલગ હોઇ શકે.

સ્થિરતા અને તર્કબદ્ધ રીતે વિચારીએ તો કહી શકીએ કે કચ્છ માટે સવિશેષ કાળજી કરી શકે તેવી શાસન પ્રણાલી જરૂરી છે. અલગ રાજ્ય માટે વસતિનું ધોરણ અને અન્ય તમામ પરિબળો ધ્યાને લઇએ તો અલગ રાજ્ય માત્રથી કચ્છની સમસ્યાઓનું નિરાકરણ થઈ જશે તેવી માન્યતા પણ વાસ્તવિક નથી. ■

Ramesh Savla
Manish Savla
M. 94260 77479

AI
ARIHANT INDUSTRIES
Mfg. : Bakelite Moulding & Pannel Board Accessories, Push Buttons, Connector Strip & Cooker Handles
5/33, G.I.D.C. Ind. Estate, Phase-1, Vatva, Ahmedabad-382 445.
Ph. : (F) 25831205 (R) 25464948

Dhiren Shah - Director
M. : 98795 00916 ● E-mail : dhirenshah@favouriteshoes.com
HITSTEEL WAVES ULTIMA voltex Winner
FAVOURITE
Manufacturers & Exporters of Safety Shoes & Casual Shoes
FAVOURITE SAFETY PRODUCTS
J-1915-18/A, GIDC Industrial Estate, Ankleshwar-393 002. Dist. Bharuch, Gujarat (INDIA)
Ph. : +91 2646 220690 / 251646 Fax : +91 2646 251030
E-mail : info@favouriteshoes.com Web : www.favouriteshoes.com
FAVOURITE SHOE COMPANY
C-1/B-2007-2006/3, GIDC Indl. Estate, Ankleshwar-393 002. Dist. Bharuch, Gujarat (INDIA)

# કચ્છની ખમીરવંતી પ્રજાને સરળ અને ઝડપી વિકાસને અનુરૂપ તંત્રની જરૂર છે

*સનત મહેતા*
*પૂર્વ નાણામંત્રી, ગુજરાત રાજ્ય*

"મહાગુજરાત આંદોલન" ચાલતું હતું. મહાગુજરાત અલગ ગુજરાત રાજ્યની રચના માટે હતું. એ સમયે જેમની આંખે શિસ્તના પાટા બાંધ્યા હતા એ બધા ગુજરાતનું અલગ રાજ્ય આર્થિક રીતે ટકી ન શકે એવું પુરવાર કરવા ભર કોશિશ કરી રહ્યા હતા. ત્યારે એ સમયે મોરારજીભાઈએ એવું વિધાન કર્યું હતું કે, કચ્છ, જે મનીઑર્ડરના અર્થતંત્ર પર નભે છે, એનો ભાર ગુજરાત કેવી રીતે ઉપાડી શકશે?

કચ્છ મનીઑર્ડર પર નભે છે એનો અર્થ એવો કરાતો હતો કે જે કચ્છીઓ ધંધા રોજગાર માટે મુંબઈ કે મધ્યપૂર્વમાં મસ્કત જેવા સ્થળોએ ગયા છે તેના મનીઑર્ડરથી મોકલાતા નાણાં પર કચ્છની કચ્છમાં વસતી જનતા જીવે છે.

## • ઇતિહાસની કેવી કરુણતા છે?

ત્યારે કચ્છ વિશાળ દ્વિભાષી મુંબઇ રાજ્યનો ભાગ હતો. કચ્છનો વહીવટ મુંબઇથી થતો! આવી પોકળ દલીલો કરનાર આજે જીવતા હોત તો ગુજરાત કે કચ્છના અત્યારના વિકાસ માટે એ શું કહેત?

કચ્છ, સૌરાષ્ટ્રની જેમ પહેલા દેશી રજવાડુ હતું. ૪૦૦ વરસ પછી ૧૯૪૮માં સરદાર પટેલે દેશી રાજ્યોને ભારતના સંઘમાં ભેળવવા પ્રયાસ કર્યા ત્યારે ૧ જૂન, ૧૯૪૮માં કચ્છનું રાજ્ય સ્વૈચ્છિક રીતે ભારતમાં ભળી ગયું અને કોણ જાણે કેમ મનીઑર્ડર પર નભતા કચ્છને "ક" વર્ગનું રાજ્ય કંઈ ગણતરીથી બનાવાયું કે પછી મનીઑર્ડર અર્થતંત્રની વાત માત્ર ગુજરાતનું અલગ રાજ્ય ન આપવા માટે આગળ ધરાયેલ માત્ર એક તૂત હતું?

"ક" વર્ગના રાજ્યમાં કચ્છની જનતાને પોતાના ભાવિને લગતા નિર્ણયો ઘરઆંગણે લેવાનો સંતોષ હતો. વિકાસ કાર્યોની અગ્રીમતા, તેનો સુચારું અમલ કચ્છમાં થતો હતો. "ગ્રામ વિકાસ" અને "મહેસૂલી પત્રિકા" જેવા સામયિકોથી સતત સંપર્ક જળવાતો હતો. ૧૯૫૬માં કચ્છમાં ધરતીકંપ થયો જેમાં અંજાર વિસ્તારમાં ઘણું નુકસાન થયું. પણ તે સમયે પ્રજા અને વહીવટતંત્રે સાથે મળી પુનઃવસન પાર પાડ્યું.

પણ ધરતીકંપ પછી ૧૯૫૬માં જ પાકિસ્તાને છાડબેટ પર હુમલો કર્યો. કચ્છની પ્રજાના ખમીરનો વિદેશી આક્રમણના કરાયેલ મુકાબલામાંથી ભારતને ખ્યાલ આવ્યો.

પણ ત્યાર પછી ભારતના રાજ્યોની ભાષાકીય રીતે રચના કરવાનો સમય આવ્યો. ત્યારે ૩૧-૧૦-૧૯૫૬ના રોજ કચ્છને બૃહદ મુંબઇ રાજ્યમાં વીલિન કરાયું. ૧૯૫૭ની ચૂંટણી કરાઇ ત્યારે વિશાળ મુંબઇ રાજ્યનો કચ્છ એક જિલ્લો બની ગયો. અગાઉની લોકસભાની બે બેઠકો ઘટીને એક થઇ અને વિધાનસભાની આઠ બેઠકો પાંચ થઇ ગઇ. પરિણામે ૧૯૫૭થી ૧૯૬૦ સુધી કચ્છને મુંબઇથી રિમોટ કંટ્રોલ જેવા વહીવટનો લાભ મળ્યો.

ટૂંકમાં, ૧૯૪૮થી ૧૯૬૦ સુધીમાં કચ્છને રાજ્યોના ઉપરથી કરાયેલ ફેરફારમાં દેશી રજવાડામાંથી "ક" વર્ગનું રાજ્ય, "ક" વર્ગના કચ્છના રાજ્યમાંથી વિશાળ મુંબઇ રાજ્યનો ભાગ અને ત્યારબાદ ગુજરાતના અલગ રાજ્યના ભાગ સુધીના ફેરફારોના ભોગ બનવાનો લાભ મળ્યો છે.

કચ્છના નાના અને મોટા રણ વચ્ચે, દરિયાકાંઠે વસેલું કચ્છ ડુંગરા, રણવિસ્તાર અને દરિયાકાંઠે વસેલું છે. કચ્છ, ધોળાવીરાના ખનન પછી, વિશ્વની સાડા ચાર હજાર વરસ જૂની હડપ્પા સંસ્કૃતિનું વિશ્વનું અગત્યનું કેન્દ્ર બન્યું છે. જાણવા મળે છે કે, ધોળાવીરા, વિશ્વના હડપ્પા સંસ્કૃતિના અવશેષ સમા ઐતિહાસિક નગર "મોહન જો-દરો" જે હવે પાકિસ્તાનમાં ગયું છે, એ પછીનું બીજા નંબરનું છે. કહેવાય છે કે, ૪૫૦૦ વરસ પહેલા લોથલના બંદરથી જે વિદેશ વ્યાપાર થતો એ ધોળાવીરા થઇને આવતો. ધોળાવીરાની ડિઝાઇન પથ્થર આધારિત એટલે છે કે, એ વ્યાપારીઓના રક્ષણ અને જતનમાં અગત્યનો ભાગ ભજવતું.

કદાચ એટલે "કચ્છડો બારેમાસ" કહેવાય છે. હડપ્પા યુગના આંતરદેશીય વેપારના કારણે જ કચ્છમાં આટલા બધા કસબ વિકસ્યા હશે. એ આંતરદેશીય વેપારના રહી ગયેલા "જીન"માંથી મુંબઇથી મસ્કત સુધી વેપાર માટેની સાહસિકતા કચ્છના માડુના લોહીમાં રહી ગઈ હશે.

આમ જોઇએ તો કચ્છ માત્ર એક જિલ્લો છે જેનો વ્યાપ ૧૯,૪૭૮ ચો. કિલોમીટરનો છે અને વસતિ ૧૫.૮૩ લાખ છે અને પરિણામે વસતિની ગીચતા માત્ર ૮૧૪ છે જે ભારતના ઉત્તર-પૂર્વના રાજ્યો અરુણાચલ (૧૭), મિઝોરમ (૫૨) અને સિક્કીમ (૮૬) રાજ્યોની ગીચતા જેવી છે. એ બધા દસ લાખની વસતિવાળા પ્રદેશો છે અને અલગ રાજ્યો છે.

એક જિલ્લા જેટલા વિસ્તારની વિવિધતા, સંસ્કૃતિ અને ઇતિહાસ એટલા ગૌરવવંતા છે કે, એવો બીજો જિલ્લો ગુજરાતમાં તો બીજો નથી. કચ્છી ભરતકામ વિશ્વમાં પ્રખ્યાત છે. હવે તો કચ્છી ભરતકામની ડિઝાઇનની નકલ કરી ચીને એનો વેપાર શરૂ કર્યો છે.

બીજી તરફ પાકિસ્તાનની લગોલગ સરહદે હોવાથી ૧૯૫૬ના પાકિસ્તાનના છાડબેટ પરના આક્રમણ અને ગુજરાતના મુખ્યમંત્રી

*અજ્ઞાની હોવું એટલી શરમની વાત નથી, જેટલું શીખવા માટે તૈયાર ન રહેવું.*

બળવંતરાય મહેતાના વિમાનને પાકિસ્તાને ધ્વસ્ત કર્યું, ત્યાર પછી કચ્છ ભારતની સુરક્ષાની દૃષ્ટિએ ખૂબ અગત્યનું બની ગયું છે અને એને પરિણામે ત્યાર પછીના વરસોમાં લશ્કરી દૃષ્ટિએ ઘણો વિકાસ કરાયો છે. જ્યારે બીજો વિકાસ ધાર્યા પ્રમાણે નથી થયો.

એમ કહેવાય છે કે, સરસ્વતી અહીં સુષુપ્ત થઇને વહે છે. એટલે કદીક મત લેવા રાજનેતાઓ સુષુપ્ત સરસ્વતીના પાણી કચ્છમાં લાવવાની વાત કહી નાંખે છે.

પણ, વરસાદ એટલો ઓછો હોવાથી કચ્છ સૂકોભઠ્ઠ વિસ્તાર ગણાય છે. પણ છેલ્લા થોડા વરસોમાં ઇઝરાઇલી ખારેકનો વિસ્તાર વધી રહ્યો છે. કારણ કચ્છની ઇઝરાઇલી ખારેક ઇઝરાયલ પહેલા આવે છે એટલે એ વિશ્વના બજારમાં પહેલા વેચાઇ રહી છે.

ભલે વરસાદના અભાવે સૂકોભઠ્ઠ વિસ્તાર ગણતો હોય પણ કચ્છના જે ભાગમાં તળમાં પાણી છે ત્યાં તો ખારેક અને કેસર કેરીની વાડીઓ છે. આ વિસ્તારનો કપાસ ગુજરાતના લંબતારી વિસ્તારમાં સૌથી વધુ લંબતારી ગણાય છે.

પાણી મળે તો કેવું પરિવર્તન થઇ જાય એ તો અંજારથી ભુજ જવાના રસ્તે કુકમા અને મોટી રેલડી રતનાલ વિસ્તારના ખેડૂતો ત્રણ પાકનું ઉત્પાદન લે છે તેના પરથી મળે છે. અંદાજે ૩૦ હજાર એકરમાં કેસર કેરી, બારાહી (ઇઝરાયલી) અને દેશી ખારેક, મોસંબી, ચીકુ, જામફળ, પપૈયા, સીતાફળ, શાકભાજી અને રોકડિયો પાક લેતા થયા છે. લગભગ બાર હજાર એકરમાં ડ્રીપ સિંચાઇ થાય છે. વિશ્વની કોઇપણ અદ્યતન ખેતી પદ્ધતિ ખેડૂતો સ્વીકારતા થયા છે.

આ જોયા પછી નર્મદાનું પાણી પૂરતા પ્રમાણમાં કચ્છને મળે તો સૂકોભઠ્ઠ કચ્છ ભૂલાઇ જાય. નર્મદાનાં વધારાનું પાણી મેળવવા કર્નલ જાડેજાએ જીવન ખર્ચ્યું. કેટલાક કચ્છીઓ સુપ્રીમ કોર્ટ સુધી લડ્યા પણ ન ફાવ્યા. નર્મદાના ઉપરવાસમાંથી પાણી છોડાય અને વરસાદ વધુ આવે ત્યારે બંધ ઓવરફ્લો થાય છે. આ ઓવરફ્લો થતું પાણી ઉપયોગમાં લેવાનો ટ્રિબ્યુનલે ગુજરાતને અધિકાર આપ્યો છે. **કચ્છની તાસીર આ પાણીથી બદલી શકાય છે. પણ આજસુધી વધારાનું પાણી આપવાને બદલે દરિયામાં વહી જવા દેવાયા છે. માહિતીના અધિકાર નીચે અપાયેલ અધિકૃત માહિતી પ્રમાણે ૨૦૧૧ અને ૨૦૧૨ એમ માત્ર બે વરસમાં ઓવરફ્લો થઇ ૨૩ મિલિયન એકરફીટ દરિયામાં વહી ગયું છે. જે ટ્રિબ્યુનલે ફાળવેલા ૯ MAF કરતા અઢી ગણું છે.**

એટલે તો કચ્છી માડુ ખમીરવંતી પ્રજા ગણાય છે. પણ પ્રારંભમાં કચ્છની પ્રજાએ ઘરઆંગણાનું રાજ અનુભવ્યા પછી જે રીતે કચ્છને વહીવટનું ફુટબોલ બનાવી દેવાયું એનાથી કચ્છીના મનમાં એક ઊંડી કસક રહી ગઇ છે.

સૌરાષ્ટ્ર કચ્છનો સમગ્ર વિસ્તાર એક સમયે દરિયામાં ડૂબેલો હતો. પરિણામે ચુનાના પત્થર આધારિત સિમેન્ટ તેમજ બૉક્સાઇટ અને એલ્યુમિનાનો ધાર્યો વિકાસ ધીમી ગતિએ થયો છે. માત્ર લિગ્નાઇટનો નોંધપાત્ર વિકાસ થયો છે. પાણી ન આપે પણ કુદરત કંઇક તો આપે જને!

એક તરફ આવી પરિસ્થિતિ છે તો બીજી તરફ ભારતના ભાગલા પડ્યા અને કરાંચીનું બંદર ભારતે ગુમાવ્યું ત્યારે કરાંચીના બંદરથી વધુ સારા પર્યાયને અમલમાં લાવવા છેક ૧૭-૦૨-૧૯૪૮ (સ્વરાજ પછી છ માસમાં) ના રોજ વેસ્ટ કોસ્ટ મેજર પોર્ટ ડેવલપમેન્ટ સમિતિ શ્રી કસ્તુરભાઇના અધ્યક્ષપદે રચાયેલી. જેના કારણે કચ્છના કાંઠે કંડલા બંદર મળ્યું. સુરજબારી થઇ રસ્તો આકાર પામ્યો. ૧૯૬૫માં લાલબહાદુર શાસ્ત્રીએ કંડલા ફ્રી ટ્રેડ ઝોન ખૂલ્લો મૂક્યો. સૌરાષ્ટ્ર અને છેક દક્ષિણ ગુજરાતના માછીમારો માટે પંડિતજીએ જખૌ બંદરનો વિગતવાર નક્શો બનાવડાવ્યો. સિન્ધુ રિસેટલમેન્ટ કોર્પો. રચાયું. હવે કચ્છી જનતાની ઇચ્છા, સ્વતંત્રતા પછી છ માસમાં રાષ્ટ્રીય નેતાઓની પહેલને તબક્કાવાર આગળ લઇ જવાની હતી. પણ હજુ આજે પણ જખૌ બંદરના ત્રીજા તબક્કાના અંદાજાયેલા ત્રણ કરોડના કામો બાકી છે. જેમાં એક આઇટમ પીવાના પાણીની છે. કારણ કચ્છનો આયોજિત વિકાસ સતત નહિં પણ કદીક વિદેશી આક્રમણ કે કદીક ધરતીકંપના ઘાવ રૂઝવવા માટે રેડક્રોસ ઢબે થયો છે. આના કારણે કચ્છની પ્રજાને વહીવટ રિમોટ લાગે છે.

કચ્છી પ્રજાનું ખમીર તો આપણે દરેક સંકટ સમયે જોયું છે, અનુભવ્યુ છે. કચ્છ ગુજરાતનો ભાગ બન્યું અને કચ્છના અલગ રાજ્યની ભાવના પ્રગટ થઇ ત્યારે કચ્છને પોતાનું સ્વાયત્ત વિકાસ બોર્ડ આપવાની વાત ૧૯૮૦-૮૫ માં થઇ પણ એની ટાળાટાળી કરાઇ. છેલ્લા ધરતીકંપ પછી કેન્દ્ર સરકારે કચ્છમાં ઉદ્યોગ સ્થાપવા ખાસ પેકેજ આપ્યું. સસ્તી જમીન અને કર રાહતના પેકેજથી આકર્ષાઇ ઉદ્યોગો આવ્યા એટલે એને વિકાસમાં ખપાવી સંતોષનો ઓડકાર લીધો.

કચ્છને "ક" વર્ગના રાજ્યમાંથી રાજ્યનો માત્ર ૧૯,૪૭૮ ચો. કિલોમીટરનો જિલ્લો મળ્યો છે. કદીક રાજ્યસ્તરના મંત્રીપદનો ટુકડો ફેંકાય છે. આ કસક કચ્છની પ્રજાને ડગલે ને પગલે સાલે છે.

પરિણામે કચ્છમાં કર રાહત અને સસ્તી જમીનના આકર્ષણથી આવેલા ઉદ્યોગોમાં કચ્છીને પ્રાથમિકતા આપવા માટે છેક ગાંધીનગરના દરવાજા ખટખટાવવા પડે છે.

રાષ્ટ્રના રાજ્યો તરફ નજર નાખીએ તો હવે નાના રાજ્યો ઝડપી વિકાસના કારણે પસંદ કરાય છે. અનુભવ એવો છે કે, તાજા બનેલા ઝારખંડ અને છત્તીસગઢ બીજા ઘણા મોટા રાજ્યોની તુલનામાં વિકાસમાં આગળ નીકળી ગયા છે. વળી કચ્છી જનતાની જૂની કસક દૂર કરવાનો રસ્તો તેલંગણા-સિમાન્ધ્રા જેટલો અઘરો અને વિવાદી પણ નથી.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૩ ઉપર)**

*સંસારમાં નીતિ, નિયતિ, વેદ, શાસ્ત્ર તથા બ્રહ્મ – આ બધાના વિષે જાણવાવાળા મળી શકે છે પણ પોતાના અજ્ઞાન વિષે જાણનારા કોઈ વીરલા જ હોય છે.*

# કચ્છ : એક અલગ રાજ્ય
# ફાયદા અને ગેરફાયદા

*બાબુભાઈ મેઘજી શાહ*
*પૂર્વ નાણામંત્રીશ્રી, ગુજરાત રાજ્ય*

કચ્છનું અલગ રાજ્ય ફાયદા હી ફાયદાકારક ગણું છું. સરદાર પટેલ સાહેબે આઝાદી પછી રાજ્ય રચના વખતે કચ્છને કેન્દ્ર સરકારની દેખરેખ નીચે 'ક' વર્ગનો દરજ્જો આપેલ. તે દૂરંદેશીપણાને સમજવું જરૂરી છે. કચ્છનાં હાલના માળખાની વ્યાખ્યા 'ક' વર્ગના કચ્છ રાજ્યનાં સમયગાળા દરમ્યાન થયેલ / ગોઠવાયેલ રસ્તા / બંદર / સિંચાઈની કાયમી વ્યવસ્થા માટે નર્મદા ડૅમની ઊંચાઈ મેળવી કચ્છનાં નારાયણ સરોવર સુધી પાણી પહોંચાડવાનું આયોજન કેન્દ્ર સરકારની દેખરેખ હેઠળનાં 'ક' વર્ગના કચ્છ રાજ્યનાં સમય કામની દેન છે.

આ પ્રદેશને મોટા રાજ્યમાં ભેળવવા સામે ભયસ્થાનો રજૂ કરનાર ડૉ. મહિપતરાય મહેતાએ મોટા રાજ્યમાં નાના પ્રદેશનાં પ્રશ્નો નહિં ઉકેલાય તેમજ પ્રદેશનાં બદલે જિલ્લા સ્તરની ગણતરીએ કચ્છની વિકાસ યાત્રાને રાષ્ટ્રીય સ્તરની ગણવાને બદલે રાજ્યનાં માળખાકીય બાબતે મળનાર / ફાળવાતી રકમમાં ઘડિયાળના કાંટા પાછા મુકાઈ રહેવાની ભીતિનો જવાબ તત્કાલીન વડાપ્રધાન જવાહલાલ નહેરુએ વિકાસમાં ગતિશીલતા લાવવા અલગ રાજ્ય રચનામાં બંધારણીય સુધારામાં કલમ-૩૭૧(૨) અન્વયે સ્વાયત્ત બોર્ડ રચના કરવાની બંધારણીય જોગવાઈ જેમાં સરકારી નોકરી / મેડિકલ એજ્યુકેશન / વોકેશનલ એજ્યુકેશનમાં વસતિના ધોરણે ફાળવણી / રીઝર્વેશનની જોગવાઈ ઉલ્લેખનીય હતી.

વિકાસ બોર્ડ મળવામાં અત્યંત વિલંબ થયો હોઈ મેં ગુજરાત વિધાનસભામાં અલગ કચ્છ રાજ્ય આપવા ગુજરાત વિધાનસભા ઠરાવ કરે તેવો બિનસરકારી વિકલ્પ પણ રજૂ કરેલ. જે કોઈ કારણસર વાંચનમાં / ચર્ચામાં આવી શકેલ નહિ. પણ અલગ કચ્છ રાજ્ય કચ્છની ધરતી / પ્રજા માટે કલ્યાણકારી બનવાની ઘટનાચક્રનું મહત્ત્વનું અંગ ગણું છું.

રાજ્યની / રાષ્ટ્રની જમીનનો નોંધપાત્ર હિસ્સો ધરાવતું કચ્છ વસતિની ગીચતા / ડેન્સિટીનાં ધોરણે ઓછી વસતિ - વધુ વિસ્તારનાં ધોરણે વિકાસની પ્રથમ જરૂરિયાત જમીનની ખોટ વરતાય નહિં તેનું પ્રમાણ આપે છે.

જમીનનાં વિકાસ માટે નર્મદા ડૅમની ઊંચાઈનો મહત્તમ લાભ ટેઈલ ઍન્ડ (છેવાડા)ની નહેરથી દરિયામાં પાછળ વહેવડાવવાનો સામાન્ય સિધ્ધાંત અપનાવાય તો નર્મદા નીરની ફાળવણીની વિસંગતતા અલગ કચ્છ રાજ્યની રચના આપોઆપ દૂર કરાવી શકે. અલગ રાજ્ય મેળવવાની રજૂઆત કરતાં અન્ય પ્રદેશ કરતાં કચ્છની અલગ રાજ્ય રચનાની રજૂઆત / માંગ સ્વાભાવિક છે. અગાઉ ઉલ્લેખ કર્યા મુજબ આઝાદી પછી કચ્છને કેન્દ્ર સરકારની સીધી દેખરેખ નીચેનું કમિશનરેટનાં વહીવટનું 'ક' વર્ગના દરજ્જાની વ્યવસ્થા અપાયેલ હતી જ.

કચ્છનું અલગ રાજ્ય હોય તો દેશનાં સૌથી વધુ આર્થિક ઉપજ મેળવતું રાજ્ય કચ્છ બની રહે તે વાત વારંવાર આંકડા સહિત રજૂ કરું છું.

રાજ્યની તિજોરીમાં ૨% વસતિનું કચ્છ વેટ મારફતે ગુજરાત રાજ્યની આવકમાં ૧૦% પ્રદાન કરે છે. માઈનિંગ રોયલ્ટી, આર.ટી.ઓ. ટેક્ષ જેવા નોનરેવન્યુ ટેક્ષમાં પણ કચ્છનું પ્રદાન રાજ્યને અન્ય જિલ્લાનાં પ્રમાણમાં અનેકગણી રકમ ભરે છે.

લાંબા દરિયાકિનારે મહાબંદર કંડલા અને ખાનગી બંદરો પર થતા યાતાયાતની કસ્ટમ ડ્યુટીની આવક અલગ કચ્છ રાજ્ય હોય તો નાણાપંચની વહેંચણીમાં બંદરીય સગવડ / ખર્ચને લક્ષમાં રાખી, મળી શકે.

રાજ્યના અન્ય જિલ્લાઓમાં સરકારી મેડિકલ કોલેજ તેમજ વોકેશનલ એજ્યુકેશન માટેની ઈજનેરી કોલેજોમાં કચ્છનાં વિદ્યાર્થીઓ માટે વિશેષ જગ્યાઓ (બેઠકો) કલમ-૩૭૧(૨) અન્વયે કચ્છ વિકાસ બોર્ડની રચના થઈ હોત તો વસતિનાં પ્રમાણમાં ટકાવારી પ્રમાણે રાજ્યની મેડિકલ કોલેજમાં ૧૫૦૦ સીટ સામે ૩૦ સીટ સરકારી ફી વર્ષે ૬,૦૦૦/-ની ફી માં જ મેરીટ લિસ્ટમાં કચ્છનાં વિદ્યાર્થીઓને સીટની ફાળવણી થઈ હોત. હવે કચ્છનું અલગ રાજ્ય હોય તો પોતાની સરકારી મેડિકલ કોલેજમાં તેમજ ઈજનેરી કૌશલ્ય શીખવવા તેમજ સમકક્ષ વોકેશનલ તાલીમી અભ્યાસની વ્યવસ્થા સરકાર તરફથી જ કરી શકાય. (ગોવાની મેડિકલ કોલેજ તેમજ નાના રાજ્યોની સરકારી કોલેજોમાં ઓછી ફી ભરી તાલીમ મેળવેલ અનેક ઈજનેર / ઓફિસરો / ડૉક્ટરો અન્ય રાજ્યની સરખામણીએ ગુજરાતમાં વધુ સંખ્યામાં જોવા મળે છે તેનું ઉદાહરણ આપી શકાય.)

અલગ કચ્છ રાજ્ય હોય તો હાલે જિલ્લાની તમામ આવક રાજ્યના કન્સોલીટેડ ફંડ (એકત્રિત ભંડોળ)માં જમા થાય છે અને તેમાંથી વસતિનાં પ્રમાણમાં ગ્રાંટની ફાળવણી મોટાભાગની યોજનાઓ માટે થાય છે. તેના બદલે અલગ કચ્છ રાજ્યની તમામ આવક કચ્છની પ્રજા માટે જ ખર્ચવામાં આવે તેમજ શિક્ષણ / આરોગ્ય / જનસુવિધા / ટ્રાન્સપોર્ટેશન / પ્રવાસન / યાતાયાત માટે હાલનાં પ્રમાણમાં ઘણી સુવિધા પ્રાપ્ત કરવાની ક્ષમતા અલગ કચ્છ રાજ્યની આવકોમાંથી થઈ શકે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૩ ઉપર)**

*એ જાણવું કે આપ અજ્ઞાની છો, તે જ્ઞાની બનવાનું પ્રથમ પગથિયું છે.*

# જો કચ્છ અલગ રાજ્ય બને તો ગુજરાતની જેમ દેશભરમાં મોડેલ બને

*– મહારાવશ્રી પ્રાગમલજી ત્રીજા*

*કચ્છને અલગ રાજ્ય બનાવવાની પહેલ કરનાર મહારાવશ્રી પ્રાગમલજી ત્રીજા હવે ઉંમરના કારણે તેમની પહેલમાંથી પાછા હટીને કચ્છી માડુઓ ઉપર નિર્ણય છોડે છે. જોકે તેઓ માને છે કે જો કચ્છ અલગ રાજ્ય બને તો તેની આવકનો સ્રોત જળવાઈ રહેશે.*

***મંગલ મંદિર*** : કચ્છની વર્તમાન સ્થિતિ વિશે શું માનો છો?

***મહારાવશ્રી પ્રાગમલજી ત્રીજા*** : ભૂકંપ પછી કચ્છના વિકાસમાં સરકાર કરતાં કચ્છી માડુઓનો ફાળો સવિશેષ છે. ઔદ્યોગિક વિકાસમાં પણ સરકાર કરતાં લોકોનો ફાળો સવિશેષ છે.

***મંગલ મંદિર*** : જ્યારે તેલંગણા જેવા અલગ નાના રાજ્યો બને છે ત્યારે કચ્છ પણ અલગ રાજ્ય બનવું જોઈએ એ વિશે આપ શું માનો છો?

***મહારાવશ્રી પ્રાગમલજી ત્રીજા*** : મને ખાતરી છે કે આપણી નવી કેન્દ્ર સરકાર એક ડાહ્યા માણસના હાથમાં છે. મને વિશ્વાસ છે કે જો આપણે જો બરાબર આપણી રજૂઆત કરીશું તો વધારે જલદી સારો નિર્ણય લેવાશે. મારી એવી ધારણા છે.

***મંગલ મંદિર*** : કચ્છ અલગ રાજ્ય બને તેની ચિનગારી આપે જલતી રાખી છે. ત્યારે હાલ જે રીતે અલગ રાજ્યો થાય છે તે વિશે આપ શું વિચારો છો?

***મહારાવશ્રી પ્રાગમલજી ત્રીજા*** : હું એમ માનું છું કે અંગત રીતે કચ્છ માટે કોઈ નિર્ણય લેવાય તો કચ્છ મોવડી હશે. ગુજરાત સરકારે આખા ગુજરાતનો વિચાર કરવાનો હોય છે ત્યારે કચ્છી માડુઓ માત્ર કચ્છ માટે વિકાસ કરશે. ગુજરાત સરકાર જે સારું કામ કરે છે તેથી વધુ સારું કામ આપણે કરી શકીશું જો કચ્છ અલગ રાજ્ય હોય તો!!!

***મંગલ મંદિર*** : ભૂતકાળની જેમ ફરી કચ્છ આજે ગ્લોબલ વ્યાપારનું સાક્ષી છે. ત્યારે આપ કચ્છનું ભવિષ્ય કઈ રીતે જુઓ છો. જો કચ્છ અલગ રાજ્ય થાય તો....?

***મહારાવશ્રી પ્રાગમલજી ત્રીજા*** : હું જોઉં છું કે કદાચ આપણે ઉદાર બની શકીશું. કચ્છની રેવન્યુ પણ જનરેટ થઈ શકશે. હું ખાતરીપૂર્વક કહું છું કે આપણને કુદરતી રીતે જે સગવડ મળી છે તે જોતા હું માનું છું કે કચ્છ રેવન્યુમાં આગળ હશે. આ વિશે આપને શ્રી બાબુભાઈ મેઘજી શાહ વધુ સારી રીતે જવાબ આપી શકશે.

***મંગલ મંદિર*** : જો કચ્છ અલગ રાજ્ય બને તો કેન્દ્રની રેવન્યુ કચ્છને કેવી રીતે મળે?

***મહારાવશ્રી પ્રાગમલજી ત્રીજા*** : જો કેન્દ્રની રેવન્યુ પણ ન મળે તોય કચ્છને પૂરતી રેવન્યુ (આવક) થઈ શકે તેમ છે.

***મંગલ મંદિર*** : એટલે કચ્છ રાજયનો આપણે સારી રીતે વહીવટ ચલાવી શકીએ એટલી આવક મળી રહે?

***મહારાવશ્રી પ્રાગમલજી ત્રીજા*** : હા, કચ્છ રાજયનો વહીવટ ચાલે એટલી આવક થાય તેના કરતાં પણ વધુ આવક થાય. વિકાસ માટે પણ રકમ બચે. કચ્છી માડુઓ બધું જ કરી શકે છે. વિશ્વભરમાં છવાયેલા કચ્છીઓ સાહસિક છે. કચ્છનો મેનપાવર પણ કચ્છ માટે ઉપયોગી થઈ શકે. વિશ્વભરના કચ્છીઓ આના માટે વિવિધ ક્ષેત્રે કામ કરી શકે.

***મંગલ મંદિર*** : જો કચ્છ અલગ રાજ્ય બને તો વહીવટ માટે નીચેથી કરી ઉપર સુધી વહીવટકર્તા માણસો જોઈએ તે મળે?

*કોઈ પણ વિષયમાં અધૂરા જ્ઞાન કરતાં તે વિષયનું અજ્ઞાન વધુ સારું છે.*



*મહારાવશ્રી પ્રાગમલજી ત્રીજા* : મને કહો કે રાજાશાહીમાં સેંકડો વર્ષ આપણે કચ્છનો વહીવટ ચલાવ્યો. થોડા આપણે કચ્છીઓ નમાલા છીએ કે આપણે જેટલી ચિંતા રાખવી જોઈએ એટલી ચિંતા આપણે કરતા નથી. ગુજરાત એક સારું રાજ્ય છે. આ સમયે આપણે ગુજરાતી છીએ, કચ્છી નથી.

*મંગલ મંદિર* : હાલે આપ કચ્છ અલગ રાજ્યની ચળવળ માટે શું કહો છો?

*મહારાવશ્રી પ્રાગમલજી ત્રીજા* : જો કચ્છ અલગ રાજ્ય બને તો ગુજરાતની જેમ દેશભરમાં મોડેલ બને. હવે ઉંમરના કારણે હું થાક્યો છું. કચ્છી માડુઓ શાણા અને ડાહ્યા છે એટલે અલગ રાજ્યની ચળવળનો નિર્ણય એમની ઉપર છોડું છું.

***('મંગલ મંદિર' દ્વારા ભુજ ખાતે તા. ૬-૬-૨૦૧૪ના રોજ લીધેલ રૂબરૂ મુલાકાતના સમયે રેકોર્ડ થયેલ વાતચીતના મુખ્ય અંશોના આધારે.)***

## કચ્છની ખમીરવંતી પ્રજાને સરળ અને ઝડપી વિકાસને અનુરૂપ તંત્રની જરૂર છે

**(અનુસંધાન : પાના નં.-૨૦ ઉપરથી ચાલુ)**

"ક" રાજ્યનો રસ્તો તો કચ્છે અનુભવ્યો છે. બીજા વિવિધ રસ્તા છે. ૪૫૦૦ વરસ જૂની હડપ્પા સંસ્કૃતિના જીન તો કચ્છમાં વિવિધરૂપે પ્રગટ થયા કર્યા છે. સવાલ એના ઉપાયનો છે. કચ્છી પ્રજા ભિખારી નથી ભલે એક જમાનામાં એને મનીઑર્ડર અર્થતંત્ર ગણાવાયું હોય.

મનીઑર્ડરમાં વિદેશી નાણું આવે છે. જેના રોકાણની ભારતને તાતી જરૂર છે. ૧૯૮૦-૮૫માં જ્યારે નાની બચતમાં નાણા રોકનારનું મોટું મહત્ત્વ હતું ત્યારે પણ માધાપર નાની બચતના રોકાણમાં ભારતમાં પ્રથમ હતું.

કચ્છી જનતાના આગેવાનોએ સાથે બેસી આનો ઉકેલ શોધી કાઢવામાં જ શાણપણ છે.

***સનત મહેતા***
*પૂર્વ નાણામંત્રી (ગુજરાત), પૂર્વ સંસદસભ્ય (લોકસભા)*
*કાર્યાલય : અંત્યોદય ભવન, રેલવે પોલીસ પરેડ ગ્રાઉન્ડ સામે, રાવપુરા, વડોદરા-૩૯૦ ૦૦૧.*
*ફોન : (૦૨૬૫) ૨૪૨૩૨૮૨, ૨૪૩૧૩૮૩, ફેક્સ : (૦૨૬૫) ૨૪૨૦૮૩૮*
*ઈ-મેઈલ : svsbrd@yahoo.in / sanat.mehta55@gmail.com*
*રહેઠાણ : ૩૪, શાંકુતલ પાર્ક સોસાયટી, શ્રેયસ સ્કૂલ પાછળ, માંજલપુર, વડોદરા-૩૯૦ ૦૧૧.*
*ફોન : (૦૨૬૫) ૨૬૫૩૧૫૫*

## કચ્છ : એક અલગ રાજ્ય – ફાયદા અને ગેરફાયદા

**(અનુસંધાન : પાના નં.-૨૧ ઉપરથી ચાલુ)**

દરિયાઈ પાણીમાંથી મીઠું પાણી બનાવવાની અમીરાત અને ગલ્ફના દેશોની સગવડો ક્રુડની આવકોને આભારી છે. તેના પ્રમાણમાં કચ્છમાંથી થતી ખનીજ તેમજ ખનીજ આધારિત ઉદ્યોગો લાંબા દરિયા કિનારામાં ખાનગી બંદરોની આવક રાજ્યની તિજોરીમાં જમા થવા છતાં કચ્છનાં નાના બંદરોનો કોઈ વિકાસ કે ખનીજ આધારિત શૈક્ષણિક તાલીમ માટેની કોઈ ઉચ્ચત્તર અભ્યાસક્રમની વ્યવસ્થા નથી, જે અલગ કચ્છ રાજ્ય હોય તો નિઃશંક વ્યવસ્થા કરી શકાય તેમજ નાના બંદરો પર યાતાયાતથી વ્યાપાર વધવાથી માંડવી, તુણા, જખૌ, લખપત સુધીનાં કચ્છનાં દરિયા કિનારાના ગામો / વિસ્તારોમાં દરિયા આધારિત ધન ઉપાર્જનની વ્યાખ્યા વધારતા વ્યાપાર ઉદ્યોગનો વિકાસ કરી શકાય તેમજ ઉત્તર પૂર્વનાં રાજ્યો તેમજ કાશ્મીર / હિમાચલ / ઉત્તરાંચલ રાજ્યોમાં કેન્દ્ર સરકાર તરફથી પ્રાપ્ત થતી એરિયા બેઝ એક્સાઈઝ બેનીફીટનો લાભ અલગ કચ્છ રાજ્યને મળી શકે.

અલગ રાજ્યનો દરજ્જો પ્રાપ્ત થતાં વિધાનસભા ગૃહ અને હાલનાં ૬ ધારાસભ્યોનાં બદલે ઓછામાં ઓછા ૪૦ ધારાસભ્યોનું ગૃહ બની શકે. તેમજ મુખ્યમંત્રી પદ તેમજ કેબિનેટ કક્ષાનું પ્રધાન મંડળ બનાવી કચ્છના રાજકીય દરજ્જાનું મહત્ત્વ વધારી શકાય.

અલગ કચ્છ રાજ્યના ફાયદા જ છે, નુકસાનનું કોઈ ઉદાહરણ આપી શકાય તેમ નથી.

જય કચ્છ... જય કચ્છ રાજ્ય.... ■

# કચ્છ : એક અલગ રાજ્ય ફાયદા અને ગેરફાયદા

***પ્રભાકર ધોળકિયા***

"કચ્છનું રાજ્ય અલગ હોય તો પ્રશાસનીક વહીવટી ખર્ચમાં અનેકગણી વૃધ્ધિ થાય જેની પૂર્તિ હેતુ, સંસાધનો ઊભા કરવાની ક્ષમતા કેળવવી પડે." ગુજરાત ન્યાયયંત્રના નિવૃત્ત મુખ્ય સેશન્સ જજ તથા ગુજરાતના કાયદા સચિવ અને નિવૃત્ત ચૂંટણી કમિશનર શ્રી પ્રભાકર ધોળકિયા સાથેની રૂબરૂ મુલાકાત દરમ્યાન, કચ્છનું અલગ રાજ્ય હોય તો તેના ફાયદા – ગેરફાયદા વિશે પૂછતાં એમના પ્રથમ પ્રતિભાવમાં એમનો ઉપરોક્ત ઉત્તર હતો.

શ્રી ધોળકિયાએ વધુમાં કહ્યું કે કચ્છ પ્રદેશનો વિસ્તાર બહોળો છે તે સાચું પરંતુ વસતિના પ્રમાણ મુજબ વિચાર કરીએ તો આટલા પ્રદેશ માટે જિલ્લા સ્તરનું વહીવટી માળખું પર્યાપ્ત ગણાય. પરંતુ રાજ્ય સ્તર એટલે કે વહીવટી તંત્રની નિર્ણાયક કેડર, એટલે કે મંત્રી મંડળ અને મહત્તમ નિયામક તંત્રનું ગઠન થાય પરંતુ એની પાસે સ્તરનું કાર્ય 'લઘુત્તમ' હોય.

વાતચીતનો દોર આગળ વધારતા અમારા અન્ય પ્રશ્ન, ***'સ્વતંત્ર ભારતમાં બંધારણ અનુસાર વિશેષ પ્રદેશને રાજ્યનો દરજ્જો આપવા માટેના કોઈ માપદંડ છે?'***

શ્રી ધોળકિયાએ એના ઉત્તરમાં કહ્યું કે ભારતના બંધારણમાં એની કોઈ સીધી સ્પષ્ટતા નથી. આઝાદી પછી તરત જ ભારતમાં 'અ', 'બ' અને 'ક' વર્ગના રાજ્યોનું વર્ગીકરણ કરાયું ત્યારે 'અ' વર્ગમાં બ્રિટીશ પ્રાંતો, 'બ' વર્ગમાં અગાઉના દેશી રજવાડા અને 'ક' વર્ગમાં કેન્દ્રશાસિત પ્રદેશો હતા. 'અ' અને 'બ' વર્ગના રાજ્યમાં લોકોના પ્રતિનિધિત્વવાળી સરકારો હતી. ૧૯૫૬માં સંસદે રાજ્ય પુનઃ રચનાનો કાયદો કરી બધા રાજ્યોને સમાન દરજ્જો આપ્યો છે. રાજ્યમાં શાસનની ધૂરા મંત્રીમંડળ હસ્તક હોય છે. પુખ્ત મતાધિકાર દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ – ધારાસભ્યો, રાજ્ય શાસનના નિર્ણાયક અગ્રણીઓ હોય છે. રાજ્યના વહીવટી તંત્રે એનો અમલ કરવાનો હોય છે.

બંધારણની કલમ-૧૭૦ અનુસાર દરેક રાજ્યની લેજીસ્લેટીવ એસેમ્બલી ૫૦૦થી વધુ નહીં અને ૬૦થી ઓછા નહીં એટલા સભ્યોની રચાય છે. જો કે નાના રાજ્યો માટે આ સંખ્યામાં અપવાદ અપાયો છે.

***"૧૯૪૮થી ૧૯૫૬ સુધી કચ્છ કેન્દ્રશાસિત પ્રદેશ હતો ત્યારે પરિસ્થિતિ શું હતી?"***

આ પ્રશ્નના ઉત્તરમાં શ્રી ધોળકિયાએ કહ્યું હતું કે તા. ૩૧-૫-૧૯૪૮થી કચ્છ ભારત રાષ્ટ્રની મુખ્ય ધારા સાથે જોડાયું. કચ્છ એકદમ પછાત અને સરહદી પ્રદેશ હોતાં, કેન્દ્રના વહીવટ માટે ચીફ કમિશનર નિમાયા અને પ્રજાકીય પ્રતિનિધિઓના બે સલાહકારો તથા સલાહકાર સમિતિની રચના થઈ હતી.

૧૯૪૮થી ૧૯૫૬ના સમયગાળા દરમ્યાન કચ્છની સ્થાનિક સ્થિતિ સરહદ સુરક્ષા અને સામાજિક વિકાસને લક્ષ્યમાં રાખી સમગ્ર ભારતના સર્વાંગી વિકાસ માટેના આયોજનબધ્ધ વિકાસ વ્યવસ્થાના ભાગરૂપે કચ્છનો ત્યારે સર્વાંગી વિકાસ થયો. કચ્છના બંદર કંડલાને મહાબંદરનો દરજ્જો મળ્યો. કચ્છને અન્ય પ્રદેશ સાથે જોડતી રેલવે લાઈન તેમજ રાષ્ટ્રીય ધોરી માર્ગોના વિકાસનું પણ આયોજન નિયોજન થયું. સામુદાયિક વિસ્તરણ કાર્યક્રમ અંતર્ગત લોકકલ્યાણની મુળભૂત પ્રવૃત્તિઓ સ્વાસ્થ્ય, શિક્ષણ આદિનો ઝડપી અને ગહન પ્રસાર થયો. કૃષિ વિકાસ હેતુ વિધવિધ પ્રવૃત્તિઓ તેમજ મહેસૂલી પધ્ધતિમાં કલ્યાણકારી સુધારા થયા.

શ્રી ધોળકિયાના ઉપરોક્ત અવલોકન સંદર્ભે જ્યારે પ્રશ્ન કર્યો કે **જ્યારે કચ્છ અલગ રાજ્ય હતું એટલે જ આટલો વિકાસ થયો એ તો ખરું ને?**

એના અનુસંધાનમાં પછાત પ્રદેશલક્ષી વિકાસ પૂરતો હકારમાં ઉત્તર આપતાં શ્રી ધોળકિયાએ ઉમેર્યું કે એનું કારણ અલગ રાજ્યનો દરજ્જો માત્ર નહીં પરંતુ સીધી જવાબદાર પ્રશાસનીક વ્યવસ્થા હતું - જન પ્રતિનિધિત્વ અને સરકારી તંત્ર વચ્ચે સામંજસ્ય હતું. વહીવટી તંત્રની લોકો પ્રત્યે સીધી 'જવાબદેહી' હતું ત્યારે જે લોક નેતૃત્વ હતું તે સ્થાનિક પ્રશ્નોને રૂબરૂ સમજી શકતું હતું અને વહીવટી તંત્રને સમજાવી શકતું હતું તેમજ તેના સ્થાનિકે જ નિરાકરણ હેતુ પગલાં ભરવા સ્વતંત્ર હતું.

૧૯૫૬માં કચ્છ જ્યારે બૃહદ્ મુંબઈ રાજ્યનું ભાગ બન્યું ત્યારે જિલ્લા સ્તરે વહીવટી તંત્ર તો એનું એ જ હતું છતાં નિર્ણયાત્મક સ્તરનું પ્રશાસન દૂર હોતાં વિકાસની પ્રક્રિયા મંદ પડી ગઈ?

શ્રી ધોળકિયા આ બાબતે સંમત થયા પરંતુ સાથે સાથે એમણે એમ પણ કહ્યું કે ત્યારે પણ આપણા પ્રદેશનું લોક પ્રતિનિધિત્વ કચ્છના વિકાસલક્ષી આયોજન અંગે સુષુપ્ત નહોતું. બૃહદ્ મુંબઈ રાજ્યના ૪૩ જિલ્લાઓમાંનો એક એવા કચ્છ જિલ્લામાં પણ જિલ્લા સ્તરે આયોજિત વિકાસ તો થયો જ.

૧૯૬૦માં નૂતન ગુજરાત રાજ્યની રચના થઈ એટલે કચ્છ ગુજરાતનો જિલ્લો બન્યો. વહીવટનું ઉચ્ચત્તમ સ્તર અને ન્યુનત્તમ સ્તર વચ્ચેનું અંતર ઘટ્યું એટલે કચ્છનો એક જિલ્લા તરીકેનો વિકાસ

*જેનામાં સારાસાર સમજવાની શક્તિ હોય તેની સાથે વાદવિવાદ હોઈ શકે પરંતુ અજ્ઞાની સાથે નહિ.*

અને એક સરહદી, દુષ્કાળગ્રસ્ત અને અન્ય પ્રાકૃતિક વિપત્તિઓથી સદૈવ ત્રસ્ત એવા આ 'પ્રદેશ' માટે જિલ્લા સ્તરે કેટલા અંશે ફાયદાકારક રહ્યું?

સમગ્ર રાષ્ટ્રની વિકાસ પ્રક્રિયામાં ભાગીદાર એવા આ પ્રદેશમાં વિકાસની દિશા તો પ્રગતિલક્ષી જ રહી પરંતુ સ્થાનિક પ્રશ્નોને ઉચિત રીતે સમજે અને એને પ્રભાવી ઢંગે નિર્ણયાત્મક રીતે પ્રસ્તુત કરે તેવા નેતૃત્વના અભાવે એની ગતિ મંદ રહી છે.

શ્રી ધોળકિયાના મતે કચ્છનું અલગ રાજ્ય હોય તો સ્થાનિક પ્રશ્નો પ્રત્યે, પ્રજાના અવાજને કદાચ ઉચિત દાદ મળે પરંતુ **એનાથી કચ્છ ફરી પાછું રાષ્ટ્રની મૂળ ધારાથી 'સંકુચિત' પ્રવાહિત રહે તો એના સર્વવ્યાપી વિકાસમાં બાધા પડે.** આ બાબતની વધુ સ્પષ્ટતા કરતાં શ્રી ધોળકિયાએ એમનો પોતાનો દાખલો આપતા કહ્યું કે જો કચ્છ રાજ્ય હોત તો કદાચ એમને ગુજરાત જેવા વિશાળ રાજ્યના ન્યાયાલયમાં સ્થાન ન મળ્યું હોત અને એ ચૂંટણી કમિશનર પણ ના થયા હોત. એમનો અનુભવ માત્ર કચ્છ પૂરતો જ મર્યાદિત રહ્યો હોત. આવા અનેક કચ્છીઓને ગુજરાતમાં મહત્તમ અગ્રીમ હોદ્દા મળ્યા છે — તે કદાચ અલગ કચ્છમાં મળેલ ન હોત.

અલગ કચ્છ રાજ્ય હોવું જોઈએ કે નહીં, તે વિષયે બંને સાઈડના પક્ષો, વ્યક્તિઓ અથવા તો રાજકારણીઓ દ્વારા ભિન્ન ભિન્ન વિચારો, દલીલો વારંવાર રજૂ થતા હોય છે. કેટલાક લોકો તેના ફાયદા અથવા ગેરફાયદા જાણ્યા વિના અથવા તો તે બાબતે ઊંડાણથી વિચાર કર્યા વિના પોતાની રજૂઆતો ગમે ત્યારે, ગમે તે રીતે કરી દેતા હોય છે. આ પરિસ્થિતિમાં લોકો ગેરમાર્ગે ના દોરાય અથવા તો ઉક્ત વિષય અન્વયે તેમની પાસે સર્વગ્રાહી જાણકારી પ્રાપ્ત થાય તેવા ઉદ્દેશ માત્રથી આપણે અહીં કચ્છ એક અલગ રાજ્ય : ફાયદા અને ગેરફાયદાના મુદ્દાઓ વિશે વિગતમાં જઈશું.

કચ્છ અલગ રાજ્ય હોવું જોઈએ કે ન હોવું જોઈએ તે અત્રે વિષય નથી. ઉપર જણાવ્યા અનુસાર માત્ર ફાયદા અને ગેરફાયદા તરફ દૃષ્ટિપાત કરીએ.

ગુજરાત રાજ્યનો વિસ્તારની રીતે સૌથી મોટો જિલ્લો એટલે કચ્છ. ગુજરાત રાજ્ય અસ્તિત્વમાં આવ્યા પછી પણ વિકાસની દૃષ્ટિએ કચ્છે કેટલી પ્રગતિ કરી? **માત્ર વિકાસના મુદ્દા પર અલગ રાજ્ય તરીકેની માંગણી વાજબી ઠરાવી શકાય નહીં. તે માટે ભૌગોલિક વિસ્તાર, ત્યાંની વસતિ, આર્થિક ક્ષમતા વગેરે પાસા પણ તપાસવા પડે.** કોઈ પણ રાજ્યનું અસ્તિત્વ, તેના પાયાની સુવિધાઓ પર વધારે અવલંબિત હોય છે. જેમાં કુદરતની ખનીજ સંપત્તિ મુખ્ય છે. તે સિવાય તેના ફાયદા, ગેરફાયદાના વર્તુળમાં રાજકીય, આર્થિક અને સામાજિક ક્ષમતા અને વિકાસની સ્થિતિ જોવી પડે.

***શ્રી પ્રભાકર ધોળકિયા સાથે થયેલી વાતચીતનો સંદર્ભ અત્રે સંક્ષિપ્તમાં પ્રસ્તુત છે.***

- **ફાયદા :**

★ દરેક સ્તરે લીડરશિપ વિકસાવી શકાય - પોતાનો વહીવટ હોય.

★ નાના જિલ્લાઓનો વિકાસ સારો થાય.

★ મોટાભાગે દરેક સ્તરે સ્વતંત્ર સત્તા પ્રાપ્ત થાય.

★ લોકસભા અને રાજ્યસભાની બેઠકોમાં વધારો થાય. સ્વતંત્રપણે રાજ્યપાલની જગ્યા હોય.

★ સ્વતંત્ર રીતે વિધાનસભા હોય અને તેની સભ્યસંખ્યા વધે. ઓછામાં ઓછા ૬૦ સભ્યો (૯ પ્રધાન સંખ્યા) વિધાનસભાની આ પ્રકારની સ્થિતિ નિર્ધારિત સમય મર્યાદા સુધી જ રહે.

★ હાઈકોર્ટ મળે.

★ જુદા જુદા કાયદાઓ હેઠળ આખરી નિર્ણય રાજ્ય સ્તરે સ્વતંત્રપણે થઈ જાય.

★ કેન્દ્ર સરકાર રાજ્યમાંથી જે રેવન્યુ મેળવે - તે સામે તેનું ઍલોકેશન મળે.

★ નાના રાજ્ય તરીકે વહીવટ - સંકલન વધુ ઝડપી થાય.

★ **નીચેના સ્તરે (ગામડે - ગામડેથી) નેતાગીરી ઊભી થાય.**

★ બંદર પરના કસ્ટમ ડ્યુટીની આવક નાણાંપંચની વહેંચણી મુજબ મળી શકે.

★ એજ્યુકેશનમાં કચ્છના વિદ્યાર્થીઓ માટે અલગ સીટ રહે.

★ સરકાર તરફથી એજ્યુકેશનલ વ્યવસ્થા થાય.

★ શિક્ષણ, આરોગ્ય, જળસુવિધા, ટ્રાન્સપોર્ટ, પ્રવાસન / યાતાયાત ઘણી સુવિધાઓ મળે.

★ હાલે જિલ્લાઓની તમામ આવક રાજ્યના કન્સોલીડેટ ફંડમાં જમા થાય. પછી વસતિના પ્રમાણમાં ફાળવણી થાય. અલગ રાજ્યમાં કચ્છની તમામ આવક જિલ્લામાં રહે.

★ નર્મદાના નીર સંબંધી વિસંગતતા અલગ રાજ્ય હોય તો આપોઆપ દૂર કરાવી શકાય.

- **ગેરફાયદા :**

★ પડકારો ઘણા જેમાં આર્થિક અને રેવન્યુ તરીકે ઘણી મુશ્કેલીઓ ઊભી થાય.

★ દરેક જિલ્લાઓનો વહીવટ મુશ્કેલ બને.

★ વિકાસની તકો ઘટે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૮ ઉપર)**

*સૌથી મોટું નુકસાન શું છે? અવસર ચૂકી જવો તે.*

# કચ્છ : એક અલગ રાજ્ય
# ફાયદા અને ગેરફાયદા

***યાસીન દલાલ***

કચ્છ ગુજરાતનો સૌથી મોટો જિલ્લો છે. ભૌગોલિક રીતે એ પાકિસ્તાનના સિંધ પ્રાંતને અડીને આવેલો છે. ઉપરાંત ભાષા તથા સંસ્કૃતિની દૃષ્ટિએ એ ગુજરાતના બીજા ભાગોથી અલગ પડે છે.

કચ્છ આજે તો અનેક બંદરોથી ધમધમે છે. કંડલા પોર્ટ ટ્રસ્ટ ઉપર દુનિયાભરમાંથી માલની હેરફેર થાય છે અને એ દૃષ્ટિએ કચ્છમાં વિકાસની તકો ભરપૂર રહેલી છે. મુંદ્રા બંદર પણ તાજેતરમાં સારું એવું વિકાસ પામ્યું છે. એને ખરેખર અને પૂરી રીતે વિકસવા દેવો હોય તો એનું અલગ અસ્તિત્વ અનિવાર્ય છે.

નર્મદા કેનાલની વાત કરીએ તો વરસોથી એવી બૂમ પડે છે કે એના પાણીની વહેંચણીમાં કચ્છને અન્યાય થાય છે અને દક્ષિણ ગુજરાતના ઔદ્યોગિક પટ્ટાને સૌથી વધુ લાભ થયો છે. ત્યારે સરકારે એવો બચાવ કર્યો હતો કે લીફ્ટ ઈરીગેશનથી કચ્છને પાણી પહોંચાડશે. પણ એ વચન પણ પૂરું થયું નથી. સાચી વાત એ છે કે નર્મદા ડેમ બંધાઈ ગયો એ પછી પણ કેનાલોનું કામ માત્ર ૧૫% જ થયું છે. ઉપરાંત માળિયા કેનાલમાંથી પાણીની બેફામ ચોરી થાય છે. આમ આ પ્રશ્ન પેચીદો છે. એને ઉકેલવા મટે સબળ નેતાગીરી જોઇએ. ભૂતકાળમાં મહિપત મહેતા આવા એક નેતા હતા.

કચ્છનું સાંસ્કૃતિક ઘડતર જુદી રીતે થયું છે. ત્યાંનું ભરતકામ હવે તો વિશ્વ સુધી પહોંચ્યું છે. ત્યાંના ભૂંગા પણ પ્રખ્યાત છે અને ત્યાંની લોકગાયકીની તો વાત જ કરવા જેવી નથી. ત્યાંના મરશિયા ખ્યાતનામ છે. એ મરશિયા ગાવા માટે એક મુસ્લિમ જ્ઞાતિ પ્રખ્યાત છે. મોટેભાગે ફકીર અને જત જ્ઞાતિ આના માટે જાણીતી છે. ઓસ્માણ મીર જેવા ગાયકો આજે પણ રાજકોટમાં કાર્યક્રમો આપે છે. ત્યાંના ભજનો પણ પ્રખ્યાત છે અને સુખદ આશ્ચર્ય એ છે કે કચ્છમાં કદી કોમી રમખાણો થતાં નથી. બંને કોમનો સાંસ્કૃતિક વારસો એક જ છે અને એ વારસો બંને કોમ દ્વારા જાળવી રાખવામાં આવ્યો છે. કચ્છને અડીને આવેલા મોરબી શહેરમાં ભવાઈની એક શાળા હજી પણ ચાલે છે. ભરતકામ ઉપરાંત મોતીકામ અને જરીકામ માટે પણ કચ્છ જાણીતું છે. મોરબી પછી ઉત્તર ગુજરાતમાં ભવાઈ હજી જીવંત છે. કચ્છ અને ઉત્તર ગુજરાત અડીને જ આવેલા છે.

વહીવટી દૃષ્ટિએ જોઈએ તો કચ્છને અલગ યુનિવર્સિટી મળી ગઈ છે અને સાહિત્યની દૃષ્ટિએ પણ કચ્છનું પ્રદાન અનોખું છે. ધીરેન્દ્ર મહેતાથી માંડીને જયંત ખત્રી અને ધ્રુવ ભટ્ટ સુધીના સાક્ષરો અહીંથી જ થયા છે. શ્રી વિનેશ અંતાણી પણ કચ્છના જ સંતાન છે. યુનિવર્સિટી આવતાં અહીં શિક્ષણનો વિકાસ થવાની તક વધી ગઈ છે. જો કે ભુજની લાલન કોલેજ વરસો પહેલા જાણીતી બની ગઈ હતી. મેડિકલ કોલેજ અને ઇજનેરી વિદ્યાશાખા ક્ષેત્રે પણ અવનવી તકો રહેલી છે. કોમ્પ્યુટર સાયન્સ અને બિઝનેશ એડમિનિસ્ટ્રેશન ક્ષેત્રે પણ ઘણું કરી શકાય. કચ્છમાં પત્રકારત્વ ક્ષેત્રે હાલમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે. 'ગુજરાત સમાચાર', 'સંદેશ' અને 'દિવ્ય ભાસ્કર'ની ખાસ આવૃત્તિઓ કચ્છથી બહાર પડે છે. જો કે 'કચ્છ મિત્ર' એ સૌરાષ્ટ્ર ટ્રસ્ટનું જૂનું અખબાર છે એ પણ ભૂલી ન શકાય.

સંરક્ષણની વાત કરીએ તો કચ્છ સરહદી રાજ્ય હોવાથી એનું મહત્ત્વ વધી જાય છે. એની બાજુમાં જ જામનગર શહેરમાં હવાઈ દળનું મથક આવેલું છે. આથી કચ્છનું મહત્ત્વ વધી જાય છે. પાકિસ્તાન સાથેની સરહદ નજીક હોવાથી એ દૃષ્ટિએ પણ તકેદારી રાખવી જરૂરી છે. ઘૂસણખોરી રોકવા આપણી સરકાર સજાગ છે જ.

ગેરફાયદાની દૃષ્ટિએ જોઇએ તો તદ્દન નાનકડું રાજ્ય બનાવાય તો એમાં આર્થિક પ્રશ્નો ઊભા થાય. બજેટની દૃષ્ટિએ પણ ફાળવણી વધારવી પડે. અત્યારે ગુજરાતના ભાગ તરીકે કચ્છને ભાગે ઓછી ફાળવણી આવતી હોય એ સ્વાભાવિક છે. આમાં ફાળવણી વધારવાથી આર્થિક બોજો હદ બહાર વધી ન જાય એ વિચારવું પડે. પણ માત્ર એટલા ખાતર એની અલગ ઓળખ લોપી ન શકાય. ઉપર કહ્યું તેમ કચ્છની બધી દૃષ્ટિએ અલગ ઓળખ છે. એની ભાષા કચ્છી છે જે ગુજરાતથી એને જૂદું પાડી દે છે. કચ્છી બોલી છે, એની લિપિ નથી. સિંધીને એ મળતી આવે છે. હમણા જો કે એક સંશોધકે એની લિપિ વિકસાવ્યાનો દાવો કર્યો છે. અત્યારે તો કચ્છી લિપિ ન હોવાથી લખાણ તો ગુજરાતીમાં જ થાય છે. બીજી બાજુ સિંધીની લિપિ અરેબિક છે. હવે તો કચ્છીમાં સાહિત્ય પણ લખાવા માંડ્યું છે. ગૌતમ શર્મા જેવા લેખકો અવારનવાર કચ્છીમાં પુસ્તકો લખતા રહે છે. દુલેરાય કારાણી કચ્છના લોકસાહિત્યના સ્વામી ગણાય છે. એમણે કચ્છના ઇતિહાસ વિશે ઘણું સંશોધન કર્યું છે. કચ્છમાં રજવાડાઓ પણ અનેક હતા. ભુજથી માંડીને તેરાગઢ સુધી રાજવીઓ અને ગિરાસદારો તથા તાલુકદારો ફેલાયેલા હતા. કચ્છનો ભુજિયો ડુંગર અને રાજમહેલ આજે પણ પ્રખ્યાત છે. હવે તો ફિલ્મોના શુટીંગ પણ ત્યાં થવા લાગ્યા છે. છેલ્લે આમીરખાનની 'લગાન'નું શુટીંગ ત્યાં જ થયું હતું.

આપણી એક વિશેષતા એ છે કે એક દેશમાં અનેક પ્રકારના સંસ્કારો અને ભાષાઓ ધરાવતી પ્રજા વસે છે. તેલંગણા હમણાં જ જૂદું પડ્યું. અત્રે ઉલ્લેખનીય છે કે ૧૯૫૪ સુધી સૌરાષ્ટ્રનું અલગ રાજ્ય હતું. એ દિવસોમાં કચ્છમાં કેન્દ્રવર્તી શાસન હતું હવે સૌરાષ્ટ્ર ગુજરાતમાં ભળી ગયું છે ત્યારે કચ્છની અલગ ઓળખ જાળવવા માટે આટલું કરવું જરૂરી છે.

***સૌજન્ય પબ્લિકેશન્સ***
***૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી, રાજકોટ - ૩૬૦ ૦૦૭.***
***ફોન : (૦૨૮૧) ૨૫૭૫૩૨૭***

*બુદ્ધિશાળી વ્યક્તિને જેટલી તકો મળે છે તેથી વિશેષ તકો એ ઊભી કરે છે.*

# કચ્છ અલગ રાજ્ય હોત તો નર્મદાના પૂરતા પાણી આપણે મેળવી શક્યા હોત

*કીર્તિ ખત્રી*

કચ્છ જો અલગ રાજ્ય હોય તો ફાયદો કે ગેરફાયદો એની વિગતે છણાવટ ભારે અભ્યાસ માગી લે તેમ છે. ઉપરાંત એ નિષ્ણાતનોયે વિષય છે. એમાં રાજ્યની સંભવિત આવક અને જાવકથી માંડી માળખાકીય સુવિધાઓ અને પ્રજાની સુખાકારીને લગતી શિક્ષણ, આરોગ્ય જેવી અનેક જરૂરિયાતોનેય ધ્યાને લેવી પડે. આ બધા મુદ્દાની નજરે કચ્છ અત્યારે ક્યાં છે અને જો અલગ રાજ્ય હોત તો શી પરિસ્થિતિ હોત એની તુલના લગભગ અસંભવ જેવી લાગે છે. આનું કારણ એ કે આ બધી બાબતોને સારા વહીવટ, સારા શાસકો, સ્થિર શાસન સાથેય સીધો સંબંધ છે. એ રીતે જોતાં નાના રાજ્યો લોકશાહી સમવાયી શાસનમાં ઇચ્છનીય છે એવું સૈદ્ધાંતિક વિધાન આપણા દેશના અનેક મોટા નેતાઓ કરી ચૂક્યા છે. આમ છતાં વ્યવહારમાં પરિસ્થિતિ એથી ઊલટી છે.

ભારતના ભાગલા પછી ૧૯૫૩માં રાજ્ય પુનઃરચના પંચ રચાયું અને મહદઅંશે ભાષાની સમાનતાના આધારે અભ્યાસ કરીને પેશ કરાયેલા અહેવાલ અનુસાર ૧૯૫૬માં ૧૪ રાજ્ય અને ૭ કેન્દ્રશાસિત પ્રદેશ અસ્તિત્વમાં આવ્યા. તાજેતરની લોકસભાની ચૂંટણી પૂર્વે આંધ્રપ્રદેશ રાજ્યનું વિભાજન થતાં તેલંગાણા ભારતનું ૨૯મું રાજ્ય બન્યું. મતલબ એ કે ૫૮ વર્ષમાં અલગ અલગ રાજ્યોની સંખ્યા બમણીથીયે વધુ થઇ ગઇ. પણ લગભગ છ દાયકાના આપણા અનુભવે એટલું બતાવી આપ્યું છે કે નવા રાજ્યની રચના માત્રથી જે તે પ્રદેશનો સર્વાંગી વિકાસ થાય કે એનાં તમામ પ્રશ્નો ઉકલી જાય એ જરૂરી નથી. ખાસ કરીને જ્યારે ઇશાન ભારતના સેવન સીસ્ટર્સ તરીકે જાણીતા બનેલા રાજ્યો પર નજર કરીએ તો પરિસ્થિતિ ભાગલાવાદી પ્રવૃત્તિઓને લીધે વણસતી રહી છે. અલબત્ત, એના માટેય એકથી વધુ પરિબળો જવાબદાર છે. પણ મૂળ મુદ્દો પ્રગતિનો અને માળખાકીય સગવડોના વિકાસનો છે. કેન્દ્ર સરકારે ઇશાન ભારત માટે હજારો કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. પણ ભયંકર ભ્રષ્ટાચારે એ નાણાં વેડફી નાખ્યા છે. જો કે હરિયાણા કે ગોવા જેવા નાના રાજ્યો પણ મોજૂદ છે જેમણે પ્રેક્ષણીય પ્રગતિ હાંસલ કરી હોય.

ખેર, એ મુદ્દો અલગ છે. આપણી વાત કચ્છની છે. અગાઉ લખ્યું છે તેમ વર્તમાન સ્થિતિ સાથે 'જો' અને 'તો' જોડીને તુલના કરવી ઇચ્છનીય નથી લાગતી. પરંતુ આપણા કચ્છ માટે સૌથી મોટી સમસ્યા પાણીની છે. પાણીને અને મહાવિનાશક ભૂકંપ પછીના નવસર્જનને ધ્યાનમાં રાખીને અત્રે અલગ રાજ્યનો વિચાર વ્યક્તિગત રીતે રજૂ કર્યો છે. નિષ્ણાત નથી એટલે મારા વિચારમાં કોઇ કમી કે ક્ષતિ માલુમ પડે તો અંગૂલીનિર્દેશ આવકાર્ય છે.

પાણીની વાત કરીએ તો વાત સીધી જ નર્મદાનાં નીરની ફાળવણીમાં કચ્છને કરાયેલા અન્યાય તરફ દોરી જાય છે. કચ્છમાં દુકાળની પરંપરા અને સિંધુના પાણી પરના કચ્છના રાઇપેરિયન રાઇટની કેન્દ્ર દ્વારા અવગણના પછી નર્મદાનું સપનું કચ્છને ગુજરાતના શાસકોએ દેખાડ્યું. નર્મદા ડેમની ઊંચાઇ હોય કે અન્ય પ્રશ્ન-જ્યારે પણ કોઇ મુશ્કેલી ઊભી થઇ ત્યારે કચ્છને આગળ ધરવામાં આવ્યું. અમારે તો છેવાડાના રણ પ્રદેશને નંદનવન બનાવવું છે માટે નર્મદા ખપે છે વિગેરે વિગેરે. પણ જ્યારે નર્મદા મળી અને પાણીના હિસ્સાની વહેંચણીનો સમય આવ્યો ત્યારે ગુજરાતના શાસકોએ કચ્છને ધરાર અન્યાય કર્યો એનો ઇતિહાસ જાણીતો છે.

માની લો કે એ વખતે જો કચ્છનું એક અલગ રાજ્ય તરીકે અસ્તિત્વ હોત તો? જવાબ છે કચ્છને મોટો ફાયદો થયો હોત. નર્મદા ટ્રિબ્યુનલે નર્મદા ડેમમાં સંઘરાનારા કુલ જળ રાશિની વહેંચણી મધ્યપ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાનને રાજ્યના ધોરણે કરી છે. તેથી તે વખતે કચ્છ અલગ રાજ્ય હોત તો પોતાનો વાજબી હિસ્સો સીધો જ ટ્રિબ્યુનલ પાસેથી મેળવી શક્યું હોત.

આ એક મુદ્દો એવો જોરદાર છે જે બીજા મુદ્દાઓને બાજુએ હડસેલી મૂકે. કચ્છનો પ્રાણપ્રશ્ન જ પાણી છે. અત્યાર સુધી મેઘરાજા એકમાત્ર એનો ભાગ્યવિધાતા રહ્યો છે. આ મેઘરાજાની અવકૃપાને લીધે તો લાખો કચ્છીઓને રોજીરોટીની ખોજમાં હિજરત કરીને બેવતન થવું પડ્યું છે. નર્મદાનાં નીર એનો બીજો ભાગ્યવિધાતા બની શકે એવી સ્થિતિ હતી. પરંતુ બાબુભાઇ જશભાઇ પટેલની સરકારે અને એના કૃષિપ્રધાન કેશુભાઇ પટેલે કચ્છના નર્મદા પાણીના હિસ્સામાં જનોઇવાઢ ઘા કરીને ધરાર અન્યાય કર્યો. એ સમયે આપણે જો ગુજરાતના ભાગ જ ન હોત અને અલગ રાજ્ય હોત તો સ્થિતિ અલગ હોત.

હવે મહાવિનાશક ભૂકંપનો મુદ્દો વિચારીએ તો મને વ્યક્તિગત રીતે એમ લાગે છે કે ૨૦૦૧ પછી આપણે જે રીતે બેઠા થયા છીએ અને વિકાસની છલાંગ લગાવી છે એમાં ગુજરાત સરકારનું અને એની પ્રજાનું મોટું પ્રદાન છે. કચ્છ જેવી માત્રાની કુદરતી આપત્તિઓ ૨૦૦૧ પહેલાં અને પછીયે ભારતના કેટલાય વિસ્તારોમાં આવી છે. પણ એ એક હકીકત છે કે ત્યાં આટલી જલદી પુનર્વસન થયું નથી. અરે, ક્યાંક તો દસ વર્ષેય પુનર્વસન અટકેલું પડ્યું છે. એટલું સાચું કે કચ્છના પુનર્વસન અને ટેક્સ હોલિડે સહિતની

*ઘણીવાર નાની તક એ મોટા સાહસની શરૂઆત બને છે.*

નીતિઓ ઘડવામાં કચ્છી પ્રધાન સુરેશચંદ્ર મહેતાનો સિંહભાગ હતો પણ અમલીકરણથી માંડીને તે પછીના પ્રશ્નો નરેન્દ્ર મોદીની રાજ્ય સરકારે હલ કર્યા એ મુખ્ય યશના અધિકારી છે. મુદ્દો માત્ર સરકારી તંત્ર કે આપત્તિ વ્યવસ્થાપનનો નથી. એક પ્રજા તરીકેય ગુજરાતી લોકો આપણી પડખે ઊભા રહ્યા. ભૂકંપ પછીના બીજા જ દિવસે આણંદ, સુરત, વડોદરા કે અમદાવાદથી પોતાના વાહન અને રાહત સામગ્રી સાથે ગુજરાતી પ્રજા દોડી આવી અને આપણા દુઃખમાં ભાગીદાર બની. ઉપરાંત દેશ-વિદેશમાં જ્યાં પણ ગુજરાતી હતા ત્યાંથી કચ્છને સહાય આવી. અલબત્ત એમાં કચ્છી એન.આર.આઇ. પણ કેટલેક અંશે હતા. પણ મુખ્ય ભૂમિકા ગુજરાતીઓની હતી.

અગાઉ હું એમ માનતો કે ગુજરાત સાથે કચ્છ જોડાયું છે ખરું પણ ભાવાત્મક એકતા ગુજરાત સાથે નથી. નર્મદાના નીર ઉપરાંત બીજા નાના-મોટા અનેક પ્રશ્નો એવા હતા જ્યારે આપણને એમ લાગતું હતું કે આપણું અલગ અસ્તિત્વ જરૂરી હતું. પણ ભૂકંપ પછી મને પહેલીવાર એવું લાગ્યું કે ગુજરાત સાથે હવે ભાવાત્મક એકતાયે સધાઇ છે. ભૂકંપ પછીના ઔદ્યોગિક હરણફાળ અને ખાસ તો પ્રવાસન વિકાસના મુદ્દાને જોઇએ તોયે એમ લાગે છે કે ગુજરાત સરકારે જે રીતે રણનું માર્કેટિંગ કર્યું છે એ અજોડ છે.

બાકી તો અલગ રાજ્યના ફાયદા અને ગેરફાયદા એ વિસ્તૃત વિષય છે. મને બે અતિમહત્ત્વના મુદ્દા લાગ્યા એ લખ્યા છે.

## કચ્છ : એક અલગ રાજ્ય – ફાયદા અને ગેરફાયદા

**(અનુસંધાન : પાના નં.-૨૫ ઉપરથી ચાલુ)**

- ★ વહીવટી ખર્ચમાં વધારો થાય. આ બધા કારણે જનતાને નુકસાન થાય.
- ★ કેન્દ્રના અમુક કાયદાઓ એવા છે કે - અલગ રાજ્ય હોવા છતાં તેનો અમલ કરવો જ પડે.
- ★ રેવન્યુ સંબંધી મોટો પ્રશ્ન ઊભો થાય.
- ★ રેવન્યુની માત્રા પ્રમાણે સર્વ સ્તરે વિકાસ થાય.
- ★ રેવન્યુ ઘટે તો વિકાસ રુંધાય.
- ★ મોટા રાજ્યમાં નાના પ્રદેશના પ્રશ્નો ઉકેલી શકાય નહીં.
- ★ વિકાસમાં ગતિશીલતા મંદ પડે.

ઉપર મુજબ ફાયદા - ગેરફાયદાના અંતે એક બાબત ધ્યાનમાં રાખવી જોઈએ કે જ્યારે **કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય પુનઃ રચના પંચ**ની રચના થાય અને તેની આગામી બેઠક મળે ત્યારે દરેક પક્ષકારો, વ્યક્તિ અને સંગઠનોએ આ સંબંધી દરેક મુદ્દાઓ અને દલીલો સહિત પોતાનો કેસ પંચ સમક્ષ મજબૂત રીતે રજૂ કરવા અત્યારથી જ તૈયારી કરવી જોઈએ.... તેની ડીબેટ થવી જોઈએ.... વગેરે. આ રીતે કાર્યવાહી થાય તો જ તેનું પરિણામ મેળવી શકાય.

*(નોંધ : શ્રી અશોક મહેતા, શ્રી હંસરાજભાઈ કંસારા અને શ્રી દિનેશ આર. મહેતાએ શ્રી પ્રભાકર ધોળકિયાની લીધેલ રૂબરૂ મુલાકાતના આધારે.)*


યાત્રા | ઈન્ટરનેશનલ ટુર્સ | પ્રવાસ

શિખરજી
સૌરાષ્ટ્ર દર્શન
રાજસ્થાન
પાલિતાણા - પંચતીર્થ
ગીરનાર - સોમનાથ
કચ્છ પંચતીર્થ
જગન્નાથપુરી
નાગેશ્વર (એમ. પી)
પુના -કાત્રજ
કાવી-ગંધાર-ઝગડીયા
કુલપાકજી - હૈદરાબાદ
ચારધામ
પંજાબ પંચતીર્થી

દુબઇ ફારઈસ્ટ ન્યુઝીલેન્ડ કેનેડા
શ્રીલંકા હોંગકોંગ ઓસ્ટ્રેલીયા ચાઈના
મોરેશીયસ માલદીવ્સ યુરોપ અલાસ્કા

PASSPORT ASSISTANCE | VISA
FOREX | OVERSEAS INSURANCE

Chetan Mota's tmt holyday
Bubble gum TOURS & TRAVELS

૨૦૬, નેપ્ચ્યુન અપટાઉન, એન. એસ. રોડ, મુલુંડ (વે).
૯, હેમુ પ્લાઝા, ડી. જે. રોડ, વિલેપાર્લા (વે).
Tel. : 2593 4545 | 2610 1062 | 2612 2270
Email : info@bubblegumtours.com
Web : www.bubblegumtours.com

ભારતભરના તમામ યાત્રા તેમજ ગિરિમથકો માટે વ્યક્તિગત કે ગ્રુપમાં ટેલરમેડ કે અમારા બારે માસ ચાલતા આયોજીત ફેમિલિ / હનીમુન પ્રવાસોમાં બધી જ અત્યાધુનિક સગવડતાઓ સાથે...

કાશ્મીર-વૈષ્ણોદેવી
લેહ લડાક-કાશ્મીર
દાર્જીલીંગ-સીકકીમ
હિમાચલ
ઉતરાંચલ
દક્ષિણ ભારત
કેરલા
રાજસ્થાન
હૈદ્રાબાદ-રામોજી સીટી
કોસ્ટલ કર્ણાટક
ભૂતાન-નેપાલ
આંદામાન-નિકોબાર

# કચ્છ : એક અલગ રાજ્ય
# ફાયદા અને ગેરફાયદા

*ડૉ. એમ. જી. ઠક્કર*

સૌપ્રથમ, મારો મત દર્શાવતાં કહી શકાય કે કચ્છ એક અલગ રાજ્ય તરીકે યોગ્ય નથી. તે બાબતે ફાયદા કરતાં ગેરફાયદા વધુ છે. કચ્છમાં આવેલ ખનીજ સંપત્તિ, દરિયાઈ સંપત્તિ, કિનારાની ઉપયોગિતા, ઔદ્યોગિક સરળતા વગેરે બાબતની જાણ ન હતી અને પુષ્કળ દુકાળ, પાણીની અનિયમિતતા વગેરે બાબતો પ્રવર્તમાન હતી ત્યારે કચ્છ એક અલગ રાજ્યની કલ્પના કેમ અસ્તિત્વમાં હતી? આજે ઉદ્યોગ, ઉર્જા, ખનીજ, બંદરીય વિકાસ ક્ષેત્રે પગભર થયું ત્યારે અલગ કચ્છની પરિકલ્પના કેમ આવી ગઈ? શું આપણી ખનીજ, વીજળી બીજા રાજ્ય તથા રાજ્યનો બીજો હિસ્સો વાપરે છે એટલે અલગ રાજ્ય બનાવી વધુ મહેસૂલ કમાવવી છે? આ માનસિકતા તદ્દન ગેરવાજબી છે. માટે જ હું મુખ્યત્વે અલગ રાજ્ય બાબતના ગેરફાયદા અહીં રજૂ કરીશ.

● **ગેરફાયદા :**

૧. કચ્છનો અડધાથી વધુ ભાગ (વિસ્તાર) રણ તથા બન્ની પ્રદેશ છે. જેમાં મુખ્યત્વે બી.એસ.એફ. તથા આર્મિ હસ્તક જમીન હોય જે માટેનો નિભાવ ખર્ચ અલગ રાજ્ય બનતા વધી જવાની શક્યતા.

૨. મુખ્યમથકે અલગ વિધાનસભા, જિલ્લાઓમાં અલગ પ્રશાસન વગેરે વ્યવસ્થા હજારો કરોડની થઈ જાય તે કોણ આપે?

૩. કચ્છનો ખનીજ ભંડાર શાશ્વત નથી. જલદી વાપરતાં જલદી ખૂટી જશે. બનતા કરોડો વર્ષ લાગતા હોય છે, જ્યારે કૃષિ ક્ષેત્રે નોંધપાત્ર વિકાસ કરવો શક્ય નથી. કેમકે ફળદ્રુપ જમીનની ઉણપ છે.

૪. સૌથી વધુ મહત્ત્વની બાબત શિક્ષણ પ્રત્યેની અરુચિ જે સમગ્ર ગુજરાતમાં પ્રવર્તે છે, કચ્છમાં વિશેષ. જેના પરોક્ષ પરિણામો સ્વરૂપે આજે દરેક ઉદ્યોગ ગૃહોમાં કચ્છના નાગરિકનું સ્થાન લૉઅર ડિવિઝન ક્લર્ક (કારકૂન) અથવા કોન્ટ્રાક્ટર સુધી સીમિત છે. શિક્ષિત સ્ટાફ, ઉચ્ચ ઓફિસ વર્ગ વગેરે આજે પણ કચ્છમાં બહારથી (ગુજરાત બહારથી) આવે છે. કાળક્રમે ઉદ્યોગ જગત બિનકચ્છીઓના હાથમાં આવી જશે જે સામાજિક કલેશ પેદા કરશે.

૫. ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ જેવા અર્બન ક્લસ્ટર હોવા છતાં શિક્ષણ ખાડે ગયેલું છે. (ઉચ્ચ શિક્ષણ અને પ્રાથમિક શિક્ષણ) અલગ રાજ્ય બનતાં કચ્છ રાજ્યનું શિક્ષણ સ્તર તળિયા ઉપર આવી જશે.

૬. માનવ જરૂરિયાત - જીવનની પ્રાથમિક જરૂરિયાત તથા ઉદ્યોગોની પ્રાથમિક જરૂરિયાત પાણી છે, જે આપણી પાસે અલ્પ પ્રમાણમાં છે. જ્યારે કુદરત પણ સાથ આપી શકતી નથી. ડિ-સેલિનેશન એક ખર્ચાળ પધ્ધતિ છે. રાજ્યના વિકાસના પ્રથમ તબક્કામાં પાણી જેવી પાયાની જરૂરિયાત સંતોષવા કરોડો રૂપિયાના ડિ-સેલિનેશન પ્લાન્ટ્સ મૂકવા હિતાવહ નથી. નર્મદાના પાણીને વાપરી શકાય પરંતુ અલગ રાજ્ય બનતાં અલગ રાજ્ય પ્રમાણેના વેરા ભરવા પડે તથા પાણીના દર વધુ રહેતાં, તે પણ ખૂબ જ ખર્ચાળ બની શકે. માટે ઉદ્યોગ જગત આ પ્રદેશમાં વધુ ટકી ન શકે કેમકે ઉદ્યોગની પણ પ્રાથમિક જરૂરિયાત પાણી છે.

૭. અત્યારે જોવા મળતું ઈન્ફ્રાસ્ટ્રક્ચર, બંદરીય વિકાસ વગેરે શરૂઆતના તબક્કામાં જ ઉચાળા ભરીને અન્ય સ્થળે જતા રહે તેવી પરિસ્થિતિ પેદા થઈ શકે. જેનું મુળભૂત કારણ અહીંના પ્રદેશની માનસિકતા છે.

૮. આ માનસિકતા અહીંના રાજકારણીઓમાં વ્યક્ત થાય છે. રાજકારણીઓ આ મુલકની જ ઉપજ છે. વિકાસ તથા વ્યવસ્થાપનનો ખૂબ જ અભાવ છે. દૂરદષ્ટિનો સદંતર અભાવ છે. તેથી વિકાસ કરતાં વિનાશ તરફ વધુ ધકેલાઈ જવાની સંભાવના. આજના ઉદ્યોગ જગત, શિક્ષણ ક્ષેત્ર વગેરેનો વિકાસ કોને આભારી છે? આ લેખાજોખા જોવા જરૂરી છે.

૯. કચ્છનો વતની કચ્છની ઉત્પાદનશીલતા, ઉપયોગિતાની ઓળખ ન હતી ત્યારે અહીંનો વતની મુખ્યત્વે મુંબઈમાં વેપાર વાણિજ્ય માટે સ્થાયી થયો. વાણિજ્ય ક્ષેત્રે કચ્છના વતનીનું નોંધપાત્ર પ્રદાન છે પરંતુ ઉદ્યોગ અને શિક્ષણમાં સદાય પીછેહઠ કરી છે.

૧૦. કચ્છની ખડતલ પટેલ સંસ્કૃતિ વ્યાપાર - ઉદ્યોગ - કૃષિ અને શિક્ષણ ક્ષેત્રે આગળ આવી શકે (અલગ રાજ્યમાં) જેથી જ્ઞાતિ અનુલક્ષીને રાજકારણ અને સામાજિક અસમાનતા તથા કલેશ ઉત્પન્ન થાય તે સ્વાભાવિક છે.

● **ફાયદા :**

૧. શિક્ષણ ક્ષેત્રે કેન્દ્રમાંથી સેન્ટ્રલ યુનિવર્સિટીની ભેટ મળવાની શક્યતા. જેથી શિક્ષણનું વૈશ્વિકરણ થાય તે ખૂબ જ ઉમદા ગણાવી શકાય તેવો ફાયદો છે.

૨. ભુજ જેવા પ્રદેશનું આધુનિકીકરણ વધુ જલદીથી થઈ શકે. પરંતુ સાથે સાથે શહેરીકરણના ગેરફાયદા પણ સહન કરવા પડે.

૩. વહીવટી સરળતા શક્ય બને. સમય, ધન વગેરેનો બચાવ થઈ શકે.

૪. ઉદ્યોગો તથા વ્યાપારમાં આવક મુખ્યત્વે રાજ્યમાં જ રહે. તેથી આવકમાં / મહેસૂલમાં વધારો શક્ય બને.

*ડૉ. એમ. જી. ઠક્કર*
*એસોસિએટ પ્રોફેસર ઈન જિઓલોજી*
*હેડ : ડિપાર્ટમેન્ટ ઑફ એન્વીરોનમેન્ટલ સાયન્સ, કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, મુંદ્રા રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૩૫૦૨૧, મો. ૯૮૭૯૧ ૨૧૭૭૭*
*ઈ-મેઈલ : mgthakkar@rediffmail.com,*
*ઈ-મેઈલ : mtthakkar.geology@gmail.com*

*બુદ્ધિશાળી વ્યક્તિ અવસરની રાહ જોતો નથી પણ અવસર પેદા કરે છે.*

# કચ્છ : એક અલગ રાજ્ય ફાયદા અને ગેરફાયદા

*અશ્વિન ઝિંઝુવાડિયા*

'મંગલ મંદિરે' એક એવા વિષયને ચર્ચાના ચોરામાં મૂક્યો છે કે અનેક દૃષ્ટિકોણથી વિષયને મૂલવી શકાય. તેમ છતાં અમદાવાદમાં બેઠા બેઠા કચ્છની ચિંતા કરી રહ્યા છો એ આનંદની વાત છે. ઉદ્દેશ્ય સ્પષ્ટ છે ફાયદા ગેરફાયદાની ત્રિરાશિ માંડી કચ્છને અલગ રાજ્ય તરીકેની માંગને વાજબી કે ગેરવાજબી ઠેરવી શકાય. અહીં મહત્ત્વની વાત એ નોંધવી રહી કે ચૂંટાયેલા રાજકીય પ્રતિનિધિઓની કચ્છને થતા અન્યાયની વાતના મુદ્દે કાન ફાડી નાખતા મૌનના કારણે અલગ કચ્છની માંગ ઊઠી. સવાલ નર્મદાનો હોય કે પાનધ્રોની ખનિજ સંપત્તિનો હોય... આપણા જન પ્રતિનિધિઓ હંમેશાં 'મિંયાની મીંદડી' સાબિત થયા છે. પ્રજાની નહીં પણ જે પક્ષની ટિકિટથી ચૂંટાયા, તેમના તરફની વફાદારીએ અસંતોષની લાગણીને જન્મ આપ્યો છે. ધરાર અન્યાય થતો હોય તેમ છતાં ચૂપ રહેવાની માનસિકતાએ સરહદી જિલ્લાના વિકાસમાં મોટો અવરોધ ઊભો કર્યો છે.

મૂળ મુદ્દા ઉપર આવું તો મારો વિષય માત્ર કચ્છના દરિયાકાંઠાના વિકાસ માટેની તકો અને અત્યાર સુધીના અન્યાયના મુદ્દાને જ માત્ર કેન્દ્રમાં રાખી ચર્ચા કરી છે.

રાષ્ટ્રનો કુલ દરિયા કિનારો ૮,૧૧૭ કિ.મી. લાંબો છે (એમાં આંદામાન નિકોબારના ટાપુઓ પણ આવી જાય.) એમાં ગુજરાતનો દરિયાકાંઠો ૧૬૬૩ કિ.મી. અને એમાંય કચ્છનો દરિયા કિનારો ૪૨૫ કિ.મી. લાંબો છે. ટકાવારીની દૃષ્ટિએ જોઈએ તો રાષ્ટ્રના કુલ દરિયા કિનારાનો ૫.૨૩ અને ગુજરાતના કુલ દરિયા કિનારાના ૨૫.૫૫ ટકા દરિયા કિનારો કચ્છનો છે. સમગ્ર રાષ્ટ્રમાં માત્ર કચ્છ જિલ્લાને સૌથી લાંબો દરિયા કિનારો કુદરતે બક્ષીસરૂપ આપ્યો છે.

રાજ્યના કુલ ૧૬૬૩ કિ.મી. લાંબા કિનારા ઉપર બંદરો વિકસાવવાની જવાબદારી ગુજરાત મેરીટાઈમ બોર્ડને ૧૯૮૨માં મેરીટાઈમ બોર્ડ એક્ટ, ૧૯૮૧ અંતર્ગત કરી. રાજ્યના કુલ ૪૨ બંદરોના વિકાસની જવાબદારી બોર્ડના શિરે આવી. (કંડલા પોર્ટ સિવાયના) બોર્ડ હસ્તક માંડવી ગ્રુપ ઓફ પોર્ટની નીચે માંડવી - મુંદ્રા - જખૌ અને કોટેશ્વર બંદર મૂકવામાં આવ્યા.

દેશના કુલ બંદરીય ટ્રાફિકમાં ગુજરાતના બંદરોનું પ્રદાન ૩૭ ટકા છે. ગુજરાત મેરીટાઈમ બોર્ડ દેશના મુખ્ય નહીં એવા બંદરોના ટ્રાફિકમાં ૭૩ ટકાનું યોગદાન આપે છે. નોંધપાત્ર વિગત એ છે કે જખૌ બંદરને સાંઘી સિમેન્ટ કંપની દ્વારા, નવીનાળ બંદરને અદાણી કંપની દ્વારા, પીપાવાવ બંદરને અન્ય ખાનગી કંપની દ્વારા, મગદલ્લાને એસ.આર. અને એલ.એન.ટી. દ્વારા; દહેજ હજીરાને અદાણી, રિલાયન્સ, એસ.આર. અને એલ.એન.ટી. સહિત અન્ય બંદરોને પણ ખાનગી કંપની દ્વારા વિકસાવવામાં આવ્યા. મેરીટાઈમ બોર્ડની ૧૯૮૨-૮૩ના વર્ષની મૂડી રૂા. ૬૧૦ લાખ હતી જે વર્ષ ૨૦૧૧-૧૨માં વધીને ૯,૭૦૩ લાખ રૂપીયા થઈ છે. તેમ છતાં ગુજરાત મેરીટાઈમ બોર્ડે સ્વતંત્ર રીતે એક પણ બંદરનો વિકાસ કર્યો નથી.

કચ્છના સંદર્ભમાં વાત કરીએ તો રાજાશાહી યુગથી માંડવી અને મુંદ્રા બંદર કાર્યરત હતા. જખૌ મચ્છીમારી માટે અને કોટેશ્વર નગણ્ય ટ્રાફિક સાથે કાર્યરત છે. સમગ્ર રાજ્યમાં વહાણનો નોંધપાત્ર ટ્રાફિક મુંદ્રા મધ્યે રહે છે. મેરી ટાઈમ બોર્ડ કચ્છના બંદરોના વિકાસમાં સહેજ પણ રસ લેતું નથીની વાત એ ઉદાહરણથી સ્પષ્ટ બને છે કે નાણાંકીય વર્ષ ૨૦૧૧-૧૨માં મુંદ્રા બંદરની બોર્ડની આવક રૂા. ૧ કરોડ ૩૬ લાખ લાખની થઈ અને બંદરના કહેવાતા વિકાસ પાછળ ખર્ચ કર્યો માત્ર અઢી લાખ રૂપિયા. જેટીનું સમારકામ નાછૂટકે કર્યું પણ સંખ્યાબંધ સમસ્યાઓ જેમની તેમ પડી જ છે.

પણ આ તો વાત થઈ માત્ર મુંદ્રાની... છેલ્લા ૩ દાયકાથી પણ વધુ સમય થયો હશે માંડવી બંદરની નાળ સાફ કરાવવાની રજૂઆતને.... માંડવી બંદર મૃતઃપ્રાય બની ગયું છે. માંડવીમાં ટ્રાફિક નથી માટે ખર્ચ કેમ કરીએ?ની દલીલ બોર્ડના અધિકારી કરે છે. તો મુંદ્રા માટે તો આ દલીલ પણ ખોટી સાબિત થાય છે. સંખ્યાબંધ આંકડાકીય માહિતીઓ અને બોર્ડનું વલણ કચ્છમાં કોઈપણ નવા બંદરના નિર્માણ તરફ હકારાત્મક અભિગમ ધરાવતું નથીના ન ગમતા સત્ય તરફ લઈ જાય છે.

કચ્છનું ભૌગોલિક સ્થાન જ એવું છે કે સમગ્ર મધ્ય અને ઉત્તર ભારતનો દરિયાઈ વેપાર કચ્છના કિનારાના કોઈપણ બંદરેથી સુગમતાથી, સલામત રીતે અને ઝડપી કરી શકાય તેમ છે. નોંધપાત્ર વિગત એ છે કે વિશ્વના સંખ્યાબંધ દેશો એવા છે કે જેમના અર્થતંત્રની મુખ્ય ધરી બંદરીય વેપારની ગતિવિધિની આવક છે. દરિયાઈ વેપારની આયાત - નિકાસની આવકે આવા બંદર આધારિત દેશોને ન્યાલ કરી નાખ્યા છે.

અદાણી કંપની દ્વારા મુંદ્રા તાલુકાના નવીનાળ ટાપુને વિકસાવીને જે પ્રગતિ કરી એની આંકડાકીય માહિતી જોઈએ તો ગુજરાત અદાણી પોર્ટ લિ.નો વર્ષ ૨૦૦૮-૦૯નો આયાત નિકાસનો કુલ ટ્રાફિક ૨૫૭.૭૭ લાખ મેટ્રિક ટન હતો જે વર્ષ ૨૦૦૯-૧૦માં ૨૮૩ લાખ મે. ટન, ૨૦૧૦-૧૧માં ૩૬૨.૭૧ લાખ મે. ટન અને વર્ષ ૨૦૧૧-૧૨માં ૪૫૨.૧૩ લાખ મે.ટને પહોંચ્યો. આજ બંદર ઉપર કન્ટેઈનર કાર્ગો આયાત-નિકાસનો કુલ ટ્રાફિક વર્ષ ૨૦૦૮-૦૯માં ૯૮.૪૯ લાખ મે. ટન, ૨૦૦૯-૧૦માં

*કોઈ મહાન માણસે ક્યારેય 'તક મળતી નથી' એવી ફરિયાદ કરી નથી.*

૧૧૧.૨૮ લાખ મે.ટન, ૨૦૧૦-૧૧માં ૧૫૬.૧૮ લાખ મે.ટન અને ૨૦૧૧-૧૨માં ૧૯૫.૬૯ લાખ મે.ટને પહોંચ્યો. ટૂંકમાં ૪ વર્ષમાં રનિંગ ટ્રાફિકમાં ૭૫.૪૦ ટકાનો, જ્યારે કન્ટેઈનર ટ્રાફિકમાં ૯૮.૬૯ ટકાનો વધારો થયો. આજ ટ્રાફિક વર્ષ ૨૦૨૦માં ૨૦૦ મિલિયન મે.ટને પહોંચશેનું અનુમાન અદાણી કંપનીના સત્તાવાર આંકડાઓમાં દર્શાવવામાં આવ્યું છે. અત્યારે રાષ્ટ્રના ખાનગી બંદરો પૈકી જી.એ.પી.એલ.ના બંદર ઉપર સૌથી વધુ ટ્રાફિક રહે છે.

ગુજરાત મેરીટાઈમ બોર્ડ હસ્તકના બંદર ઉપરના વર્ષ ૨૦૦૩-૦૪થી વર્ષ ૨૦૧૨-૧૩ એમ ૧૦ વર્ષનો સરાસરી આયાતી ટ્રાફિક ૧ વર્ષનો ૧૦૩૦૪ મે. ટન જ્યારે સરાસરી નિકાસી ટ્રાફિક ૧ વર્ષનો ૯૦,૭૫૯ મે.ટનનો રહ્યો. માત્ર બંદરની આ ૧૦ વર્ષની કુલ આવક ૯,૫૯,૨૭,૪૯૯/- રૂા. થઈ. અહીં નોંધવા જેવી વિગત એ છે કે તગડું વિદેશી હુંડિયામણ નિકાસી કાર્ગોમાં મળે છે અને મુંદ્રા બંદર ઉપર આયાતી કાર્ગો કરતાં નિકાસી કાર્ગો ૭૮૦.૮૧% વધુ છે. (વર્ષ ૨૦૦૩-૦૪થી વર્ષ ૨૦૧૨-૧૩ના કુલ આંકડાને ધ્યાને લેતા)

સરહદી જિલ્લો કચ્છનો દરિયા કિનારો ૪૨૫ કિ.મી. લાંબો છે. જ્યાં ખંડીય છાજલી તીવ્ર છે એવા પાણીના વધુ કરંટવાળા વિસ્તારો અને છીછરો દરિયા કિનારો ધરાવતાં વિસ્તારો સહિત જેને બંદર બનાવવામાં કામ ન આવે એવો અંદાજે ૨૦૦ કિ.મી.નો વિસ્તાર બાદ કરી નાખીએ તો પણ ૨૨૫ કિ.મી. લાંબો દરિયા કિનારો એવો છે જ્યાં બંદર વિકસાવવાની પૂરતી શક્યતાઓ રહેલી છે.

દરિયાઈ વ્યાપારના બદલાયેલા સમીકરણોમાં હવે કન્ટેઈનર દ્વારા માલનું પરિવહન - મોટા વહાણો (૧૫૦૦થી ૨૫૦૦ મે.ટનના) અથવા નાની સ્ટીમરો દ્વારા માલની હેરાફેરીને ધ્યાનમાં લેવા ઉપરાંત રાષ્ટ્રના અંદરના વિસ્તારો સાથેનું નજીકનું સ્થળ પસંદ કરી હજુ ૧૦થી ૧૨ બંદરને વિકસવાની પૂરતી શક્યતાઓ રહેલી છે. આઝાદીના ૬૬ વર્ષ પછી પણ કચ્છનું એકપણ નવું બંદર મેરીટાઈમ બોર્ડ હસ્તક તૈયાર થયું નથી. આપણે કસ્ટમની અધધ... આવકને તો ચર્ચામાં જ નથી લેતા. મેરીટાઈમ બોર્ડની નિષ્ફળતાના કારણે ગુજરાતના દરિયા કિનારાને ખાનગી કંપનીઓના હવાલે કરવાનો જોખમી રસ્તો લેવો પડ્યો. તેમ અત્યારે તો બોર્ડની સ્થિતિ માત્ર વેરા ઉઘરાવતી એજન્સી માત્ર બની જવા પામી છે.

અહીં એક મુદ્દો એ પણ નોંધવા જેવો છે કે મેરીટાઈમ બોર્ડની આવકનો કેટલોક હિસ્સો કેન્દ્રની તિજોરીમાં જમા થતો હતો. જેને વિધેયક પસાર કરીને બોર્ડની કેટલાક હેડની આવકને બોર્ડની આવકને બદલે રાજ્યની આવક ગણવાનું નક્કી કરવામાં આવ્યું. જેથી ગુજરાતના બંદરોની આવકને કેન્દ્રમાં જતી અટકાવી શકાય. ઘડીભર માની લઈએ કે આ સારું થયું... પણ એનો ફાયદો ગુજરાતના બંદરોના વિકાસમાં વપરાવવો જોઈએ ને? પણ આવું થયું નથી. આ અધૂરું હોય તેમ દરિયાઈ સર્વિસ ટેક્ષના નામે રાજ્ય સરકારે કરોડોના કરોડો રૂપિયા દરિયાઈ વેપાર સાથે સંકળાયેલા વર્તુળો ઉપર ઠોકી નાખ્યા. દરિયાઈ વેરાના બદલામાં મળતું કશું જ નથી.

વિશ્વના દરિયાઈ વિસ્તાર ધરાવતા અન્ય દેશોથી કચ્છનું અંતર - કચ્છના અખાતની ખાડી અને જમીન રસ્તે કચ્છ રાષ્ટ્રના અન્ય વિસ્તારો સાથેનું નજીકનું સ્થળ ઉપરાંત ૪૨૫ કિ.મી. લાંબો દરિયા કિનારો — આ મુદ્દા કચ્છની સમગ્ર કાયાપલટ કરવા માટે પૂરતા છે. હવે જો અને તો ની ભાષામાં વાત કરીએ તો — જો કચ્છ અલગ રાજ્ય થાય તો માત્ર દરિયાઈ વેપારની આવક જ સમગ્ર સિનારિયો બદલી નાખવા માટે પર્યાપ્ત બની શકે તેમ છે.

ગુજરાત મેરી ટાઈમ બોર્ડના ઈતિહાસમાં અત્યાર સુધી એકપણ કચ્છીને સામાન્ય બોર્ડ મેમ્બર પણ બનાવવામાં આવ્યો હોય એવું ધ્યાન ઉપર નથી. પરિણામે બોર્ડના બજેટમાં - નાણાંકીય ફાળવણીમાં - કચ્છના બંદરોના વિકાસ અથવા ખૂટતી કડીની પૂર્તતામાં ધ્યાન અપાતું જ નથી અને અપાયું નથી. સંપૂર્ણ વૈજ્ઞાનિક અને અત્યંત આધુનિક ઉપકરણોથી કચ્છના દરિયા કાંઠાનો સર્વે આજ સુધી થયો નથી. આ સર્વે રિપોર્ટ, એ બહુ મહત્ત્વનો દસ્તાવેજ બની જાય છે. પાણીનો ડ્રાફ્ટ ક્યાં કેટલો મળે છે અને ખુલ્લા દરિયાનો કરંટ, પવનની દિશા અને ઝડપ તથા તળની જમીનની સ્થિતિ સહિત સંખ્યાબંધ મુદ્દા આ સર્વેમાં આવરી લેવાતા હોય છે. બંદર વિકાસની શક્યતાઓ આ સર્વે રિપોર્ટ છતી કરે છે.

રાજ્યના ખેત ઉત્પાદનની નિકાસ સાથે જિલ્લાના ખનીજોને પણ નિકાસી કાર્ગો દ્વારા રવાના કરી બંદરની આવકને અંકે કરી શકાય છે. સમગ્ર જિલ્લાની કાયાપલટ કરવા માટેનો આ મહત્ત્વનો મુદ્દો જ વિસારે પાડી દેવામાં આવ્યો છે. પાણીની નહિવત જરૂરિયાત - પર્યાવરણને ઓછામાં ઓછી નુકસાની - વર્તમાન ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું જ વિસ્તૃતિકરણ - સ્થાનિક રોજગારી સાથે સ્થાનિક અર્થતંત્રના ચક્રોને મળશે ગતિશીલતા - ઉપરાંત વન ટાઈમ ખર્ચ બાદ સામાન્ય મેઈન્ટેનન્સ અને ટ્રાન્સપોર્ટ ઉદ્યોગને પ્રોત્સાહન જેવા અનેક ફાયદા બંદરના વિકાસના મોડેલને અપનાવવાથી શક્ય બને.

જગતની સંસ્કૃતિ ભલે નદીઓના કિનારે પાંગરી પણ વિશ્વના આર્થિક પાટનગરો દરિયા કિનારે વસેલા છે. સમગ્ર કચ્છનો વહાણવટા ઉદ્યોગ - દાયકાઓ બાદ મેળવેલી કુશળતા - વેપારી કોઠાસૂઝ અને સાહસિકતા જ્યારે આ વિચાર સાથે ભળે ત્યારે ધાર્યા કરતાં સારા પરિણામ લાવી શકાય. અદાણીને નવીનાળ ટાપુ દેખાયો એમ કચ્છના કોઈ સાહસિકને એ કેમ ન દેખાયો? દરિયાઈ વેપાર ધંધામાં કચ્છીઓનું યોગદાન નગણ્ય છે. ટૂંકમાં કચ્છ, એ આંતરરાષ્ટ્રીય દરિયાઈ વેપાર ધંધાનું મથક બની શકે તેમ છે. હજુ પણ મોડું થયું નથી.

*પૂજા પબ્લિસિટી,*
*૪, અમૃત છાયા, પહેલા માળે, જવાહરચોક,*
*મુંદ્રા, કચ્છ-૩૭૦ ૪૨૧.*
*ફોન : (ઓ) (૦૨૮૩૮) ૨૨૪૦૪૦, ૨૨૪૧૪૧*
*(રહે.) : (૦૨૮૩૮) ૨૨૨૨૨૩*

*તકની એક ખાસિયત એ છે કે તે આવે તેના કરતાં તે જતી રહે ત્યારે તે મોટી લાગે છે.*

# કચ્છ :
# વિશિષ્ટ પ્રદેશ ઝંખે છે વિશેષ જાળવણી

*નલિન ઉપાધ્યાય*

હું પોતે કોઈ નિષ્ણાત અર્થશાસ્ત્રી નથી. જેથી કચ્છના વિકાસ અને વિકાસદર વિષે જે ટેકનિકલ ચર્ચા ચાલે છે તેમાં મારો અભિપ્રાય આપી શકું. પરંતુ તેમ છતાં 'વિકાસ'ને, વિકાસની પ્રક્રિયાને હું એક અદના સામાન્ય માનવી તરીકે જોઉં છું. તેથી તે સંદર્ભમાં થોડો અંગત વિચારોની હારમાળા અને ગડમથલ કચ્છ પ્રદેશના સંદર્ભે સતત મનમાં ચાલતી રહે છે. ઘણી વખત તુમુલ ધમાસાણ પણ સર્જાય.

એક સામાન્ય માનવીની દૃષ્ટિએ વિકાસ એટલે શું? શું વિકાસ એટલે લાંબા, પહોળા રસ્તાઓ? કે પછી સુંદર મકાનોની કતારો? કે પછી મનોરંજન અને સાંસ્કૃતિક કાર્યક્રમોથી ધમધમતા શહેરો? કે પછી સુંદર બાગ-બગીચામાં અપટુડેટ વસ્ત્ર પરિધાન ધારણ કરી મહાલતા નગરજનો? મને લાગે છે આ બધું જરૂરી છે ખરું પરંતુ સાચો વિકાસ એટલે આપણી આજુબાજુ જીવતા, ધબકતા માનવ સમાજની પ્રગતિ 'માનવતાના માપદંડ'થી માપીએ તો કેટલી થઈ? શું આપણે આપણા બાળકો, રોગીઓ અને વિરક્ત પુરુષો પ્રત્યે વધુ સંવેદનશીલ અને સેવાભાવી બન્યા છીએ? શું આપણે આપણા સેવકો અને સાધકો તથા સારસ્વતોને જાળવવાનો, તેને પૂરું માન સન્માન અદબભેર આપવા માટેનો સુસંસ્કૃત સમાજ બન્યા છીએ ખરા? એક સામાન્ય માનવી તરીકે આપણું તો સાદું સીધું ધ્યેય છે "વ્યક્તિગત કલ્યાણ અને સુંદર સમાજનું નિર્માણ." તો શું વિકાસને માત્ર પોતાના ખર્ચ ખાતે કેટલા રૂપિયા વધ્યા તેનાથી જ માત્ર આંકશું? માત્ર પૈસાના આધારે વિકાસ મૂલવી માનવતા જ જો ખોઈ બેસતા હોઈએ તો તે શું પુનર્વિચાર નથી માગતું? એક સામાન્ય માનવીની દૃષ્ટિએ વિકાસ એટલે આંતરભોમમાં રહેલ માનવતાના છોડનું સમયની યાત્રા સાથે વટવૃક્ષ બની જવું. આવું કચ્છ સાથે બન્યું છે ખરું? જો નથી બન્યું તો તેના કારણો કયા? તેનું નિવારણ શું? આ વહાલા વતન કચ્છ સામેના યક્ષ પ્રશ્નો છે.

મને યાદ આવે છે ૧૯૬૦-૭૦ના દાયકાના વર્ષો જે દરમ્યાન અમે કચ્છી વિદ્યાર્થીઓ મોરબીની લખધીરજી એન્જિનિયરિંગ કોલેજમાં અભ્યાસ કરતા. ભુજથી બાદશાહી ઝડપથી ટ્રેન ઉપડે તે કંડલા પહોંચાડે. કંડલાથી યાંત્રિક બોટમાં બેસી નવલખી બંદરે સૌરાષ્ટ્ર પહોંચીએ અને નવલખીથી ટ્રેઈન પકડી મોરબી પહોંચીએ કારણકે ત્યારે સૂરજબારીનો પુલ 'ઉતરા સેતુબંધ' નહોતો બંધાયો. સમગ્ર કચ્છમાં ત્યારે નીરવ શાંતિ અને વાહન વ્યવહાર મંથર ગતિએ ચાલતો જૂજ. શહેરોમાં ગામડા જેવી નીરવ શાંતિ અને ગામડાઓ જાણે સુખી જીવન અને નિરાંતનો પર્યાય. ખેર! આપણે તો એક સમય રેખા દોરીએ ૨૦૦૧ના ભીષણ ધરતીકંપ પૂર્વેનું કચ્છ અને ત્યારબાદનું કચ્છ. શું છેક ૧૯૫૦થી ૧૯૮૦ના દાયકાનું કચ્છ સુખી હતું? સુખી તો હતું પરંતુ સમૃધ્ધ તો નહોતું. તો શું ૨૦૦૧ બાદ કચ્છમાં અભૂતપૂર્વ વિકાસની જે વાતો થાય છે, જે મોટા મોટા ઉદ્યોગોનું કચ્છમાં આગમન થયું તેનાથી કચ્છ વધુ સમૃધ્ધ અને સુખી બન્યું છે? લાગે તો એવું છે કે સમૃધ્ધ તો બન્યું છે પણ સુખી બન્યું છે કે કેમ એ પ્રશ્ન વિચારણીય છે. માત્ર આટલી જ વાત આપણને કચ્છે જે વિકાસ મોડેલ અપનાવ્યું છે તે વિષયના ચિંતનમાં દોરી જાય છે.

જો કે આ મારા એટલે કે સામાન્ય માનવીના વિકાસ મોડેલ અંગેના ખ્યાલો છે પણ એને જાણવા તો આ તબક્કે અતિ જરૂરી છે. જેથી થતી ભૂલો વધુ વિસ્તાર ન પામે.

વિચારીએ તો એવું જણાય કે દરેક પ્રદેશનું વિકાસ મોડેલ એની લાક્ષણિકતાઓ અને તેમાં સમાયેલ સામર્થ્યને આધારે નક્કી કરવું જોઈએ. બીબાંઢાળ રીતે વિકાસ મોડેલોના અખતરા કરવાથી કદાચ પ્રદેશનું અને લોક જીવનનું નુકસાન પણ થાય. કચ્છનું વિકાસ મોડેલ કચ્છની લાક્ષણિકતાઓને અનુલક્ષીને ઘડાવું જોઈતું હતું, જે નથી થયું. અલબત્ત આંશિક રીતે થયું છે. તો કચ્છ માટે અનુરૂપ વિકાસ મોડેલ માટે કચ્છની વિશિષ્ટતાઓ કઈ? કચ્છની વિશિષ્ટતાઓ નીચે મુજબની છે, જે દ્વારા કચ્છ રોજગારી મેળવે છે અને તેનો સાંસ્કૃતિક પરિવેશ રચાય છે.

૧. પશુપાલન
૨. ખેતી
૩. મચ્છીમારી
૪. ખનીજો
૫. હસ્ત ઉદ્યોગો
૬. પ્રવાસન
૭. ઉદ્યોગો

આપણે ધ્યાનથી અભ્યાસ કરીશું તો જણાશે કે સરેરાશ કચ્છી ઉપર જણાવેલા ૬ વિભાગોમાંથી જ પોતાનું જીવનપાલન કરી રહ્યો હતો અને તેમાંથી જ કચ્છની સૌહાર્દપૂર્ણ કચ્છીયત વિકાસ પામી હતી.

આથી એમ કહી શકાય કે ૨૦૦૧ના ભૂકંપ બાદ આ વિશિષ્ટ પ્રદેશની યોગ્ય જાળવણી કરવા માટે તેનું વિકાસ મોડેલ આ છ બાબતોને કેન્દ્રમાં રાખીને ઘડવાની જરૂરત હતી. તો કચ્છમાં વસતા કચ્છીઓનો સાચો વિકાસ થાત અને હાલમાં જે કચ્છીયતને વધુ પડતા ગુનાઓ અને દારુની બદીથી જે લૂણો લાગ્યો છે તે ન લાગત. મોડેલ જે અપનાવાયું છે તે સર્વાંગ નથી કારણકે એમાં કચ્છના લોકજીવનને કેન્દ્રમાં રખાયું નથી પણ આંશિક છે. કારણકે એમાં વિકાસને માત્ર નાણાં સાથે જોડવામાં આવ્યો છે. જોઈએ

*ઘણા માણસો તકને ઝડપી તો લે છે પણ પછી તુરંત જ તેને જતી કરે છે.*

હવે કચ્છના મુખ્ય ઉપાર્જનના ક્ષેત્રમાં શું થયું, તે ટૂંકમાં.

૧. **પશુપાલન :** ભારતભરમાં કચ્છ વિસ્તારની દૃષ્ટિએ બીજો સૌથી મોટો જિલ્લો છે અને તેમાં પશુઓની સંખ્યા માનવસંખ્યા કરતાં વિશેષ છે. પશુપાલન કચ્છનો મુખ્ય વ્યવસાય છે. હાલના સંજોગો તપાસીએ તો અત્યારે દુષ્કાળ તોળાઈ રહ્યો છે ત્યારે કચ્છનું પશુધન ફરી સ્થળાંતર કરવાની તૈયારીમાં છે અથવા કરી રહ્યું છે. આથી વિકાસમાં આપણે કચ્છની કરોડરજ્જુ જેવા પશુપાલન પર ધ્યાન ન આપ્યું. આથી જ હજુ કચ્છમાં નથી 'વેટરનરી કૉલેજ' કે નથી અદ્યતન પશુ દવાખાનું. હા! આંશિક રીતે ડેરીનું કામ આગળ વધ્યું છે, જેથી દૂધ ઉત્પાદકોને યોગ્ય ભાવ મળે. તેમ છતાં ગોચરની જમીનોની ઉદ્યોગોને ફાળવણીએ સમગ્ર કચ્છમાં અશાંતિ અને આંદોલન સર્જ્યા છે.

૨. **ખેતી :** કચ્છમાં જે ખેતીનો વિકાસ અને જાળવણી છે તે કચ્છી ખેડૂતની કોઠાસૂઝને આભારી છે. સાથે તેમાં સ્વયં સેવાભાવી સંસ્થાઓ અને સરકારનો પણ ફાળો છે. આ ક્ષેત્રમાં જાગૃતિ છે ખરી પરંતુ જેટલા પ્રમાણમાં હોવી જોઈએ તેટલી નહિ. શા કારણે? તો ખેતી છે, તે પાણી પર આધારિત છે અને ભૂકંપ બાદ કચ્છમાં આવેલા નાના મોટા કચ્છના મર્યાદિત ભૂગર્ભજળને વધુ પડતું પાણી ખેંચી લઈને અમર્યાદિત નુકસાન પહોંચાડી રહ્યા છે. આમ ઉદ્યોગોનો વિકાસ ખેતીના વિકાસનો મોટો અવરોધ બની, ભવિષ્યમાં સમગ્ર કચ્છને ઉચાળાની સ્થિતિમાં મૂકે તેવું જણાય છે. આમ, ખેતીનો પણ આંશિક વિકાસ છે અને તે કચ્છી ખેડૂતની આંતરસૂઝથી.

૩. **મચ્છીમારી :** આપણા કચ્છમાં એક ખૂબ વિકાસ કરી શકાય તેવું ક્ષેત્ર ગણાય જેના પર અનેક લોકોની આજીવિકા છે. આ માટે જખૌ બંદરને અતિ આધુનિક મત્સ્ય બંદર બનાવવું જોઈએ જે નથી થયું. વિશાળ દરિયા કિનારો પણ સર્વે માંગે છે.

૪. **ખનીજો :** કચ્છના વિકાસ મોડેલમાં ખરેખર એ ઉદ્યોગો કચ્છમાં લાવવા જોઈતા હતા જેને ઓછામાં ઓછા પાણીની જરૂરત પડે. અને આ માટે કચ્છમાંથી જ મળતાં ખનીજોનો રો મટીરિયલ તરીકે ઉપયોગ થાય તેવા નાના અને મધ્યમ કદના ખનીજ ઉદ્યોગો કે જે વધુ પાણી વાપરે તેના વિકસાવવાની જરૂર હતી. અત્યારે લિગ્નાઈટનું ઉત્ખનન કચ્છ ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ માટે જીવાદોરી છે. પરંતુ સિમેન્ટના વિશાળકાય ઉદ્યોગો કચ્છના પર્યાવરણના શા હાલ કરશે? કેમિકલને લગતા ઉદ્યોગો કચ્છની શી હાલત કરશે તે જોવું રહ્યું.

૫. **હસ્ત ઉદ્યોગો :** આમાં નોંધપાત્ર વિકાસ થયો છે અને આ હસ્ત ઉદ્યોગ કચ્છી પરિવારોમાંના ઘણાની જીવાદોરી છે અને કચ્છની લાક્ષણિકતા પણ છે. ખાસ કરીને સફેદ રણના પ્રવાસને હસ્ત ઉદ્યોગને મદદ કરી છે તેવું જણાય છે. પણ તેમાં ઘણુંયે કરવું બાકી છે.

૬. **પ્રવાસન :** સદીઓથી પોતાની લાક્ષણિકતાઓ જાળવી રહેલ કચ્છનો ભૂ-ભાગ પણ આકર્ષક છે. કચ્છ ટેકરીવાળો, લીલાછમ વાડીખેતરોવાળો, વિશાળ દરિયા કિનારો ધરાવતો અને કચ્છના વિસ્તારથીયે વિશેષ રણપ્રદેશ ધરાવતો પ્રદેશ છે. આમ, પ્રવાસનની અહીં વ્યાપક ક્ષમતા છે. જે બાબતમાં સરકાર પક્ષે સજાગતા પણ જણાય છે. આમ, પ્રવાસન ક્ષેત્રે આંશિક રીતે વિકાસ મોડેલ ઠીક કામ કરી રહ્યું છે.

૭. **ઉદ્યોગો :** ભૂકંપ બાદ વિશાળકાય ઉદ્યોગો કે જેને ખૂબ પાણીની જરૂર પડે, તેણે કચ્છને નુકસાન પહોંચાડ્યું છે. કચ્છમાં પર્યાવરણને જાળવે તેવા, ઓછું પાણી વાપરે તેવા અને નાના તથા મધ્યમ કક્ષાના ઉદ્યોગો જ હોવા જોઈએ.

હવે ટૂંકમાં, આજના કચ્છનું ચિત્ર ઉપર ઉપરથી જોઈએ અને ત્યારબાદ ઘટતા ઉપાયો ઉપર વિચાર કરીએ તો રોડ રસ્તે, રેલવે રસ્તે અને હવાઈ માર્ગે કચ્છનું જોડાણ સારું થયું છે. તેમ છતાં આંતરરાષ્ટ્રીય વિમાન મથકની ખામી છે. રસ્તાઓનું નેટવર્ક સંતોષપ્રદ છે. મોટા ઉદ્યોગોથી રોજગારી વધી છે પરંતુ વધુ પ્રમાણમાં પરપ્રાંતીય લોકોના આગમનથી કચ્છનું શાંત લોકજીવન દારૂ અને ગુનાઓથી ડહોળાયું છે તથા ગોચરની જમીનના પ્રશ્નોને લઈને ગામડાં અને ઉદ્યોગો સામસામા આવી ગયા છે. બંદરીય વિકાસ સારો થયો છે પરંતુ કંડલા પાછળ પડી રહ્યું છે જે માવજત માંગે છે. ભૂકંપ બાદના કચ્છમાં અશાંતિ વધી છે, સહિષ્ણુતા ઘટી છે. લોક જીવનમાં સંવેદનશીલતા ઉપચાર માંગી લે તે સ્તરમાં છે. ટેકનોલોજીને લઈને યુવાનોમાં જાગૃતિ સાથે અસંતોષ વધ્યા છે કારણકે રોજગારીમાં સ્થાનિક કચ્છીઓ વધુ લાભ પામ્યા હોય તેવું ચિત્ર ઉપસતું નથી.

નર્મદા નદીથી કચ્છના ગામડાઓને પેયજળ જરૂર મળ્યા છે પરંતુ તેમાં ઘણું કરવાનું બાકી છે અને તે કચ્છના હિતમાં શું હોઈ શકે તેનું વાસ્તવિક ચિત્ર કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલે પોતાના અનેક લેખોમાં આપ્યું છે, જે ખૂબ અભ્યાસપ્રદ છે અને અમલ માગે તેવું છે.

***હવે સુશાસનની વૈકલ્પિક વ્યવસ્થાઓ વિચારીએ.***

૧. **અલગ કચ્છ રાજ્ય :** આપણને ગમે કે ન ગમે પરંતુ હાલની સ્થિતિએ સૌરાષ્ટ્ર ગુજરાતની યુવતીઓ કચ્છમાં લગ્ન કરવા રાજી નથી તે હકીકત છે. તે દર્શાવે છે કે કચ્છ હજુ સૌરાષ્ટ્ર - ગુજરાતથી સાંસ્કૃતિક નિકટતા કેળવી શક્યું નથી. આ તબક્કે જે 'સી' સ્ટેટ કેન્દ્રશાસિત રાજ્ય કચ્છે ગુમાવ્યું

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૫ ઉપર)**

*જ્યારે તમારા જીવનમાં તક સાંપડે ત્યારે તેને ઝડપી લેવા તૈયાર રહો એ જ સફળતાની ચાવી છે.*

# કચ્છ : એક અલગ રાજ્ય ફાયદા અને ગેરફાયદા

*શશીકાંત એમ. ઠક્કર*

'મંગલ મંદિર' દ્વારા ઉપરોક્ત બાબતમાં આધારભુત આંકડાકીય માહિતી સાથે વિશ્લેષણાત્મક લેખની અપેક્ષા રાખવામાં આવી છે. પરંતુ કચ્છ પૂરતા વિષયવાર આવક - ખર્ચના આંકડાની ઉપલબ્ધિના અભાવે આવું વિશ્લેષણ મુશ્કેલ છે. આમ છતાં પણ કચ્છ જ્યારે એક અલગ રાજ્ય હતું ત્યારે શું હતું અને કચ્છનું અલગ અસ્તિત્વ બંધ થયા બાદ શું થયું તેની ચોક્કસ માહિતીના આધારે કચ્છ અલગ અલગ રાજ્ય હોય તો તેના શું ફાયદા થાય અને શું ગેરફાયદા થાય તે તારવી શકાય તેમ છે. અને તે માટે તેની પૂર્વભૂમિકા પણ સમજવી જરૂરી છે.

સ્વતંત્રતા મળી ત્યારે ભારતમાં ૧૬ રાજ્યો હતા. ત્યાર પછી પંજાબમાંથી હરિયાણા અને હિમાચલ પ્રદેશ છૂટા પડ્યા. મદ્રાસમાંથી કેરલ અલગ થયું. બિહારમાંથી ઝારખંડ થયું. મધ્ય પ્રદેશમાંથી છત્તીસગઢ થયું. આસામમાંથી મીઝોરામ, નાગાલેન્ડ, અરુણાચલ અને મેઘાલય છૂટા થયા. ગોવા અને દિલ્હી કેન્દ્રશાસિત પ્રદેશ થયા. જ્યારે આથી વિરુદ્ધ સૌરાષ્ટ્ર અને કચ્છના અલગ રાજ્યોને પ્રથમ મુંબઈ સાથે ભેળવાયા અને ત્યારબાદ તેમાંથી મહારાષ્ટ્ર અને ગુજરાત એમ બે રાજ્યો થયા. આમ અત્યારે ૨૮ રાજ્યો છે. જ્યારે આંધ્રમાંથી તેલંગણાને અલગ રાજ્ય બનાવવાનો કેન્દ્ર સરકારે તાજેતરમાં નિર્ણય લીધો છે. તેથી તે ૨૯મું રાજ્ય થાય છે.

મોટાભાગના કિસ્સાઓમાં જે તે વિસ્તારની પ્રજાએ હિંસક આંદોલનો કરવા પડ્યા છે અને ત્યારે જ તેમની રજૂઆત સંભળાઈ છે અને તેને બળ મળ્યું છે. જે પ્રજામાં પોતાની વાત મજબૂત રીતે રજૂ કરવાની જાગૃતિ, હિંમત અને એકતા નથી હોતી તે પ્રજાની વાત, વિગતો અને તથ્યો ગમે તેટલા તરફેણમાં હોય છતાં તે પ્રજાની વાત સંભળાતી નથી તેવો સૌનો અનુભવ છે.

લોકશાહી રાજ્યની મૂળભૂત વિચારસરણી સમાનતા અને સમન્યાયની છે અને તે માટે દરેક બાબતના ચોક્કસ ધારાધોરણ હોય અને તે ધારાધોરણના આધારે નિર્ણયો લેવાય તો જ સમાનતા અને સમન્યાય સંભવી શકે. પરંતુ આપણે ત્યાં ઉલટું છે. જે નિર્ણય લેવો હોય તેને અનુરૂપ ધારાધોરણો આગળ કરાતા રહે છે અને પરિણામે દર વખતે ધારાધોરણો અલગ અલગ રખાય છે. જેથી અન્યાયની લાગણી ઉત્પન્ન થાય છે અને તેને બહાર લાવવા સંઘશક્તિ અને આંદોલન ચલાવવાની આર્થિક વ્યવસ્થાનું પરિણામ હિંસક આંદોલનમાં પરિણમે છે.

ભારતના રાજ્યોની સરેરાશ વસતિ ૪.૨ કરોડ છે. પરંતુ વ્યક્તિગત રાજ્યમાં તેની ગંભીર અસમાનતા છે. દા.ત. ઉત્તર પ્રદેશની વસતિ ૨૦ કરોડ છે જ્યારે અરુણાચલની વસતિ એક લાખથી પણ ઓછી છે.

કચ્છનો સંદર્ભ લઈએ તો કચ્છના દેશી રાજ્યનું વિલીનીકરણ તા. ૧-૬-૧૯૪૮થી ભારતીય સંઘમાં થયું. ત્યારે કચ્છને 'ક' વર્ગના રાજ્યનો દરજ્જો અપાયો અને ચીફ કમિશનરના વડપણ હેઠળ કેન્દ્ર સરકાર સાથે સીધા સંબંધથી જોડવામાં આવ્યું. કાયદા કાનૂન ભારતની સંસદ દ્વારા ઘડાતા પરંતુ તેનું અમલીકરણ અને રાજ્યનો સમગ્ર વહીવટ ચીફ કમિશનર તેમના બે સ્થાનિક સલાહકારોની મદદથી ચલાવતા. સલાહકારોને વિવિધ ખાતાઓની ફાળવણી કરવામાં આવેલી. આ વ્યવસ્થા કરાઈ ત્યારે કચ્છના મહારાવ સાથે જે કોલકરાર કરવામાં આવેલા ત્યારે તા. ૪-૫-૧૯૪૮ના શ્રી વી.પી. મેનનના પત્ર દ્વારા કેટલીક સ્પષ્ટતાઓ કરવામાં આવી હતી. આ પત્રના પારા-૫ માં જણાવ્યા મુજબ ભારત સરકારે "ભારતના અન્ય રાજ્યો સાથે સરખાવી શકાય તેવું જીવન ધોરણ અને વહીવટ" કચ્છી પ્રજાને મળે તે રીતે કચ્છનો વિકાસ કરવાનો કોલ આપ્યો હતો. બીજો એવો કોલ અપાયો હતો કે ભારત સરકારનો ઈરાદો કચ્છને વહીવટના એક જુદા એકમ તરીકે જ રાખવાનો હતો અને ભવિષ્યમાં જ્યારે પણ વહીવટી કે બીજા કોઈ કારણે ફેરફાર કરવાની જરૂર ઊભી થશે ત્યારે કોઈપણ પગલું લેતા પહેલાં મહારાવ સાથે વિચાર વિમર્શ કરવામાં આવશે.

સન ૧૯૫૬માં રાજ્ય પુનઃ રચનાના પરિણામે તા. ૧-૧-૧૯૫૬થી કચ્છને બૃહદ્ મુંબઈ રાજ્યનો એક ભાગ બનાવી દેવાયો ત્યારે તે ન તો મહારાવનો અભિપ્રાય લેવાયો કે ન તો મહારાવે પોતાની પ્રજાના પ્રતિનિધિ તરીકેના પોતાના હક્કનો ઉપયોગ કરવાનો પ્રયાસ કર્યો, કે ન તો કચ્છની પ્રજાનો કોઈ અભિપ્રાય લેવાયો. કચ્છની પ્રજાએ પણ જાગૃતિ કે સંગઠન સહિતનો કોઈ અહેસાસ પણ ન કરાવ્યો.

આમ છતાં પણ મુંબઈ રાજ્યમાં કચ્છને જમીન મહેસૂલ કાયદાની કલમ-૪ હેઠળ અલગ પ્રાદેશિક વિભાગ તરીકે જાહેર કરવામાં આવેલ અને તેણે 'કચ્છ વિભાગ' એવું નામ આપી સૌરાષ્ટ્રના જિલ્લાઓ માટેના રાજકોટ વિભાગના વિભાગીય કમિશનરને હોદ્દાની રૂએ કચ્છ વિભાગના વિભાગીય કમિશનર તરીકે નિમણૂક અપાયેલી. આમ કચ્છ જિલ્લાનો એક અલગ કચ્છ વિભાગનો વહીવટ પણ જન જાગૃતિના અભાવે તે રીતે થવાના બદલે સૌરાષ્ટ્ર વિભાગના જ એક જિલ્લા તરીકે થતો રહ્યો અને તત્સમયના કોઈપણ પ્રજાકીય આગેવાને પણ કચ્છ વિભાગનો વહીવટ અલગ રીતે ચાલે તેવો પ્રયત્ન કરવાની ચિંતા સેવી નહીં. તા. ૧-૫-૧૯૬૦થી બૃહદ્ મુંબઈ રાજ્યનું વિભાજન થતાં મહારાષ્ટ્ર અને ગુજરાતના અલગ રાજ્યો રચાયા અને કચ્છ ગુજરાત રાજ્યનો એક જિલ્લો બની ગયું.

*નિરાશાવાદી માણસ દરેક તકમાં મુશ્કેલીઓ શોધે છે જ્યારે આશાવાદી માણસ દરેક મુશ્કેલીમાં તકો શોધે છે.*

કચ્છના દેશી રાજ્યના સમયમાં જનજીવનમાં સ્થગિતતા અને સુષુપ્તાવસ્થા હતી જ્યારે 'ક' વર્ગના રાજ્યના સમયમાં કચ્છમાં ચેતના, જાગૃતિ, વિકાસ અને ઉત્સાહનો માહોલ હતો. આ સમયમાં પંચવર્ષીય યોજનાનો સારો એવો અમલ થયો. સમૂહ વિકાસ યોજના અમલમાં લાવવામાં આવી. ગામેગામ વિકાસ કામો થયા અને તેમાં લોક ભાગીદારીનું તત્ત્વ મહત્ત્વનું રહ્યું. મહેસૂલ તંત્ર, ખેડૂત અને ખેતીમાં ક્રાંતિકારી ફેરફારો અને સુધારા થયા. સ્થળ નિરાકરણની વ્યવસ્થા દ્વારા મુશ્કેલ પ્રશ્નોના સરળ નિરાકરણ થયા. જિલ્લા લોકલ બોર્ડ દ્વારા તળપદી પધ્ધતિથી વિવિધ યોજનાઓ, પ્રાથમિક શિક્ષણ વ્યવસ્થા, દવાખાનાઓ, સમરસ પંચાયતોની સ્થાપના વગેરે વિવિધ વિકાસકામોની ભરમાર ઊભી થઈ. ચીફ કમિશનરના સલાહકારોની સૂઝબૂઝ અને સ્થાનિક પરિસ્થિતિની જાત માહિતીએ પ્રશ્નો ઉકેલવામાં ખૂબ સરળતા આવી. ૧૯૫૬ના ધરતીકંપથી વિસ્થાપિતોનું સફળતાપૂર્વક પુનઃવસન થયું અને સવિશેષ તો સક્રિય તકેદારી અને ત્વરિત પગલાંના કારણે છાડબેટ પર પાકિસ્તાને કરેલું આક્રમણ મારી હઠાવાયું. લોકોના સામાન્ય કામો એક બે દિવસમાં જ નિપટાતા હતા અને લાંચ રુશવત નગણ્ય હતી અને જ્યાં ફરિયાદ થતી ત્યાં ઝડપથી તેની તપાસ પણ થતી અને પગલાં પણ લેવાતા.

તા. ૧-૧૧-૧૯૫૬થી કચ્છનું દ્વિભાષી મુંબઈમાં વિલીનીકરણ થતાં કચ્છ જાણે એક મહાસાગરમાં ખોવાઈ ગયું. કચ્છનું પ્રજાકીય પ્રતિનિધિત્વ ઘટતું ગયું. સ્થાનિક સંસ્થાઓની સત્તાઓમાં ક્રમાનુસાર કાપ મુકાતો ગયો. પંચવર્ષીય યોજનાના લક્ષ્યાંકો પૂરા ન થયા. સ્થાનિક વહીવટ રાજકોટ જવાથી પ્રાંતવાદ વકર્યો. ઈનામ અને ગણોત કાયદાઓની અન્યાયી જોગવાઈઓ દ્વારા થયેલા આક્રોશ વચ્ચે તા. ૧-૫-૧૯૬૦થી કચ્છ ગુજરાતનો જિલ્લો બની જતાં ચૂંટાયેલા પ્રતિનિધિઓના બદલે તમામ સત્તા અમલદારો પાસે ગઈ. જિલ્લા લોકલ બોર્ડ જેવી સ્વાયત્ત સત્તાનું વિસર્જન થતાં રચાયેલી જિલ્લા પંચાયત રાજ્યની પોસ્ટ ઓફિસ જેવી બની ગઈ. વિભાગીય કચેરી બંધ થઈ. છાડબેટ અને બળવંતરાય મહેતાને ગુમાવવા પડ્યા. રાજ્યની માનસિકતા સતત કેન્દ્રીકરણ કરવાની રહી.

પ્રજા જીવનમાં છવાયેલા પ્રશ્નો જોઈએ તો કચ્છનું અલગ વિકાસ બોર્ડ આવ્યું અને ઝુંટવાયું. નર્મદાના પાણીનો પ્રશ્ન, બ્રોડગેજનો પ્રશ્ન, મેડિકલ કોલેજનો પ્રશ્ન, દુષ્કાળો, વાવાઝોડા, ભૂકંપ વગેરે પ્રશ્નો હતા. ડૉ. મહેતા વિકાસ બોર્ડ માટે ઝઝુમ્યા. તા. ૨૮-૨-૧૯૭૭ના જાહેરનામાથી વિકાસ બોર્ડ મંજૂર થઈ પણ તા. ૧૭-૨-૧૯૭૮ના તે જાહેરનામું રદ થયું. પ્રજા અગર તેના પ્રતિનિધિઓ કોઈ આંદોલિત ન થયા.

આ સમય દરમ્યાન વિવિધ ક્ષેત્રોમાં અન્ય પ્રદેશો માફક વિકાસ તો થતો જ રહ્યો પણ પ્રમાણમાં સરખામણી કરીએ તો ખૂબ જ ઓછો. રાજ્ય સત્તા માટે એકાત્મકતા અને પોતાપણાનો અભાવ એ મુખ્ય અડચણો રહી.

કેન્દ્રીકરણના મુખ્ય પગલાંઓ જોઈએ તો સન ૧૯૬૧માં પંચાયત મંત્રીની કેડર સરકારી બનાવાઈ. પંચાયતી રાજની રચનામાં તમામ અધિકારીઓ અને નોકરો સરકારના વિવિધ ખાતાઓનાં નિયંત્રણ હેઠળ રખાયા. ચૂંટાયેલી પાંખોને કોઈ વહીવટી અધિકારો અપાયા નહીં. પંચાયતોને સરકારની કઠપુતળી બનાવી દેવાઈ. વિકાસકામોનું નિયંત્રણ કલેક્ટર હેઠળના આયોજન બોર્ડ પાસે રખાયું અને તે સિવાયની વ્યવસ્થા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ગોઠવાઈ. નગરપાલિકાના ચીફ ઓફિસરોની જગ્યાઓ સરકારી અધિકારીઓથી ભરાઈ. ઓક્ટ્રોયની આવક ઝુંટવાઈ અને વિવિધ ગ્રાન્ટો માટે સરકાર પર આધાર રખાયો. ગ્રાન્ટોની ફાળવણી રાજ્યના ઈશારે અને રાજકીય ગણિતથી, ભૂકંપ બાદ રચાયેલા સત્તામંડળોમાં પ્રજાકીય પ્રતિનિધિઓની સમુળગી બાદબાકી કરાઈ. ઝોનિંગ વિના આડેધડ ઉદ્યોગની સ્થાપનાના પરિણામે પર્યાવરણની નુકસાની વગેરે અનેક બાબતો દ્વારા પ્રજા અને સ્થાનિક સંસ્થાઓની પરેશાનીનો ગુણાકાર થતો રહ્યો.

કચ્છના અલગ રાજ્ય તરીકે 'ક' વર્ગના રાજ્ય સમયની સ્થિતિ અને ત્યારબાદ તા. ૧-૧૧-૧૯૫૬થી બૃહદ્ મુંબઈ સાથેનું વિલીનીકરણ અને તા. ૧-૫-૧૯૬૦થી ગુજરાત રાજ્યનો જિલ્લો બન્યા પછીની પરિસ્થિતિનું ઉપરોક્ત વિહંગાવલોકન અલગ રાજ્ય તરીકે કચ્છ હોય તો શું ફાયદા અને ગેરફાયદા થાય તેની રૂપરેખા આપે છે.

*'જલિયાણા', જૂના બસ સ્ટેન્ડની બાજુની ગલી,*
*જૂના વાસ, માધાપર, તા. ભુજ, કચ્છ.*

---

## કચ્છ : વિશિષ્ટ પ્રદેશ ઝંખે છે વિશેષ જાળવણી

**(અનુસંધાન : પાના નં.-૩૩ ઉપરથી ચાલુ)**

તે કચ્છી માત્રને હજુયે હૃદયમાં ચચરાટી કરાવે છે. અલગ કચ્છ રાજ્ય થાય તો અલબત્ત કચ્છની વિશિષ્ટતાઓ અને લાક્ષણિક લોકજીવનનું જતન થાય અને કચ્છ કેન્દ્રિત શાસન થવાથી સુશાસન આવે તે ચોક્કસ વાત છે. પરંતુ આ માટે કચ્છવ્યાપી લોકલડત થવી જોઈએ. જે કચ્છનો વિસ્તાર અને પાંખી વસતિને કારણે હાલે તો શક્ય નથી લાગતું.

૨. **કચ્છ વિકાસ બોર્ડ :** ભારતના વડાપ્રધાન થવા જઈ રહેલા નરેન્દ્ર મોદીને કચ્છ પ્રિય છે. તો જો તેઓ કચ્છને ફરીથી વિકાસ બોર્ડ આપે તો સુંદર અને સમતોલ વિકાસ થાય. આ માંગ મૂકવા જેવી છે.

૩. **અલગ કચ્છી કેબિનેટ મંત્રીને કચ્છ વિભાગ :** આ વિકાસ બોર્ડ પણ ન થાય તો કચ્છનું કેન્દ્રિત - ફોકસ કામ થાય તે માટે ગુજરાત પ્રધાન મંડળમાં અલગ કેબિનેટ કક્ષાના કચ્છી મંત્રી હોવા જોઈએ અને અલગ કચ્છી મંત્રાલય. આ માંગણી પણ કચ્છ મૂકી શકે.

ટૂંકમાં, આ બધા જ વિષયો - પેટા વિષયો એક સ્વતંત્ર લેખમાળા માંગે છે જે 'મંગલ મંદિરે' કરવી જોઈએ. ■

*જ્યારે તક આવે ત્યારે તૈયાર રહો. કેમકે જ્યાં તક અને તૈયારી ભેગા મળે છે તેને જ 'ભાગ્ય' કહે છે.*

# કચ્છ : એક અલગ રાજ્ય ફાયદા અને ગેરફાયદા

*વીનેશ અંતાણી*

'મંગલ મંદિર'ના મુખ્ય તંત્રી અશોકભાઈ મહેતાએ જ્યારે મને કચ્છના સંદર્ભમાં અલગ રાજ્યના ફાયદા અને ગેરફાયદા વિશે મારા વિચારો પ્રગટ કરવાનું આમંત્રણ આપ્યું ત્યારે એ વિશે કશુંય લખવાની મારી લાયકાત અંગે મારા મનમાં સવાલો જન્મ્યા હતા. આ આખોય મુદ્દો પ્રદેશની આર્થિક, રાજકીય, વહીવટીય, સાંસ્કૃતિક, ભૌગોલિક જેવી કેટલીય બાબતોનો તલસ્પર્શી અભ્યાસ માંગી લે છે. એ વિશેની કોઈ પણ વાત ફેક્ટ્સ અને ફિગર્સ વિના હવામાં બાચકા ભરવા જેવી જ લાગે. મારી રસરૂચિ મને એવા કોઈ અભ્યાસ તરફ દોરી ગઈ નથી. તો પછી હું આ વિષય પર શું કહી શકું? પછી થયું, એક કચ્છી હોવાના નાતે હું ભલે મારી વાતોના સંદર્ભમાં ઠોસ વિગતો આપી શકું નહીં, પરંતુ નાના રાજ્યના ફાયદા અને ગેરફાયદા વિશે કશુંક વિચારું તો કેવું પરિણામ આવે? એ વિચારના પરિણામે આ વિશે મેં થોડું વાંચવાનું શરૂ કર્યું. તો ભલે કચ્છના સંદર્ભમાં નહીં, પણ નાનાં રાજ્યો આવકારદાયક કે નહીં એ વિશે થોડું જાણવા મળ્યું. એ રીતે અન્ય નિષ્ણાતોના વિચારો જાણ્યા પછી એના આધારે આ લેખ લખવાની હિંમત કરી છે. સ્વાભાવિક રીતે એમાં કચ્છના સંદર્ભમાં પૂરક બને એવી માહિતીની ગેરહાજરી રહેશે, છતાં નાના રાજ્યના સંદર્ભમાં કચ્છ એક અલગ રાજ્ય તરીકે ક્યાં ઊભું રહી શકે તેના વિચારની ભૂમિકા મળી શકે.

મોટાં રાજ્યોની સરખામણીમાં નાનાં રાજ્યોના શા લાભ છે અને શા ગેરલાભ છે એના વિશે અભ્યાસીઓમાં ચાલતી દલીલો પર અછડતી નજર નાખીએ.

- **લાભ :**

★ રાજ્ય જેમ નાનું તેમ વહીવટીય સુગમતા વધારે.

★ રાજ્યની આવકની વહેંચણીના સંદર્ભમાં નાના રાજ્યોને ફાયદો થાય છે અને આર્થિક સમતુલા જાળવી શકાય છે.

★ રાજ્યનું કદ નાનું રહેવાથી સરકાર સ્થાનિક પ્રશ્નો પર વધારે ધ્યાન આપી શકે છે. પછાત વિસ્તારોના વિકાસની શક્યતા વધી જાય છે.

★ એક દલીલ એવી પણ કરવામાં આવે છે કે દેશમાં જેટલાં રાજ્યો વધારે હશે એટલી દરેક રાજ્યની જુદી જુદી નીતિઓ રહેવાની. એને લીધે દેશમાં ઔદ્યોગિક વિકાસ માટે પસંદગીનાં ક્ષેત્રો વધી શકે. પરિણામે દરેક રાજ્યનાં નીતિ-કાયદા અનુસાર ત્યાં ઉદ્યોગ-વ્યાપારના વિકાસની તક અને વિકલ્પો વધી શકે. રાજ્યો રાજ્યો વચ્ચે ઔદ્યોગિક નીતિઓની બાબતમાં તંદુરસ્ત સ્પર્ધા થવાની શક્યતાને લીધે પણ નાનાં રાજ્યોમાં નવા નવા ઉદ્યોગો સ્થપાય અને સ્થાનિક લોકો માટે રોજગારીની તકો વધે.

★ નાનાં રાજ્યોમાં ત્યાંની પ્રજાની વિશિષ્ટ ઓળખ વધારે સ્પષ્ટપણે બહાર આવે છે, જે મોટા રાજ્યોની વસતિની વિવિધ પ્રકારની આઈડેન્ટિટીમાં ખોવાઈ જવાનો ભય રહેલો હોય છે. વળી, મોટાં રાજ્યોમાં જે સમાજ સમૂહની બહુમતી હોય કે જે રાજકીય રીતે વધારે શક્તિશાળી હોય એના વર્ચસ્વ તળે અન્ય સમાજ સમૂહોની ઓળખ કચડાઈ જવાનો ભય રહેલો છે, જે નાના રાજ્યમાં બનતું અટકે છે. ત્યાંની પ્રજા અને સરકાર તે પ્રદેશની અસ્મિતાને જાળવી રાખવાની અને તેનો વિકાસ કરવાની દિશામાં સક્રિય રહી શકે છે.

- **ગેરલાભ :**

★ વધારે સંખ્યામાં નાનાં રાજ્યો કરવાથી દેશ વધારે ને વધારે વિભાજિત થતો જશે. એ કારણે પ્રજામાં 'એક રાષ્ટ્ર'ની ભાવના ઝાંખી પડવા લાગશે અને અંગ્રેજો ભારતમાં આવ્યા ત્યારે જે રીતે દેશી રાજ્યોની વધારે પડતી સંખ્યાને કારણે દેશ એકસૂત્ર રહી શક્યો નહોતો એવી પરિસ્થિતિ પણ ઊભી થઈ શકે છે.

★ ભારતમાં બનાવવામાં આવેલાં નાનાં રાજ્યો મોટાં રાજ્યોની સરખામણીમાં ઓછો વિકાસ કરી શક્યાં છે. આ દલીલના ટેકામાં અભ્યાસીઓ ઝારખંડ રાજ્યનો દાખલો આગળ ધરે છે. ઝારખંડ મિનરલ્સની બાબતમાં સમૃદ્ધ છે અને તેથી ત્યાં ઔદ્યોગિક વિકાસની ઘણી તકો છે, છતાં ઝારખંડનો વિકાસ પ્રમાણમાં મંદ છે.

★ નાનાં રાજ્યોને કેન્દ્ર સરકાર તરફથી વધારે ને વધારે નાણાકીય મદદની જરૂર રહે છે. મેલા રાજકારણના યુગમાં કોઈ પણ રાજ્ય માટે નાણાના અભાવે બંધારણે રાજ્યને આપેલી સ્વાયત્તતા ગુમાવવી જોખમી બની શકે છે.

★ જેટલાં નાનાં રાજ્યો, તેટલા રાજ્યો રાજ્યો વચ્ચેના પ્રશ્નો વધારે. બે કે વધારે રાજ્યોમાં થઈને વહેતી નદીઓના જળની વહેંચણી જેવા પ્રશ્નો પાછળ જ પ્રજાનાં નાણાં અને સરકારની શક્તિ ખરચાઈ જવાની શક્યતા વધી જાય છે. તાજેતરનો દાખલો લઈએ. આંધ્ર પ્રદેશમાંથી તેલંગાણા અલગ પડવાનું હતું તે પહેલાંથી તેલંગાણાના ચૂંટાયેલા મુખ્ય મંત્રીએ સીમાંધ્રા પ્રદેશના કર્મચારીઓને તેલંગાણા છોડીને જવું પડશે એવી વિભાજક વાતો કરી. તેને લીધે અત્યાર સુધી એક જ રાજ્યના

*તક ભાગ્યે જ બીજીવાર મળે છે.*

નાગરિક હોવાની ભાવના સાથે, સાથે રહેલા લોકોનાં મન વધારે ખાટાં થઈ ગયાં.

સમજુ લોકો કહી ગયા છે કે સાથે રહેવાથી આપણી તાકાત વધે છે અને છૂટા પડી જવાથી આપણે વધારે નબળા થતા જઈએ છીએ. પરંતુ જીવનમાં ક્યારેક એવો સમય પણ આવે છે કે છૂટા પડવું સમસ્યાનો વ્યવહારિક ઉકેલ બને છે.

મૂળભૂત પ્રશ્ન એ છે કે લોકો બૃહદ રાજ્યમાંથી છૂટા પડીને પોતાના પ્રદેશને અલગ રાજ્યનો દરજ્જો મળે એવી માગણી કયા કારણે કરતા હોય છે. ભારત આઝાદ થયું ત્યાર પછી રાજ્યોના વિભાજનના મુદ્દે થયેલાં ઘણાં આંદોલનો આપણે જોયાં છે. એક સમયે ભાષાના મુદ્દે આ આંદોલનો ચાલ્યાં હતાં અને રાજ્યોના ભાગલા પડ્યા હતા. ત્યાર પછી વિકાસના મુદ્દે અલગ રાજ્યોની માગણી ઊભી થઈ. આવા દરેક આંદોલન પાછળ ત્યાંના રાજકારણીઓની સત્તા લાલસા મહત્ત્વનો ભાગ ભજવતી રહી. પબ્લિક એડમિનિસ્ટ્રેશનના ઊંડા અભ્યાસી અને પ્રસિદ્ધ લેખક રાકેશ હૂજાએ એક લેખમાં જણાવ્યું છે : "નાનાં રાજ્યોની પોલિટિકલ માગણીઓ શા માટે ઊઠે છે? અલબત્ત એ માટે સાંસ્કૃતિક, ભાષાકીય, ધાર્મિક અને પોતાના પ્રદેશના વિકાસ માટે પૂરતું ધ્યાન આપવામાં આવતું નથી જેવી ભાવનાત્મક બાબતો તો કારણભૂત હોય જ છે, પરંતુ સૌથી મહત્ત્વનું કારણ રાજકારણ હોય છે. રાજકારણીઓ એમને સત્તા મળે એવી શક્યતાઓને વિસ્તારવા માટે પ્રયત્નશીલ હોય છે. નવું રાજ્ય બને તો મુખ્યમંત્રી, વિવિધ મંત્રીઓ, વિરોધ પક્ષના નેતા, વિધાનસભાના સ્પીકર જેવા હોદ્દાઓ ઊભા થાય છે. સાથે સાથે સરકારી નોકરો પણ માને છે કે નવું રાજ્ય થવાથી એમના માટે ચીફ સેક્રેટરી, સેક્રેટરી, ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ, ચીફ એન્જિનિયર, ડાયરેક્ટર્સ જેવી અનેક નવી જગ્યાઓ ઊભી થાય અને એમને એ સ્થાન મળી પણ શકે."

તેઓ એમના લેખમાં આગળ જતાં બીજી વિગતો તરફ પણ આપણું ધ્યાન ખેંચે છે. સામાન્ય માન્યતા એવી હોય છે કે મોટા રાજ્યના એક હિસ્સાને મળે તે કરતાં જો અલગ રાજ્યનું સ્ટેટસ મળે તો સેન્ટ્રલ ફંડનો વધારે હિસ્સો મળશે. નવા રાજ્ય માટે પાટનગરની જરૂર ઊભી થાય છે. મોટા ભાગના લોકો માને છે કે નવા પાટનગરને લીધે વધારે સુખ સગવડની તકો ઊભી થશે. નાના રાજ્યમાં જિલ્લાઓની સંખ્યા ઓછી હશે એ કારણે વહીવટી દૃષ્ટિએ સુગમતા રહેશે. ઉપરાંત પાટનગર અને જિલ્લા મથકો વચ્ચે અંતર ઘટવાથી સરકારી વહીવટમાં વધારે સંવાદિતા અને પારદર્શકતા આવશે. પ્રજાને પોતાનાં કામો માટે દૂર સુધી જવું પડશે નહીં અને હાડમારી ઘટશે. ટૂંકમાં મોટા રાજ્યની સરખામણીમાં પ્રજાને નાના રાજ્યમાં 'પોતાપણું' વધારે લાગશે એવી માન્યતા પણ લોકોને નાના રાજ્યની માગણી તરફ દોરી જવા પ્રેરે છે.

પરંતુ એવી માન્યતાઓ સામે દલીલ કરી શકાય કે આ બધું તો પ્રાદેશિક સ્તરે વહીવટની મજબૂત સિસ્ટમ ઊભી કરીને પણ હાંસલ કરી શકાય તેમ છે, તો પછી એના માટે દેશનું નાના નાના રાજ્યોમાં વિભાજન કરવાની શી જરૂર છે? ભારતનાં રાજ્યો પર નજર કરીશું તો જણાશે કે મોટાં અને નાનાં, બંને પ્રકારનાં રાજ્યોમાંથી કેટલાંકે પ્રગતિ કરી છે અથવા પાછળ રહ્યાં છે. કોઈ પણ રાજ્યના વિકાસ માટે એની સાઈઝ એકમાત્ર પરિબળ હોઈ શકે નહીં. આજે ટેકનોલોજીનો જે વિકાસ થયો છે એનો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવે તો મોટા વિસ્તારોવાળું રાજ્ય પણ પ્રજાને સુગમ વહીવટીય સગવડો પૂરી પાડી શકે તેમ છે. રાકેશ હૂજા કહે છે તેમ "રાજ્યની સાઈઝ કરતાં ગવર્નન્સ અને વહીવટની ગુણવત્તા, રાજ્યની વસતિમાંથી મળી રહેતી જુદા જુદા ક્ષેત્રોની પ્રતિભાવંત વ્યક્તિઓની સેવા લેવાની તૈયારી અને નેતાઓની દૂરંદેશીતા, નાગરિકોની નિષ્ઠા વગેરે જેવી બાબતો, રાજ્ય બીજા રાજ્યોની સરખામણીમાં વધારે પ્રગતિ કરશે કે નહીં એ નક્કી કરશે."

શક્ય છે કે નાના રાજ્યને કુદરતી અને માનવ સંસાધનોના ક્ષેત્રમાં અછતનો સામનો કરવો પડે. પ્રદેશની ભૌગોલિક સ્થિતિ પણ આર્થિક અને અન્ય વિકાસમાં અવરોધક બને. મોટા રાજ્યની ભૌગોલિક વિવિધતા એક પ્રદેશની ઉણપને બીજા પ્રદેશમાંથી મળી રહેનારી સગવડો દ્વારા પૂરી કરી શકાય છે. નાના રાજ્યની વિરુદ્ધ દલીલ કરનારા કહેશે કે નાના રાજ્યમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સગવડતા ઓછી રહેવાને કારણે એનો વિકાસ કરવા પાછળ ઘણો સમય, વિપુલ નાણાં અને અથાક પ્રયત્નોની જરૂર પડે છે. પરંતુ એની સામે લોકો એવી દલીલ પણ કરી શકે કે મોટા રાજ્યનો હિસ્સો હોવાને કારણે એમના પ્રદેશમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ પર ધ્યાન આપવામાં આવ્યું નથી. એમનાં કુદરતી સંસાધનોનો લાભ બીજા વિસ્તારો લઈ જાય છે અને એમનો પ્રદેશ પછાત જ રહે છે. નાનું રાજ્ય થવાથી જે-તે રાજ્ય પોતાના વિસ્તારમાં એમને જરૂરી એવો ઈન્ફ્રાસ્ટ્રક્ચરિઅલ વિકાસ સાધી શકશે અને વિકાસની તકો વધશે. વ્યાપાર-ઉદ્યોગની નીતિઓ પણ ચોક્કસ પ્રદેશને ખ્યાલમાં રાખીને જ ઘડવામાં આવશે, નહીં કે બૃહદ રાજ્યના અન્ય વિસ્તારોને ખ્યાલમાં રાખીને. જેનો લાભ સીધો જ નાના રાજ્યને મળવા લાગશે.

JAYANT STEELS
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263

જયંત સ્ટીલ્સ
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

સામાન્ય રીતે રાજ્યોનું વિભાજન કરતી વખતે પ્રદેશની ભાષા, સંસ્કૃતિ, સામાજિક વૈવિધ્ય વગેરેને પણ ખ્યાલમાં રાખવા જરૂરી બને છે. ભાષા, લોકવ્યવહાર, સંસ્કૃતિ વગેરે જેવી બાબતોમાં સમાનતા ધરાવતી પ્રજાનો સમૂહ અન્ય પ્રજા સમૂહની સરખામણીમાં એકતાની ભાવનાને વધારે દ્રઢતાથી અનુભવી શકે છે. નાના રાજ્યમાં એના પ્રદેશની હસ્તકળા, લોકપરંપરા, ગૃહઉદ્યોગો વગેરે જેવી બાબતોના વિકાસની વધારે તકો ઊભી થાય છે. નાના રાજ્યના લોકોને પોતાની આગવી જીવનશૈલી, જીવન પરંપરા, લોકકળા વગેરેને બૃહદ ક્ષેત્રે સાબિત કરવાની મથામણ કરવી પડતી નથી. એમને મોટા રાજ્યના અન્ય પ્રદેશોની વિવિધતા સાથે બિનજરૂરી સ્પર્ધામાં ઊતરવું પડતું નથી. નાના રાજ્યની પ્રજા પોતાની અસ્મિતાને વધારે નિકટતાથી અનુભવી શકે છે અને એ લાગણીથી એનામાં તંદુરસ્ત આત્મસન્માનની ભાવના તો જાગે જ છે, એનો આત્મવિશ્વાસ પણ વધે છે.

એની સામે દલીલ કરનારા લોકો કહેશે, આજે જ્યારે ટેકનોલોજીની હરણફાળને લીધે વિશ્વ એક ગામ જેવું બની ગયું છે ત્યારે સંસ્કૃતિ, ભાષા, અસ્મિતાના નામે આવી સંકુચિત માનસિકતાને કોઈ સ્થાન રહ્યું છે ખરું? આજનું બજાર રાજ્ય અને દેશના સીમાડા ઓળંગીને વિશ્વ-બજારમાં ફેરવાઈ ગયું છે ત્યારે કોઈ પણ પ્રદેશ પોતાના જ આંગણામાં સંકોચાઈ જઈને વિકાસ સાધી શકે નહીં. આજે સ્પર્ધા બાજુના દુકાનવાળા સાથે નથી, પણ દુનિયાના કોઈ પણ ખૂણે બેઠેલા દુકાનદાર સાથે છે. જે વાત માર્કેટને લાગુ પડે છે તે જ વાત લોકોની જીવનશૈલી, જીવન પરંપરા, ભાષા-સાહિત્ય-શિક્ષણ-કળાના ક્ષેત્રોને પણ લાગુ પડે છે. સંકુચિત વિચારસરણીના પાયા પર રચાયેલાં નાનાં રાજ્ય એની પ્રજાની અસ્મિતાની ભાવનાને કુંઠિત તો નહીં કરી નાખેને, એવી ચિંતા પણ અભ્યાસીઓ કરવા લાગ્યા છે. આ અને આવી બીજી અનેક બાબતો કચ્છને અલગ રાજ્ય મળવું જોઇએ કે કેમ એ વિષયના સંદર્ભમાં વિચારી શકાય. જો કે આ બાબતે કેટલી ગંભીરતાથી પ્રશ્ન ઉઠાવવામાં આવી રહ્યો છે એ પણ પ્રશ્ન છે. ક્યારેક, તેલંગાણા જેવા નવા રાજ્યની સ્થાપનાનો નિર્ણય લેવામાં આવે ત્યારે, કોઇક જગ્યાએથી એકલદોકલ સૂર સંભળાય છે ખરો, પણ એના વિશે કચ્છી માડુઓ ગંભીર હોય એવું ચિત્ર ઊભું થતું નથી.

માત્ર કચ્છને જ અલગ રાજ્ય હોવું જોઈએ કે કેમ એ વાતનો નાના રાજ્યના સંદર્ભમાં વિચાર કરીએ ત્યારે નાનું રાજ્ય એટલે કેટલું નાનું એ પ્રશ્ન પણ જન્મે છે. કચ્છ એક જિલ્લો છે. એ કારણે એના વિકાસની શક્યતા પણ એક જિલ્લાના વધારેમાં વધારે વિકાસની શક્યતાના સીમાડામાં જ રહેવાની છે. જો આપણે માત્ર કચ્છને એક અલગ રાજ્યના સંદર્ભમાં વિચારણા કરતા હોઈએ તો માત્ર અત્યારનો કચ્છ જિલ્લો જ કે એની સાથે અન્ય વિસ્તારના જિલ્લા પણ ઉમેરાય - એ પ્રશ્ન પણ સામે આવી ઊભો રહે છે. જે જિલ્લાનો વહીવટ એક કલેક્ટર, એક જિલ્લા વિકાસ અધિકારી અને એક ડી.એસ.પી. સંભાળી શકતા હોય તેને રાજ્યનો દરજ્જો આપીને મુખ્ય મંત્રીથી માંડીને રાજ્ય સરકારની આખી ફોજની આવશ્યકતા કેટલી? અને જો કચ્છને અલગ રાજ્યનો પ્રશ્ન સૌરાષ્ટ્ર સાથે જોડવામાં આવતો હોય - સૌરાષ્ટ્ર-કચ્છ સાથે મળીને એક રાજ્ય બને એવો વિચાર ચાલતો હોય કે ઊભો થવાનો હોય - તો કચ્છે ગુજરાત સાથે રહેવું જોઈએ કે સૌરાષ્ટ્ર સાથે, એ મુદ્દાનો પણ તલસ્પર્શી અભ્યાસ કરવો અતિઆવશ્યક થઈ પડે.

કચ્છને અન્યાય થતો આવ્યો છે એ વાત વરસો જૂની છે, પરંતુ એ માટે કચ્છની નેતાગીરી કેટલી સજાગ અને સક્ષમ છે એ પ્રશ્નનો વિચાર પણ કરવો પડે તેમ છે. એક સમયે રાજકીય ક્ષેત્રે જે આગેવાનો સક્રિય હતા એ પેઢીની સજાગતા અને સક્ષમતાનો કેટલો વારસો હવે બાકી રહ્યો છે? કચ્છને સ્વાયત્ત વિકાસ બોર્ડ આપવાની બાબતે પણ આપણી પીછેહઠ થતી રહી છે, તે પણ એવા સમયે, જ્યારે કચ્છ પાસે રાષ્ટ્રીય કક્ષાએ જેમનું વજન પડતું હતું એવા સક્ષમ નેતાઓ હતા.

***56, Ambience Fort, Attapur,***
***Hyderabad 500 048***

**Dalal**
**S. Nitinkumar & Co.**
**CANVASSING AGENT**
115/1-B, Sindhi Commercial Market,
Kalupur, Chokha Bazar, Ahmedabad-380 002.
**Ph. : (O) 22120051, 22124474, 22123210**
**(R) 22867064, 22865433**
**M. : 93761 14024 (Nitinbhai),**
**93772 09530 (Dhami)**
★
● *Sister Concern* ●
**SUCHIT TRADING CO.**
Gali L, No.-12, A.P.M.C. Market No.-2,
Phase-II, Sector-19, Vashi,
New Mumbai-400 703.
Ph. : (022) 27651033, 27651037, 32997068
M. : 93200 89056 (Suchitbhai)

*તક ગુમાવવી એટલે સફળતા ગુમાવવી.*

# અલગ કચ્છ રાજ્ય આજના સંદર્ભમાં જરૂરી ખરું?

*નરેશ અંતાણી*

કચ્છ એક વિશિષ્ટ પ્રદેશ પર્યાવરણની વિભિન્નતાઓ અને અનેક સંસ્કૃતિઓનો સુમેળ ધરાવતો પ્રદેશ હોઈ તેની ખાસિયત પણ અનોખી છે, તો વિસ્તારની દૃષ્ટિએ પણ દેશનો બીજા નંબરનો જિલ્લો અને ગુજરાતનો ચોથા ભાગનો વિસ્તાર ધરાવતો પ્રદેશ છે. તે વાગડથી પશ્ચિમ કચ્છના લખપત સુધી જુદી જુદી વિશેષતાઓ ધરાવે છે. વાગડમાં કચ્છી ભાષા સાંભળવા જ ન મળે તો લખપત કે બન્નીમાં ગુજરાતી જવલ્લે જ સાંભળવા મળે છે.

કચ્છની વિશેષતા અને વિવિધતા જોતાં પ્રથમ નજરે કચ્છ એક જુદું જ રાજ્ય હોવું જોઇએ એમ માનવાને કારણ મળે છે પરંતુ એમ કરવાથી કચ્છનો વિકાસ અને ઉન્નતિ થશે જ એની કોઈ ખાતરી પણ મળી શકતી નથી. એ વળી હવે આજના સમયમાં ટેકનોલોજી અને સાધન સુવિધાઓના વિકાસને જોતાં કચ્છની વિશાળતા તેના વિકાસને આડે આવે એમ નથી.

અલગ કચ્છ અંગેની વાત કરીએ એ પહેલાં આજના કચ્છના રાજકીય વિકાસ પર પણ એક નજર કરવી જરૂરી છે.

આઝાદી પહેલાના રાજાશાહીના કચ્છ રાજ્યનો ઈતિહાસ અહીં ચર્ચવો અપ્રસ્તુત છે અને વળી તેની વાતો અહીં કરવી શક્ય પણ નથી. તેથી આઝાદી પછીના કચ્છના રાજકીય ઈતિહાસ પર ટૂંકી નજર કરીએ.

### ● 'ક' વર્ગનું કચ્છ રાજ્ય :

૧૯૪૮ના માર્ચ મહિનામાં કચ્છના જાડેજા વંશના છેલ્લા રાજવી મહારાવ મદનસિંહજી કચ્છની ગાદી પર આવ્યા ત્યારે કચ્છ સહિતના સમગ્ર ભારતમાં ભારે ઉથલપાથલ ચાલુ હતી અંગ્રેજોની ગુલામીમાંથી દેશ આઝાદ થઈ ગયો હતો અને ભારત-પાક.ના ભાગલા પણ પડી ગયા હતા. કચ્છને સૌરાષ્ટ્ર સાથે જોડવાની વાતો ચાલતી હતી ત્યારે મદનસિંહની રજૂઆતને ધ્યાનમાં લઈ કચ્છને સૌરાષ્ટ્ર સાથે જોડવાને બદલે કેન્દ્ર સાથે સંલગ્ન રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો. જ્યારે સૌરાષ્ટ્રને ધારાસભાવાળા સ્વતંત્ર રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો.

કચ્છનું ભારત સંઘના એક ભાગ તરીકે વિલીનીકરણ ૧લી જૂન, ૧૯૪૮ના દિવસે કરવામાં આવ્યું અને ધારાસભા વિનાના 'ક' વર્ગના રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો. તેના પ્રથમ ચીફ કમિશનર તરીકે સી.કે. દેસાઈની વરણી કરવામાં આવી અને તેમની સહાય માટે સ્થાનિક આગેવાનોની એક સલાહકાર સમિતિની રચના કરવામાં આવી. આ સલાહકારોમાં ગુલાબશંકર ધોળકિયા, રણછોડભાઈ નાથાભાઈ, કૃષ્ણદાસ પંજવાણી, પ્રેમજીભાઈ ભવાનજીભાઈ ઠક્કર, ભવાનજી અરજણ ખીમજી, કાંતિપ્રસાદ અંતાણી તથા ખીમજી માંડણ ભુજપુરિયાનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

### ● બૃહદ મુંબઈ રાજ્ય :

આ પછી તા. ૦૧-૧૧-૧૯૫૬ના બૃહદ મુંબઇ રાજ્યની રચના કરાતાં કચ્છનો 'ક' વર્ગના રાજ્યનો દરજ્જો મિટાવીને તેનો બૃહદ મુંબઈ રાજ્યમાં ગુજરાત અને સૌરાષ્ટ્રની સાથે જ સમાવેશ કરાયો. કચ્છને મુંબઈ વિધાનસભામાં આઠ અને વિધાન પરિષદ માટે એક બેઠક ફાળવવામાં આવી. રાજ્યનું મુખ્ય મથક મુંબઈ હોવાથી ભૌગોલિક રીતે કચ્છ અટૂલું પડી જતું હતું. તેના પ્રશ્નો ઉકેલવામાં અનેક અડચણો પડતી હતી પરંતુ આ દરમ્યાન મહાગુજરાતના આંદોલનનો આરંભ થયો અને તેને સફળતા મળતાં મુંબઈથી ગુજરાત વિખૂટું પડ્યું અને ગુજરાત રાજ્યની રચના કરવામાં આવી. કચ્છના રણનો તેમાં સમાવેશ કરાવામાં આવ્યો.

### ● ગુજરાત રાજ્યનો કચ્છ જિલ્લો :

તા. ૦૧-૦૫-૧૯૬૦થી મુંબઈથી જુદા ગુજરાત રાજ્યની રચના કરવામાં આવી અને કચ્છનો પણ તેમાં સમાવેશ કરવામાં આવ્યો અને કચ્છ એ ગુજરાત રાજ્યના એક જિલ્લા તરીકે અસ્તિત્વમાં આવ્યો અને ત્યારથી કચ્છ પોતાની એક જુદી સંસ્કૃતિ જાળવીને પણ ગુજરાતના એક ભાગ તરીકે, એક જિલ્લા તરીકે રહ્યું છે.

કચ્છના રાજકીય ઈતિહાસની આટલી વિગતો જાણ્યા પછી હવે આજના સંદર્ભમાં સ્વતંત્ર કચ્છ રાજ્યનું અસ્તિત્વ હોવું જોઇએ કે નહીં તે સંદર્ભે જોઇએ તો સ્વતંત્ર કચ્છ રાજ્યની માંગ ખૂબ જ લાંબા સમયથી હવામાં છે અને તે માત્ર વાતો જ રહી છે. તેને માટે કોઇ નક્કર પગલાં ભરવા કોઇ પ્રયાસો થયા નથી, કે નથી કચ્છની જનતાને સીધી રીતે તેમાં જોડવામાં આવી. પરંતુ આ માંગણી કેટલે અંશે વાજબી છે તેની પણ ચર્ચા થવી જોઇએ અને તેની ચર્ચા કરવા માટે મંગલ મંદિરે એક સરસ મંચ પૂરું પાડ્યું છે.

આ અંગેની ચર્ચા કરીએ તો હકીકતમાં જ્યારે કચ્છ 'ક' વર્ગનું રાજ્ય બન્યું ત્યારે જ સરદાર વલ્લભભાઈનો દૃષ્ટિકોણ જુદો જ હતો. તેઓ કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતનું એક જુદુ રાજ્ય જ જોવા માગતા હતા પરંતુ કેટલાક ગતિરોધના કારણે તે સમયે તે શક્ય ન બન્યું અને કચ્છને 'ક' વર્ગનો દરજ્જો મળ્યો. જો કે આ દરજ્જો મળ્યા પછી પણ જે તે સમયના ઈતિહાસ પર

(અનુસંધાન : જુઓ પાના નં.-૪૨ ઉપર)

*અવસર વગર બોલવું વ્યર્થ છે.*

# પ્રવાસન વિકાસ થકી કચ્છ વિકાસના દ્વાર ઉઘાડી શકાય

*પ્રા. પૃથ્વી શાહ*

આજના સમયમાં પ્રવાસન પ્રવૃત્તિ એ માત્ર મનોરંજન કે સમય પસાર કરવાના સ્થળ રહ્યા નથી. કોઈ પ્રદેશની જનતાની અભિરૂચિઓ, ખૂબીઓ, સ્થાપત્ય, સંસ્કૃતિ તેમ જ પરંપરા સમજી રાષ્ટ્રીય એકતાનો સંદેશ ફેલાવવાની ઉત્તમ પધ્ધતિ છે. પ્રવાસન પ્રવૃત્તિના વિકાસ થકી કોઈ પ્રદેશના કુદરતી સૌંદર્ય, ઐતિહાસિક મહત્ત્વ, સંસ્કૃતિ, રીતરિવાજ અને સ્થાનિક વિશિષ્ટતાઓ અને અજાયબીઓથી વિશ્વને પરિચિત કરાવી શકાય છે. ચોક્કસ વિસ્તારના સર્વાંગી વિકાસમાં પ્રવાસન પ્રદાન આપી શકે છે અને વિદેશી હૂંડિયામણની વિપુલ કમાણી કરાવી શકે છે.

કચ્છ પાસે તો સાગરની સમૃધ્ધિ છે, ડુંગરોની હારમાળા છે, વન્ય અભયારણ્ય છે, તીર્થસ્થાનો છે. પોતાની આગવી પ્રાચીન કલા અને સંસ્કૃતિ હોવા ઉપરાંત પરદેશની સરહદો પણ કચ્છ સાથે સંકળાયેલ છે.

કચ્છની ધરતી સંતો, સતીઓ, તપસ્વીઓ, દાનવીરોના ઈતિહાસથી સમૃધ્ધ છે. કચ્છની ખારેક, કેરી, અથાણા વિશ્વવિખ્યાત છે. કચ્છી આભલા-ભરતકામવાળા તોરણ, અજરખ પ્રિન્ટ ચાદરો, બાંધણી સાડીઓ, સૂડી-ચપ્પા, લાકડાનું લાખકામ, રણકતી ઘંટડીઓ, કચ્છી વાદ્યો બેનમૂન ગણાય છે. કચ્છની મીઠાઈઓ જેવી કે ગુલાબપાક, મેસુક, અડદિયા અતિ સ્વાદિષ્ટ હોય છે.

જૂન ૧૯૪૮થી ૧૯૫૬ સુધી કચ્છ 'ક' વર્ગના રાજ્યનો દરજ્જો ધરાવતું હતું. એ સમયે દિલ્હી-મુંબઈથી તેમજ કરાચી ભુજ વિમાની સેવા હતી. મોસમ દરમિયાન મુંબઈથી માંડવી સ્ટીમર સેવા હતી. કંડલાથી નવલખી નિયમિત સ્ટીમલોંચ ચાલતી હતી. કંડલાથી ભુજ ટ્રેન હતી. કચ્છ રાજ્ય વાહનવ્યવહાર બોર્ડ તરફથી પાંચસોથી વધુ વસતિવાળા ગામોને બસ સેવાથી આવરી લેવાયા હતા. ભુજથી કચ્છના પ્રસિધ્ધ સ્થાનકોને બસ સેવાથી સાંકળી લેવાયા હતા.

કચ્છની સંસ્કૃતિનો અભ્યાસ કરવા જેવા અને વિવિધ પ્રકારના ટુરીઝમની રીતે સ્મૃતિમાં સંઘરવા જેવા અનેક સ્થળો કચ્છમાં છે પરંતુ પાછલા પચાસેક વરસમાં આ સ્થળોને પ્રવાસનની દૃષ્ટિએ વિકસાવવા અથવા પ્રવાસીય માળખાકીય સુવિધા ઊભી કરવા પ્રત્યેની ઉદાસીનતાથી દિલ વેદના અનુભવે છે. કચ્છ આવતા પ્રવાસીને પૂર્ણ રીતે કચ્છીયતનો લાભ મળી શકતો નથી.

કચ્છની કલા-સંસ્કૃતિ-ધર્મ સ્થાનો-સંતો-સાહિત્યકારો સોદાગરો-સ્વાતંત્ર્ય સેનાનીઓ - સમાજ સુધારકોની ગાથા વર્ણવતા સ્થળની રચના હજુ કચ્છમાં થઈ નથી.

સમયની સાથે કચ્છમાં લાંબા અંતરની બસ અને ટ્રેન સેવા ઉપલબ્ધ થઈ છે. કલકત્તા, બરેલી, દિલ્હી, બેંગ્લોર, કામખ્યા, જોધપુરથી ગાંધીધામ-ભુજ સુધી ટ્રેન આવતી થઈ છે. સેંકડો યાત્રિકો કચ્છ દર્શન માટે આવતા હશે આ હેતુથી ભુજ-ગાંધીધામ પ્રવાસન માહિતી કેન્દ્ર હોવું જોઈએ. પરંતુ માહિતી મુજબ ગુજરાતની કુલ જમીનના ૨.૫ ટકા ક્ષેત્રફળ ધરાવતા કચ્છમાં પ્રવાસન વિભાગની ઓફિસમાં પટાવાળા અને ક્લાર્ક મળી ભુજ ખાતે માત્ર બે વ્યક્તિઓનો સ્ટાફ છે. પ્રવાસન વિભાગની ઓફિસ ક્યાં છે તે જાણવું સામાન્ય પ્રવાસી માટે દુસ્કર બની રહે છે.

પ્રવાસી કચ્છ આવે ત્યારે તેને પ્રથમ પરવડે એવા દરે હોટલ સુવિધા ઉપલબ્ધ હોવી જોઈએ. કચ્છમાં હોટલ ઉદ્યોગ ખૂબ જ મર્યાદિત છે. સરકાર તરફથી રાહતદરે રહેણાંક સુવિધા અંગે કોઈ પગલાં હજુ લેવાયા નથી.

ભુજ એટલે કચ્છનું પાટનગર. ભુજમાં ઐતિહાસિક હમીરસર તળાવ આવેલ છે. ભુજનું મ્યુઝિયમ ગુજરાતનું પ્રાચીન મ્યુઝિયમ ગણાય છે. ૧૯૮૦થી શ્રી રામસિંહજી રાઠોડ રચિત કચ્છની સંસ્કૃતિના દરેક પાસાને આવરી લેતું મ્યુઝિયમ બન્યું છે. આયના મહેલ જોવું એક સંભારણું છે. કચ્છ જોવા આવનારા સામાન્યતઃ પ્રથમ ભુજ આવશે. પણ ભુજમાં રેલવે સ્ટેશને અથવા બસ સ્ટેન્ડે ભુજના જોવા લાયક સ્થળોની - વાહન વ્યવહારની રહેણાંક સુવિધાની માહિતી મળી રહે એવા આયોજનનો હજુ અભાવ છે.

ભુજમાં કચ્છના હુન્નર ઉદ્યોગની વસ્તુ એક જગ્યાએથી મળી રહે, કલા-સંસ્કૃતિની પ્રવાસીઓને ઝાંખી કરાવાય અને એ સ્થળે સ્થાપત્ય અને કચ્છને લગતી ઐતિહાસિક માહિતી ઉપલબ્ધ હોય એવા ભવન નિર્માણની દિશામાં હજુ પગલાં લેવાયા નથી.

ભુજથી ત્રણ કિ.મી. અંતરે આવેલ માધાપર ગામનું ઘરડાઘર, સ્મશાન, જાહેર વૃક્ષ ઉછેરની વિકસાવાયેલ પધ્ધતિ અભ્યાસ કરવા જેવા છે. ભારત-પાકિસ્તાન વચ્ચે થયેલ યુધ્ધ વખતે આ ગામની મહિલાઓએ સાહસિકતાથી હવાઈ પટ્ટી સમારકામમાં દાખવેલ બહાદુરીથી યાત્રિકોને પરિચિત કરાવવાની જરૂર છે.

ભુજથી માત્ર પાંચ કિ.મી. અંતરે આવેલ ભુજોડી ગામની દિવાલો તોરણ, ચાકડા, છીંકા વગેરેના ભરત-ગુંથણથી સુશોભિત છે. કચ્છની પ્રખ્યાત શાલ એ ભુજોડીનો મુખ્ય ગૃહઉદ્યોગ છે. અહીં ગામના છેવાડે એક ખાનગી ટ્રસ્ટે કારીગરો માટે વિકસાવેલ સ્વરોજગારની જગ્યા એ ત્યાંનું નૈસર્ગિક વાતાવરણ માણવા-અભ્યાસ કરવા જેવું છે. પણ એ ક્ષેત્રે પ્રવાસન વિભાગે હજુ દિલચસ્પી દર્શાવી નથી.

અંજાર એટલે ઈતિહાસ પ્રસિધ્ધ જેસલ-તોરલની સમાધિનું

*'હું અભિમાન કરતો નથી' એના જેવું અભિમાન બીજું કોઈ નથી.*

સ્થળ. જેસલ જાડેજા બહારવટિયો સતી તોરલના ઉપદેશથી સંત બનેલ અને બન્નેએ સાથે અલખની આરાધના જગાવેલ. ચૈત્રી પૂનમે આ સ્થળે મેળો ભરાય છે. દર વરસે હજારો યાત્રાળુઓ આ સ્થળે આવે છે. અંજારનું પુરાતન શિવ મંદિર પણ રક્ષિત સ્મારક છે. આ ઉપરાંત અંજારમાં દેવાલય, શિવાલય, દહેરાસર છે. કચ્છી પ્રિન્ટનું કાપડ બજાર છે સુડી-ચપ્પા, સોના-ચાંદીના ઘરેણા માટે વિખ્યાત છે પરંતુ પર્યટનની માળખાકીય સુવિધા જ નથી. વાસ્તવમાં જેસલ-તોરલની સમાધિ પાસે રહેવાની તેમજ ખરીદી માટેની સવલત વિકસાવવાની જરૂર છે. દૃશ્ય-શ્રાવ્ય માધ્યમથી જેસલ-તોરલની પ્રેરણાદાયી કથા લોકો સમક્ષ રજૂ કરવા આયોજનની જરૂર છે. હાલ તો આ સ્થળે દિવસે ભિખારીઓ અને કૂતરાથી ઉભરાતું અને ગંદકીથી ખદબદતું સ્થળ બની રહ્યું છે. આ સ્થળને જેનામાં કચ્છીયતની ભાવના હોય તે જ વિકસાવી શકે.

કચ્છમાં આવેલ હાજીપીર એ તમામ કોમ માટે ભાઈચારાની ભાવનાનું દૃશ્ય ખડું કરતું શ્રધ્ધાનું ધામ છે. ચૈત્ર મહિનામાં અહીં મેળો ભરાય છે. દૂર-દૂરથી શ્રધ્ધાળુઓ અહીં પગપાળા આવે છે. હાજીપીર એ શહાદતની ગાથાનું સ્થળ છે. આવું બીજું સ્થળ ભુજથી ૧૩૦ કિ.મી. અંતરે આવેલ ઝારા ડુંગર છે. ૧૭૬૨માં એ સ્થળે યુધ્ધ થયેલ. સિંધના બાદશાહ સાથે થયેલ યુધ્ધમાં ભારે ખુવારી થયેલ પરંતુ કચ્છી લશ્કરની વીરતાને લીધે બાદશાહ યુધ્ધનું મેદાન છોડી રવાના થઈ ગયેલ. આ યુધ્ધમાં પચાસ હજારથી વધુ ખુવારી થયાનું કહેવાય છે. વતન માટે શહાદત વહોરનારની યાદમાં આ બન્ને સ્થળોને પ્રવાસની રીતે વિકસાવવાની જરૂર છે. દૃશ્ય-શ્રાવ્ય માધ્યમથી તેમજ યોગ્ય રસ્તાથી આ સ્થળને વિકસાવવાના પગલાં લેવામાં ઘણું મોડું થઈ ચૂક્યું છે.

કચ્છના ભચાઉ તાલુકામાં આવેલ ધોળાવીરા ખાતે હડપ્પન સંસ્કૃતિના અવશેષ પ્રાપ્ત થયા છે. ધોળાવીરાની નગરરચના અને મળેલ ચીનાઈ માટીના વાસણો, ઓજારો, આભૂષણો પરથી કચ્છની ધરતી પર હજારો વરસ અગાઉ સુસંસ્કૃતિ માનવ વસતિ અને નગર રચનાનો ખ્યાલ મળે છે પરંતુ પુરાતત્ત્વમાં રસ ધરાવનાર આ સ્થળની મુલાકાત લે છે ત્યારે તેને પડતી હાલાકી અંગે પ્રવાસન વિભાગે અભ્યાસ કરવા જેવો છે.

અબડાસા તાલુકો જૈનધર્મની પંચતીર્થી માટે જાણીતું છે. સુથરી, કોઠારા, નલિયા, જખૌ, તેરાના પ્રાચીન કોતરણીવાળા દહેરાસરના દર્શન મનને શાંતિ આપે છે. અલબત્ત આ સ્થળોએ રહેવા-ભોજનશાળાની વ્યવસ્થા જૈન લોકોએ જ વિકસાવી છે.

નારાયણ સરોવરની ગણના દેશના ચાર પવિત્ર સરોવરમાં થાય છે. અહીં ત્રિકમરાય, આદિનારાયણ, લક્ષ્મીનારાયણ, મહાલક્ષ્મી વગેરે મૂર્તિઓ પ્રભાવક છે. દર વરસે કારતકી પૂનમના અહીં મેળો ભરાય છે. આ ઐતિહાસિક સ્થળના વિકાસ પ્રત્યે થોડા સમયથી સરકાર લક્ષ આપી રહી છે. અહીં પ્રવાસન નિગમ તરફથી માહિતી કેન્દ્ર બનાવાયું છે. યાત્રાળુઓ માટે રહેણાંક સુવિધા વધારાઈ છે. નારાયણ સરોવરથી બે કિ.મી. અંતરે આવેલ કોટેશ્વર ખાતે પ્રવાસન નિગમ તરફથી સનસેટ પોઈન્ટ વિકસાવાઈ રહ્યું છે.

લખપત તાલુકામાં મડ ગામમાં આશાપુરાજીનું મૂળ સ્થાનક છે. આઈ આશાપુરા એટલે જાડેજા વંશના ઈષ્ટદેવી. દર વરસે આસો મહિનામાં અહીં મેળો ભરાય છે.

આ ઉપરાંત માંડવી નજીક બોંતેર જિનાલય અને ભદ્રેશ્વરનું પ્રાચીન તીર્થ કચ્છમાં છે, જે જોવાલાયક છે.

કચ્છમાં પ્રવાસન નિગમની દેખરેખ હેઠળ દર વરસે રણ ઉત્સવ ઉજવાય છે. આ માટે રણમાં ધોરડો ખાતે ભૂંગા બનાવાયા છે. રણ ઉત્સવ વખતે ફોટો ગેલેરી, રમત-ગમત, ફુડ કોર્ટ, સાંસ્કૃતિક કાર્યક્રમ અને આસપાસનો પ્રવાસ કાર્યક્રમ ગોઠવાય છે. પરંતુ ત્રણ દિવસ એ.સી. ભૂંગામાં રહેવાના પંદર હજારથી વધુ ઉઘરાવાય છે. આ સ્થળે પ્રવેશ ફી સો રૂપિયા લેવાય છે. પરિણામે દેશનો સામાન્ય યાત્રિક આ સ્થળ જોવા અસમર્થ બને છે.

કચ્છમાં તો પગપાળા ટ્રેકિંગના અનેક સ્થળો છે. કાળો ડુંગર, ધીણોધર વિસ્તાર આડેસર ગામથી પંદર કિ.મી. અંતરે રણમાં આવેલ નંદા બેટ, માંડવી દરિયા કિનારાનો વિસ્તાર. પણ આ સ્થળોના વિકાસ માટે રહેણાંક અને ભોજન સુવિધા પ્રાથમિક અનિવાર્ય જરૂરિયાત છે.

કચ્છમાં તો ભૂસ્તર ટુરીઝમને પણ ખૂબ અવકાશ છે. અહીંની મગમાટી જેને બેન્ટોનાઈટ કહે છે તેની અખાતી દેશો અને અમેરિકામાં નિકાસ થાય છે, લિગ્નાઈટ કોલસામાંથી વીજળી પેદા થઈ શકે છે. અહીંની સફેદ માટી ચાઈના ક્લે તરીકે પ્રખ્યાત છે. ભુજ-અંજાર-અબડાસા તાલુકામાં તે વિપુલ પ્રમાણમાં છે. તેમાંથી હૂંડિયામણ મળી શકે છે. લાઈમ સ્ટોન તરીકે ઓળખાતા અને સિમેન્ટ ઉદ્યોગ માટે જરૂરી ચુનાના ખડકો પશ્ચિમ કચ્છમાં છે. કચ્છના ખડકો અને તેમાં રહેલ અશ્મિઓના અભ્યાસ માટે ભૂસ્તરશાસ્ત્રીઓ અને એ ક્ષેત્રના વિદ્યાર્થીઓ કચ્છ આવે છે. આવા સ્થળે જીઓટુરીઝમ વિકસાવી શકાય. પણ એ ક્ષેત્રે સંપૂર્ણ દુર્લક્ષ સેવાયું છે. ખોદકામથી ફેલાતા પ્રદૂષણ અને રોગચાળા પ્રત્યે પણ આંખ આડા કાન થાય છે.

કચ્છનો વિસ્તાર ઘણો વિશાળ છે. તેથી વિસ્તારનાં પ્રમાણમાં યાત્રિકોની સુવિધા માટે વિશાળ પ્રમાણમાં પે એન્ડ યુઝ શૌચાલયની ઉણપ જણાય છે.

આમ કચ્છમાં ભાતીગળ ગ્રામ્ય પ્રવાસન, રણ ટુરીઝમ, પુરાતત્ત્વ ટુરીઝમ, મેળા ટુરીઝમ, દરિયાઈ બોટીંગ વગેરેનું ટુરીઝમ, ભૂસ્તરીય ટુરીઝમ, ધાર્મિક ટુરીઝમ વિકસાવવાને અવકાશ છે. હજુ મર્યાદિત પ્રમાણમાં રણ ટુરિઝમ વિકસાવાયું છે. જૂના જમાનાના

*માણસ જેટલો નાનો તેટલો તેનો અહંકાર મોટો.*

મહેલોને હોટલમાં પરિવર્તિત કરી તેને રહેણાંક તરીકે વિકસાવી શકાય એમ છે.

પ્રવાસનના વિકાસ માટે યાત્રિકો માટે જોવાલાયક સ્થળોની સવારથી સાંજની સાઈટ સીઈંગ બસ તેમજ બે કે ત્રણ દિવસના પેકેજ ટુર રાહતદરે ચલાવવાની જરૂર છે. એ સ્થળે રહેણાંક - ભોજન વગેરેનું આયોજન જોઇએ. પરંતુ ભુજમાં તો આવનાર પ્રવાસીને આવકારવા અને માર્ગદર્શન આપવાની પ્રાથમિક સુવિધા જ નથી. રણ ઉત્સવની જાહેરાત માટે ફિલ્મ બનાવવી અને બ્રાન્ડ એમ્બેસેડર બનાવાયેલ કલાકારને અને તેમના યુનિટને સાચવવા પાછલા ત્રણેક વરસમાં સરકારે જેટલો ખર્ચ કર્યો એ ખર્ચમાં ભુજમાં અદ્યતન રહેણાંક સવલત ઊભી થઇ શકત. પ્રવાસીઓને કાયમી ધોરણે પ્રાથમિક માળખાકીય સુવિધા પ્રાપ્ત થઇ શકત. કચ્છનું પ્રવાસન ઉદ્યોગ કાયમી ધોરણે સરકારને જેટલી આવક, વિદેશી હૂંડિયામણ અપાવી શકે છે એ દિશામાં ઉત્સવપ્રિય અધિકારીઓએ ગંભીરતાથી લક્ષ આપ્યું જણાતું નથી.

કચ્છમાં પ્રવાસનનો વિકાસ વ્યવસ્થિત થાય તો હોટલ ઉદ્યોગ વિકસે. વાહન વ્યવહારનો વિકાસ થાય. પ્રવાસન સંબંધિત ઉદ્યોગ જેવા કે હોટલ, પાણી, પાનના ગલ્લા, ચાની લારીઓ વધે અને સ્થાનિક કક્ષાએ રોજગારી પણ વધે. કચ્છની સંસ્કૃતિ અને કચ્છી કારીગરીને વેચાણથી પ્રોત્સાહન મળે. હાલ રાજયના એક જિલ્લા તરીકે પ્રવાસન વિકાસની ગ્રાન્ટ મળે છે તેને બદલે કચ્છ જો અલગ રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવે તો કેન્દ્ર સરકાર તરફથી તે એક રાજય તરીકે ગ્રાન્ટ મેળવી શકે અને ઉત્તરાખંડ રાજયમાં જે રીતે પ્રવાસન વિકાસ થયો છે તે કરતાં કચ્છમાં પ્રવાસન વિકાસની અને પ્રવાસન થકી જનતા માટે રોજગારીની તક વધવાની અને રાજ્ય માટે આવકના સાધનો વધવાની અનેક તક રહેલી છે. પ્રવાસન સ્થળે કચ્છી કલાકારોના કાર્યક્રમ ગોઠવી તેમને આર્થિક રીતે પ્રોત્સાહિત કરી શકાય. કચ્છી કલા-સાહિત્ય-સંગીત-સંસ્કૃતિને ગૌરવ અપાવી શકાય. કચ્છમાં પ્રવાસન વિકાસ થકી કચ્છના સર્વાંગી વિકાસની વિપુલ શક્યતા જોતાં કચ્છના ભાવિ અંગે જનતા પ્રતિભાવ આપે એ ઉચિત રહેશે.

*(પૃથ્વી શાહ નિવૃત્ત પ્રાધ્યાપક છે. એમના ત્રણ વાર્તાસંગ્રહ ગુજરાતીમાં પ્રગટ થયા છે. હિન્દીમાં એક કાવ્ય સંગ્રહ છે. કાશ્મીર સમસ્યા પરનું તેમનું પુસ્તક પ્રસિધ્ધિ પામ્યું હતું. માનસિક રોગીઓ અંગે તેમના અનેક લેખ છપાયા છે. કચ્છની વિવિધ સમસ્યાઓ અંગે ગુજરાત સમાચાર જેવા માતબર અખબારમાં તેમના લેખો વિગતે છપાયા હતા. દૈનિક ગાંધીનગર સમાચારમાં કોલમિસ્ટ તરીકે સેવાઓ આપી હતી. શૈક્ષણિક ધાર્મિક, સમાજના જરૂરિયાતમંદ લોકો માટે તેમનું દાન નોંધનીય છે.)*

***પ્રા. પૃથ્વી શાહ – મો. ૯૮૨૪૬ ૬૬૧૦૮***

## અલગ કચ્છ રાજ્ય આજના સંદર્ભમાં જરૂરી ખરૂં?

**(અનુસંધાન : પાના નં.-૩૯ ઉપરથી ચાલુ)**

નજર કરીએ તો પણ કચ્છનો જોઇએ તેવો વિકાસ તે સમય ગાળામાં દેખાતો નથી.

ગુજરાત રાજયમાં કચ્છનો સમાવેશ કરાયા પછી છેલ્લા સાડા પાંચ દાયકા પર નજર કરીએ તો આરંભના વર્ષોમાં કચ્છ એક પછાત જિલ્લો લેખાતો હતો તે હવે જોવામાં આવતું નથી અને તેમાંય છેલ્લા દોઢ દાયકામાં ધરતીકંપ પછી જે ઝડપે અનેકવિધ ક્ષેત્રમાં કચ્છનો નેત્રદીપક વિકાસ થયો છે તે ઊડીને આંખે વળગે તેવો રહ્યો છે. કચ્છની વર્ષો જૂની માંગણીઓ પૈકી બહુધા માગણીઓ સંતોષાઇ પણ છે.

ગુજરાતના લોકજીવનના વિવિધ ક્ષેત્રોમાં કચ્છી સમાજનું પ્રદાન અને કચ્છીઓની તેમાં પ્રભાવક ભૂમિકા પણ રહી છે તે જોતાં કચ્છ હવે ગુજરાત સાથે અનેક તાણાંવાણાંઓથી જોડાઇ ગયું છે. ગુજરાત રાજયના હાલના મોડેલમાં કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતી જનસમાજ વચ્ચે ભાવાત્મક તાદાત્મ્યતા પણ અનુભવી શકાય છે.

આમ છતાં નર્મદાના પાણીની આ પ્રદેશની વાજબી માગણી હોવા છતાં તેની ફાળવણીમાં કરાતો અન્યાય નજરઅંદાજ કરી શકાય તેમ નથી. આ ઉપરાંત વિકાસના અન્ય ક્ષેત્રો તથા પ્રશ્નોમાં પ્રસંગોપાત અનુભવાતો અન્યાય પણ આ જિલ્લાની જનતાને દુઃખી કરે છે. આ કારણે જ કચ્છમાં ક્યાંક ક્યાંક અલગ કચ્છની માંગણીની ચિનગારી ટમટમાતી જોવા મળે છે, પરંતુ આવી લાગણી કે માંગણીમાં કચ્છના બહુજન સમાજનો સહકાર હોય તેમ લગીરે જણાતું નથી. અને વળી અલગ કચ્છની માંગણી આરંભાઈ ત્યારની પરિસ્થિતિ અને આજની પરિસ્થિતિમાં પણ મોટો તફાવત છે. આજે સાધન-સુવિધા અને ટેકનોલોજીના વિકાસ પછી કચ્છનો મોટો વિસ્તાર એ આ માંગણીના કારણ માટે ટકી શકે તેમ પણ નથી.

હા, આમ છતાં મોટા વિસ્તારને કારણે વહીવટી અસુવિધા થતી હોઈ શકે, પણ તેના હલ માટે વહીવટી વિભાજન એ એક ઉપાય છે અને તેનો કેટલેક અંશે અમલ પણ કરાયો છે અને આ અમલીકરણ પછી વહીવટી સરળતા પણ જોઈ શકાઈ છે.

આથી ગુજરાતનો બહુજન સમાજ કચ્છની આ લાગણીને સમજે અને કચ્છને પોતાની સોડમાં જ રાખે એ હિતાવહ અને કચ્છના હિતમાં પણ છે.

***૨૨/બી, શિવમ પાર્ક, નાના યક્ષ મંદિર પાસે,***
***રિંગ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.***
***ફોન : ૨૪૩૨૪૨, મો. ૯૯૯૮૨ ૨૦૪૭૮***

**સાંઘવ-રત્ન સ્વ. પૂ.શેઠ શ્રી મુરજી રાઘવજી લોડાયાના સ્મરણાર્થે....**

**MRL CLEARING AND FORWARDING PVT. LTD.**
(CHA No. 11/374)

MRL GROUP

13/B, Sucheta Niwas, 285, Shahid Bhagat Singh Road, Fort, Mumbai-400 001.
Tel. : +91 22 22661380 / 22661600 Fax : +91 22 22703624
E-mail : imp@mrlshipping.com Web : www.mrlshipping.com

**Clearing, Forwarding & Shipping Agents**

# કચ્છ : એક અલગ રાજ્ય
# ફાયદા અને ગેરફાયદા

*જયકુમાર સંઘવી*
*પૂર્વ ધારાસભ્ય*

કચ્છમાં વારંવાર 'કચ્છને અલગ રાજ્ય'ની માંગ પત્રકાર પરિષદ મિલન દ્વારા જાહેરસભા અને અખબારી નિવેદન દ્વારા ઉપડતી હોય છે. તેનાથી કેટલા ફાયદા અને કેટલા ગેરફાયદા જોવામાં આવે તો તેનો કયાસ કાઢવો અઘરો છે.

કચ્છનું અલગ રાજ્ય થાય તો કચ્છ સરહદી પ્રદેશ છે. તેથી તેની હિફાજત સારી રીતે કરી શકાય કારણકે વિસ્તારની દૃષ્ટિએ મોટો પણ વસતિની રીતે નાનો પ્રદેશ છે. તેથી કચ્છની પોતાની આગવી સરકાર હોય તો સારી રીતે સુરક્ષા કરી શકાય.

વસતિ ઓછી અને વિસ્તાર મોટો. તે જોતાં સરકાર શિક્ષણ, આરોગ્ય, પાણી - પુરવઠા, કાયદો અને વ્યવસ્થા, નર્મદા નીર બાબતે આજે કચ્છ ગુજરાતનું અંગ હોવાને કારણે કચ્છીઓનો અવાજ સંભળાતો નથી અને કચ્છીઓની હંમેશાં અન્યાય અને ઉપેક્ષા થતી હોય તેવી લાગણી ઊભી થાય છે, તે અલગ રાજથી દૂર થઈ શકવાની શક્યતા રહે છે.

અલગ રાજ્ય ન હોવાને કારણે કચ્છની દરિયાઈ આવક, ખાણ - ખનીજની આવક તેમજ વાહન વ્યવહારને કારણે થતી આવક જે આજે ગુજરાત અને કેન્દ્ર સરકારની તિજોરીમાં ઠલવાય છે, પરંતુ કચ્છને તેનું વળતર પણ પૂરું મળતું નથી. તેથી અલગ રાજ્યની કચ્છીઓની માંગણી વાજબી દેખાય છે.

કચ્છીઓનું સ્વતંત્ર રૂપકડું રાજ્ય બની શકે. જેથી તમામ વહીવટ કચ્છમાંથી થઈ શકે. તેથી કચ્છની ભૌગોલિક, સાંસ્કૃતિક, અસ્મિતા, ઐતિહાસિક અને આધ્યાત્મિક વારસાને ઉજાગર કરવાની સુવર્ણ તક મળી શકે.

કચ્છી ભાષાને પણ મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત થાય. જેથી કચ્છી ભાષાની અસ્મિતા અને કચ્છીયત જળવાઈ રહે.

કચ્છમાં જ કચ્છની યુનિવર્સિટી, કોલેજ કે અન્ય શિક્ષણ સંસ્થાઓ ઊભી થાય. જેથી કચ્છની સંસ્કૃતિની ઓળખ વિશ્વને કરાવી શકાય.

રાષ્ટ્રને માટે ન્યોચ્છાવર થનાર, આઝાદીની લડત કરનાર અને કચ્છ માટે પસીનો અને લોહી વહેવડાવનાર મહાનુભાવોની સ્મૃતિ કંડારવામાં ભાગ્યશાળી બની શકાય.

પરંતુ વિશાળ સંખ્યા ધરાવતી જાતિનું વર્ચસ્વ વધી જાય. જેથી નાની નાની જ્ઞાતિઓને ભોગ બનવું પડે. જેનાથી જ્ઞાતિ - જ્ઞાતિ અને કોમ - કોમ વચ્ચે દીવાલ ઊભી થવાની ભીતિને કારણે વિકાસના પૂરતા ફળ ચાખવા મળે નહીં અને વિવાદ વધે. જે અલગ કચ્છનું ઉધાર પાસું બની રહે.

કચ્છ રણ, દરિયો અને નાના નાના પહાડોથી બનેલો પ્રદેશ છે. તેથી કચ્છની આગવી ઓળખ મોટે પાયે વિશ્વને કરાવી શકવાની ભવ્ય અને ઉજ્જવળ તક કચ્છને અલગ રાજ્યથી મળી રહે. જેથી કચ્છને પર્યટન ધામમાં ઉપસાવી શકાય.

કચ્છની વસતિ પ્રમાણે ધારાસભ્ય અને લોકસભા, ગ્રામ પંચાયત, તાલુકા અને જિલ્લા પંચાયત અને નગરપાલિકામાં કચ્છને વિશેષ સ્થાન મળી શકે અને પ્રતિનિધિત્વ સંખ્યા વધી શકે. જેનાથી છેવાડાના વિસ્તારને લોકતંત્રના સીધા ફાયદા થઈ શકે કારણકે કચ્છનો વહીવટ કચ્છીઓના હાથમાં હોવાને કારણે શક્ય બની શકે.

અલગ રાજ્યને કારણે વહીવટીતંત્ર પાસેથી સારી રીતે કામગીરી કરાવી શકાય કારણકે કચ્છના પ્રશ્નોનો નિવેડો કચ્છમાં જ થઈ શકે, જે અલગ રાજ્યનું ઉજ્જવળ પાસું બની શકે.

અલગ રાજ્ય થાય તો અનેક સરહદી પડકારોનો સામનો કરવો પડે. જેવા કે સરહદી વિસ્તારમાંથી થતી ઘૂસણખોરી, દેશદ્રોહી પ્રવૃત્તિ, શસ્ત્રોની હેરાફેરી વગેરે માટે અન્ય રાજ્યો અને કેન્દ્ર સરકારની નિગેહબાની હેઠળ કામ કરવું પડે. જેનાથી સમસ્યા વકરવાનો ભય રહે.

કચ્છમાં એક સરકાર હોય અને કેન્દ્રમાં અન્ય પક્ષની સરકાર હોય તો અલગ અલગ વિચારધારા ટકરાવાને કારણે નાનકડા રાજ્યને ઘણું ભોગવવું પડે.

નાનકડા રાજ્યને સતત કેન્દ્ર સરકારની કૃપા પર જીવવું પડે. જેથી કચ્છનું આત્મગૌરવ હણાય અને જેને કારણે પ્રગતિ રૂંધાય.

નાના નાના રાજ્યોને વારંવાર કેન્દ્ર સરકારની દરમ્યાનગીરીનો સામનો કરવો પડે છે. જેમાં સંઘર્ષ થાય અને જેને કારણે નાના

**(અનુસંધાન : જુઓ પાના નં.-૪૪ ઉપર)**

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥
**રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી**
''ધુલ્લા વિલા'', બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

# કચ્છ : એક અલગ રાજ્ય ફાયદા અને ગેરફાયદા

*ખુશમન ગુલાબચંદ શાહ*

કચ્છને અન્યાય થઇ રહ્યો છે અને જો તેનું પોતાનું અલગ રાજ્ય થાય તો વિકાસ થઇ શકે એ માન્યતાને કારણે અવારનવાર અલગ રાજ્યની ચળવળ ઉપડે છે. પણ અલગ રાજ્ય થવાથી શું તેની સમસ્યાઓનું નિરાકરણ થઇ શકશે? આ માટે નીચેનાં મુદ્દાઓ ધ્યાનમાં રાખવા જરૂરી છે.

૧. જે સમસ્યાઓ કેન્દ્ર સરકારની નીતિનાં કારણે છે તે શું અલગ રાજ્ય થવાથી દૂર થઇ શકશે? શું રાષ્ટ્રીય સ્તરે કચ્છનાં પ્રતિનિધિ કચ્છનાં પ્રશ્નોની રજૂઆત કરી શકશે? અત્યારે સમગ્ર ગુજરાતનાં ૨૬ MP છે જેઓ રજૂઆત કરવામાં સફળ નથી થતા તો કચ્છના MP સફળ થશે?

૨. રેલવે મંત્રાલય સમક્ષ કચ્છને દેશનાં અન્ય શહેરોથી જોડતી ટ્રેન સેવાઓ પૂરતી નથી. અને તે માટે શું કચ્છની સરકાર નક્કર પગલાં લઇ શકશે?

૩. કચ્છમાં બીજા પ્રાંતનાં લોકો વર્ષોથી સ્થાયી થયા છે. આ બિનકચ્છીઓ પણ જે અલગ સરકાર બને તેમાં અગત્યનો ભાગ ભજવે. મુખ્યમંત્રી તથા અન્ય મંત્રીઓ/ધારાસભ્યો બિનકચ્છી નહિં આવે તેની શું ખાતરી? અને કચ્છની સંસ્કૃતિ તથા ધરોહરને કેટલું જાળવી શકશે અને તેમને તેમાં એટલો રસ હશે?

૪. કચ્છની અમુક ટ્રેનો ગાંધીધામથી ઉપડે છે તથા ટર્મિનેટ પણ ત્યાં થાય છે. શું આ ટ્રેનો ભુજ સુધી લંબાવી ન શકાય? પરંતુ ગાંધીધામની સંસ્થાઓ વધારે શક્તિશાળી છે અને યોગ્ય જગ્યાએ યોગ્ય રજૂઆત કરી શકે છે. જે માટે કચ્છના અન્ય પ્રજાજનો ઓછા સક્ષમ છે.

૫. કચ્છનાં પ્રજાજનોને બહારની દુનિયાનો ઓછા exposure છે તથા તેમનું હિંદી તથા અંગ્રેજીનું જ્ઞાન ઓછું છે. શું IAS લોબીને કચ્છની સરકારના મંત્રીઓ/ધારાસભ્યો કંટ્રોલ કરી શકશે તથા કચ્છનું હિત સાચવવા સફળ થશે?

જો કચ્છની અલગ સરકાર બને તો મુઠ્ઠીભર લોકોને જરૂર ફાયદો થાય. મંત્રીઓ/ધારાસભ્યોના પગાર/ભથ્થા વગેરેનાં પુષ્કળ ફાયદા થાય. બાકી આમ જનતાને ફાયદો થવાની શક્યતા ઓછી છે.

અંતમાં કચ્છનાં પ્રજાજનોમાં જાગૃતિ લાવવી જરૂરી છે અને પોતાની સમસ્યાઓ માટે બધી સંસ્થાઓ તથા રાજકીય પાર્ટીઓ એક મંચ પર આવે અને સમસ્યાઓનાં નિરાકરણ માટે સર્વે એક થઇને કામ કરે. કચ્છની બહાર વસતી કચ્છી પ્રજા તેમજ સંસ્થાઓ પણ આગળ આવે તથા સત્તાધીશો સમક્ષ યોગ્ય રજૂઆત કરે. અમદાવાદના શ્રી કચ્છી જૈન સેવા સમાજે વર્ષોથી નર્મદાના નીર માટે ઝુંબેશ ઉપાડેલ છે તેમજ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની રચના પણ કરેલ છે. આવી જ ધગશ તથા મહેનત સર્વે કચ્છીઓ કરે તો કચ્છ જરૂર આગળ વધી શકે.

*૪૦૨, વાત્સલ્ય એપાર્ટમેન્ટ-૨*
*નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.*
*મો. ૯૮૭૯૫ ૫૨૨૧૦*

## કચ્છ : એક અલગ રાજ્ય – ફાયદા અને ગેરફાયદા

**(અનુસંધાન : પાના નં.-૪૩ ઉપરથી ચાલુ)**

રાજ્યોને ભોગ આપવો પડે છે તેવું કચ્છ અલગ રાજ્યને પણ ભોગવવું પડે.

કચ્છના અલગ રાજ્યને કારણે સ્થાનિક લોકોને રોજગારી સ્થાનિકે મળી શકે. આ રીતે બેકારી અને બેરોજગારીનો પ્રશ્ન સારી રીતે હલ થઈ શકે. આજે જ્યારે ગુજરાતનો અંગ કચ્છ છે, તેથી કચ્છમાં સ્થાપિત થયેલા ઉદ્યોગોમાં કચ્છીઓને રોજગારી મળતી નથી. પરંતુ કચ્છના અલગ રાજ્યને કારણે કચ્છીઓને ન્યાય મળી શકવાની શક્યતા રહે.

કચ્છના અલગ રાજ્યના ભ્રષ્ટાચાર અને તુમારશાહી પર અંકુશ આવી શકે કારણકે સ્થાનિક લોકોના હાથમાં વહીવટીતંત્ર હોવાને કારણે આંખ શરમને કારણે પણ લાજશરમ પડખે મૂકીને તંત્રને વિકાસની અને અન્ય વ્યક્તિગત સાચી સમસ્યાઓને હલ કરવી પડે. ત્યારે સ્થાનિકે જ સ્થાનિક લોકો દ્વારા તંત્ર ચલાવવાનું હોવાને કારણે રીઢા તંત્રવાહકો ઓળખની શરમને નેવે મૂકીને પોતાની રીતે વહીવટ કરી લઈને કચ્છ રાજ્યનો ગેરલાભ લઈ લે, જે ભારે નુકસાનકારક બની જાય.

કચ્છને કચ્છના વિકાસ માટે કેન્દ્ર સરકાર કે અન્ય સહાય પર રહેવું પડે. જેનાથી કચ્છ કેન્દ્ર સરકાર કે અન્ય સંસ્થાઓનું ખંડિયું રાજ્ય બની જાય જેનાથી વિકાસ અવરોધાય.

કચ્છમાંથી કચ્છના સંપૂર્ણ વિકાસ માટે નાણાંકીય સ્રોત પૂરતા પ્રમાણમાં ઊભા કરી શકે નહિ. પરિણામે કચ્છનું અલગ રાજ્ય અને તેની પ્રગતિ રૂંધાવાની શક્યતા રહે.

આ રીતે કચ્છના અલગ રાજ્ય માટે અનેક ફાયદાઓ અને ગેરફાયદા છે પરંતુ લાગણીવેડા ચાલે નહીં.

અને ભ્રમ પેદા કરે તેવા આંકડાથી નહીં પરંતુ વાસ્તવિકતાથી વિચારવામાં આવે તો અલગ રાજ્યના લેખા-જોખાં થઈ શકે. ■

*અભિમાન કરનાર માનવીનું પતન નિશ્ચિત હોય છે.*

# કચ્છી બિઝનેસ ડિરેક્ટરી

• હંસરાજ કંસારા •

ડાયરી, ડિક્શનરી અને ડિરેક્ટરી જરૂર પડે ત્યારે અને જરૂર પૂરતી વિગતે જ જોવાય. પરંતુ હાલમાં જ અમદાવાદમાં વસતા કચ્છી પરિવારો માટે એક બિઝનેસ ડિરેક્ટરી પ્રકાશિત થઈ છે, કે જે, કચ્છી વાચકને તત્પુરતું કોઈ વ્યવસાયિક સરનામું શોધવું ન હોય તો પણ વાંચવાનું મન થાય તેવી છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા પ્રાયોજિત આ ડિરેક્ટરી ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલયના સૌજન્યથી પ્રકાશિત થઈ છે. ૩૪૮ પૃષ્ઠની આ ડિરેક્ટરીમાં, બૃહદ અમદાવાદમાં વસતા અને વિવિધ ક્ષેત્રે પ્રવૃત્ત કચ્છી વ્યવસાયિકો અને ઉદ્યમીઓ તેમજ સરકારી, ગૈર સરકારી અને ખાનગી ક્ષેત્રે સેવારત કચ્છી પ્રોફેશનલ્સનાં નામ - સરનામાં આપેલાં છે. વિગતો વિભિન્ન વ્યવસાયિક કેટેગરીઝમાં વિભાજિત અને ક્રમાંકિત છે. જેથી વાચકો, એમને જોઇતી માહિતી સરળતાથી શોધી શકે.

આ ડિરેક્ટરી અમદાવાદમાં વસતા ઘણા કચ્છી પરિવારોએ જોઈ હશે. એમાંના કેટલાક કદાચ, "... જરૂર પડે ઉપયોગ કરશું." એમ કહી એને કોરાણે મૂકી દીધી હશે. તો બીજા કેટલાક કચ્છી વાચકોએ, એમાંની વિગતો સમય મળે નિરાંતે જોઇ જવાનું વિચાર્યું હશે. કારણકે આ ડિરેક્ટરીમાં પ્રેષિત પ્રત્યેક નામ સરનામાં સાથે 'કચ્છી' શબ્દ સંકળાયેલો છે. સ્પંદનો સાથે વતનની વહાલપ અને ધરતીની ધરપતનો અહેસાસ થાય છે.

આ ડિરેક્ટરીનાં પૃષ્ઠો પલટતાં, અમદાવાદમાં વરસોથી રહેતા કોઈ કચ્છી માડુને, કદાચ, એના કોઈ બાળમિત્રની ભાળ મળશે. તો કોઈ બીજા કચ્છી વાચકને ડિરેક્ટરીનાં સરનામાં જોતાં બે ચાર સ્થળે એના ગામનું નામ જોવા મળશે. આમ આ ડિરેક્ટરી માત્ર વ્યવસાયલક્ષી ન રહેતાં કચ્છીઓ માટે હમવતનની ની હૂંફની હામી બનશે. કચ્છથી બહાર વસતા કચ્છીઓ માટે પરસ્પર સંપર્ક અને સંવાદનું સાધન બનશે. અને એટલેજ સૌ કોઈ કચ્છીને મન આ ડિરેક્ટરી અમસ્તી પણ વાંચન માટે રસપ્રદ રહેશે.

કચ્છી બિઝનેસ ડિરેક્ટરીની આ ભાવનાત્મક આડપેદાશની સંભાવના લક્ષ્યમાં લઈ, એમાં જે માહિતી છે, તેનું થોડું અલગ દૃષ્ટિએ અવલોકન અત્રે પ્રસ્તુત છે.

## • માહિતી પ્રાપ્તિ :

આ ડિરેક્ટરી માટે માહિતી મેળવવા પ્રાયોજકોએ અમદાવાદ સ્થિત ૩૬ કચ્છી જ્ઞાતિ ઘટકો/સમાજોના સહયોગથી અમદાવાદ સ્થિત કચ્છી વ્યવસાયિકો/પ્રોફેશનલ્સની માહિતી એકત્ર કરી છે. પ્રાપ્ત માહિતી આધારભૂત અને પ્રમાણસર હોવાની પૂરી સંભાવના છે.

## • એકત્રિત માહિતી સંક્ષેપ :

| જ્ઞાતિઘટક/સમાજ | પ્રાપ્ત ફોર્મ્સ | કુલ પ્રાપ્ત ફોર્મ્સના પ્રતિશત |
|---|---|---|
| પાટીદાર (૨૨ સમાજ) | ૧૦૬૪ | ૪૬.૫% |
| જૈન | ૫૩૮ | ૨૩.૫% |
| લોહાણા (૨ સમાજ) | ૩૫૧ | ૧૫.૫% |
| અન્ય (ગુર્જર ક્ષત્રિય, કંસારા, ભાનુશાલી, ભાટિયા, નાગર, કઠિયા, લોહાર ગઢવી સોમપુરા અને ગાંધીનગર મિત્ર મંડળ તથા કચ્છી સમાજ | ૩૩૭ | ૧૪.૫% |
| | ૨૨૯૦ | ૧૦૦% |

## • માહિતી સંકલન :

ડિરેક્ટરીના પૃષ્ઠ ૨૫-૪૭માં જણાવ્યા અનુસાર સંપાદકોએ પ્રાપ્ત માહિતીનું સંકલન-આયોજન નીચે મુજબ કર્યું છે.

| કેટેગરી | વ્યવસાય આઇટમ સંખ્યા | વ્યવસાયિકો/તજજ્ઞો સંખ્યા |
|---|---|---|
| 'A' | ૨૪૪ | ૨૨૭૪ |
| 'B' | ૩૦ | ૧૪૧ |
| 'C' | ૨૧ | ૧૫૧ |
| | **૨૯૬** | **૨૫૬૬** |

## • વ્યવસાયિકો (કેટેગરી - A) :

કેટેગરી 'A' માં સંપાદકોએ કુલ ૨૪૪ વ્યવસાયોને આલ્ફાબેટીકલ ઓર્ડરમાં પ્રસ્તુત કરી એની સામે નોંધેલી કુલ ૨૨૭૪ વ્યવસાયિકોની એન્ટ્રીઝ સંખ્યા દર્શાવી છે. (પૃષ્ઠ ૨૫-૪૩) એમાંની કેટલીક આઇટેમ્સ જેમાં કચ્છી વ્યવસાયિકો વધુ પ્રમાણમાં છે, તેની સંકલિત વિગતો અત્રે આપેલી છે જેના પરથી ખ્યાલ આવી શકે છે કે તેઓ મહદંશે તેમના પ્રણાલિકાગત વ્યવસાયો મહદંશે ટ્રેડ

*અભિમાને ફરિસ્તાઓને શેતાન બનાવી દીધા, જ્યારે નમ્રતાએ ઈન્સાનને ફરિસ્તા બનાવી દીધા.*

સર્વિસ સાથે સંકળાયેલા છે.

| ક્રમ | વ્યવસાય આઇટેમ્સ | વ્યવસાયિકો સંખ્યા |
|---|---|---|
| ૧. | સૉ મિલ, ટીમ્બર/પ્લાયવૂડ/વિનિયર્સ/લેમિનેટસ હાર્ડવેર/હોલસેલ/રીટેલ/મેન્યુ., ડોર્સ-વુડન, એલ્યુ. વિ. બિલ્ડિંગ મટીરિયલ્સ | ૬૮૬ |
| ૨. | ઓટોમોબાઇલ્સ/એસેસરીઝ/પાર્ટસ મેન્યુ. ટ્રેડિંગ | ૫૮ |
| ૩. | રીપેરીંગ/સર્વિસ/એજન્સી/ગેરેજીસ વિ. ટ્રાન્સપોર્ટ ટેંકર વિ. | ૬૬ |
| ૪. | ફર્નિચર સ્ટીલ/વુડન મેન્યુ. ટ્રેડિંગ | ૩૩ |
| ૫. | બોક્સીસ વુડન/એલ્યુ. મેન્યુ. ટ્રેડિંગ | ૪૩ |
| ૬. | બારદાન | ૩૦ |
| ૭. | ગારમેન્ટ્સ/હોઝીયરી | ૬૭ |
| ૮. | પ્રોવિઝન સ્ટોર્સ/ગ્રોસરી | ૧૪૪ |
| ૯. | બિલ્ડર્સ/ડેવલપર્સ | ૬૨ |
| ૧૦. | જ્વેલર્સ | ૩૪ |

## • વ્યવસાયિકો (કેટેગરી - B) :

ડિરેક્ટરીના પૃષ્ઠ ૪૪માં દર્શાવ્યા મુજબ બૃહદ અમદાવાદમાં બિઝનેસ ક્ષેત્રે સેવારત કુલ ૮૭ કચ્છી પ્રોફેશનલ્સ છે, જેમાં સૌથી વધુ સંખ્યા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ૩૫ની છે. લીગલ પ્રેક્ટીશનર્સ પણ ૨૧ છે. તદુપરાંત ટેક્સેસન ફાઈનાન્સ તેમજ વ્યાપાર ઉદ્યોગને લગતા ક્ષેત્રોના ૨૬ કન્સલ્ટન્ટસ છે. ૫ આર્કિટેક્ટ પણ છે.

પૃષ્ઠ ૪૫માં ચિકિત્સા સેવા ક્ષેત્રે એલોપેથિક ૫ કરતાં વધુ આયુર્વેદિક ૬ અને હોમિયોપેથિક ૧૩ જનરલ મેડિકલ પ્રેક્ટીશનર્સ છે. વિશેષજ્ઞો માં ૬ એમ.ડી.એમ.એસ. ઉપરાંત ફિઝીશિયન ૨ અને નેત્ર વિશેષજ્ઞ, ENT, સાઇકિયાટ્રી પીડિયાટ્રિક ઉપરાંત ગાયનેક ૪, પેથોલોજિસ્ટ ૧ અને ડેન્ટલ સર્જન ૩ છે. પેરા મેડિક્સમાં માત્ર ૪ ફીઝિયોથેરાપીસ્ટ અને ૨ ડાયેટીશિયન છે.

બૃહદ અમદાવાદમાં આબાલવૃધ્ધ સૌ મળીને અંદાજે પચીસેક હજારની કચ્છી વસતિ છૂટા છવાયા વિસ્તારોમાં વસેલી છે. એમના માટે ચિકિત્સા સેવા વિસ્તરણ અત્યંત સીમિત છે. પરંતુ આજપણ - કચ્છી સમુદાયમાં મેડિકલ મેન-પાવર ડેવલપમેન્ટ માટેનું પોટેન્શિયલ ડેવલપ કરવા વિષે કોઇપણ સ્તરે કશી ઉત્સુકતા દેખાતી નથી.

## • કેટેગરી - C :

પૃષ્ઠ ૪૬-૪૭ પર સરકારી, ગૈર સરકારી અને ખાનગી ક્ષેત્રે કચ્છી નોકરિયાતોની સૂચિ છે. જેની કુલ સંખ્યા ૧૫૧ છે. આ ક્ષેત્રે આટલી ઓછી સંખ્યા હોવાનું એક કારણ એ પણ હોઇ શકે કે કચ્છી માડુને નોકરી કરવી ગમતી નથી. સ્વતંત્ર વ્યવસાય એનો સ્વભાવગત ગુણ છે.

## • વ્યવસાયિકોનાં નામ સરનામા :

ડિરેક્ટરીનાં પૃષ્ઠ ૪૯ થી ૩૦૧ માં કેટગરી ‘A’, ‘B’ અને ‘C’ ની બધી એન્ટ્રીઝ ક્રમવાર આલ્ફાબેટીક ઓર્ડરમાં પ્રસ્તુત કરેલી છે. પ્રત્યેક એન્ટ્રીમાં વ્યવસાયિક એકમ, વ્યવસાયિકનું નામ, સરનામું ફોન નંબર આદિ સાથે એ વ્યવસાયિકનું કચ્છમાં ગામ અને તાલુકાની પણ નોંધ છે. વ્યવસાયિકના કચ્છમાં મૂળ વતનની આ માહિતીથી ‘કચ્છી બિઝનેસ ડિરેક્ટરી’ની આગવી ઓળખ પ્રસ્થાપિત થાય છે. તેમના સંદર્ભમાં આ માહિતીનું વિશેષ મહત્ત્વ છે. એટલે, ડિરેક્ટરીમાંની બધી જ એન્ટ્રીઓમાં દર્શાવેલા ગામ અને તાલુકાની માહિતીનું આકલન અત્રે પ્રસ્તુત કર્યું છે.

| ક્રમ | તાલુકો | તાલુકાના કુલ ગામો★ | ડિરેક્ટરીમાં સરનામાં વાર કુલ ગામો★★ | કુલ ગામો વિ/ સરનામા ગામો પ્રતિશત |
|---|---|---|---|---|
| ૧. | નખત્રાણા | ૧૨૦ | ૫૮ | ૪૮ |
| ૨. | માંડવી | ૯૩ | ૪૨ | ૪૫ |
| ૩. | મુન્દ્રા | ૬૦ | ૨૪ | ૪૦ |
| ૪. | ગાંધીધામ | ૧૦ | ૩ | ૩૦ |
| ૫. | અંજાર | ૬૭ | ૧૯ | ૨૮ |
| ૬. | અબડાસા | ૧૩૩ | ૩૭ | ૨૭ |
| ૭. | રાપર | ૯૮ | ૨૫ | ૨૭ |
| ૮. | ભચાઉ | ૭૦ | ૧૫ | ૨૧ |
| ૯. | લખપત | ૮૬ | ૧૬ | ૧૯ |
| ૧૦. | ભુજ | ૧૫૪ | ૨૫ | ૧૬ |
| | | ૮૯૧ | ૨૬૪ | ૨૯.૫% |

*શ્રોત :*

★ ડિરેક્ટરી પૃષ્ઠ ૩૨૭-૩૩૭ પર પ્રકાશિત ૨૦૧૧ સેન્સસ ડેટા.

★★ બનાસકાંઠા/પાટણ આદિ તાલુકાના ગામોનાં નામ, મૂળ વતન તરીકે આપેલા છે તે સાંતલપુર, હારીજ, રાધનપુર, વારાહી અને ભાભર તેમજ સુરેન્દ્રનગર, જામનગર ખંભાત અને દશાળાના ગામો મળીને કુલ ૩૪ ગામોનો આ ટેબલમાં સમાવેશ નથી.

*અહમના ઓગળવાથી ભય નાશ પામે છે.*

- **વ્યવસાયિકોનાં સરનામામાં એમના મૂળ વતનના ગામો :**

| મૂળ વતન | સરનામામાં ગામોની સંખ્યા |
|---|---|
| નખત્રાણા | ૫૮ |
| માંડવી | ૪૨ |
| અબડાસા | ૩૭ |
| ભુજ | ૨૫ |
| રાપર | ૨૫ |
| મુંદ્રા | ૨૪ |
| અંજાર | ૧૯ |
| લખપત | ૧૬ |
| ભચાઉ | ૧૫ |
| ગાંધીધામ | ૩ |

ઉપરનું ટેબલ સ્પષ્ટ કરે છે કે કચ્છના બધાજ તાલુકાઓમાંથી થોડા વધુ સાહસિક ઉદ્યમીઓએ વ્યવસાય હેતુ અમદાવાદ ભણી સ્થળાંતર કર્યું છે. તેમાં નખત્રાણા અને માંડવી તાલુકાના અધિક ગામોએથી સ્થળાંતર થયું છે. આ બન્ને તાલુકા સમૃધ્ધ છે એટલે કદાચ અહીંથી લોકો (જૂની માન્યતા મુજબ) 'વખાના માર્યા' ગયા હશે કે કેમ! એ અભ્યાસનો વિષય છે.

બિઝનેસ ડિરેક્ટરી વિગતોમાં સરનામામાં, વ્યવસાયિકના અમદાવાદ આગમનની તિથિ/વર્ષ અથવા વ્યવસાય સ્થાપના વર્ષ જેવી કોઇ વિગત હોત તો કચ્છથી અમદાવાદ તરફ migration process તેમાં સમયાંતરે થતી વધઘટ આદિ સમજી શકાત. પ્રવર્તમાન ધારણા મુજબ ૧૯૪૭માં (દેશ આઝાદ થયો પછી) કરાંચી બંધ થતાં થોડા સાહસિકો અમદાવાદ ભણી વળ્યા. ત્યારબાદ મુંબઈ (મહારાષ્ટ્ર)માં આમચી મુંબઈ ઉહાપોહે ત્યાંના કચ્છના વ્યવસાયિકો અમદાવાદ આવ્યા. ત્યારબાદ ૧૯૬૦માં ગુજરાત રાજ્ય થતાં અમદાવાદ ગાંધીનગર તરફ કચ્છીઓએ નજર કરી. અને છેલ્લે ૨૦૦૧ના ધરતીકંપે થોડા વધુ કચ્છીઓ અહીં આવ્યા. આ ધારણાનો કોઇ આંકડાકીય આધાર નથી.

- **આધુનિક સંચાર સુવિધાઓનો ઉપયોગ :**

ડિરેક્ટરીનો ગહન અભ્યાસ કરતાં એક અન્ય બાબત પ્રત્યે પણ ધ્યાન દોરાયું જેની વિગતો વાચકો સાથે share કરવાનો ઉત્સાહ છે.

વ્યવસાયિકોના નામ સરનામાં સાથે - સૌના મોબાઈલ નંબર તો સ્વાભાવિક છે જ, એટલે એ તો નથી જોયું પરંતુ એમાંના લગભગ ૫૮ ટકા, એટલે કે કુલ ૨૨૯૦ માંથી ૧૩૦૬ સરનામામાં E-mail નો ઉલ્લેખ છે. અને ૧૧૬ વ્યવસાયિકોની એમની પોતાની વેબસાઈટ પણ છે. પ્રણાલિકાગત વ્યવસાયો સાથે સંકળાયેલા આપણા ઉદ્યમીઓમાં આધુનિક સંચાર સુવિધાઓનું આ પ્રસાર પ્રમાણસર અને પ્રોત્સાહક જણાય છે.

- **સમાપન :**

કચ્છી બિઝનેસ ડિરેક્ટરી અંગેના આ લેખનો ઉદ્દેશ ડિરેક્ટરીના ગુણદોષ ચર્ચવાનો લગીરે નહોતો. લેખનો એકમાત્ર ઉદ્દેશ- ડિરેક્ટરીની ભાવનાત્મક 'આડ પેદાશ' તેમજ - ડિરેક્ટરીમાંની વિગતોનું 'સામૂહિક આંકડાકીય અવલોકન' કરી બૃહદ અમદાવાદમાં વસતા કચ્છી પરિવારો (વ્યવસાયિકો સહિત)ની overall (માત્ર ડિરેક્ટરીમાં ઉપલબ્ધ માહિતિ આધારિત) સ્થિતિનો અંદાજ આપવાનો હતો. પરંતુ આ બહાને વારંવાર ડિરેક્ટરીની દરેક વિગત જોવાનું થતાં કેટલીક બાબતો નજરઅંદાજ થઈ શકી નથી જે અત્રે પ્રસ્તુત છે.

- **વ્યવસાય/વ્યવસાયિક કેટગરીઝ :**

વ્યવસાય/વ્યવસાયિકની ખાસ કરીને કેટગરી 'A'ની આલ્ફાબેટિક પ્રસ્તુતિ સમજવી અઘરી છે. એક્સ્ક્લુઝીવ પણ નથી. પરિણામે ઘણા વ્યવસાય/વ્યવસાયિકોનું પ્લેસમેન્ટ બરાબર નથી/ repeat પણ થયું છે. ઘણી આઈટેમ્સ આગળ Star-more મૂક્યો છે, પરંતુ એની સમજ, ક્યાંય આપી નથી. આ કેટેગરીઝ આર્બીટ્રરી છે કે કોઈ 'બિઝનેસ બુક પ્રિસ્ક્રાઈબ્ડ' છે, તેની સ્પષ્ટતા પણ નથી.

ફોર્મ્સની કુલ સંખ્યા કરતાં સરનામાં એન્ટ્રીઝની કુલ સંખ્યા વધી જાય છે, જેનું કારણ પણ કદાચ ઉપરોક્ત કેટેગરી પ્રોબ્લેમ છે.

ટુંકમાં કહીએ તો 'કચ્છી બિઝનેસ ડિરેક્ટરી'નો આ પ્રથમ પ્રયાસ બૃહદ અમદાવાદમાં વસતા કચ્છી પરિવારો માટે ખૂબજ ઉપયોગી અને પ્રેરણાદાયક છે એના થકી અહીં વસતા વ્યવસાયિકો તેમજ અન્ય પરિવારો વચ્ચે સંવાદ વૃદ્ધિ થશે, સંપર્ક વધશે તેમજ ભવિષ્યમાં વધુ સારી રીતે - સોશિયલ રિસર્ચ કે સર્વે (અલબત્ત અહીં વસતા કચ્છીઓની) વધુ સારી રીતે થઇ શકશે.

*એ-૧/૧/૪, "સમૃધ્ધિ", રામેશ્વર એપાર્ટમેન્ટ,*
*દેવ આશિષ સ્કૂલ પાસે, રામદેવનગર,*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : (૦૭૯) ૨૬૮૭૨૩૫૦*

Gala Agencies
EXCLUSIVE SAREES
Contact Person : CHAITALI K. GALA (M. : 98333 26660)
EXCLUSIVE FANCY KOTA
EXCLUSIVELY
(RETAIL ONLY ON SATURDAY)
11/A, Ground Floor,
Old Hanuman 2nd Cross Lane,
Kalbadevi, MUMBAI-02.
Tel. : 22401195 Fax : 40221195

# કરાંચીથી મુંબઈનો ટપાલ વ્યવહાર કચ્છ માર્ગે કરાતો

● નરેશ પી. અંતાણી ●

માનવ સંબંધોમાં સંદેશા વ્યવહારનું ખૂબ જ મહત્ત્વ છે. માનવજાતિના ઉદયકાળથી જ સંદેશા વ્યવહારની જરૂરિયાત લાગતી રહી છે અને એક યા બીજું માધ્યમ સંદેશા વ્યવહાર માટે શોધાતું રહ્યું છે. દક્ષિણ ભારતની દ્રવિડ પ્રજા પ્રાચીનકાળમાં પથ્થર પર યા ઝાડના પાંદડા પર ચોક્કસ ચિહ્નો અંકિત કરીને સંદેશાઓની આપ-લે કરતી. વર્તમાન ટપાલ વ્યવહારના મૂળ, કૌટિલ્યના અર્થશાસ્ત્ર મુજબ અઢી હજાર વર્ષથી વધુ સમય પહેલાં ભારતમાં નંખાયા હતા. સમ્રાટ અશોક સંદેશા વાહક તરીકે કબૂતરોનો ઉપયોગ કરતો. ચોક્કસ સ્થળોએ પહોંચવાની તાલીમ પામેલા કબૂતરોને એમના પગમાં પહેરાવેલી વીંટીમાં નાના કદનાં પત્રો લટકાવી દેવામાં આવતા.

ડાક ચોકી (ટપાલ સેવાના મથકો)ની સેવા અલ્લાઉદ્દીન ખીલજીના શાસનકાળમાં ઈ.સ. ૧૨૯૬માં અસ્તિત્વમાં હતી. જ્યારે ઘોડેસવારો અને પગપાળા કાસદો દ્વારા આ વ્યવહાર ચાલતો હતો. જેથી ખીલજીને યુધ્ધ મેદાનમાં લડતા પોતાના લશ્કરની માહિતી નિયમિતપણે મળતી રહેતી. એ સમયમાં પગપાળા કાસદ દ્વારા પાઠવાતા સંદેશાને સિંધથી દિલ્હી પહોંચતા પચાસ દિવસ લાગતા હતા. પણ રાજ્યના સંદેશા પહોંચાડવા ઘોડાઓ અને પગપાળા કાસદોનો ઉપયોગ કરાતાં માત્ર પાંચ દિવસ લાગવા માંડ્યા. ઘોડાઓ પર લઈ જવાતી ટપાલ માટે દર ચાર માઈલે ઘોડો બદલી નાખવામાં આવતો અને ગ્રામ્ય વિસ્તારમાં પગપાળા કાસદો ટપાલ લઈ જતાં.

આ કાસદો એક લાકડીમાં ટપાલ થેલો ભરાવીને ખભે લટકાવતાં, બીજા હાથમાં ઘુઘરા બાંધેલો ભાલો લેતા અને દોડતા જતાં. ઘુઘરાનો અવાજ રાની પશુઓને દૂર રાખવામાં અને જોખમભરી પરિસ્થિતિમાં સ્વરક્ષણ કરવામાં ભાલો ઉપયોગમાં આવી શકતો. પગપાળા ટપાલ પહોંચાડતાં કાસદને "હલકારા" તરીકે ઓળખવામાં આવતા.

મોગલોના શાસન દરમ્યાન બાબરના સમયમાં ઘોડા પર લઈ જવાતી ટપાલ સેવા આગ્રાથી કાબૂલ સુધીની હતી. બાદશાહ શેરશાહ દ્વારા (ઈ.સ. ૧૫૪૧ થી ૧૫૪૫) બંગાળ અને સિંધ વચ્ચે ટપાલ વ્યવહાર માટે ૧૭૦૦ જેટલી સરાઈઓ (મથકો) ઉભી કરવામાં આવી હતી. અને દર બે માઈલે દરેક સરાઈ પર બબ્બે ઘોડા રાખવામાં આવતા. જે ટપાલને આગળ લઈ જવામાં સાંકળ જેવા બની રહ્યા હતાં. વળી શહેનશાહ અકબરે દર દસ માઈલે ટપાલ માટે ઘોડા ઊભા રાખવાની વ્યવસ્થા કરી હતી. અને ટપાલ વ્યવહારને ઝડપી બનાવવા તુર્કસ્તાનથી ખાસ ઘોડા મંગાવ્યા હતા. હૈદરઅલીએ આવા ટપાલ વ્યવહારનો ઉપયોગ ઈસ્ટ ઈન્ડિયાના શાસન સામે લડવા જાસૂસી માટે કર્યો હતો. ઈ.સ. ૧૫૫૬ થી ૧૬૦૫ દરમ્યાન રણ અને રેતાળ પ્રદેશોમાં ટપાલ વ્યવહાર ચાલુ રાખવા ઊંટોનો ઉપયોગ કરાતો હતો.

ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ હિન્દુસ્તાનમાંના પોતાના થાણાઓ વચ્ચે ટપાલ વ્યવહાર ચાલુ કર્યો હતો. કંપનીએ પહેલું થાણું મદ્રાસમાં ઈ.સ. ૧૬૩૯માં ઊભું કર્યું હતું. બાદમાં મુંબઈમાં ઈ.સ. ૧૬૬૦માં અને કલકત્તામાં ૧૬૮૬માં થાણા નાખ્યાં. આ થાણાઓ વચ્ચેના સંદેશા વ્યવહાર માટે કાસદો રાખેલા. પણ એ ઘણો ધીમો વ્યવહાર હતો. ઈ.સ. ૧૭૬૬માં ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ પોતાના લશ્કરી અને મુલકી થાણાઓ વચ્ચેના વ્યવહાર માટે નિયમિત ટપાલ પધ્ધતિ શરૂ કરી. જેનો ઉપયોગ સામાન્ય જનતાને કરવા દેવા ઈ.સ. ૧૭૭૪માં છૂટ મળી હતી. બાદમાં ઈંગ્લેન્ડ અને હિન્દુસ્તાન વચ્ચે ટપાલ વ્યવહાર માટે જહાજોનો ઉપયોગ શરૂ થયો. જેને માટે ચારસો જહાજો કામે લગાવાયા હતા. જે માલ ઉપરાંત ટપાલ લઈ જતાં.

ઈ.સ. ૧૮૭૭માં બ્રિટનની મહારાણી વિક્ટોરિયાએ હિંદુસ્તાનની સામ્રાજ્ઞી તરીકેનું પદ ગ્રહણ કર્યું. અને ત્યાર પછી બહાર પાડવામાં આવેલી ટપાલ ટિકિટો પર "ઈસ્ટ ઈન્ડિયા પોસ્ટેજ"ની જગ્યાએ "ઈન્ડિયા પોસ્ટેજ" છાપવાનું શરૂ થયું. હિંદુસ્તાનમાં "કન્વેન્શનલ સ્ટેટ" તરીકે ઓળખાતા રાજ્યો હતા. અને બીજા ફ્યુડેટરી સ્ટેટ રાજ્યો હતા. પ્રથમ પ્રકારના રાજ્યો બ્રિટીશ સરકાર દ્વારા છપાતી ટપાલ ટિકિટો પર પોતાના રાજ્યોના નામો છપાવતા. બીજા પ્રકારના રાજ્યોમાં ૩૫ એવા હતા જેઓ પોતાના રાજાની તસવીરો ટપાલ ટિકિટો પર છાપતા, પણ એનો ઉપયોગ તે તે રાજ્યની હદ સુધી સીમિત હતો. ઈ.સ. ૧૮૬૪માં "સોરઠ" રાજ્યે પ્રથમ ટપાલ ટિકિટ બહાર પાડી, જેના પર "સૌરાષ્ટ્ર ડાક સં. ૧૯૨૫" હિંદીમાં છપાવેલું.

ઈ.સ. ૧૭૨૦માં મદ્રાસ અને કલકત્તા વચ્ચે જળમાર્ગે ટપાલ મોકલવાનું શરૂ થયું. અને આ ટપાલ લઈ જનારી ચાર સઢવાળી લાંબી નૌકા હોઈને એને "નદી ટ્રેન" નામ અપાયું હતું. આવા જળમાર્ગે ટપાલ વ્યવહાર શરૂ થતાં લાભ એ થયો કે સામાન્ય રીતે એ સમયમાં મદ્રાસથી કલકત્તા ટપાલ પહોંચતાં બે ત્રણ મહિના લાગતાં એની જગ્યાએ "નદી ટ્રેન" દ્વારા એક જ મહિનો લાગતો. ઈ.સ. ૧૭૭૫માં જળમાર્ગે ટપાલ વ્યવહાર શરૂ કરાયો.

અહીં એની નોંધ લેવાનું રસપ્રદ બની રહેશે કે સઢવાળા વહાણો દ્વારા અગાઉ

*અભિમાનથી માનવી ફુલાઈ શકે છે, ફેલાઈ શકતો નથી.*

ટપાલ ઈંગ્લેન્ડ લઈ જવાતી. એનો જવાબ મળતાં એકાદ વર્ષ જેટલો સમય લાગી જતો.

ઈંગ્લેન્ડમાં ટપાલ ટિકિટોનું ચલણ ઈ.સ. ૧૮૪૦માં શરૂ થયું અને ૧૨ વર્ષ પછી ઈ.સ. ૧૮૫૨માં સિંધ જિલ્લાના બ્રિટીશ કમિશનર સર બાર્ટર ફેરે પોતાના પ્રદેશ (સિંધ)માં ટપાલ ટિકિટોનો વ્યવહાર શરૂ કરવાનો નિર્ણય લીધો અને પોતાના મિત્ર એવા કરાંચીના પોસ્ટમાસ્તર એડવર્ડ એલ. કોફાની મદદથી આ વ્યવહારનો અમલ કરાવ્યો. સિંધ માટે પહેલી ટપાલ ટિકિટ ઈ.સ. ૧૮૫૨માં છાપવામાં આવી. જે "સિંધ ડાક"ના નામથી ઓળખાતી. ઈ.સ. ૧૮૫૨માં સારાયે હિંદમાં ટપાલ ટિકિટનો વ્યવહાર દાખલ કરવામાં આવ્યો. આ ટપાલ વ્યવસ્થાને ઈમ્પીરિયલ પોસ્ટ (Imperial Post) નામ અપાયું હતું. પણ, એ વેળા જ થોડા રાજ્યોમાં પોતાનો ટપાલ વ્યવહાર હતો. એમાં માલવા અને રાજસ્થાનનો વ્યવહાર ઘણો વ્યવસ્થિત અને નિયમિતપણે ચાલતો હતો. આ વ્યવહાર બ્રાહ્મણો ચલાવતા હોઈને એને "બ્રાહ્મણી ડાક" નામ અપાયું હતું. ઈમ્પીરિયલ પોસ્ટ માટે આ બ્રાહ્મણી ડાક એક મક્કમ પડકાર સમાન હતી. બ્રાહ્મણો પૂજનીય ગણાતા હોઈને, બ્રાહ્મણી ડાકને સુંટારા કે પિંઢારા પણ કોઈ હરકત પહોંચાડતા નહીં. આ ટપાલ વહેવાર એટલો વ્યવસ્થિત હતો કે, એની સ્પર્ધા કરવાનું મુશ્કેલ હતું. એટલે આ ડાકના પ્રદેશોના રાજ્યોમાં ઈમ્પીરિયલ પોસ્ટ દાખલ કરતી વેળા રજવાડા સાથે થતાં કરારમાં એવી શરત રખાતી કે "બ્રાહ્મણી ડાક" વ્યવહાર બંધ થવો જોઈએ.

"સિંધ ડાક"ના વ્યવહાર દરમ્યાન તત્કાલીન મુંબઈ સરકારને થયું કે, કરાંચીથી મુંબઈ સુધીની ટપાલ સેવા ભારે ખોટમાં જાય છે એટલે મુંબઈ સરકારે સિંધના કમિશનરને "સિંધ ડાક" સિંધની પ્રજામાં લોકપ્રિય બનાવવા યોગ્ય પગલાં લેવાનો આદેશ આપ્યો હતો. પરિણામે સિંધ ડાકની ટિકિટોનો ઉત્તરમાં કરાંચીથી શિકારપુર, દક્ષિણમાં કરાંચીથી મુંબઈ અને પૂર્વમાં હૈદરાબાદ અને ઉમરકોટ વિસ્તારોમાં બહોળો પ્રચાર કરાયો.

અહીં નોંધનીય બાબત એ છે કે, કરાંચીથી મુંબઈના ટપાલ વ્યવહારમાં કચ્છનું મહત્ત્વ હતું. કરાંચીથી મુંબઈ જતી ટપાલને છ સ્થળોએ બદલી કરવી પડતી. કરાંચીથી પહેલા ઠઠા (નગર ઠઠા), ત્યાંથી કચ્છનું લખપત, ત્યાંથી કચ્છનું પાટનગર ભુજ, ત્યાંથી અમદાવાદ અને પછી મુંબઈ ટપાલ જઈ શકતી. મોટા ભાગના આ ટપાલ મથકો હલકારાઓનો ઉપયોગ કરતા. દર છ-સાત માઈલે હલકારા બદલતા જતા હતા.

પણ કરાંચીનો આ હવાલો ઈ.સ. ૧૮૮૫માં મુંબઈની પોસ્ટ ઓફિસને સોંપાયો. ભુજ ખાતેની પોસ્ટલ સુપ્રિન્ટેન્ડન્ટની કચેરીમાં રખાયેલા દફતરમાં નોંધ છે કે, જ્યાં સુધી કચ્છ રાજ્યમાં બ્રિટીશ રેસીડેન્ટનું મથક હતું ત્યાં સુધી કચ્છને માટે અલગ પોસ્ટ ડિવિઝન હતું. ઈ.સ. ૧૯૨૭માં રેસીડન્સી નાબૂદ થવાની સાથે કચ્છમાં રાજકીય મહત્ત્વ ઘટી ગયું. અને કચ્છને રાજકોટ ડિવિઝન નીચે મૂકી દેવાયું હતું. આઝાદી બાદ તા. ૧-૧૧-૧૯૬૧થી કચ્છનું અલગ ટપાલ ડિવિઝન શરૂ થયું.

## • હલકારાની હાલાકી :

કચ્છમાં અલાયદું ટપાલ ડિવિઝન શરૂ થયું એ પહેલાં ટપાલ વિતરણની વ્યવસ્થા પણ રસપ્રદ હતી. એ સમયે કચ્છના દૂર સુદૂરના વિસ્તારો સુધી ટપાલ પહોંચાડવા મુખ્ય મથકો દ્વારા આજુબાજુના ગામોમાં હલકારાઓની ખાસ નિમણૂક કરવામાં આવતી અને તેઓ ટપાલ પહોંચાડતાં. કચ્છના હલકારા ભારે પ્રામાણિક અને વફાદાર ગણાતા. પોસ્ટલ ડિપાર્ટમેન્ટ એમને પોસ્ટલ રનર કહેતું. હલકારાને રૂા. ૩૦નો માસિક પગાર રહેતો અને દર વર્ષે પગારમાં આઠ આના વધારો થતો, જે રૂા. ૩૫ સુધી પહોંચતાં. પગારની મર્યાદા પૂરી થતાં પેન્શન પગારના ૩૩ ટકા મળતું. હલકારા પંદર વીસ માઈલ સુધીના વિસ્તારના ગામડાંઓમાં ટપાલ પહોંચાડતાં. ગામડામાં ટપાલ પહોંચે એટલે શિક્ષકો એ સંભાળી લેતા અને એમને એ બદલ મહેનતાણું પણ અપાતું. વળી નાના ગામડાં હોય ત્યારે ગામની બહાર ટપાલ ડબ્બો રખાતો. જેમાં ગામ લોકો પોતાની ટપાલ મૂકી દે, જે હલકારો લઈ જાય અને ગામની ટપાલ અંદર મૂકી દે જે ગામ લોકો જાતે જ લઈ જાય. ધોળાવીરામાં આવો એક ડબ્બો કાંટાવાળા ઝાડમાં લટકાવીને રાખવામાં આવતો હતો. કેટલીક જગ્યાએ ગ્રામ ટપાલીએ આજુબાજુના પાંચ-છ માઈલના વિસ્તારના ગામડાઓમાં ટપાલ પહોંચાડી દેવી પડતી. ગ્રામ ટપાલીને મહિને રૂા. ૨૮નો પગાર મળતો હતો.

ઈ.સ. ૧૯૪૯-૫૦માં ભચાઉથી ભુજ વચ્ચે નૅરોગેજ રેલવેના પાટા પર ટ્રોલીમાં ટપાલ લઈ જવાતી. એન્જિન સાથે બે ડબ્બા જોડેલા હોય એ ટ્રોલી કહેવાતી. જેમાં ટપાલ ઉપરાંત ઉતારૂઓને પણ બેસાડવામાં આવતા. આ લખનારના પિતા આ ટ્રોલીમાં ભુજથી ભચાઉ ટપાલ લઈ જવાની કામગીરી સંભાળતા.

દૂર દૂરના ગામડાઓ સુધી ટપાલ પહોંચાડતા હલકારાઓનું જીવન ભારે કઠણાઈઓથી ભરેલું રહેતું. ઘણીવાર ભારે જોખમી પરિસ્થિતિમાં મુકાવું પડતું. છતાં જાનના જોખમે ટપાલનું રક્ષણ તેઓ કરતા. આવી જ એક ઘટના બની હતી જેમાં દુમરા અને મંજલ વચ્ચે એક હલકારા પર હિચકારો હુમલો થયો અને ગંભીર ઈજાઓ થવા છતાં

**JNK** Lifters Pvt. Ltd.
Rental of Telescopic and Crawler Cranes, Hydras and Boomlifts
Kunal Gala - Director
Cel : +91 9833118836
Jayantilal Gala - Director
Cel : +91 9821070747
302, Godrej Coliseum, 3rd Floor, Somaiya Hospital Road, Off Eastern Express Highway, Sion (E), Mumbai-400 022.
Tel. : (022) 24013311 • Fax : (022) 24013322
E-mail : info@jnklifters.com • Web : www.jnklifters.com

ટપાલ થેલાનું એણે બરાબર રક્ષણ કરેલું. એ થેલામાં મનીઑર્ડરો હતા. એને લાંબી તબીબી સારવાર લેવી પડી હતી. વળી બાંઢિયા ગામની ટપાલ કચેરીએ અલાયા તમાચી નામનો હલકારો પહોંચ્યો ત્યારે એનો ભાલો લોહીથી ખરડાયેલો હતો. એના પર ભગાડ નામના હિંસક પશુએ હુમલો કર્યો હતો. જેને એણે ભાલા વડે ખતમ કરી નાખ્યો હતો. ક્યારેક વરસાદની ઋતુમાં નદી નાળાં છલકાયાં હોય, તો ભર વરસાદે આખી રાત રસ્તામાં વિતાવવી પડી હોવાની વાત પણ આ લખનારના પિતાએ કરી છે. અલાયા તમાચી દરેક ઋતુમાં એકધારી નોકરી કરીને "બારમાસી સેવક" તરીકે જાણીતો હતો. ૧૯૫૭ની સાલમાં કચ્છમાં ઈન્સ્પેક્ટર ઓફ પોસ્ટ ઓફિસીસના હોદ્દા પર કામગીરી કરી ગયેલા જનક દવેએ હલકારાની કપરી કામગીરીનું સરસ વર્ણન કર્યું છે. કચ્છના ટપાલ ખાતાને બે ડિવિઝનમાં ભુજ પૂર્વ અને ભુજ પશ્ચિમમાં વહેંચી દેવાયા હતા. વિશાળ વિસ્તાર ધરાવતા કચ્છમાં મોટી નાની પોસ્ટ ઓફિસો હતી. જેને સાંકળી લેવા રનર લાઈનો (હલકારાના માર્ગો) નક્કી કરાઈ હતી. આમાં ભુજ ખાવડા લાઈન સૌથી લાંબી ૪૨ માઈલની હતી આટલા લાંબા માર્ગમાં માત્ર બે જ ગામ હતા. છતાં ટપાલ પહોંચાડવાની પાકી વ્યવસ્થા રખાઈ હતી. આ બે ગામ ઢોરી અને ભીરંડિયાળીમાંથી ઢોરીમાં બ્રાંચ પોસ્ટ ઓફિસ રખાઈ હતી. ભીરંડિયાળી તો નાનકડું ગામડું હતું. આ મહાલનું મુખ્ય મથક ગામ ખાવડા, જ્યાં ભારત-પાકિસ્તાનની સરહદ પરની સૌથી છેલ્લી પોસ્ટ ઓફિસ હતી અને એને વધુ મહત્ત્વ અપાતું.

ભુજથી ખાવડા અઠવાડિયામાં બે વાર ટપાલ જતી. જે રનર (હલકારા)થી ટકાવી રાખવામાં આવી હતી. ભુજથી સોમવારે નીકળતો હલકારો ઢોરી રાત રોકાઈ જાય, મંગળવારે ભીરંડિયારા જવા નીકળે અને ત્યાં પણ રાતવાસો કરે. બુધવારે બપોર પછી ખાવડા પહોંચે. ગુરુવારે ખાવડાથી પાછો ફરી ભીરંડિયારા અને ઢોરીમાં રાતવાસો કરે અને શનિવારે ભુજ પહોંચી આવે. બીજો રનર (હલકારો) ગુરુવારે ભુજથી નીકળી આ રીતે બુધવારે ભુજ પાછો આવી પહોંચે. હલકારા રોજ ૧૪ થી ૧૬ માઈલનો પગપાળો પ્રવાસ કરે. ઢોરીમાં હલકારાના રાતવાસા માટે ટપાલ ખાતાએ એક ઝૂંપડું ભાડે રાખેલું. જ્યારે ભીરંડિયારામાં એક દુકાનદારની ઓસરીમાં હલકારાને રાતે સૂવાની સગવડ મળતી. જે બદલ ટપાલ ખાતું મહિને પાંચ રૂપિયા દુકાનદારને ચૂકવતું. ભીરંડિયારાથી ખાવડાનો રસ્તો એકદમ નિર્જન. ખાવડા રણદ્વીપ હોઈ પીવાનું મીઠું પાણી પણ ન મળે. એને સાંકળી લેતી એસ.ટી. બસ ખરી. પણ અઠવાડિયામાં બે જ દિવસ આવે. અને વરસાદ પડતાં આ વિશાળ વિસ્તારમાનો ક્ષાર ઓગળવા માંડતા છ મહિના બસ વ્યવહાર સદંતર બંધ રહે. પણ હલકારા તો ત્યાં પહોંચતા જ. વરસાદની મોસમમાં ક્યારેક હલકારો ન પહોંચે ત્યારે પોલીસને ચેતવવા પડતા. જો કે પોલીસ પણ આવા સમયે નિઃસહાય રહેતી. પાણીથી ભરેલા માર્ગોમાં ખોવાઈ જવાનું પૂરું જોખમ રહેતું.

આ કઠણાઈભર્યા માર્ગ પર કામ કરતો અલાયા નામનો હલકારો વર્ષોની કામગીરી બાદ થાકી જતાં એણે અધિકારી પાસે બદલી માગેલી (ઉપર કથિત અલાયો અને આ માણસ એ જ છે કે નહિ એની માહિતી મળી નથી.) પણ આ વિસ્તારમાં કોઈ હલકારો આવવા તૈયાર નહિ. અથવા નિમાયા પછી બે ત્રણ દિવસમાં કામ છોડી ચાલ્યો જતો. અલાયો ભારે થાકી ગયો હતો. આખરે એના પુત્રે સુલેમાનને હલકારા તરીકે એ જગ્યાએ મૂકવામાં આવ્યો. ૧૯૫૮-૬૦માં પત્રીનો ભીભોજી નામનો હલકારો એની બહાદુરી અને વફાદારી માટે ખૂબ જાણીતો હતો અને એની એવી ધાક હતી કે એને કોઈ હેરાન કરતું નહીં.

હલકારા દ્વારા ચાલતો ટપાલ વ્યવહાર નિયમિતતા માટે જાણીતો હતો. એ વખતે કોઈ હલકારો અડધોએક કલાક મોડો પડે તોય એની સામે ખેપિયો દોડાવવામાં આવતો. આ હલકારાની સેવા ભૂતકાળ બની ગઈ છે અને આજે અત્યાધુનિક સાધન સગવડો ટપાલ વ્યવહાર માટે દાખલ કરાયા છતાં ટપાલ મોડી મળવાની ફરિયાદો સામાન્ય બની ગઈ છે.

અને આપણે એ હકીકતની નોંધ લઈએ કે વિમાન દ્વારા ટપાલ લઈ જવાનો વિશ્વમાં આરંભ કરવાનો યશ ભારતને જાય છે. ૧૯૧૧ના ફેબ્રુઆરીમાં હેન્રી પિકેટ અલ્હાબાદથી દસ કિલોમીટરના અંતરે વિમાનમાં ટપાલ લઈ ગયો હતો. ઉપરાંત જૂના સંસ્થાનવાદી રાષ્ટ્રો બ્રિટન, નેધરલેન્ડ અને ફ્રાંસ પૂર્વના પોતાના દૂરના સંસ્થાનોમાં વિમાન દ્વારા ટપાલ મોકલવા માંડ્યા હતા. એ ત્રીસીના પૂર્વાર્ધના વર્ષોમાં એ ટપાલ ભારત માર્ગે લઈ જવાતી હતી. આમ છતાં ભારતમાં નિયમિત ઢબે વિમાન માર્ગે ટપાલ લઈ જવાનો સર્વપ્રથમ આરંભ ૧૯૩૨માં ૧૫મી ઓક્ટોબરે તાતા એરલાઈન્સે કર્યો હતો. મુલકી ઉડ્ડયનની ૫૦મી જયંતીએ જે.આર.ડી. તાતાએ ૧૯૮૨ના ઓક્ટોબરમાં મુંબઈથી કરાંચી ઉડ્ડયન કર્યું ત્યારે ભુજ પરથી પસાર થયા હતા.

***'ભૂમા નિકેતન', ૨૨/બી, શિવમ પાર્ક,***
***નાનાયક્ષ મંદિર પાસે,***
***રીંગ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.***
***ફોન : (૦૨૮૩૨) ૨૪૩૨૪૨, ૨૦૪૩૯૨***
***મો. : ૯૯૯૮૨૨૦૪૭૮***
***email : naresh_antani@yahoo.in***

neelam
STEEL CENTRE
G-75, Sarvoday Nagar,
1st Panjrapole Lane, C.P. Tank,
Mumbai-400 004.
**Tel. : 022-2242 0227 / 7128, 32428386**
**E-mail : neelamsteel@yahoo.com**

# આપણા કચ્છી લોક સંગીતનું ફલક વિસ્તરે છે

● લાલ રાંભિયા ●

લોકસંગીત – પ્રકૃતિની ગોદમાં જીવતા અને જીવાડતા લોકો દ્વારા નિજાનંદ સ્વરૂપે ઉપજતું સંગીત. એમાં સમય, સ્થળ અને સંજોગનો સુરીલો સંગમ વર્તાય. તહેવાર અને વ્યવહારમાં એ પ્રાણ પૂરે. સુરપ્રધાન કરતાં એ ભાવપ્રધાન વધુ હોય અને એટલેજ માણસ ઉપરાંત પશુ પક્ષીઓ અને ઝાડપાન સુધ્ધાં એમાં રસતરબોળ બને. સંસ્કૃતિના માપદંડમાં લોકસંગીત મોખરાનું સ્થાન ભોગવે. જો કે ટેલિવિઝન અને બોલીવુડે ટાઈમ બાઉન્ડ, ઈન્સ્ટન્ટ મનોરંજન વેચવા અને ટી.આર.પી. વધારવા લોકસંગીતમાં પણ ડીવેલ્યુએડિશન કરવામાં જરાય શરમ કે સંકોચ નથી રાખ્યા. છતાં, આવા ઘોંઘાટિયા કાળમાં પણ લોકસંગીતને એના અસલ સ્વરૂપે રજૂ કરી, લોકકલાકાર અને શ્રોતાઓને દિલને નાતે જોડવાનું ઈશ્વરીય કામ ચોક્કસ વ્યક્તિઓ અને સંસ્થાઓ કરી રહી છે 'સુરવાણી' એમાંની એક છે. કચ્છ મહિલા વિકાસ સંગઠનના અનેક પૈકી એક વિભાગ તરીકે ઉદ્ભવ્યા બાદ કચ્છના સેંકડો લોકકલાકારોનું પ્રતિનિધિત્વ 'સુરવાણી' કરી રહી છે. એના અસલ સ્વરૂપને જાળવી રાખી, ગામના ગોંદરેથી શહેરના સ્ટેજ કે સ્ટુડિયો સુધી લાવવામાં સંગીત ઉપરાંત બીજી કંઈ કેટલીય બાબતોનું ધ્યાન રાખવું પડે. ગાયકી અને વાદનની ઓળખ, રાગ, તાલ, બોલ, પરંપરા, પહેરવેશ, એન્ટ્રી, એક્ઝીટ, માઈકની મોકાણ, ટાઈમની તાળાબંધી, શ્રોતાઓ સાથે તાદાત્મ્ય, લાઈટ... કેમેરા... એક્શન! અને આ બધી આળપંપાળ વચ્ચે અસલિયતની પેશગી કરી, દાદ મેળવવી! નાના બાળકને શીખવવું સહેલું પણ કલાકારને માંજવો, મઠારવો મુશ્કેલ. પણ જીવનમાં કંઈ સાંસ્કૃતિક, હેતુલક્ષી કરવાની લગન લાગી હોય તો થાક ન લાગે બલકે સંતોષ અને શાતા મળે. પ્રીતિ સોની, ઝવેરીલાલ સોનેજી, અબ્દુલ્લા તુર્ક, ગનીભાઈ લંઘા, ભારમલ સંજોટ, સુષ્મા આયંગર અને હું પોતે આવી અનેક ઘટનાઓના સાક્ષી છીએ. અને એની ફળશ્રુતિ સમાન શિરમોર કાર્યક્રમ એટલે એશિયામાં ખ્યાતિ પ્રાપ્ત એન.સી.પી.એ. મુંબઈમાં સુરવાણીનો કાર્યક્રમ- 'રીધમ્સ ઓફ રણ'

નેશનલ સેન્ટર ફોર પર્ફોર્મિંગ આર્ટ (NCPA), ટાટા પરિવારની આ અણમોલ દેણ. નરીમાન પોઈંટના દરિયા કિનારે વિશાળ ક્લાસંકુલમાં જમશેદ ભાભા થિયેટર, એક્સપેરીમેન્ટલ થિયેટર, પિરામલ આર્ટ ગેલેરી, ગોદરેજ ડાન્સ થીયેટર, લીટલ થિયેટર, આરકાઈવ્ઝ, રેફરન્સ લાયબ્રેરીઝ, કેફે, લેન્ડસ્કેપ.... કલા ક્ષેત્રે ઓલ અંડર વન રૂફ. પણ ત્યાં સુધી પહોંચવા તમારે કલાનું સાતત્ય પૂરવાર કરવું પડે. મેનેજમેન્ટમાં પણ વિવિધ ક્ષેત્રના કલા તજજ્ઞો જ! સુરવાણી સાથેનું સંકલન ડૉ. શુભા ચૌધરી અને ડૉ. સુવર્ણલતા રાવ એ કર્યું. સારું અને સાચું હતું એટલે સ્વીકૃતિ પામ્યું. મોટાભાગના બિનકચ્છી જિજ્ઞાસુ શ્રોતાઓએ 'રીધમ્સ ઓફ રણ'ને મનભેર માણ્યો. કલાકારો ખુશખુશાલ. હવે દેશની બીજી અનેક નામની ઈન્સ્ટીટ્યૂટના દ્વાર સુરવાણી માટે ખૂલી ગયા.

કાર્યક્રમના આગલા દિવસે પ્રિ-રીપોર્ટિંગ માટે હું એન.સી.પી.એ. ગયો. સજાવટ ચાલુ હતી. કચ્છીયતની નયનરમ્ય તસ્વીરો, પોસ્ટર્સ, બેનર્સ, સ્લાઈડ શો, કચ્છ અને સંગીત વિષયક માહિતી... હું ગદ્ગદ્ થઈ ગયો. કાઉન્ટર પર મિત્રો માટે ટિકિટ ખરીદવા ગયો. જોઈતી હતી ૧૨ અને મળી ૭, હાઉસફુલ! પહેલીવાર ટિકિટ ન મળ્યાનો આનંદ થયો કારણકે સ્વયંભૂ હાઉસફુલ થયું હતું. કાર્યક્રમના દિવસે સવારે ૧૦ થી ૧૧.૩૦ દરમ્યાન કચ્છ વિષયક ત્રણ દસ્તાવેજી ફિલ્મો રજૂ થઈ. દરેક ફિલ્મીંગ બાદ દર્શકો સાથે વાર્તાલાપ! સાંજે ૪ વાગે ગ્રાન્ડ રીહર્સલ અને ૭ ને ટકોરે કાર્યક્રમ શરૂ. મુરા લાલાએ આરાધીથી માંડણી કરી. એમના 'વારી જાઉં રે' પર શ્રોતાઓ વારી ગયા. નૂરમામદ સોઢાએ જોડિયા પાવા પર સારંગ અને ભૈરવીની ધૂન વગાડી અલૌકિક ભાવજગત નિર્માણ કર્યું. ઈસ્માઈલ પારાએ કાફીની જમાવટ કરી. સંગત કરતા ફકીરમામદ બંગાના ઢોલક પરના સિંધી કચ્છી ઠેકા પર શ્રોતાઓ આફરીન થઈ ગયા. ત્યારબાદ માવજી જાગરિયા અને સાથીઓએ સમૂહ ડાકવાદનથી રૂંવાડા ઊભા કરી દીધા. જાન મહંમદ તથા સુમરા જત દ્વારા શાહ અબ્દુલ ભિટાઈની બેત અને વાઈ, ઘડાગંભેલાની સંગતે દાના ભારમલ દ્વારા આશિકાના કાફી અને છેલ્લે મુબારક ગજણ, આરબ નાથા જત, મજરૂદિન મુતવા દ્વારા જોગી રામકલીની દાસ્તાન! શ્રોતાઓએ ઊભા થઈને દાદ આપી. કાર્યક્રમના સહયોગી કોર્બેટ ફાઉન્ડેશન, ઈન્ફીનિટી રીસોર્ટના મર્મજ્ઞ શ્રી દિલીપ ખટાઉએ પરમ સંતોષનો પ્રતિભાવ આપ્યો અને ડો. રાવએ ફરી બોલાવવાની ખાતરી આપી ત્યારે શ્રોતાઓ માન્યા. રણનું સંગીત સૌને સ્પર્શી ગયું.

કાર્યક્રમ તો સફળ રહ્યો જ પણ સાથે એનું દસ્તાવેજીકરણ થયું, દૂરદર્શન દ્વારા ભારતભરમાં દર્શાવાયું એ પણ નોંધપાત્ર ઉપલબ્ધિ ગણાય. અને છેલ્લે સહજીવન દ્વારા ખાસ લવાયેલ ઊંટડીના દૂધની આઈસ્ક્રીમનો વિશિષ્ટ સ્વાદ હજી લોકજીભે છે. એક જાજરમાન મંચ માધ્યમે કદરદાન શ્રોતાઓએ કચ્છીયતનું દર્શન, શ્રવણ અને સ્વાદ આકંઠ કર્યું. ઈ પાંજે કચ્છડેજો પાણી!

*૨૦, દેવરાજ ફાર્મ, ટપકેશ્વરી રોડ,*
*વ્હાઈટ હાઉસ સ્કૂલ પાસે,*
*હરીપર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ઈ-મેઈલ : lalrambhiya@gmail.com*

*અભિમાની માણસ પોતાનાં સારા કામો ગણાવ્યા કરે છે અને બીજાના ખરાબ કામો જ ગણાવ્યા કરે છે.*

# પ્રજાતંત્ર જો જો, આંકડા બતાવવામાં ઉત્સાહનો અતિરેક ન થાય

● શશીકાંત ઠક્કર ●

હક્કપત્રકની નોંધોનો નિકાલ સમય મર્યાદામાં થાય અને લાંબા સમય સુધી આવી નોંધો બાકી ન રહે એ પરિસ્થિતિ સરાહનીય છે. પરંતુ નિકાલના આંકડા બતાવવાના ઉત્સાહમાં ખોટા બહાનાઓ તળે નકારાત્મક અને ગેરકાયદેસર નિકાલ ન કરાય તેના પર પણ ચાંપતી નજર રાખવી જરૂરી બને છે.

દેશની ઉચ્ચત્તમ અદાલત અને રાજયની ઉચ્ચ અદાલત દ્વારા સંખ્યાબંધ ચુકાદાઓથી એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે કોઈપણ વ્યક્તિના હક્ક - હિતને અવળી અસર કરે તેવો કોઈ નિર્ણય કે હુકમ સંબંધિત વ્યક્તિને સાંભળવાની અને રજુઆત કરવાની તક આપ્યા વિના કરી શકાય નહીં અને આવો કોઈપણ હુકમ કે નિર્ણય સાચો હોય તો પણ તે રદબાત્તલ છે. આમ છતાં પણ હક્કપત્રની નોંધોના નિકાલમાં આ પાયાના સિધ્ધાંતનું સરેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે અને તે અંગેની લેખિત રજૂઆતો મહેસૂલીતંત્રના જિલ્લાથી રાજ્ય કક્ષા સુધીના તમામ સંબંધિત સત્તાવાળાઓને કર્યા છતાં કોઈપણ ઠોસ કાર્યવાહી કરાતી નથી.

હક્કપત્રની નોંધો સંબંધિત હિતાધિકારીને સાંભળ્યા વિના જ ખોટા અને અનધિકૃત બહાનાઓ બતાવી નામંજૂર / રદ કરવાનો સિલસિલો વણથંભ્યો ચાલુ જ છે. આ મુદ્દા પર વિસ્તૃત ચર્ચા અગાઉ આ કોલમ હેઠળ કરવામાં આવી હતી. તે મુજબ તકરારી રજિસ્ટરે દાખલ કરીને પક્ષકારોને સાંભળી ન્યાયિક નિર્ણય આપ્યા વિના કોઈપણ નોંધ પરબારે નામંજૂર કે રદ કરવાના કોઈને પણ અધિકાર નથી. તે અંગેના નિયમોના હવાલા સાથે તેમાં સ્પષ્ટતા કરવામાં આવી છે. આમ છતાં તંત્રના કોઈપણ પ્રતિભાવના અભાવે આ ગેરકાનૂની પદ્ધતિ ચાલુ રાખી નિકાલના આંકડા બતાવી સારી કામગીરીનો દેખાવ કરવામાં આવે છે.

કલેક્ટરે દરેક તાલુકાના ઈ-ધરા કેન્દ્રોમાં આવી પરબારે નામંજૂર કે રદ કરાયેલ નોંધ માટે અપાયેલા કારણો વાજબી છે કે કેમ અને આ કારણો અંગેની જાણ પક્ષકારને કરી તેમને સ્પષ્ટતા કરવા તક અપાઈ છે કે કેમ તેની તપાસ કરવી જોઈએ અને તો જ સાચી પરિસ્થિતિનો ખ્યાલ આવી શકશે.

સાથોસાથ સૌ તાબાના અધિકારીઓએ એ પણ ધ્યાને લેવું પડશે કે ભારતના ફોજદારી કાયદાની કલમ-૨૧૯ અન્વયે કોઈપણ અર્ધન્યાયીક કાર્યવાહીમાં પણ કાયદા વિરુદ્ધ કોઈપણ હુકમ, નિર્ણય, અહેવાલ કે રિપોર્ટ કરવો તે સ્વયં ગુનો બને છે અને તે માટે સાત વર્ષ સુધીની કેદની સજા થઈ શકે છે.

તાજેતરમાં મુંદ્રા તાલુકાના નાયબ મામલતદાર વિરુદ્ધની ફોજદારી ફરિયાદના અનુસંધાને ગુજરાત હાઈકોર્ટના તા. ૧૫-૨-૨૦૧૨ના ચુકાદાનો હવાલો આપી તાબાના અધિકારીઓએ હક્કપત્ર નોંધ નામંજૂર / રદ કરવાના નિર્ણય સામેની તકરાર કે વિવાદના કિસ્સામાં સંબંધિત કર્મચારી સામે પોલીસ ખાતા દ્વારા ફોજદારી કાર્યવાહી ન કરવામાં આવે તેવી સૂચના અપાયાનું માધ્યમો દ્વારા જાણવા મળ્યું છે. પરંતુ ગુજરાત હાઈકોર્ટના આ ચુકાદામાં આવું કંઈ જણાવાયું જ નથી. આ ચુકાદો ખોટા અગર બનાવટી દસ્તાવેજોના પરિણામે થયેલી હક્કપત્રક નોંધ અંગે તે નોંધ પ્રમાણિત કરનારા સામે ફોજદારી ન થઈ શકે પરંતુ તેવો દસ્તાવેજ રદ કરાવવા દિવાની કોર્ટમાં જવું જોઈએ તે સંદર્ભમાં અપાયો છે. અને તેમાં મહેસૂલી નોંધો અંગેની તકરારોમાં પોલીસ દરમ્યાન ન થવું તેમ જણાવાયું છે. આનો અર્થ એવો નથી કે ફોજદારી કાયદા મુજબ ગુનો થયાનું પ્રાથમિક પુરાવા પરથી બહાર આવતું હોય ત્યાં પણ પોલીસ કાર્યવાહી ન થઈ શકે.

કોઈપણ દસ્તાવેજ ખોટો છે કે પાવરનામું ખોટું છે તેનો નિર્ણય મહેસૂલી કાર્યવાહીમાં કરી શકાય નહિ. આથી રજિસ્ટર દસ્તાવેજના આધારે કોઈપણ નોંધ પ્રમાણિત કરવામાં આવે તેમાં કોઈ ગુનો પ્રાથમિક રીતે બનતો નથી. તેથી આવા કિસ્સામાં ફોજદારી કાર્યવાહી કરી શકાય નહીં તે સ્પષ્ટ છે. પરંતુ કાયદાની જોગવાઈથી વિરુદ્ધ જઈને સંબંધિત વ્યક્તિને સાંભળ્યા વિના પરબારે કોઈ નોંધ નામંજુર / રદ કરાય તે પણ ગેરકાયદેસર કાર્યવાહી છે. દફતર ઉપર અગાઉ રજિસ્ટર દસ્તાવેજથી જમીન વેચાણ થઈ ગયાની નોંધ થયેલી હોય (પણ અન્ય કારણે મંજૂર ન થઈ હોય) છતાં તે જમીનની પાછળની નોંધ પ્રમાણિત કરવામાં આવે અથવા ગણોતધારા હેઠળ ગણોતિયાવાળી જમીનનું અન્યને વેચાણ કરવાનું પ્રતિબંધિત હોવા છતાં તેવા

"ROLEX" Brand

Rushabh
STEEL CENTRE
G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
Tel. : 2242 2072, 2242 7310 ● Fax : (022) 3008 0072
MFGR. & DEALERS IN : *Rolex* SQUARE DABBA & TIFFIN

વેચાણની નોંધ પ્રમાણિત કરવામાં આવે તેવા કિસ્સા પ્રાથમિક રીતે જ ગેરકાનૂની હોવાથી તે ફોજદારી ગુનાની વ્યાખ્યામાં આવી જાય છે. આથી આવા કિસ્સાઓમાં ફોજદારી કાર્યવાહી કરવી જરૂરી બને છે અને પોલીસખાતું આવી ફરિયાદો ન નોંધે તો પરબારે ફોજદારી કોર્ટમાં પણ ફરિયાદ થઈ શકે છે.

અત્રે એ નોંધવું પણ યોગ્ય થશે કે તાજેતરમાં ફોજદારી કાયદામાં સુધારો કરી કલમ-૧૬૬એ ઉમેરવામાં આવી છે. તેના ક્લોઝ (બી)માં એવી જોગવાઈ કરવામાં આવી છે કે કોઈ જાહેર સેવક કોઈપણ ગુનો કે અન્ય બાબતની તપાસની કાર્યવાહીમાં કાયદાની જોગવાઈ તેને જે રીતે વર્તવું જોઈએ તેવી જોગવાઈનો જાણીબુઝીને અનાદર કરી વર્તે તેને એક વર્ષ સુધીની કેદની સજાની જોગવાઈ દાખલ કરવામાં આવી છે. એટલું જ નહીં પણ આ કલમના ક્લોઝ (સી)માં એવી જોગવાઈ પણ કરવામાં આવી છે કે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૫૪(૧) મુજબ તેમને અપાયેલ માહિતી નોંધવામાં કોઈપણ જાહેર સેવક નિષ્ફળતા બતાવે તો તેને પણ એક વર્ષ સુધીની કેદની સજા થઈ શકે છે. આમ કાયદા મુજબ પ્રાથમિક રીતે ગુનો બનતો હોય તેવી કોઈપણ બાબત સંબંધિત પોલીસ અધિકારી નોંધે નહીં અગર નોંધવાનો ઈન્કાર કરે તો તેવા અધિકારી સામે પણ ફોજદારી ફરિયાદ કરી શકાય તેવો આ સુધારો કરવામાં આવ્યો છે.

મહેસૂલી તંત્ર આવી સંવેદનશીલ બાબતે પોતાના તાબાના અધિકારીઓને સ્પષ્ટ માર્ગદર્શન આપે અને તેની જાણ જાહેર જનતાને પણ કરે તે અપેક્ષિત છે. જેથી ભવિષ્યમાં તંત્ર અને લોકો વચ્ચે ઘર્ષણ નિવારી શકાય અને સાથોસાથ પોલીસ તંત્રમાંથી પણ દ્વિધા અને અસમંજસ દૂર થાય.

મહેસૂલી તંત્રે પોતાના અધિકારીઓ અને કર્મચારીઓનું હિત અને સલામતીની ચિંતા કરવી જરૂરી છે પણ સાથોસાથ ભ્રષ્ટ તત્ત્વોથી લોકોને થતી પરેશાની અને વિલંબ સામે લોકો તેમના કાનૂની માર્ગો અખત્યાર કરે તેને અટકાવવાના બદલે તે માટે પ્રોત્સાહન આપવું જોઈએ. જેથી વ્યાપક બનેલા ભ્રષ્ટાચારને નાથવામાં મદદ મળે.

● **વારસાઈના પંચનામા :**

તાજેતરમાં વારસાઈના પંચનામા કરવાનો ઈન્કાર તલાટી મંડળના આદેશથી કરવામાં આવ્યો છે. તેના કારણે વારસાઈ નોંધોનો નિકાલ મુશ્કેલ બન્યો છે તેવા સમાચારો પણ બહાર આવ્યા છે. પ્રશ્નની વિગતવાર છણાવટ અગાઉના એક લેખમાં કરવામાં આવી છે તે મુજબ આ પદ્ધતિ સરકારના તા. ૧-૧૨-૨૦૦૩ના ઠરાવના પારા-૯ મુજબ રદ કરવામાં આવી છે અને વારસદારે પોતે આ બાબત હક્ક ઉત્પન્ન થયાની તારીખથી ત્રણ માસમાં જ.મ.કા.ની કલમ-૧૩૫સી અન્વયે અરજી કરવાની રહે છે. અને આ બાબતમાં કંઈ ગરબડ થાય તો પગલાં લઈ શકાય તે માટે વારસદાર પાસેથી સોગંદનામું લેવામાં આવે છે. આથી તલાટી મારફતે પંચનામુ કરાવી રજૂ કરવા અરજદારને જણાવવાનું કોઈ ઔચિત્ય નથી અને આવી કોઈ કાનૂની જોગવાઈ પણ નથી. આમ છતાં તલાટી પંચોના જણાવ્યા મુજબ પંચનામુ કરી આવે તેમાં કોઈપણ ખોટી વિગત લખાયેલ હોય તેવું પાછળથી નીકળે તો તે માટે તલાટીની જવાબદારી ગણી તેમની સામે ફોજદારી ફરિયાદ કરવાનું પગલું તદ્દન બાલીશ અને ઔચિત્ય વિનાનું ગણી શકાય. તલાટીને પોતાને વારસોની જાત માહિતી હોતી નથી. તેઓ તો પંચો જે માહિતી આપે તે પંચનામાના સ્વરૂપમાં નોંધીને પંચોએ પોતાની રૂબરૂ આ માહિતી આપી છે તે બદલ તેની નીચે રૂબરૂની સહી કરતા હોય છે. આ માટે તેમની સામે ફોજદારી કાર્યવાહી થઈ શકે નહીં તે સ્વયં સ્પષ્ટ છે. છતાં તંત્ર આવું કરે છે ત્યારે તલાટી મંડળને આવો આદેશ આપવાની જરૂર ઊભી થઈ છે તે હકીકત સ્વીકારવી રહી.

*'જલિયાણ',*
*જૂના બસ સ્ટેન્ડની બાજુની ગલી,*
*જૂના વાસ, માધાપર, કચ્છ-૩૭૦ ૦૨૦.*

## ચૂપકીદી જ વધુ બોલકી બની રહે છે

**(અનુસંધાન : પાના નં.-૫૬ ઉપરથી ચાલુ)**

કરવું બીજી જ વાત બની જાય છે. સામાન્યજન કદાચ દિલાસો દેનાર પાસેથી વધુ હાવભાવ, વધુ વાણી કે ક્યારેક વધુ આંસુની અપેક્ષા રાખતો હોય છે તો જેટલું શક્ય હોય તેટલું કરવામાં હરકત નથી. પણ કોઇ બુદ્ધિશાળી વ્યક્તિને એવી હૈયાધારણ જરૂર બોજારૂપ કે કંટાળાભરી લાગશે. એ વધુ સમજદાર છે. દુ:ખની હકીકત એણે દુ:ખી હૃદયે સ્વીકારી પણ લીધી છે. એની આગળ એનું એજ રટણ કરવું એ ત્રાસરૂપ થઇ રહેશે. ક્યારેક એવો ત્રાસ એના વદન પર પણ વર્તાશે. અલબત્ત અહીં પણ એવા લોકો નીકળે જે એને ત્રાસ આપવામાં પાછી પાની નથી કરતા. ઉચ્ચભ્રૂ દુ:ખી લોકો આવા સમયે છાંયડામાં પણ ગોગલ્સ પહેરેલા દેખાય છે એ સકારણ હોય છે. ચુપકીદીથી જે કહી શકાય છે તે સેંકડો શબ્દો કે રડારોડથી નથી કહી શકાતું.

દિલાસો દેવો એ બહુજ નાજુક સુક્ષ્મ લાગણીતંત્રને સ્પર્શતી બાબત છે. દિલાસો દેતાં ત્રાજવું સમતોલ રહે એ બહુ જ મહત્ત્વનું છે.

*૫૦/૪, રામસદન*
*માટુંગા, મુંબઈ-૪૦૦ ૦૧૯.*

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

વિચાર-મંથન

# સામાજિકતા વળગણ બને ત્યારે....

• યાસીન દલાલ •

એક મિત્રને કોઈ કામસર ફોન કર્યો. એમનું નામ રમેશભાઈ ધારી લઈએ. સામે છેડેથી જવાબ મળ્યો કે નજીકના કોઈ સગાના લગ્નપ્રસંગે મુંબઈ ગયા છે. બે દિવસમાં આવી જશે. ત્રણેક દિવસ પછી ફરી ફોન કર્યો તો ફરીથી જવાબ મળ્યો કે બહારગામ ગયા છે. મુંબઈથી તો એ મિત્ર બે દિવસમાં આવી જવાના હતા. તો આવીને ફરી ક્યાં ઊપડી ગયા? પૂછપરછ કરી. જવાબમાં જાણવા મળ્યું કે મુંબઈથી આવ્યા પછી એક સંબંધીનું અવસાન થયાના સમાચાર મળતાં એ પાલનપુર ગયા છે.

આવો અનુભવ મને, તમને સૌને અવારનવાર થાય છે. લોકો સતત કોઈ ને કોઈ સામાજિક કામ માટે ટ્રેઈન કે બસનો પ્રવાસ ખેડીને દૂર દૂર જાય છે. કોઈની સગાઈ હોય, લગ્ન હોય કે કોઈ માંદુ હોય તો ખબર કાઢવા પણ જવું પડે. હવે તો લોકો કોઈ સગાસંબંધી કે મિત્રને ત્યાં ધાર્મિક કથાનો પ્રસંગ હોય તો પણ પ્રવાસ કરીને એમાં હાજરી પુરાવવા જતા હોય છે. પરિણામે ટ્રેઈન, બસમાં ચિક્કાર ગિરદી જામેલી રહે છે. પ્રવાસનું કારણ પૂછીએ તો મોટાભાગના જવાબો આવા જ મળે.

વાહન વ્યવહારનાં સાધનો વધ્યાં અને એ ઝડપી બન્યાં, એનો આ એક લાભ થયો છે કે લોકો એવાં સારાં-નરસાં કામે ઝડપથી અને સહેલાઈથી જઈ શકે છે. લગ્ન હોય, સગાઈ હોય કે મરણ હોય, એ પોતાની પ્રત્યક્ષ હાજરી વડે એમાં સામેલ થઈ શકે છે. પેલી વ્યક્તિને લાગે છે કે એના પ્રસંગમાં ઘણા લોકો એના ભાગીદાર છે. લગ્નપ્રસંગની ખુશાલીમાં પણ એ એકલા નથી અને સ્વજનના મૃત્યુથી લાગેલા આઘાતમાં પણ એકલા નથી. આ સધિયારો અને આશ્વાસન માનસિક રીતે માણસને હૂંફ આપે છે અને ખાસ કરીને માઠા પ્રસંગના આઘાતને હળવો કરવામાં અગત્યનો ભાગ ભજવે છે.

પણ આવી સામાજિકતા એ માત્ર દેખાડો બની રહે, ક્રિયાકાંડ બની રહે અને એનો પણ અતિરેક થઈ જાય ત્યારે એ ઉપયોગી બનવાને બદલે બધાની મુશ્કેલીમાં વધારો કરનારી ક્રિયા બની જાય છે. આપણે હવે આ સામાજિકતાના અતિરેકના યુગમાં આવી પહોંચ્યા છીએ, જ્યાં દરરોજ હજારો લોકો આવા સામાજિક પ્રસંગોને નિમિત્ત બનાવીને પોતાનો સમય અને નાણાં બગાડે છે. એટલું જ નહીં, સામી વ્યક્તિને માટે પણ ભારે અગવડ અને મુશ્કેલી સર્જે છે અને સૌથી વધુ તો ગરીબ દેશની જાહેર વાહનવ્યવહાર સેવા ઉપર તો અતિશય ભારે બોજ એનાથી પડે છે.

એક કુટુંબમાં કોઈ વ્યક્તિ માંદી પડી. માંદગી વધી એટલે એમને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા. કુટુંબ બહુ વિસ્તરેલું છે એટલે દીકરા, દીકરી, ભાઈઓ, કાકા, મામા, પિતરાઈ ભાઈ, બહેન એમ જાતજાતનાં સગાં અને સંબંધીઓની જાળ ફેલાયેલી છે અને એ બધાં જુદે જુદે સ્થળોએ પોતપોતાનાં નોકરી ધંધામાં પડેલા છે. એ બધા માંદગીની ખબર પડતાં જ દોડ્યાં આવે છે અને માંદી વ્યક્તિ હોસ્પિટલમાં જનરલ વોર્ડમાં હોય તો એમની સાથે બીજા અનેક દર્દીઓના ખાટલા હોય. એમાંથી પણ દર્દીઓને તો બિલકુલ શાંતિ અને આરામની જરૂર હોય. પણ સગાંવહાલાં આવીને શોરબકોર કરે, વાતો કરે, પૂછપરછ કરે એટલે બધાની શાંતિમાં ખલેલ પડે. પેલા દર્દીની માંદગી ઘટવાને બદલે આવા ઘોંઘાટથી વધી પણ જાય. હોસ્પિટલમાં ઠેર ઠેર શાંતિ જાળવવાની સૂચના લખી હોય, પણ આ બધું ગાંઠે કોણ? ઉપરથી હોસ્પિટલમાં પણ આપણી કેટલીક કુટેવોનું પ્રદર્શન કરતા જાય અને લોબીમાં કે સીડી પર પાનની પિચકારીઓ મારી આવે કે બીડી-સિગારેટનાં ઠુંઠાં મૂકતાં આવે. હોસ્પિટલમાં હવે દર્દીઓને મળવા માટેનો સમય નિશ્ચિત કરી દીધો હોય છે. પણ આવી સૂચનાઓનું પાલન કરવાની આપણે ત્યાં તો ટેવ જ નથી. પરિણામે ગમે ત્યારે, હોસ્પિટલ પણ ગામના ચોરામાં ફેરવાઈ જાય છે. આપણી કોઈ પણ હોસ્પિટલમાં જઈ ચડીએ તો દર્દી કરતાં એમના આ સ્નેહીઓના ટોળાં જ વધારે દેખાવાનાં.

આવી સામાજિકતાનું પ્રદર્શન ન કરવું હોય તો પણ આપણા સામાજિક નિયમો અને દેખાદેખી માણસને છોડતા નથી. નાનકડા ગામમાંથી કોઈ માણસ શહેરની હોસ્પિટલમાં દાખલ થયું હોય અને કોઈ નજીકના સંબંધી જોવા ન જાય તો તરત ગામમાં ટીકા થવા માંડે અને ‘નહીં જઈએ તો ગામલોકો વાતો કરશે’ એવી બીકથી પણ નાછૂટકે ખબર પૂછવા જવું પડે છે. વાસ્તવમાં સ્થિતિ તો જે છે તે જ રહેવાની છે. એમાં કોઈના જોવા જવાથી કે ન જવાથી કોઈ તફાવત પડતો નથી. ક્યારેક તો હૃદયરોગનો હુમલો આવ્યો હોય તો દર્દીને ઘનિષ્ઠ કાળજી હેઠળ રાખવો પડે છે. જ્યાં અંદર જવાની પણ કોઈને છૂટ હોતી નથી. આમ, ઘણીવાર તો દર્દીને મળવાની કે જોવાની પણ તક મળે નહીં પણ માત્ર ‘અમે તબિયત જોવા આવ્યા હતા’ એવી નોંધણી કરાવવા જ લોકો હોસ્પિટલમાં દોડી જતા હોય છે. બહારગામથી આવા પૂછપરછ કરનારા આવે એટલે એમને ઘરમાં રાખવા પડે, જમાડવા પડે અને સાચવવા પડે. ઘરના લોકો એક તો દર્દીની સારવારમાં જ ઉજાગરા કરીને

*અહિંસા પરમ ધર્મ છે. અહિંસા પરમ તપ છે. અહિંસા પરમ જ્ઞાન છે અને અહિંસા જ પરમ પદ છે.*

અને દોડાદોડીથી થાક્યા હોય ત્યાં આ તબિયતની ખબર કાઢનારાઓ આવે એટલે એમની સેવામાં લાગવું પડે.

આવી સામાજિક દેખાદેખીનાં માઠાં પરિણામ અનેક પ્રકારે આવી શકે છે. એનાથી આપણી ઓફિસોમાં કાર્યક્ષમતા ઉપર પણ અસર થાય છે. કોઈ મોટી ઓફિસમાં પાંચસો-સાતસો કર્મચારીઓ કામ કરતા હોય, ત્યારે સ્વાભાવિકપણે અવારનવાર કોઈ ને કોઈ કર્મચારીના સગા-સંબંધીના સારા-માઠા પ્રસંગો આવ્યા કરે. પરિણામે બીજા અનેક કર્મચારીઓ ઓફિસેથી વહેલા નીકળીને પેલા કર્મચારીને ઘેર પહોંચી જાય. ઘણા કર્મચારીઓ જતાં હોય એટલે કોઇને ઓફિસના સમયમાં જવાની મરજી ન હોય તો પણ ઘસડાવું પડે. કોઈ ગુજરી જાય તો ઉઠમણામાં જવું પડે છે, કોઈ માંદુ હોય તો ખબર કાઢવા જવું પડે. કોઈને ત્યાં લગ્નપ્રસંગ હોય તો જમણવારમાં જવું પડે. ઘણીવાર તો લગ્નનો જમણવાર ચાલુ દિવસોએ બપોરના સમયે હોય તો સંખ્યાબંધ કર્મચારીઓ અડધો દિવસ ગાપચી મારીને છેક બપોરે ઓફિસમાં હાજર થાય! સામાજિક પ્રસંગના નામે કોઈને કંઈ કહી શકાય પણ નહિ. ઘણા કર્મચારીઓ સતત મોડા આવતા હોય, એમને કારણ પૂછો તો જવાબ મળે કે ઘરે મહેમાન આવ્યા છે!

કોઈ સંબંધીનું અવસાન થાય એટલે દૂરદૂરથી લોકો દિલસોજી વ્યક્ત કરવા માટે જાય છે. આવી દિલસોજીની અભિવ્યક્તિ તો થોડી મિનિટોમાં પૂરી થઈ જાય છે, પણ એટલા ક્રિયાકાંડ માટે લોકો મુંબઈથી કલકત્તા જાય કે રાજકોટથી પાલનપુર જેવા સ્થાને નીકળી જાય અને પાંચસો-સાતસોનું ખર્ચ થાય એ વધારામાં. આના કરતાં દિલસોજીનો એક પત્ર લખી નાખ્યો હોય કે ટેલિફોન કરી દીધો હોય તો ચાલી શકે. પણ આપણી કહેવાતી સામાજિકતા એનાથી સંતોષ પામતી નથી.

આપણા લોકો ઇંગ્લેન્ડ - અમેરિકા જાય ત્યારે ત્યાંના જીવન વિષે એક મોટી ફરિયાદ એ કરતા હોય છે કે 'સોશિયલ લાઈફ' નથી. પરિણામે માણસ એકલો પડી જાય છે. ઘણા તો કહે છે કે ત્યાં લોકો સ્વાર્થી છે, ભૌતિકવાદી છે, બધા પોતપોતાના ધંધામાં જ રચ્યાપચ્યા હોય છે, કોઈ કોઈનો ભાવ પૂછતું નથી વગેરે. પણ વાસ્તવમાં જોવા જઈએ તો ત્યાંની પ્રજા સામાજિકતાના નામે ચાલતાં આવાં કૃત્રિમ પ્રદર્શનોથી મુક્ત બની છે અને પ્રગતિ, વિકાસ તથા કાર્યક્ષમતાને જ એમણે ટોચની અગ્રતા આપી છે. એટલે ત્યાં લોકો ઓફિસ, નોકરી કે ધંધાના ભોગે સામાજિક લાગણીનું પ્રદર્શન કરવા દોડી જતા નથી.

ઇંગ્લેન્ડમાં લાખો ગુજરાતીઓ રહે છે. ત્યાં જઈ આવેલા લોકોને ખ્યાલ હશે કે લંડનમાં કોઈનું અવસાન થાય તો અવસાન ગમે તે દિવસે થાય પણ એના મૃતદેહને આધુનિક ટેકનિકથી ત્રણ-ચાર દિવસ સાચવી રાખવામાં આવે અને પછી શનિ-રવિ દરમ્યાન અંતિમ સંસ્કાર કરવામાં આવે છે. પશ્ચિમની પ્રજામાં દૂરદૂરનાં સગાંવહાલાં ક્યાં છે, શું કરે છે એની પણ ઘણા લોકોને ખબર હોતી નથી. અલબત્ત એ લોકો પણ ક્યારેક અંતિમ છેડે પહોંચી જતા હશે અને માનવીય સંબંધોની બાબતમાં અતિરેક પણ કરતા હશે પણ આપણી સામાજિકતા તો હવે લગભગ લાગણીવેડા અને વેવલાવેડાની હદે પહોંચી ગઈ છે, એમ જ સ્વીકારવું પડે.

આપણા લગ્નપ્રસંગોની જ વાત કરીએ. અગાઉ બસો-પાંચસોની હાજરીમાં લગ્ન થતાં. એને સ્થાને હવે લગ્ન સમારંભોમાં હજારો લોકોની ભીડ ઉમટે છે. એમાં પણ આપણે પરંપરાવાદી પ્રજા એટલે શુભ મુહૂર્ત જોઈને જ લગ્ન કરીએ. પરિણામે અમુક ચોક્કસ દિવસોમાં તો એક જ શહેરમાં સેંકડો લગ્ન પ્રસંગો ઉજવાય. ક્યાંય લગ્ન માટેના હોલ કે વાડી મળે નહીં. ટ્રેઈન કે બસમાં ટિકિટ મળે નહીં. એક દિવસે ક્યારેક આઠ-દસ કંકોતરી એક સાથે મળે. સંબંધ સાચવવા માટે બધે હાજરી આપવી પડે. એટલે એક પ્રકારનો મિથ્યા ક્રિયાકાંડ જ બની રહે. એક જ મોટા પાર્ટી પ્લોટમાં ઘણીવાર એક સાથે ચાર-પાંચ લગ્નો ઉજવાતાં હોય. આટલા બધા લોકો એકસાથે એકઠા થાય એટલે ટ્રાફિક જામ થાય, પેટ્રોલ - ડીઝલનો વ્યય થાય. અનાજની તંગીવાળા દેશનાં અનાજ, તેલ, ઘીનો વેડફાટ થાય. એના કરતાં સાદાઈથી, અત્યંત નિકટના ૨૫-૫૦ લોકોની હાજરીમાં લગ્ન આટોપાય તો આખા દેશની ઊર્જા, નાણાં અને સમય બચે.

સામાજિકતા એ મનુષ્ય સંસ્કૃતિ અને સભ્યતાનું લક્ષણ છે. માણસ એ સમાજનું જ અંગ છે, ઘટક છે. માણસ ઈચ્છે તો પણ સમાજને છોડી શકતો નથી. પણ સામાજિકતા જયારે વળગણ બને છે અને મિથ્યા ક્રિયાકાંડમાં સરી પડે છે ત્યારે એ એક ત્રાસ બની જાય છે. માણસ એકલતા અને અટુલાપણું ન અનુભવે એટલે સમાજની રચના થઈ છે પણ સમાજ ટોળું બનીને વ્યક્તિને સતત ઘેરીને બેસી જાય તો વ્યક્તિની વ્યક્તિમત્તા જ નહીં, એનું અંગત વિશ્વ, એની પોતાની આગવી દુનિયા એ ગુમાવી બેસે છે. સમાજ વ્યક્તિ પર સવાર થઈ જાય ત્યારે વ્યક્તિ એના બોજ હેઠળ કચડાઈ જ જાય.

*સૌજન્ય પબ્લિકેશન્સ*
*૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી,*
*રાજકોટ-૩૬૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૧) ૨૫૭૫૩૨૭*

**Meera Marketing**

**Mfg. Exporters & Suppliers of Stainless Steel & Aluminium Utensils**
**Specialised in Manufacture of Items of Specific Requirements of Exporters & Institutions**

30/2nd Panjrapole Lane, C.P. Tank, Mumbai-400 004. INDIA
Tel. : +91-22-22425857, 22421830 Fax : 91-22-22423281
email id : meeramkt@gmail.com

# ચૂપકીદી જ વધુ બોલકી બની રહે છે

• ડૉ. ગિરીશ વીછીવોરા •

દિલાસો એટલે આશ્વાસન, સાંત્વન, હૈયાધારણ. કોઇ દુઃખીને અપાય. આપવો જ જોઇએ. કોઇને અણધાર્યું દુઃખ, આપત્તિ કે વિપત્તિ આવી પડી હોય ત્યારે એને હૈયાધારણની બહુજ જરૂરત હોય છે. રસ્તે ફરતાં પૈડું કોઈ ખાડામાં ગબડી પડે, બહાર ન નીકળી શકે, વાહન અટકે ત્યારે એને બહારના કોઈ બળની જરૂરત રહે છે. સહેજ ધક્કો માર્યો કે પૈડું બહાર ને વાહન હાલતું થાય. ઓચિંતી, અણધારી ને એકાએક આવી પડેલ આપત્તિ વખતે ભલભલા ચમરબંધી પણ હતપ્રભ થઇ જાય છે. થોડા સમય પૂરતી એમને હતાશા અને નિરાશા ઘેરી વળે છે. આવા સમયે એમને સગાવહાલા, હેતુસંતોષી કે કોઇ દિલદાર મિત્રનું આશ્વાસન બહુજ ફાયદાકારક થઇ રહે છે. સામાન્યજન સહેજે આવા સમયે વધુ વિહવળ થાય છે. એને આવા આશ્વાસનની વધુ જરૂરત હોય છે. એટલે જ કહ્યું છે કે સગાવહાલા કે મિત્રના ઘરે કોઇ સારા પ્રસંગે સંજોગોવશાત્ ન જઇ શકાય તો ક્ષમ્ય છે, પણ કોઇ નરસા પ્રસંગે તો હાજર થવું જ જોઇએ. ત્યારે વ્યક્તિને એના આપ્તજનોની હાજરીની બહુ જ જરૂરત હોય છે.

દિલાસો, આશ્વાસન કે સાંત્વન જરૂર આપવું જોઇએ. આપણી એ એક સ્વાભાવિક ફરજ છે. છતાં દિલાસો દેવાની રીત તો હોય જ છે. દિલાસો સામી વ્યક્તિના દિલ સુધી પહોંચવો જોઇએ. હૃદયને સ્પર્શવો જોઇએ. એને મનમાં લાગવું જોઇએ કે એ દિલાસાથી એને જરૂર સાંત્વન મળ્યુ. વ્યક્તિ કોઇપણ કારણસર દુઃખી હોય છે ત્યારે શરૂઆતમાં હતપ્રભ થઇ ગયેલી હોય છે. સુકાન વગરની નાવ જેમ સમુદ્રના મોજા સાથે હાલકડોલક થતી રહે છે, તેવી જ રીતે થોડા સમય પૂરતું એ પોતાનું સ્વત્વ ગુમાવી સાવ વ્યક્તિત્વ વગરની અસહાય થઇ ગઇ હોય છે. આવી વ્યક્તિને સાંત્વન આપવું એ બહુજ સમજપૂર્વકનું કામ થઇ રહે છે. વ્યક્તિ અસહાય થઇ મૂઢ થઇ ગયેલી હોય, સાવ નિસ્તેજ અને નાસીપાસ થઇ પડી હોય, એનું દુઃખ હૃદયમાં ઘુંટાતું હોય પણ વ્યક્ત ન થતું હોય ત્યારે સાચા હિતેચ્છુ એની સમક્ષ સહજભાવ થઇ બાજુમાં જ બેસી રહેશે. સહજપણે જ પીઠે હાથ ફેરવશે કે કોઇ અન્ય એવી ક્રિયા કરશે જે દુઃખી વ્યક્તિના જડ થઇ ગયેલા લાગણીતંત્રને જીવંત કરશે. એ તંત્ર જીવંત થયું, કે લાગણીનો ઊભરો આવશે. બંધન છુટશે ને એનું દુઃખ વહેતું થશે એ રૂદન દ્વારા, આંસુ દ્વારા કે અન્ય કોઇ લાગણીભરી ક્રિયા દ્વારા બહાર આવશે. એ બહાર આવે, વ્યક્ત થાય એ મહત્ત્વનું છે દુઃખભરી લાગણી, વ્યક્તિના લાગણીતંત્રમાં એટલી બધી જમા થઇ ગયેલી હોય છે કે એના બોજ હેઠળ, એની અસર હેઠળ વ્યક્તિ સાવ જડ ને બુઠ્ઠી થઇ ગઇ હોય છે. સંવેદનાઓ સાવ અસ્તવ્યસ્ત થઇ વેરણછેરણ થઇ ગયેલી હોય છે. દિશાવિહીન એ સંવેદનાઓને વ્યક્ત થવાનું કોઇ વહેણ ન મળે તે આવી લાગણીઓ વ્યક્તિના શરીર પર હુમલો કરશે. કોઇને કોઇ શરીરના મહત્ત્વના અંગઉપાંગ ઉપર માઠી અસર કરશે જેનાથી વ્યક્તિનું શેષ જીવન દુઃખદાયક થઇ રહેશે. વજ્રઘાતથી અતિવ્યથિત થયેલને એકાએક થતો હૃદયરોગનો હુમલો, અર્ધાંગવાયુ યા ગાંડપણની હકીકતોથી આપણે વાકેફ છીએ. દિલાસાથી એના દુઃખનો ઉભરો જે હૃદયમાં ઘુંટાતો હતો અને વધુ દુઃખી કરતો હતો તે બહાર આવશે જેનાથી સમય વિત્યે એ જરા સ્વસ્થ થઇ શકશે. આશ્વાસન દેનાર ભલે એક શબ્દ ન બોલે, એની હાજરી, એનો સ્પર્શ, દુઃખીજનને વધુ રાહતરૂપ થશે.

'દુઃખનું ઓસડ દહાડા' એ કહેવત સાચી જ છે. ગમે એટલી કારમી વિપત્તિ આવી હોય, શરૂઆતમાં સાવ હતપ્રભ થનાર વ્યક્તિ સમયાંતરે પાછી સ્વસ્થતા મેળવી લે છે ને પોતાના નિત્યક્રમમાં જોડાઇ જવા પ્રયત્ન કરતી થાય છે. એવા સમયે કોઇ કારણસર મોડેથી મળી શકનાર વ્યક્તિએ સાંત્વન આપતાં બહુ જ સાવધાની રાખવી જોઇએ. દુઃખનું જે કારણ હોય તેની ચર્ચા બનતા લગી ન જ કરવી જોઇએ સિવાય કે દુઃખી વ્યક્તિ પોતે એ વાત ઉપાડે. સહજભાવે થોડી આડીઅવળી વાતો કરી વિદાય લેવી જોઇએ. વ્યક્તિની ચુપકીદીમાં બધું આવી જતું હોય છે.

આવું બહુધા થતું નથી. દિલાસો દેનાર જાણે પોતાની ફરજ સમજતો હોય, તેમ જે દુઃખદ ઘટના ઘટી તેનું બયાન ફરી ફરી કરી પેલાને વધુ દુઃખી કરતો થઇ જાય છે. દુઃખ તો પડ્યું, સ્વીકારાયું. વ્યક્તિ એને પચાવવા, ભૂલવાના પ્રયત્ન કરતી પણ થઇ છે, ત્યારે એને ફરી એની એ જ વાત ઉખેડવી પડ્યા ઉપર પાટું મારવા જેવું તો નહિ થાય ને. શોકસભા કે પ્રાર્થનાસભામાં ઘણીવાર હમદર્દી તો વ્યક્ત થાય જ છે, પણ સામી વ્યક્તિ જ્યાં સુધી રડે નહિ ત્યાં સુધી એને છોડાતી નથી. હકીકતમાં આવી દુઃખી વ્યક્તિ, દિલાસા ખાઇ ખાઇ વાજ આવી ગઇ હોય છે. આવે ટાણે એને ફરી ફરી સાંત્વન આપવું, એની પાસેથી ન ખસવું, એક પ્રકારનો રંજાડ જ થઇ રહે છે, જે પરપીડનવૃત્તિની સીમા સુધી પહોંચે છે. એક ગુનાહિત કાર્ય થતું જોવાય છે.

સામાન્ય વ્યક્તિને દિલાસો દેવો એ એક વાત છે ને કોઇ બુદ્ધિશાળી વ્યક્તિને આમ

**(અનુસંધાન : જુઓ પાના નં.-૫૩ ઉપર)**

*કોઈનો પણ જીવ લેવો એ સામાન્યપણે પૃથ્વી પરનું સૌથી અધમ કૃત્ય છે. એ તો પ્રભુ પર જ છોડી દેવું જોઈએ.*

વિચાર વિમર્શ

# આપણી બે દુનિયા

• મુરજી ગડા •

આપણે બધા બે પ્રકારની દુનિયામાં જીવીએ છીએ. પહેલી દુનિયા જે આંખો સામે દેખાય છે તે બહારની દુનિયા છે. આપણા જીવન સાથે સંકળાયેલી બધીજ વ્યક્તિઓ, પ્રાણીઓ, વસ્તુઓ અને પ્રવૃત્તિઓ બધુંજ આ બહારની દુનિયામાં સમાયેલું છે. એ નક્કર છે, વાસ્તવિક છે અને સત્ય છે. બધા માટે તે સરખી છે. એના નિયમો બધાને લાગુ પડે છે. એની સાથે આપણો ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય – ત્રણેય સંકળાયેલા છે.

બીજી આપણા મગજની અંદર ચાલી રહેલી અંગત દુનિયા છે. એ નક્કર નથી દેખાતી નથી કારણકે તે બહુધા આભાસી છે. એમાં આપણી બધી અપેક્ષાઓ, આકાંક્ષાઓ, માન્યતાઓ વગેરે આવેલી છે. એ થોડી વાસ્તવિક અને મોટે ભાગે શ્રધ્ધા, ગેરસમજ, માન્યતાઓ વગેરેથી ભરેલી છે. દરેકની પોતાની એ અંગત દુનિયા હોઈ, અમુક અંશે બીજાઓથી ભિન્ન હોય છે. એને કોઈ સર્વમાન્ય નિયમો કે કાયદાઓ લાગુ પડતા નથી. માનવજાતિ સિવાય બીજા કોઇને આ દુનિયા મળેલી નથી. એ વર્તમાન કરતાં આપણા ભૂતકાળ અને ભવિષ્ય સાથે વધારે સંબંધ ધરાવે છે. જુદી હોવા છતાં આપણી આ બન્ને દુનિયા એકબીજા સાથે ગાઢપણે સંકળાયેલી છે.

પ્રાણી જગતની બધીજ પ્રવૃત્તિઓ કુદરતી અને સ્વયંસ્ફુરિત (instinctive) હોય છે. આ સ્વયંસ્ફુરિત ઉપરાંતની જે પણ પ્રવૃત્તિ માણસ કરે છે તેમાંની મોટાભાગની પોતાની અંગત દુનિયાથી પ્રભાવિત અને પરિણામરૂપે હોય છે. એ આપણને જબરદસ્ત પ્રેરકબળ છે.

કેટલાક લોકો બહારની દુનિયા કરતાં અંદરની દુનિયામાં વધુ જીવતા હોય છે. વૈજ્ઞાનિક, તત્ત્વજ્ઞાની, કલાકાર, ચિત્રકાર, લેખક, કવિ વગેરે આ પ્રકારમાં આવે છે. તેમની પ્રવૃત્તિઓ રચનાત્મક છે. પોતાની અંગત દુનિયાનો લાભ તેઓ પોતાના સર્જન દ્વારા બીજાઓને આપે છે. આપણે એમના ઋણી છીએ.

માનસિક સંતુલન ખોઈ બેઠેલા તેમજ નશીલા પદાર્થોના બંધાણી વગેરે જેવા પણ પોતાની અંગત દુનિયામાં વધુ જીવતા હોય છે. તેમની પ્રવૃત્તિઓ આંશિક રીતે ખંડનાત્મક છે. તેઓ આપણી સહાનુભૂતિને પાત્ર છે.

આ બે અંતિમ વર્ગો વચ્ચે એક એવો મોટો વર્ગ છે જે પોતાની ખાસ એવી અંગત દુનિયાનો દોર કોઇ બીજાના હાથમાં સોંપીને બેઠો છે. મોટાભાગના લોકોની અંગત દુનિયાનો સૌથી વધુ ભાગ એમની ધાર્મિક માન્યતાઓનો હોય છે. એ મળેલો હોય છે એમના ધર્મગુરૂઓ પાસેથી, સંપર્કો પાસેથી, દંતકથાઓ દ્વારા, અને છેલ્લા થોડા વર્ષોથી ટી.વી. જેવા પ્રસાર માધ્યમો દ્વારા.

દેશના ઘડવૈયાઓએ આપણને રાજકીય સ્વતંત્રતા મેળવી આપી. એની સાથે નાગરિક હકો અને વાણી સ્વાતંત્ર્ય પણ આપમેળે આવી ગયા. કમનસીબે વિચારોનું સ્વાતંત્ર્ય ખાસ ક્યાંય દેખાતું નથી. એ આપણને કોઈ મેળવી આપવાનું નથી. આપણે જાતે એ મેળવવાનું છે. વૈચારિક સ્વાતંત્ર્યનો અભાવ ટોળાશાહી અને ગાડરિયા પ્રવાહમાં પરિણમી, અનર્થકારી પરિણામો લાવે છે.

મહત્ત્વાકાંક્ષી લોકો પોતાની અંગત મહત્ત્વાકાંક્ષા સંતોષવા લોકોના આવા વૈચારિક પરાવલંબનને લીધે સર્જાતી ટોળાશાહીનો પૂરો લાભ ઉઠાવે છે. બની બેઠેલા ધર્મગુરૂઓ આમાં અગ્રસ્થાને છે. સત્તા અને સંપત્તિના વધારે પડતા લોભને લીધે જેટલો વિનાશ સર્જાયો છે એટલો જ વિનાશ ધર્માંધતાને લીધે પણ થયો છે. ધર્મ અને જાતિવાદને નામે જેટલા યુધ્ધ અને જાનહાનિ થઈ છે એટલી કદાચ બીજા કોઈ કારણસર નહીં થઈ હોય.

ચુસ્ત ધાર્મિક માન્યતાઓએ કટ્ટરપંથીઓ પેદા કરી આતંકવાદને જન્મ આપ્યો છે. આત્મઘાતી હુમલા હોય, પૂર્વયોજિત કાવતરા હોય કે પછી સ્થાનિક ઘટના દેશવ્યાપી બની ગઈ હોય, એ આચરનારા બીજા કોઈના દોરવાયા હોય છે, જેનો ભોગ નિર્દોષ લોકો બને છે. આવી ઘટનાઓ પાછળ ધાર્મિક, રાજકીય અને સામાજિક નેતાઓનો ફાળો હોય છે. તેમજ એની પાછળ અનુયાયીઓની ટોળાશાહી વિચારસરણી પણ એટલી જ જવાબદાર છે.

લોકટોળાની વિચારસરણી પર અંકુશ મેળવવાની પ્રવૃત્તિ ઘણી સંસ્થાઓમાં ચાલે છે. એમના અનુયાયીઓની બાહ્ય તેમજ અંગત એમ બન્ને દુનિયાનું સંચાલન સંસ્થાની નેતાગીરી દ્વારા થતું હોય છે. એ સંચાલકોના કહેવાનો સાર એવો હોય છે કે, "જાણવા અને સમજવા જેવું અમે બધું કરી લીધું છે. તમને વિચારવાની કંઈ જરૂર નથી. માત્ર અમારા ચિંધ્યા માર્ગે ચાલો તો તમારું કલ્યાણ થઈ જશે વગેરે વગેરે." પરિણામે એમના ભક્તગણમા વૈચારિક સ્વતંત્રતાનો સદંતર અભાવ આવી જાય છે અને ટોળાશાહી વર્તણૂક શરૂ થાય છે.

એમને ક્યારેક એમ પણ કહેવામાં આવે છે કે, "જે દેખાય છે તે (બહારની દુનિયા) બધું ભ્રમ અને માયા છે અને જે દેખાતું નથી તે સત્ય છે. જીવનનો સાર આ અદૃશ્ય સત્યને પામવાનો છે." પરાવલંબી અને અંધશ્રધ્ધાળુ વિચારસરણી ધરાવતો આવો કમનસીબ ભક્તગણ છે જે બહારની

*કોઈનું જીવન લંબાવવાની તમારી જો તાકાત નથી તો કોઈનું જીવન ટૂંકાવી દેવાનો તમને ક્યાં અધિકાર છે?*

વાસ્તવિક દુનિયા કરતાં આવી અંદરની દુનિયામાં વધુ જીવે છે.

કહેવાતા ધર્મગુરૂની દોરવણીથી, આવતા જન્મના લાભાર્થે સેંકડો લોકોએ સામૂહિક આત્મહત્યા કરી હોય એવો દાખલો થોડા દાયકાઓ પહેલા વિદેશમાં નોંધાયો હતો. અંગત લાભ માટે પશુબલી અને ક્યારેક તો બાળ નરબલી ચડાવવાના દાખલાઓ પણ અવારનવાર આપણા છાપામાં ચમકે છે. આવા બનાવ કોઈ ચોક્કસ ધર્મ, જાતિ કે સંપ્રદાય પૂરતા મર્યાદિત નથી, બલકે એક યા બીજા સ્વરૂપે અંધશ્રધ્ધાળુ અને અજ્ઞાની લોકોમાં તે બધે જ દેખાય છે.

કાપેલું કોળું, મંત્રેલા લીંબુ-મરચાં કે ઝાડુ-માટલાનો "ઊતાર" ચોકમા મૂકી આવવાની પ્રચલિત પ્રવૃત્તિ દેખીતી રીતે ભલે હિંસક ન હોય, પણ એની પાછળની ભાવના તો એટલી જ હીન છે. પોતાની મુસીબતો બીજાને પધરાવવાથી ઓછી થઈ શકે એ માન્યતા જ હિંસાનું એક સ્વરૂપ છે.

અહિંસામાં માનનાર આપણે ભલે એવું ન કરીએ પણ આપણી અહિંસાની સમજને એટલી સૂક્ષ્મ સ્તરે લઈ ગયા છીએ કે આપણા લીધે બીજાનું કોઈપણ જાતનું અહિત થાય એ સાચા અહિંસાવાદી માટે મોટું અપકૃત્ય (પાપ) ગણાય.

આપણી બહારની દુનિયાનું સંચાલન તો રાજકીય તથા સામાજિક નેતાઓ કરવાના જ છે. દેશ અને સમાજના શાંતિપૂર્ણ સંચાલન માટે તે જરૂરી છે. જ્યારે આપણી અંદરની દુનિયા આપણી પોતાની છે. એનું સંચાલન કેટલી હદે બીજાઓને કરવા દેવું એ આપણા હાથમાં છે. આપણે જો વિચારોની સ્વતંત્રતા નહીં કેળવીએ તો બીજાઓ અવશ્ય એનો લાભ ઉઠાવશે. ભલે એ કોઇ નેતા હોય, ધર્મગુરૂ હોય કે પછી આપખુદ સગા-સંબંધી હોય. સામાન્ય રીતે "સારા" કહેવાતા લોકોને પણ બીજાઓ પર પોતાનો અંકુશ રાખવો ગમતો હોય છે. સ્વતંત્ર વિચારસરણી આવા લોકોનું આપણા પરનું વર્ચસ્વ ઘટાડે છે.

જ્યાં સુધી સ્વતંત્ર વિચારસરણી ન કેળવાય ત્યાં સુધી સાચા અર્થમાં સ્વતંત્ર થયા એમ ન કહેવાઈએ. વિચારોની સ્વતંત્રતા કેળવવી અઘરી છે. જે પણ થોડા લોકો એ કરી શક્યા છે એમાથી મોટા ભાગના એના બીજા પાસામાં ઉણા ઉતરે છે. એ બીજું પાસું છે બીજાઓની સ્વતંત્રતાનો પણ મોકળા મને સ્વીકાર કરવાના. સ્વતંત્ર વિચારસરણીવાળા ઘણા લોકો આપખુદ થઈ જાય છે. એમની આસપાસના લોકોની સ્વતંત્ર વિચાસરણી એમને ગમતી નથી.

આવી ઘણી બાબતોમાં પશ્ચિમી સંસ્કૃતિના લોકો આપણા કરતાં વધુ મુક્ત છે. આટલું ધ્યાનમાં રાખીએ તો જાણ્યા સમજ્યા વિના એમની ટીકા કરવાની આપણી અધીરાઈ થોડીક કાબૂમાં રહે.

આપણી અંગત દુનિયાના આસન પરથી બધાને હટાવીને આપણા પોતાના અંતરાત્માને બેસાડીએ એમાંજ આપણું ભલું છે. બીજા બધા આપણા માર્ગદર્શક, હિતેચ્છુ, પૂરક વગેરે હોઈ શકે, માલિક તો આપણે પોતે જ રહેવાનું છે.

*૧, શ્યામ વાટિકા સોસાયટી,*
*વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.*
*મો. : ૯૭૨૬૭ ૯૯૦૦૯*

*M/s. Jethabhai Doongarshi Transport Pvt. Ltd.*



*M/s. J. D. Roadlines*
*M/s. J. D. Logistics*
*M/s. J. D. Transport Co.*



**TRANSPORT CONTRACTORS & FLEET OWNERS**

**DAILY SERVICE FROM**

**RAJKOT, JAMNAGAR, AHMEDABAD, SURAT, VAPI**
**TARAPURE, MUMBAI TO PUNE & CHINCHWAD**

**Full Truck Load Service All Over Maharashtra & Gujarat**

| **PUNE** | **CHINCHWAD** | **MUMBAI** |
|---|---|---|
| 708/18, Bhavani Peth, Gurunanak Nagar, Pune-411 042 | 128/B, Mohan Nagar, Sanghvi Compound, Chinchwad, Pune-411 019. | Khajurwala Chambers, Gr. Floor, 313/315, N.N. Street, Mumbai - 400 009. |
| **Ph. : 26434611** | **Ph. : 27471378, 27475167** | **Ph. : 23426818, 23448705, 23400597** |

- **VAPI** : (0250) 3244993, 2023291
- **SURAT** : (0261) 2367670, 2367287
- **BHIWANDI** : (02522) 270194, 271987
- **ANDHERI** : (022) 28509760, 93703 19692
- **VASHI** : (022) 27889527, 69517538
- **WAGOLI** : (020) 27052309
- **FURSUNGI** : (020) 26980361
- **VADGAON MAVAL** : (02114) 225629, 9372074359

**E-mail : jdtcompany@gmail.com**

# જાત પ્રત્યેનો શ્રેષ્ઠ અભિગમ : સૌથી મોટી વીરતા

• ડૉ. ચંદ્રકાંત મહેતા, પૂર્વ ઉપકુલપતિ – ગુજરાત યુનિવર્સિટી •

'વૉટર કનેક્શનનું કામ પતી ગયું.'

'નવા ટેલિફોન જોડાણનું કામ પૂરું થયું.'

'વીજળીનું મીટર મુકાતાં ઈલેક્ટ્રિક જોડાણનું કામ પણ સંપૂર્ણ થયું.'

માણસે જિંદગીમાં જાતજાતનાં જોડાણો સંપન્ન કરાવવાં પડે છે. પણ આ બધાથી ઉપરનું સર્વોપરી જોડાણ છે જાત સાથેનું જોડાણ. એક હજાર ક્વિંટલનો સવાલ : તમે જાત સાથે જોડાયેલા છો ખરા? મકાનની મજબૂતી માટે પાયાની મજબૂતીને અગ્રીમતા આપીએ છીએ અને ધાબાની મજબૂતી માટે છુટ્ટા હાથે લોખંડના ઉપયોગને મંજૂરી આપીએ છીએ, પણ જીવનનો પાયો મજબૂત કરવા માટે આપણે ઓછામાં ઓછો સમય ફાળવીએ છીએ.

જીવનનો પાયો મજબૂત કરવાનું પ્રથમ સોપાન છે પોતાની જાતને ઓળખવી. આપણી ઓળખાણ બાયોડેટામાં દર્શાવેલી વિગતો કે વિઝિટિંગ કાર્ડમાં દર્શાવેલા હોદ્દાઓ પૂરતી સીમિત નથી! એ વિગતો તમારો પરિચય બીજાને આપવા માટે છે. જાતને ઓળખવા માટેનો 'બાયોડેટા' તૈયાર કરવામાં આખી જિંદગી વીતી જાય છે અને છતાંય અંતઘડી સુધી માણસ પોતાની જાતને ઓળખી શકતો નથી. જિંદગીના હિસાબમાં જાતને જાણવા - પીછાણવાની અગ્રીમતા સૌથી મહત્ત્વની છે. કેવો છે મારો સ્વભાવ, કઈ છે મારા સ્વભાવની મર્યાદાઓ, નિર્ણયો લેવામાં હું કેમ પાછો પડું છું, મારી વર્તણૂક અમુક પ્રસંગોએ કેમ 'નોર્મલ' રહેતી નથી, જાત પર હું ક્યારે કાબૂ ગુમાવી બેસું છું, કેવા શબ્દોથી રિઝું છું અને કેવા શબ્દોથી હું પિત્તો ગુમાવી બેસું છું, મારી જીવનપ્રણાલી કઈ ઢબની છે, કેવા સંજોગોમાં હું મૂલ્યનિષ્ઠ રહી શકું છું અને કેવા સંજોગોમાં હું મૂલ્યને ઢેબે ચઢાવું છું, પારકાં પ્રત્યે મારું વર્તન ઉષ્માભર્યું અને ઘરનાં સાથે મારું વર્તન કેમ તોછડાઈભર્યું હોય છે. હું મારા શરીર, મારા મન, મારા આત્મા અને મારા સ્વાસ્થ્યનું સન્માન સાચવી શકું છું ખરો? માણસને વજન ઘટાડવામાં ભારે રસ છે, પણ એટલો રસ એની ઘટતી જતી પ્રતિષ્ઠા બાબતે ચિંતા સેવવામાં નથી હોતો!

જાત પ્રત્યેનો શ્રેષ્ઠ અભિગમ કેળવવો એ સૌથી મોટી વીરતા છે. શરીર રૂપાળું બનાવવાનાં સાધનો વેચાતાં મળી શકે, પણ મન રૂપાળું બનાવવા માટેનાં ઓજારો તો અંદરની 'વર્કશોપ'માં ઘડવાં પડે! આપણી માન્યતાઓ અને ખ્યાલોને પણ સતત તપાસવાં, ટપારવાં, મઠારવાં અને મૂલવવાં પડે છે! કેટકેટલા ખોટા ખ્યાલોના લોખંડી ટુકડાઓ ભાંગીને ભુક્કા બોલાવવા માટે આપણું અંતઃકરણ આપણને સાદ કરતું હોય છે, પણ આપણી જીદ સંત્રી બની જતન કરતી હોય છે! માણસ જગત સાથે જોડાવામાં શૂરો, પણ જાત સાથે જોડાવામાં તદ્દન અધૂરો. માણસની કરુણતા એ છે કે એને એવું અધૂરાપણું જિંદગીભર ખટકતું નથી! જાત પ્રત્યેની વધુ પડતી રહેમ આપણા વ્યક્તિત્વને પૂનમનો ચાંદ બનવા દેતી નથી.

જાત પ્રત્યેની સંભાળ એટલે રૂચિકર પૌષ્ટિક આહાર, કામની દરકાર, ભાવનાઓનું નિયંત્રણ અને નિર્વ્યાજ પ્રેમનું ઉદારતાપૂર્વક વિતરણ.

માણસ કોઈક અજ્ઞાત 'મોક્ષ'ની ચિંતા કરે છે પણ પોતાની જાતને 'મુક્ત' રાખવાની ચિંતા બિલકુલ નથી કરતો! પ્રત્યેક પળે મુક્તિનો અહેસાસ એ પાર્થિવ જીવનમાં મળેલો દુર્લભ મોક્ષ છે. મન પ્રસન્ન રહે તેવી રીતે આનંદની અનુભૂતિ, પ્રતિકૂળ નિર્ણયો અને અણગમતી ઘટનાઓનાં વળગણોને હસી કાઢવાની ખુમારી અને પોતાની સંકીર્ણતાઓના કારાગારમાંથી મુક્ત થઈ સહજ આઝાદીનો ઉમંગ માણવો આ બધી માનવજીવનની સિદ્ધિઓ જ લેખાવી જોઈએ.

અભિવ્યક્તિની ઉતાવળ કરતાં ચિંતનની પરિપક્વતાની જિંદગીને વધુ પુરસ્કૃત કરતી હોય છે. સેમ્યુઅલ જોન્સને યોગ્ય જ કહ્યું છે કે, હું જ્યારે જવાન હતો, મારી વિશિષ્ટતાઓના પ્રદર્શન માટે ઉતાવળો બની નવી-નવી વાતો સંભળાવવા ટહુકા કરતો, પરંતુ એમ કરવાનું મેં જલદી છોડી દીધું, કારણકે મને ખ્યાલ આવ્યો કે જે કાંઈ નવું હોય છે એ સઘળું ભ્રમમુક્ત નથી હોતુ!

**જિંદગીનો સૌથી મોટો શત્રુ છે ઘરેડ!** માણસ હાથે કરીને મશીન બનવાની કોશિશ કરે તો જીવનમાં યાંત્રિકતા સિવાય બીજું શું રહે? જે જાતને ઓળખે છે એ પોતાને ક્યારેય વાસી થવા દેતો નથી!

મધ્યમ વર્ગના નોકરિયાત માણસો મોટેભાગે વાસી બની જાય છે. સવારે ઊઠવું, છાપું વાંચવું, ચા પીવી, નાની મોટી પૂજા કે પાઠ કરવા, રૂપિયા પૈસાનો હિસાબ કરવો, ભોજન કરવું, ઓફિસે જવું, થોડાં ટોળ-ટપ્પાં, થોડું કામ, થોડીક ફાઈલોનો નિકાલ, પોતાના બોસ, સહકર્મચારીઓ બગડી ગયાની શિકાયત, વધતી જતી મોંઘવારી અને ભ્રષ્ટ થતા જતા રાજકારણની ટીકા-ટિપ્પણી, સાંજે મંદિરમાં આંટો કે શાકભાજી વગેરેની ખરીદી, ઘેર પહોંચી એકાદ કપ ચા કે નાસ્તો, સાંજનું ભોજન, ટી.વી. ધારાવાહિક નિહાળવું, નાનકડી પ્રાર્થના અને શયન! આજ ક્રમ લગભગ નિત્યક્રમ બની જતો હોય છે. પરિણામે જિંદગી નવીનતા, તાજગી અને ઉમંગ ગુમાવી બેસે છે. ઘણા માણસોને જિંદગીમાં ઉપસ્થિત થયેલી કસોટી અને

**(અનુસંધાન : જુઓ પાના નં.-૬૩ ઉપર)**

*હિંસા ન કરવી એટલે અહિંસા એમ કહેવું ભૂલભરેલું છે. અહિંસાનો અર્થ છે પ્રાણીમાત્ર પર પ્રેમ રાખવો.*

સમાજની ક્ષિતિજો

## નર-નારીના સંબંધો અને લગ્નસંસ્થા (પ્રકરણ-૭)

# સુધારાલક્ષી વ્યવસ્થાના પ્રશ્નો

• સ્વામી શ્રી સચ્ચિદાનંદજી •

લગ્નજીવનની નિષ્ફળતા, મનુષ્યો માટે એક બહુ મોટો પ્રશ્ન બનતો જાય છે. પહેલાં લગ્નજીવનની નિષ્ફળતા પછી પણ લગ્ન ટકી રહેતું હતું કારણકે લગ્ન તોડી શકાતું ન હતું. કોઈ પણ ભોગે લગ્ન ટકાવવું જ પડતું હતું. એટલે લગ્નજીવનની નિષ્ફળતાનાં પરિણામ પતિ-પત્ની સિવાય બાળકો અથવા બીજાં કુટુંબીજનોને ખાસ ભોગવવાં પડતાં ન હતાં. પણ છૂટાં ન જ થવાય એવી બળજબરીની વ્યવસ્થાએ હજારો પતિ-પત્નીઓનાં જીવન કજોડાંની ચિતા ઉપર બળીને ખાખ થઈ ગયાં, તો હજારો સ્ત્રીઓને આપઘાત કરવાની ફરજ પડી. આ રીતે છૂટાછેડા ન હોવાનો લાભ હતો તો દૂષણ પણ હતું. એ દૂષણમાંથી છૂટવા સુધારા થયા. જેમાં સ્ત્રીને નવા નવા હકો મળ્યા, જેમાં છૂટા થવાનો પણ હક મળ્યો.

કોઈનું લગ્નજીવન કોઈ પણ ભોગે સફળ થઈ શકે તેમ ન જ હોય અને પછી તેને છૂટા કરવામાં આવે તે યોગ્ય જ કહેવાય. પણ પછી આ છૂટનો અથવા કહો કે આ હકનો આગળ જતાં મહાઅનર્થ પણ થવા લાગ્યો.

પહેલાં પણ સ્ત્રી દુઃખી હતી અને હવે પણ તે દુઃખી થવા લાગી છે. કારણકે ઢળતી ઉંમરની સ્ત્રીને ફરીફરીને ગોઠવાવું સરળ નથી હોતું. જે પછાત કોમોમાં પુનર્લગ્નની પ્રથાઓ પહેલેથી જ હતી તેમને ખાસ આંચ ન આવી, કારણ કે સમાજનું પછાતપણું સ્ત્રીને પગભર તો નહોતું જ કરતું. માત્ર એક જગ્યાએથી છૂટીને બીજી જગ્યાએ ગોઠવાવાનું હતું. બાકી ધાર્મિક, સામાજિક, આર્થિક અને શૈક્ષણિક સ્થિતિ તો હતી તેની તે જ હતી. એટલે એની એ જ ઘરવાળી થઈને ગોઠવાઈ જતી હતી. પણ જે સમાજોમાં પુનર્લગ્ન હતાં જ નહિ, એ સમાજો શિક્ષણમાં ઘણા આગળ હતા. કન્યાશિક્ષણ પણ આ સમાજોમાં જ પ્રથમ શરૂ થયું.

આવી ભણેલી ગણેલી અને પછી નોકરી દ્વારા આત્મનિર્ભર થયેલી સ્ત્રીઓને જે છૂટ અને હક મળ્યા તેમાંથી નૂતન પત્નીનો જન્મ થયો. આ નૂતન પત્ની માત્ર ચાર દીવાલોમાં જ પૂરાઈ રહેનારી ન હતી. બબ્બે રૂપિયા માટે પતિની ઓશિયાળી પણ ન હતી. આ નૂતન પત્ની ઉપરથી ધર્મ, સમાજ અને રાષ્ટ્રના પ્રતિબંધો હળવા થઈ ગયા હતા અથવા કહો કે (વિદેશોમાં) સાવ તૂટી ગયા હતા. હવે આ પત્ની, પતિની દાસી થઈને રહેવા તૈયાર ન હતી. તે બરોબરીના દાવાવાળી હતી અને કેટલીક વાર તો સવાઈ પણ હતી. હવે તેનો 'ઇગો' ગમ ખાનારો ન રહ્યો. તે તડ ને ફડ કરનારી થઈ, એટલે છૂટાછેડાના પ્રસંગો વધવા લાગ્યા - તે સ્વાભાવિક જ છે.

ઉપર મેં માત્ર સ્ત્રીઓ માટે જ લખ્યું છે તેનું કારણ એ છે કે પહેલાં જે લગ્ન અતૂટ રહેતાં તેનું એકમાત્ર પ્રબળ કારણ સ્ત્રીઓની સહનશક્તિ જ હતી. સ્ત્રીઓને સહનશક્તિ એટલા માટે રાખવી પડતી કે તે સિવાય બીજો કોઈ રસ્તો જ ન હતો. ધર્મે એક ભવમાં બીજો ભવ કરવાને મહાપાપ સમજાવ્યું હતું. બીજી તરફ સમાજમાં આવાં પુનર્લગ્નો માન્ય ન હતાં તો ત્રીજી તરફ સરકાર પણ કાંઈ કરી શકતી નહિ. ચોથું, સ્ત્રીમાં પોતાનામાં પગભર થવાની કે સામે પડીને લડી લેવાની શક્તિ ન હતી. આમ ચારે તરફથી સ્ત્રી ઘેરાયેલી હતી એટલે તેને બધું સહન કર્યે જ છૂટકો હતો. પણ આનું જમાપાસું પણ હતું. તે એ કે સ્ત્રી પૂર્ણ સુરક્ષિત પણ હતી. તેને પોતાનો સંઘર્ષ કરીને જીવન ટકાવવાનું ન હતું. ધર્મ, સમાજ અને રાષ્ટ્ર બધાં જ તેની રક્ષાના પક્ષમાં હતાં. જો કજોડું ન થયું હોય અને સ્ત્રી બરાબર ગોઠવાઈ ગઈ હોય તો તે સુખી જ સુખી હતી. પ્રશ્ન માત્ર કજોડાંઓનો હતો અથવા સંયુક્ત કુટુંબનો હતો.

જે સુધારાપૂર્વકની નવી સમોવડિયા વ્યવસ્થા આવી તેનાથી કેટલાક અંશોમાં જૂના પ્રશ્નો તો ઉકેલાયા, પણ નવા પ્રશ્નો પણ ઊભા થયા. ખરેખર તો પ્રશ્નો વિનાની કોઈ વ્યવસ્થા જ નથી હોતી. નવી વ્યવસ્થામાં પહેલાં ભણવાનું, પછી સાથે સાથે પ્રેમપાત્ર પણ શોધવાનું, પ્રેમ કરવાનો અને પછી પરણવાનું. આમ તો આ વ્યવસ્થા ખોટી ન કહેવાય, પણ પહેલાં પ્રેમ કરીને પછી લગ્ન કરનારાંમાંથી ઘણાં સારી રીતે ગોઠવાઈ શકતાં નથી. પ્રથમ તો, પ્રથમ પ્રેમ લગ્નમાં પરિણમે તેની ખાતરી નથી હોતી. યુવાવસ્થામાં - ખાસ કરીને કોલેજકાળમાં ઘણાં પાત્રો માત્ર છીછરી કક્ષાએ પ્રેમ કરતાં હોય છે. થોડા દિવસ જે મોજમજા કરી તે ખરી. આવી રીતે ઉપરછલ્લા હેતુ માટે થયેલો પ્રેમ થોડા જ સમયમાં કાં તો તૂટી જતો હોય છે કાં તો છૂટી જતો હોય છે. વારંવાર આવા છીછરા પાણીમાં છબછબિયાં કરનારાં અનેક પ્રકારની વાનગીઓ ચાખ્યા પછી સંપૂર્ણ સમર્પણથી સ્થાયી થઈ શકતાં નથી. વાસનાના જૂના સંબંધો નવા સ્વરૂપને સ્થાયી થવા દેતા નથી. કેટલીક વાર તો હલકટ પાત્રો બ્લેકમેલ કરીને બીજાનું જીવન ધૂળધાણી પણ કરી દેતાં હોય છે. સૌથી મોટો અવરોધ તો પ્રેમીમાંથી ધણી-ધણિયાણી થવાનો હોય છે. ગઈકાલનો પુરુષ પ્રેમી હતો હવે તે ધણી થઈ જાય છે. તે પેલી પ્રેમિકામાંથી પત્ની બનેલી સ્ત્રીથી સહન થતું

*અહિંસાનો અર્થ છે, ઈશ્વર પર ભરોસો રાખવો.*

નથી. તેને વારંવાર હુકમો સાંભળવા પડે છે. પોતાના ગમા-અણગમા ગૌણ થઈને ધણીના ગમા-અણગમાને સ્વીકારવા પડે છે, જે તેનાથી સ્વીકારી શકાતા નથી. લાંબા ગાળે તેમાંથી કચવાટ શરૂ થઈને પછી ઉગ્રતાએ પહોંચે છે. દુર્ભાગ્ય એ હોય છે કે તેમને કોઈ સારો મધ્યસ્થી પણ મળતો નથી, જે બન્નેના 'ઈગો'ને ઓછો કરાવી બગડતા સંબંધોને સુધારી આપે. આ રીતે લગ્નજીવન ભંગાણના આરે પહોંચી જાય છે. હવે પશ્ચિમમાં તો આ પ્રમાણે માઝા મૂકી છે. ભારતમાં પણ હવે દિનપ્રતિદિન તે વધી રહ્યું છે, જે ચિંતાજનક છે.

આ નવી સુધારાજનક વ્યવસ્થામાં એક નવો દૂષિત ફણગો એ ફૂટ્યો છે કે 'લગ્નબાહ્ય સંબંધો'નો ફેલાવો થવા લાગ્યો છે. જેનો વધુ ભોગ તો સ્ત્રીઓ જ થતી હોય છે. પુરુષ લગ્નબાહ્ય સંબંધો સ્થાપિત કરે છે, કારણકે તે માટે તેને ઘણી મોકળાશ છે. તે બોસ છે, કલાકાર છે, ઉચ્ચકક્ષાનો સર્વન્ટ છે, શેઠ છે, શ્રીમંત છે. તેને ઘણી મોકળાશ છે. ધન વગેરેનું સામર્થ્ય પણ છે અને ઘરની અતૃપ્તિ પણ છે. સાથે સાથે મિત્રો વગેરેનું વાતાવરણ પણ લપસણું છે. આ બધાંમાં તેને લપસાવનારાં તત્ત્વો મળી રહે છે. ઘરના ભોજન કરતાં હોટલના ભોજનમાં ઘણી વાનગીઓ હોય છે. બસ ઓર્ડર કરો, પૈસા ભરો અને જમો. પૈસાની કમી નથી એટલે બીજો કશો વાંધો નથી. બીજી તરફ પત્ની વધુ ને વધુ વહેમી, કજિયાળી થઈને પેલાને દૂર કરતી રહે છે. તેને ખબર નથી પડતી કે તેનું વલણ જ તેનું મોટું શત્રુ છે. તે વલણ સુધારી નથી શકતી એટલે પોતાના પુરુષને ખોઈ બેસે છે. છતા પતિએ તે પતિ વિનાની થઈ જાય છે અને આંસુઓ પાડે છે. તો ઘણી વાર બન્ને પાત્રો લગ્નબાહ્ય સંબંધોમાં અટવાઈ જાય છે. બન્નેને એકબીજાનો કાંઈક ખ્યાલ પણ આવી જાય છે. પણ બન્ને એકબીજાના વ્યવહારને સ્વીકારી લે છે. તેમને કશો છોછ પણ રહેતો નથી. શહેરોની ઊંચી સોસાયટીઓમાં જુદી જુદી ક્લબો કે તે વિના પણ આવું ઘણું ચાલે છે. પણ આવા સંબંધોમાં પણ એક તો સ્થાયિત્વ નથી રહેતું, વિશ્વસનિયતા પણ નથી રહેતી. ખાસ કરીને પાછલી જિંદગીમાં જે હૂંફની અપેક્ષા રહે છે તે હૂંફ પણ નથી રહેતી. લગ્નજીવન ચાલુ રાખીને લગ્નબાહ્ય સંબંધો ચલાવવા અને તેનો સરેઆમ બચાવ કરવો, તેનું સમર્થન કરવું, એ લગ્નસંસ્થાનો નાશ કરવાનું જ કાર્ય કહી શકાય.

સૌથી વધુ ઉત્તમ તો એ છે કે લગ્ન પહેલાં પ્રેમ થયો હોય અને પછી લગ્ન થયાં હોય તો બન્ને પોતપોતાની ભૂમિકાને ગંભીરતાથી સમજે અને સ્વીકારે અને જીવનભર નિભાવે. લગ્ન પહેલાં પ્રેમ થયો હોય અને કદાચ કોઈ કારણસર લગ્ન ન થઈ શક્યાં હોય તોપણ બન્ને એકબીજાને માફ કરે, બ્લેકમેલ ન કરે અને જેને જેની સાથે નવું જીવન જીવવું હોય તેને જીવવા દે. તેમાં અડચણ ન કરે. બને તો અનુકૂળતા કરી આપે અને પૂર્વ સંબંધ ઉપર કાયમ - કાયમ માટેનો પડદો પાડી દે. ગૂમડાની માફક તેને ખોતર ખોતર ન કરે. પણ બેમાંથી કોઈ એક પાત્રની તીવ્ર લાગણીઓ થઈ હોય અને કોઈ ઉપાયે પણ આવી લાગણીઓ અટકાવી કે સમાપ્ત કરી શકાતી ન હોય તો કવિ થઈ જાય અને વિરહ, વિયોગની બેવફાઈની કવિતાઓ રચે. તે અમર કવિતાઓ રચી શકશે. કારણ કે તેના પ્રેમભંગથી થયેલો મર્માઘાત રૂઝાય જ નહિ અને હંમેશાં દૂઝયા કરે તો તે કવિ થઇને ઉત્તમ સર્જન કરી શકશે.

ખરેખર તો સૌથી ઉત્તમ રસ્તો તો એ છે કે માતા-પિતા-વડીલો વગેરે હિતેચ્છુઓના સહકારથી અને પોતાની પસંદગીથી યોગ્ય પાત્ર સાથે લગ્ન કરીને પછી પ્રેમ કરવો (પહેલાં નહિ). અને પ્રેમ અને સમજણથી તેને જીવનભર નિભાવવો.

*ભક્તિ નિકેતન આશ્રમ*
*પો.બો. નં. ૧૯, પેટલાદ (દંતાલી)*
*જિલ્લો : આણંદ - ૩૮૮ ૪૫૦.*

## તાળું - ચાવી

**(અનુસંધાન : પાના નં.-૮૧ ઉપરથી ચાલુ)**

અક્ષર કેપીટલ હોય તે જરૂરી છે. એક સ્પેશિયલ કેરેક્ટર પણ જોઈશે વગેરે, વગેરે. ખરેખર, ચાવી બનાવવી કેટલી અઘરી પ્રક્રિયા છે, નહિ?

વળી, ચાવી બની ગયા પછી તેને ક્યાંક સાચવી રાખવી જરૂરી છે (તમારા મગજ સિવાય બીજી જગ્યાએ) કારણકે જો ચાવી (પાસવર્ડ) ભૂલી ગયા તો તમારું તાળું (યુઝરનેઈમ) તમને પ્રશ્નો પૂછવા લાગશે. જેમકે તમારી પ્રથમ શાળાનું નામ, તમારી માતાનું નામ, તમારો પસંદગીનો રંગ વગેરે. અહીં એક વાત મને ગમી કે જો ચાવી ખોવાઈ જાય તો તાળું તોડવું પડતું નથી. પરંતુ હા, તમારે ઉપર જણાવ્યા પ્રમાણે પૂછેલા પ્રશ્નોના સાચા જવાબ ચોક્કસ આપવા પડે. નહિ તો તાળું ખૂલશે નહિ.

માણસના વિકાસ સાથે તાળાં-ચાવી આટલા ગૂંચવણભર્યા બની ગયા કે તાળાં-ચાવીની ડિઝાઈને માણસના સ્વભાવને ગૂંચવી નાખ્યો? જે પણ હોય, પરંતુ એક વાત તો ચોક્કસ માનવી રહી કે તાળાં-ચાવી વગરનું જીવન કલ્પનામાં પણ શક્ય નથી. આમ જુઓ તો છેલ્લા ૪૦૦૦-૫૦૦૦ વર્ષોથી (કે તેનાથી પણ વધારે) માણસ પોતાના મગજરૂપી તાળાને બુદ્ધિરૂપી ચાવીથી ખોલતો આવ્યો છે અને જંગલથી મંગલ (મંગળ) સુધી પહોંચતો રહ્યો છે.

- **ખાસ વાત :**

આપણે જ્યારે કોઈ વસ્તુ પર તાળું લટકાવી દઈએ એટલે અંદર કંઈક કિંમતી વસ્તુ છે તે આપોઆપ સાબિત થઈ જાય છે.

- **મિની કટ :**

કોઈ આપણને ધમકી આપે અને આપણી બોલતી બંધ થઈ જાય તો શું ધમકી પણ એક જાતનું તાળું છે તેમ કહી શકાય?

*ઈ-૧, ગોયલ પ્લાઝા,*
*પાયલ ફ્લેટ્સની બાજુમાં, જજીસ બંગલો રોડ,*
*વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મોબાઈલ : ૯૭૧૨૯ ૨૪૨૦૧*

*હિંસા એ કાયર માણસનું છેલ્લું આશ્રયસ્થાન છે. જ્યારે અહિંસા એ વીરનું ભૂષણ છે.*

# સચ્ચાઈના સોમાંથી સો

## સંભારણાની સફર : મણકો - ૧૩

● ડૉ. સુધા મૂર્તિ (અનુવાદ : સોનલ મોદી) ●

યુનિવર્સિટી કક્ષાની આપણી અને અમેરિકાની શિક્ષણપદ્ધતિ વચ્ચે આસમાન-જમીનનું અંતર છે. આપણે ત્યાં વર્ષાંતે પરીક્ષા લેવાય, ત્યાં સત્રાંત પરીક્ષા લેવાય. આપણે વર્ષને મુખ્યત્વે બે ભાગમાં વહેંચેલું હોય, ત્યાં ચાર સેમેસ્ટર હોય. શિયાળુ સત્ર, ઉનાળુ સત્ર, વસંત ઋતુનું સત્ર (spring semester) અને પાનખર સત્ર એટલે કે (fall semester). આપણે ત્યાં માર્કનો મહિમા, ત્યાં ગ્રેડ આપવાની રીત. ત્યાં આખા વર્ષ દરમ્યાન નાની-મોટી ટેસ્ટ લેવાતી રહે, આખું વર્ષ ભણવું પડે. આપણી જેમ છેલ્લી ઘડીએ રટેલું ગોખણિયું જ્ઞાન ત્યાં ન ચાલે. જોકે, આપણા દેશમાં પરીક્ષા વખતે વિદ્યાર્થીઓ જે ભારે તનાવનો સામનો કરે છે તેનો પણ ત્યાં અભાવ હોય છે. ત્યાં પ્રોફેસરો દીઠ વિદ્યાર્થીઓ ઓછા હોય તેથી વિદ્યાર્થીઓ અને સર વચ્ચે સુમેળભર્યા સંબંધો વિકસવાનો મોકો મળે છે.

પ્રોફેસર તરીકે મારું નિરીક્ષણ એવું છે કે ઘણી વાર સારા વિદ્યાર્થીઓ ટેન્શનને કારણે પરીક્ષામાં સારા માર્કે પાસ થઈ શકતા નથી. વિદ્યાર્થીઓની સાચી સમજ ચકાસવાની ઘણી રીતો છે. સરપ્રાઇઝ ટેસ્ટ, ઑરલ (મોઢે) એક્ઝામ, પુસ્તક ખુલ્લા રાખીને લેવાતી ઑપન-બુક એક્ઝામ વગેરે. આવી પરીક્ષાઓ ક્લાસમાં વારંવાર લેવાતી રહે, તો વિદ્યાર્થીઓનાં મનમાંથી પરીક્ષાનો હાઉ જતો રહે છે અને નિયમિત અભ્યાસ કરનાર વિદ્યાર્થીને અન્યાય થતો નથી. પણ ખાટલે મોટી ખોડ એ છે કે આપણા દેશમાં વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં અને પ્રમાણમાં શિક્ષકો ઓછા. તેથી આ શક્ય થતું નથી. કોલેજોમાં એક-એક ક્લાસમાં બસો બસો વિદ્યાર્થીઓ હોય! ક્યાં પત્તો ખાય? વળી વિદ્યાર્થીઓ પણ સારા માર્ક લાવવા માટે માતા-પિતા તેમજ સમાજ તરફથી સતત દબાણ અનુભવતા હોય. હું પ્રભુને પ્રાર્થના કરું છું કે વહેલીમોડી આપણા દેશની શિક્ષણ પદ્ધતિ વિદ્યાર્થીઓના અને સમાજના હિતમાં બદલાય.

મારો પુત્ર અમેરિકાની એક જાણીતી કોલેજમાં અભ્યાસ કરે છે. કમ્પ્યુટર સાયન્સ તેનો મુખ્ય વિષય હોવાથી તેમાં તે ખૂબ મહેનત કરે છે. એક દિવસ તેની પરીક્ષા પતી પછી તેનો ફોન આવ્યો. ખૂબ ઢીલો હતો. મને કહે, 'મમ્મી, પરીક્ષા બહુ જ ખરાબ ગઈ. એક દાખલામાં તો મેં રકમ જ ખોટી લખી એટલે બહુ મથ્યો છતાંય જવાબ જ ન આવ્યો. મને રીત આવડતી હતી છતાંય એક પણ માર્ક નહીં મળે. મમ્મી, તું બહુ યાદ આવે છે.'

ટીચર તરીકે હું માર્કસને ઝાઝું મહત્ત્વ નથી આપતી. મેં અનેક એવા વિદ્યાર્થીઓ જોયા છે કે જે હોશિયાર હોય, મહેનતુ હોય પણ પરીક્ષામાં કોઈ અકળ કારણોસર તેમના માર્ક ન આવે. ટેન્શનમાં માંદા પડી જાય કે ડિપ્રેશનમાં ચાલ્યા જાય! મેં તેને ફોન પર શાંત પાડતાં કહ્યું, 'બેટા, આવું બધું તો ચાલ્યા કરે. તું લડાઈ જ હાર્યો છે યુદ્ધ હજી બાકી છે. પરીક્ષાને બહુ મહત્ત્વ ન આપ, હિંમત રાખ, સચ્ચાઈનો સામનો કર અને ફરી આવી નજીવી ભૂલો ન કરતો. ચાલ, કાલની પરીક્ષા માટે બેસ્ટ લક, દીકરા.'

મારું લેક્ચર સાંભળીને તો તે વધારે દુ:ખી થઈ ગયો. મને કહે, 'મા, તું ઉપદેશ આપવાનું બંધ કર. અહીં આવીને જો તો ખરી! કેવી ગળાકાપ સ્પર્ધા છે! અહીં સારા માર્ક લાવવા બહુ અઘરા છે. તારે તો ટીચર તરીકે પરીક્ષાઓ લેવાની હોય, આપવાની ન હોય. માર્ક જ આપવાના. મારી હાલતની તને શી ખબર પડે?'

ખૂબ દુ:ખી હતો. મારા કોઈ શબ્દો તેને આશ્વાસન આપી શકે તેમ ન હતા. તેને શી રીતે સમજાવું કે હું પણ એક જમાનામાં વિદ્યાર્થી તરીકે આવી અનેક પરિસ્થિતિઓમાંથી પસાર થઈ ચૂકી હતી.

આ બનાવના થોડા દિવસ પછી તેનો ફોન આવ્યો. આ વખતે અવાજમાં ઉત્સાહ સમાતો ન હતો. જાણે પાનખર પૂરી થઈ હોય ને વસંતનું આગમન થયું હોય તેમ. મને ફોન પર કહે, 'મેં પેલા પેપરમાં દાખલો ખોટો ગણ્યો હતો ને, તે વિષયમાં મને "A" ગ્રેડ મળ્યો.'

'અરે વાહ, શી રીતે?' તેને ખુશ જોઈને હું પણ ખુશ થઈ.

'અરે, બહુ મજાની વાત છે! પરીક્ષા પૂરી થઈ પછી પ્રોફેસર અમારી સાથે ઊભાઊભા અમારા કોર્સના વિવિધ ટોપિક્સ વિષે ચર્ચા કરતા હતા. પછી જ્યારે રિઝલ્ટ આવ્યું ત્યારે મને "A" ગ્રેડ મળ્યો. મેં જે દાખલો સાવ ખોટો ગણ્યો હતો, તેના પણ પ્રોફેસરે મને સારા માર્ક આપ્યા હતા. મેં પહેલાં તો મારા મિત્રોને પેપર બતાવ્યાં. બધાંએ મને કહ્યું, 'સાહેબની કાંઈક ભૂલ

તીર્થ પટ

હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર

જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર

★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.

Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

લાગે છે, પણ ચૂપચાપ બેસી રહે. સત્યવાદી હરિશ્ચંદ્ર થવાની જરૂર નથી. આ સ્પર્ધાત્મક દુનિયામાં માર્કનું - રિઝલ્ટનું જ મહત્ત્વ છે. રિઝલ્ટ કેવી રીતે આવ્યું તેનું નહીં.'

'તે શું કર્યું, દીકરા?' મેં તરત જ પૂછ્યું.

'મા, મેં એક મિનિટ માટે વિચાર્યું અને મને તરત જ બ્રહ્મજ્ઞાન થયું કે માર્કસ કરતાં પ્રામાણિકતાનું મહત્ત્વ મારે માટે વધારે છે. મને મારા નાનપણનો એક પ્રસંગ યાદ આવી ગયો. તને યાદ છે મા, હું દસેક વર્ષનો હતો ત્યારે તેં મને પચાસની નોટ આપીને બિસ્કિટનાં પેકેટ લેવા મોકલ્યો હતો. દુકાનદારે ભૂલમાં એને સોની નોટ સમજીને મને ઘણા વધારે રૂપિયા પાછા આપ્યા હતા. મેં ઘેર આવીને ખુશ થતાં થતાં એ રૂપિયા તને આપ્યા ત્યારે તે સમજાવી, દબડાવીને એ વધારાના રૂપિયા પાછા આપવા મને તરત જ દુકાને મોકલ્યો હતો. એ દિવસોમાં આપણે દર મહિને બજેટ બનાવીને ખૂબ કરકસરથી જીવતાં હતાં છતાંય તેં આંખ કાઢીને મને કહ્યું હતું કે, "જો તું એ અણહકના રૂપિયા પાછા નહીં આપે તો આજે તને જમવાનું નહીં મળે." મા, આજે મને એ દિવસ યાદ આવી ગયો. મેં પ્રોફેસરને ઇ-મેલ કર્યો અને તેમાં ખાસ લખ્યું કે, "આપે મને ભૂલમાં ખોટા દાખલાના માર્ક આપ્યા હોય તેમ લાગે છે. મારી લાયકાતથી વધુ સારી ગ્રેડ મને મળી ગઈ છે. પ્લીઝ ચેક." સાંજે જ મને મારા ઇ-મેલનો જવાબ મળી ગયો. જે વધુ નવાઈ પમાડે તેવો હતો.'

'શું હતો, બેટા?'

'મા, મેં તને બંને ઇ-મેલની કોપી માર્ક કરી છે. પ્રોફેસરે મને લખ્યું, "મેં સમજી-વિચારીને જ માર્ક મૂક્યા છે. ક્લાસમાં તારી વિષય પ્રત્યેની વફાદારી તથા પરીક્ષા પછીની ક્લાસ બહાર આપણી ચર્ચા પરથી મને ખ્યાલ આવી ગયો હતો કે તને આ વિષયમાં ઊંડો રસ, લગાવ તથા સારી સમજણ છે. ટેન્શનમાં રકમ લખવામાં ભૂલ થઈ ગઈ હશે. અંતે તો પરીક્ષા એ વિષયની સમજણ માપવાનું સાધન છે. એથી વિશેષ કાંઈ નહીં.'

મારી આંખમાંના હરખનાં આંસુ જોવા તો તે હાજર ન હતો પણ મારા અવાજની ભીનાશ તેણે જરૂર અનુભવી હશે. તેને 'A' ગ્રેડ મળ્યો તે વાત મારે મન મહત્ત્વની ન હતી, પણ સત્યને વળગી રહીને તેણે જે પ્રામાણિકતાભર્યું આચરણ કર્યું તેનો મને ગર્વ છે. મારા અનેક વિદ્યાર્થીઓ જીવનભર આવું જ વર્તન કરે છે. ઘણા લોકો આવા વર્તનને મૂર્ખામી કહેશે. ટૂંકાગાળે આમાં થોડું નુકસાન પણ સહન કરવું પડે. આ બાળકો મોટાં થઈને કદાચ ક્યારેય અતિ ધનવાન કે કીર્તિવાન ન થઈ શકે, મોટાં ઇનામ કે ઍવોર્ડ મેળવવા સ્ટેજ સુધી પહોંચી ન શકે, પણ લાંબેગાળે જીવનના ઝંઝાવાતો સામે ટકી રહેવાનું મનોબળ આવી નાની-નાની નેકી જ પૂરું પાડે છે. ■

## જાત પ્રત્યેનો શ્રેષ્ઠ અભિગમ : સૌથી મોટી વીરતા

(અનુસંધાન : પાના નં.-૫૯ ઉપરથી ચાલુ)

કટોકટીની ક્ષણોમાં 'મરી ગયો', 'લૂંટાઈ ગયો', 'બરબાદ થઈ ગયો', 'આટલો ભાર તો હું જ સહન કરી શકું' - જેવાં રોદણાં રડવાની ટેવ હોય છે. પોતાની સમસ્યાઓનું વિશ્લેષણ કરી તેના નિરાકરણ માટેનો કોઈ માર્ગ શોધવા માટેનો ઉચિત દૃષ્ટિકોણ વિકસાવવો એ કસોટીની ક્ષણની માંગ હોય છે. જેઓ સામે પડેલા લીંબુની ખટાશ જુએ છે એ લીંબુનો ઉપયોગ કરવાની તક ગુમાવી બેસે છે. જેઓ લીંબુની ખટાશમાં થોડીક ખાંડ ઉમેરી શરબત બનાવવાનું કૌશલ્ય દાખવી શકે છે તેમને ખટાશનો વસવસો રહેતો નથી!

જે માણસ જાતને ઓળખે છે એ પોતાની આસક્તિઓનો ગુલામ બનતો નથી. એ સમજે છે કે આસક્તિઓ જ અસંતોષનાં વમળો સર્જે છે. અહીં રાજગાદીનો ઇન્કાર કરનાર મસ્તમૌલા માણસનો પ્રસંગ યાદ આવે છે.

એક રાજાએ બીજા રાજાના રાજ્ય પર ત્રાટકીને તે રાજાને મારી નાખ્યો અને તેની રાજગાદી આંચકી લીધી. થોડોક સમય શાસન કર્યા બાદ વિજેતા રાજાએ દરબારીઓ અને અમલદારોને કહ્યું : 'આ રાજાના વંશનો કોઇ માણસ હોય તો એના હાજર કરો, તેને ગાદીએ બેસાડીએ.' અમલદારોએ કહ્યું : 'રાજાના વંશમાં તો કોઇ નથી. હા, તેના ગોત્રમાં એક માણસ છે, પણ એ ઓલિયા જેવો છે. તે વૈરાગી છે અને એકલો અટૂલો સ્મશાનમાં પડ્યો રહે છે.'

'રાજા બનવાની વાત સાંભળશે એટલે એનો વૈરાગ્ય આપોઆપ અદૃશ્ય થઈ જશે. સત્તાને માણસના સદ્‌વિચારોનું શોષણ કરવાની જૂની-પુરાણી આદત છે. ચાલો, આપણે એને મળવા જઇએ.'

અને પેલો વિજેતા રાજા મૃત રાજવીના સગોત્રી વૈરાગીને મળવા પહોંચી ગયો અને કહ્યું : 'બોલ, માગ. તું માગે તે આપું.' પેલા વૈરાગીએ કહ્યું : 'મારે કશું નથી જોઈતું.'

રાજાએ આગ્રહપૂર્વક કહ્યું : 'મારે તને કશું આપવું જ છે.'

પેલા રાજવંશી સગોત્રીએ કહ્યું : 'ભલે, તો મને એવું જીવન આપો કે જન્મમરણના વિષચક્રમાંથી હું મુક્ત થઇ જાઉં! મને એવો આનંદ આપો કે જે માણ્યા પછી દિલગીરી ન રહે. ત્રીજી વાત એ છે કે મને એવું વરદાન આપો કે વૃદ્ધાવસ્થા મને સ્પર્શે નહીં.'

રાજાએ કહ્યું : 'આ ત્રણેમાંથી એકેય હું આપી શકું નહીં. એ બધું તો ઈશ્વરના હાથમાં છે.'

પેલો વૈરાગી ખડખડાટ હસ્યો અને કહ્યું : 'હે રાજા! એટલે તો મેં ઈશ્વરનો આશરો લીધો છે! હું તુચ્છ રાજ્યને લઈને શું કરું?'

હાર અને જીત વચ્ચેનો ભેદ પારખી ના શકે, એવો માણસ જીવન સંગ્રામમાં શૂરવીર ક્યાંથી ઠરે? મોટાભાગના માણસો પોતાની છૂપી હારને જીત માનીને ચાલતા હોય છે.

*૧૬, હેવન પાર્ક, રામદેવ નગર પાસે, સેટેલાઇટ રોડ,*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. : ૯૮૨૪૦ ૧૫૩૮૬*

*પ્રીતિવચન જેવું બીજું વશીકરણ નથી, કળાકૌશલ જેવું બીજું ધન નથી, અહિંસા જેવો બીજો કોઈ ધર્મ નથી.*

# તું અને હું – આ દાસ્તાન સનાતન : (૩)

• માવજી કે. સાવલા •

*"આજની ઘડી તે રળિયામણી,*
*મારા વાલોજી આવ્યાની વધાણી હો જી રે"... નરસૈંયો.*

કેવું આશ્ચર્ય! તારી વિદાયને આજે (૨૮-૫-૧૪) ૨૨૮ દિવસ થયા. નિત્યક્રમ મુજબ સવારમાં સાત વાગ્યે પ્રાર્થના પછી તારી છબી સામે બે ધૂપસળી સાથે ઊભો રહ્યો ત્યારે, મારી આંખોમાંથી હર્ષાશ્રુ વહી રહ્યાં હતાં. તું સાંભળે તો છે ને? ગઇકાલે રાત્રે સૂતી વખતે રોજ મુજબ તારી છબી સામે આંખો માંડીને મેં તને કહ્યું હતું, "હવે રાત્રીના સવા દસ વાગ્યા છે. હવે આપણે સૂઇ જઇએ. આંખો બંધ અને મનમાં નવકાર સાથે તું પણ સૂઇ જા, સવારે સાડા છ વાગ્યે ઊઠીશું." પછી મેં આરઝુ કરી હતી : 'એકવાર ભલે સૂક્ષ્મ દેહે તું મને દર્શન આપ - મને કશું જ નથી ખપતું - ફક્ત થોડુંક અંતર રાખીને દર્શન-ફક્ત દર્શન.'

ભલે મનોવૈજ્ઞાનિકો ગમે તે કહેતા હોય, તર્ક કરતા હોય પણ પરોઢના ચાર વાગે હું તારા દર્શન પામ્યો. માત્ર થોડીક મિનિટો માટે નહિ, પણ જાણે કે કલાક-દોઢ કલાક. તું સૂક્ષ્મદેહે પણ એ જ રૂપરંગે મારી સન્મુખ પહોંચી. તો પછી તારી ધૂપપૂજા કરતાં મને હર્ષાશ્રુ કેમ ન વહે?

નરસિંહ મહેતાની પંદરેક રચનાઓની એક ઓડિયો કેસેટ ૩૫-૪૦ વર્ષ પૂર્વે રીલીઝ થતાં જ મેં તરત મંગાવી લીધી હતી. મેં તો આજ સુધીમાં ૧૫૦૦-૨૦૦૦ વખત એ બધી રચનાઓ સાંભળી હશે. તું તો ચુસ્ત જૈન શ્રાવિકા, છતાં અનેકવાર એ રચનાઓ સાંભળવાની ઇચ્છા થતાં તું મને કહેતી - 'કૃષ્ણની કેસેટ પ્લેયર પર મૂકો.' ૫૦-૧૦૦ વખત તો તેં એ બધી રચનાઓ સાંભળી જ હશે. યાદ છે તને એ બધું? અરે, તું ખરેખર હમણાં આ બધું સાંભળે તો છે ને? તું ભલે જવાબ ન આપે તો પણ તારી સાથે તારી છબી સામે ધૂપસળીઓની ધૂમ્રસેરો વચ્ચે તારી સાથે આવી વાતો કરતો જ રહીશ. એક બાલિકા ઢીંગલીને સમજાવતી રહે અને ઢીંગલી સાથે વાતો કરતી રહે એમ. તારી ચિરવિદાય પછી તારી છબી સામે હું એક બાળક બનીને જ નત મસ્તકે ઊભો રહું છું - સવાર-બપોર-સાંજ-રોજે રોજ. સવારમાં સાતેક વાગે તો બે ધૂપસળી હાથમાં લઇને તારી છબી સામે નત મસ્તકે ત્રણવાર બોલું છું - 'તને મારા નમન હો.' એ પછી આરતીની જેમ એ ધૂપસળીઓ તારી છબી સમક્ષ સાત વાર ફેરવું છું.

તેં આ ધરતી પરથી વિદાય લીધી એ સંદર્ભે મને દિલસોજી પાઠવતા કેટલાક પત્રોમાં કંઇક એવો સૂર પણ હતો કે હું તો દુનિયાભરના ફિલસૂફીના ગ્રંથોનો અભ્યાસી એટલે આ સંસારની અસારતા અને નશ્વરતા સમજતો જ હોઉં. અર્થાત્ મને કંઈ ખાસ આઘાત ન જ લાગ્યો હોય, પરંતુ આ સંસારની તાત્ત્વિક સમજણ એટલે પથ્થરદિલ બની જવું એવો અર્થ મેં કદી તારવ્યો જ નથી. માત્ર મારા આખા પરિવાર માટે જ નહિ પરંતુ મારા ઉપર તેં વરસાવેલ કૃપા (આધ્યાત્મિક અર્થમાં)ને સાવ ભૂલી જઇને હું નઠોર થઇ જ ન શકું. 'અમારું જીવન એ જ અમારી વાણી' એવું જેમના વિશે કહી શકાય એવા મહાત્માઓ તો આજે પણ દુર્લભ જ છે. છેલ્લા ૧૦-૧૫ વર્ષ દરમિયાન અનેક પ્રસંગોએ મેં જોયું-અનુભવ્યું છે કે 'તારું જીવન એ જ તારી વાણી' મારા માટે સદા પ્રકાશમાન એક માર્ગ બની રહી છે. પણ હવે મારી મૂંઝવણ એ છે કે આપણે એકબીજાને નામથી તો કદી બોલાવ્યા જ નથી! તું સાંભળે તો છે ને મારી આ વાત? જૈન કર્મવિજ્ઞાન અનુસાર તારું આખું જીવન જે વહેતું રહ્યું એ જોતાં તારું નવજન્મનું સ્થાન તો કોઇક દેવલોકમાં જ હોય, એમાં મને કશી શંકા નથી જ. એટલે જ અન્ય કોઇ મંત્રજાપ કરવાને બદલે તારું નામ સ્મરણ કરવા મેં તને કોઇક દિવ્યલોકમાં વસનાર દેવી જેવું નામ આપ્યું છે. એ નામ તો માત્ર મારા માટે, મારા હૈયામાં ગુપ્ત રાખવાનું હોય, એવી સાધના પરંપરાઓમાં પણ પરિપાટી છે. નિત્ય સવારે આરતીની જેમ તારી ધૂપપૂજા કરતી વખતે સાત વખત તારું એ દિવ્યનામ મનોમન રટણ કરતો રહીને જ નમન કરતો રહું છું.

કાલીદાસ રચિત 'મેઘદૂત'માં તો વિરહી યક્ષ ઇન્દ્રલોકમાં રહેલ પોતાની પત્નીને આકાશમાંના વાદળ મારફતે સંદેશાઓ મોકલે છે એવું કથાનક છે, પણ મને આવો કોઈ સંદેશવાહક ખપતો જ નથી, કારણકે માત્ર તારા નામસ્મરણથી જ હું તારી નિકટતા અનુભવું છું. 'તું અને હું' ની આ સનાતન દાસ્તાને મારા 'હું' ને મિટાવી દઇને માત્ર 'તું હી તું હી' જ હું અત્ર-તત્ર-સર્વત્ર અહેસાસ કરતો રહું.

આપણા સાડા પાંસઠ વર્ષના દાંપત્ય જીવનમાં આપણો અરસપરસ વાણીવ્યવહાર તો 'તું અને હું' થી જ ચાલ્યો અલબત્ત, મારા પક્ષે 'તું' હતી પણ તારો મારા માટે 'તમે' શબ્દ હતો. એ આપણા જમાનાનો એક શિષ્ટાચાર હતો. પણ હવે? હવે મારા હોઠે તારા માટે 'તમે' જ સ્ફુરે છે, કારણકે માનવલોક કરતાં ઉપર કોઇક દિવ્યલોકમાં ઉચ્ચ સ્તરનું તારું અસ્તિત્વ છે. છતાંય આદતવશ આ 'તું અને હું'ની દાસ્તાન તો આ ધરતી પરના કળિયુગની જ છે, એ સંદર્ભે તને મારું સંબોધન 'તું'થી પણ થતું રહેશે.

આ લખી રહ્યો છું, ત્યાં નીચેથી સવારના ચા-નાસ્તા માટેની ઘંટડી વાગી. ચા-નાસ્તો કરી પાછા ઉપર આવીને જોયું તો તારી ધૂપપૂજા પછી ધૂપસળીઓની રાખની ઢગલી પડી હતી. આજે એ રાખ વડે મેં મારા કપાળે તિલક કર્યું.

રાખની વાત આવતાં જ તારી સાથે અનેકવાર મેં સાંભળેલ ગીત 'રાખનાં રમકડાં' હૈયે ગૂંજવા લાગ્યું. વળી રાખથી કપાળે તિલક કરવાની વાતથી રાજા ભરથરીની એક જુદી કથા સાંભળવા મળેલ એ પણ યાદ આવી. મારી કાલીઘેલી જબાનમાં એ વાતો કરવાનું એકમાત્ર થાનક છે તારી આ છબી.

*(ક્રમશઃ)*

*જીવન નાના જીવોની રક્ષાથી સફળ થાય છે, તેઓના નાશથી નહિ.*

# સુંદરતા અને પ્રેમ

● **ભોલાભાઈ ગોલીબાર,** તંત્રી : 'ચક્રમ-ચંદન' સાપ્તાહિક ●

પતિ-પત્ની બન્ને નોકરી કરતા હતા. માથા પર ઓફિસના કામનો એટલો બધો ભાર રહેતો હતો કે ઘરમાં બધી ગડબડ થઈ જતી હતી. સામાન્ય વાતો પણ એ ભૂલી જતા હતા. આ પ્રોબ્લેમ વધતો જતો હતો. બન્ને જિંદગીના ચોથા દાયકામાં પ્રવેશ કરી ચૂક્યા હતા એટલે સમસ્યા વધારે ગંભીર લાગતી હતી. બન્ને ડોક્ટર પાસે પહોંચ્યા. ડોક્ટરે તપાસ કર્યા પછી બન્નેને વિશ્વાસ સાથે કહ્યું કે, તમને બન્નેને કોઈ બીમારી નથી. વધારે પડતા કામના ભારના કારણે તમે બન્ને એકાગ્રતા નથી જાળવી શકતા. ડોક્ટરે કહ્યું કે, 'બંનેને સાથે લાંબા સમયથી આવું થઈ રહ્યું છે એટલે તમારા આત્મવિશ્વાસમાં કમી આવી ગઈ છે. એ કારણે પણ તમે વધારે ભૂલવા લાગ્યા છો.'

ડોક્ટરે બંને પતિ-પત્નીને સલાહ આપી કે બંને વસ્તુનું લિસ્ટ બનાવી લીધા કરે, એટલે કામ ન બગડે. ડોક્ટરને મળી પતિ-પત્ની ઘરે પહોંચ્યા. ડોક્ટરની સલાહ એમને યાદ હતી. પતિએ ઘરે પહોંચી પત્નીને ઓર્ડર આપ્યો, 'મારા માટે કોફી લાવ અને હા આ વાત હથેળી પર લખી લે અને ધ્યાન રાખજે ક્યાંક હાથ-મોઢું ધોતી વખતે આ વાત ભૂંસાઈને ભૂલાઈ ન જાય.'

પત્નીએ જવાબ આપ્યો, 'ઠીક છે. આટલી વાત તો હું નહિ ભૂલી જાઉં.' પતિએ પોતાની અક્કલનું પ્રદર્શન કરતા કહ્યું, 'જો યાદ રાખવાની બાબતમાં કોઈ વાત નાની નથી હોતી કે કોઈ વાત મોટી નથી હોતી. તું એને લખી લે તો સારું.'

પત્ની પતિની સુફિયાણી સલાહ સાંભળી ખિજાઈ ગઈ. પતિએ કહ્યું, 'જો તું પછી ભૂલી જઈશ.' બંનેએ હાથ-મોઢું ધોયા અને કપડાં બદલ્યા.

પત્ની રસોડામાં જતી રહી. પતિ ટીવી જોવા લાગ્યો. થોડી વાર પછી પત્ની ઝડપથી એની પાસે આવી અને શરબતનો ગ્લાસ આપતા બોલી, 'લો શરબત. જોયું ને, હું ભૂલી નથી.'

પતિએ એ જ સ્ટાઈલમાં જવાબ આપતા કહ્યું, 'શરબત લઈ આવી અને કહે છે હું નથી ભૂલી. મેં તો ચા મંગાવી હતી.'

બીજાને નબળા માની સલાહ આપતા પહેલા જોઈ લો કે એ જ સલાહો પર તમારે પોતાને અમલ કરવાની જરૂર છે કે નહિ!

આપણો ૯૫ ટકા વ્યવહાર આપણી જાણ બહાર આપણું મગજ નક્કી કરે છે. આ વ્યવહાર જ આપણી આદત છે. એને ખતમ કરવાનું સહેલી વાત નથી. એને દબાવવાના બદલે સારી આદત પાડી એ આદતને માત આપવું વધારે બહેતર છે. સારી ટેવ પાડવામાં મદદ કરે છે આપણી ઇચ્છાશક્તિ. આપણે જેવું વિચારીએ છીએ એવા જ બનીએ છીએ. આપણે નવા નવા સંકલ્પો લેતા રહેવા જોઇએ. સંકલ્પો દોહરાવવાનો મતલબ છે કે પોતાના વિચારોનું રિપેરીંગ. 'ધ ટેમ્પ્ટેશન ઓફ ઈનોસન્સ : લિવિંગ ઈન ધ એજ ઑફ એન્ટાઈટલમેન્ટ' પુસ્તકની લેખક પાસ્કલ બકનર કહે છે, 'આપણે જે પણ સંકલ્પ લઈએ એને નાના-નાના ભાગમાં વહેંચી દેવા જોઇએ.' પાસ્કલ કહે છે કે મામૂલીમાં મામૂલી લાગતા સંકલ્પને નિભાવવાથી કોઇને કોઇ ભેટ જરૂર મળે છે.

ઑસ્ટ્રેલિયાના જાણીતા મનોવૈજ્ઞાનિક અલ્ફ્રેડ ઍડલરે એક સરસ પુસ્તક લખ્યું છે, 'વ્હોટ લાઈફ શૂડ મીન ટુ યુ'. એમાં એ લખે છે કે 'નિષ્ફળતાના કારણો શું છે? સહુથી મોટું એક કારણ એ છે કે નિષ્ફળ લોકો બીજામાં રસ નથી લેતા હોતા.' આગળ એ કહે છે કે, 'જો તમને બીજાના માટે રસ નથી તો તમારા જીવનમાં વધારે મુશ્કેલીઓ આવશે. જેવા આપણે બીજામાં રસ લેવાનું શરૂ કરીએ છીએ વાતાવરણ આપણું અનુકૂળ થઈ જાય છે.'

આપણે ટીકાઓની પરવા ન કરવી જોઇએ. આપણે એ વાત માટે હંમેશાં તૈયાર રહેવું જોઇએ કે આપણી ટીકાઓ થશે. જાણીતા કવિતા પાલ્બો નરુદા પોતાની આત્મકથામાં લખે છે કે, 'ટીકાનો સામનો મારે મારી પહેલી જ કવિતા માટે કરવો પડ્યો હતો. એ પણ મારા માતા-પિતા દ્વારા. આ કવિતા મેં મારી પ્રેમાળ સાવકી મા પર લખી હતી. કવિતા જ્યારે મેં માતા-પિતાને બતાવી તો એમણે વાંચીને કહ્યું, 'ક્યાંથી નકલ કરી?' મેં આ ટીકાને જીવનની એક શીખ તરીકે લીધી. મારા મગજમાં એ વાત ઘર કરી ગઈ, કામ કરતા જાવ, ટીકા થતી રહેશે. એમાંથી મોટાભાગની કચરાની ટોપલી લાયક હશે.' તો શું પાબ્લો કદી ટીકાઓની કદર નહોતા કરતા? એવું નથી. કેટલીક ટીકાઓ પાબ્લોને એટલી ગમતી, જેટલી એમની કવિતા. આપણે પણ આપણા જીવનમાં થતી ટીકાઓની તપાસ કરવી જોઇએ. જો એ ટીકા અજ્ઞાનતા કે ઈર્ષ્યાના કારણે કરવામાં આવી છે તો વધુ ધ્યાન આપવાની જરૂર નથી. પણ જો એ ટીકામાં કોઈ સૂચન છુપાયેલું હોય તો આપણે એનું સ્વાગત કરવું જોઇએ.

*ગોલીબાર પબ્લિકેશન્સ*
*કાશીરામ ટેક્ષટાઇલની પાછળ,*
*એશિયન પેઇન્ટસ ગોડાઉનની બાજુમાં,*
*બોમ્બે હાઇવે, નારોલ, અમદાવાદ-૩૮૨ ૦૦૫.*
*ફોન : ૨૫૩૨૯૧૮૧, ૨૫૩૨૯૬૭૧*

Prakash®

**PRAKASH METAL CRAFT PVT. LTD.**
E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com
**MFG. ST. STEEL UTENSILS**

ઇતિહાસ

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ

## પ્રકરણ-૩૦

● સંકલન : પ્રતાપ નારાણજી દંડ ●

**તા. ૩૦-૩-૨૦૦૮ના રોજ ત્રિવિધ કાર્યક્રમોનો ભવ્ય સમારંભ યોજાયો હતો. જેમાં આવાસ યોજનાનું ભૂમિપૂજન, ગીતા મંદિર સ્થિત શ્રી કચ્છી જૈન સેવા ભવનના નવીનીકરણ બાદ પુનઃ લોકાર્પણ તેમજ મુંબઈ સ્થિત આવાસ યોજનાના દાતાશ્રીઓનું સન્માન – જેવા વિવિધ કાર્યક્રમો સામેલ હતા.**

ત્રિવિધ ભવ્ય સમારોહનો દિવસ આખરે આવી પહોંચ્યો. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રસ્તુત પ્રોગ્રામમાં ભાગ લેવા માટે આગળનાં દિવસથી મહેમાનોનું આગમન થઈ ગયેલ. બાકી રહેતા મહેમાનો પણ રવિવાર, તા. ૩૦-૩-૨૦૦૮ના રોજ સવારમાં આવી ગયેલ. સર્વે મહેમાનોને ઉતરવાની સગવડ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે રાખવામાં આવી હતી. જે કાર્યક્રમોને સફળતાપૂર્વક પાર પાડવા તેના કાર્યકરો રાત દિવસ અથાગ પ્રયાસ અને મહેનત કરી રહ્યા હતા એ કાર્યક્રમો ઉજવવાની શરૂઆત સવારથી જ થઈ ગઈ હતી. શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે ઉતરેલા સૌ મહેમાનો તથા અમદાવાદના પધારેલ આમંત્રિતો તથા સમાજનાં સભ્યોએ સવારે પાલડી ખાતે ચા-નાસ્તો કર્યા બાદ શેઠશ્રી આણંદજી કલ્યાણજી પેઢીના સંકુલ ખાતે આવાસ યોજનાના ભૂમિ પૂજનના કાર્યક્રમમાં ભાગ લેવા માટે સૌ ઉપસ્થિત રહ્યા હતા. જ્યાં આ કાર્યક્રમ માટે વિશાળ મંડપ ઊભો કરવામાં આવ્યો હતો. શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે એક ખૂણામાં ભૂમિપૂજન કરવા માટે વ્યવસ્થા કરવામાં આવી હતી.

આવાસ યોજના ભૂમિ પૂજનના કાર્યક્રમની શરૂઆત સવારનાં ૮.૦૦ વાગ્યાથી કરવામાં આવી હતી. શ્રી કચ્છી જૈન મહિલા મંડળ (ભક્તિ મંડળ)ની બહેનો સવારનાં ભૂમિ પૂજનના સ્થળે આવી ગયેલ. કમ્પાઉન્ડ સ્થિત દેરાસરજીમાં ભગવાનની પ્રતિમા પધરાવીને બરાબર ૮.૦૦ વાગે સ્નાત્ર પૂજા ભણાવવાની શરૂઆત થઈ ગયેલ હતી. એ દરમ્યાન અમદાવાદ સમાજનાં સભ્યો અને બહારગામથી પધારેલા મહેમાનોની આવવાની શરૂઆત થઈ ગઈ હતી. જ્યારે જ્યારે કાર્યક્રમનાં સ્થળે અતિથિ વિશેષશ્રીઓ તથા દાનવીર મહાનુભાવો પધારતા હતા ત્યારે તેમનું ઉચિત રીતે સ્વાગત કરી મંડપની અંદર બેસાડવામાં આવી રહ્યા હતા. એ દરમ્યાન કવિશ્રી ઊર્મિલે માઈક ઉપર, ઉપસ્થિત સૌને પોતાની વાણીની છટાથી ઉત્સાહમાં લાવી દીધા હતા.

સ્નાત્ર પૂજા બાદ સમાજના સભ્ય એવમ્ વિધિકાર શ્રી હીરાલાલભાઈ કુબડિયાએ ભૂમિ પૂજનનાં કાર્યક્રમની શરૂઆત કરી હતી. તેઓશ્રીએ પાટલા પૂજન, નવગ્રહ પૂજન, દસ દિક્‌પાલ પૂજન ભણાવેલ હતા. દરેક પૂજનનાં સમયે વિવિધ મહાનુભાવો તથા સમાજનાં મોભીઓના વરદ્ હસ્તે વિધિઓ કરાવવામાં આવી હતી. ત્યારબાદ યોગ્ય સ્થળે તથા દિશાએ તૈયાર કરવામાં આવેલ પાયામાં શિલાન્યાસ વિધિનો કાર્યક્રમ ખૂબ જ ઉત્સાહજનક વાતાવરણમાં સંપન્ન થયેલ હતો. ભૂમિપૂજન સમિતિનાં સભ્યો શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી હસમુખભાઈ ખાંડવાલા તથા શ્રી પદમશીભાઈ ડાઘાએ વિધિમાં ઉપસ્થિત રહી આ કાર્યક્રમને સફળતાપૂર્વક પાર પાડેલ હતો.

ભૂમિપૂજનના કાર્યક્રમ બાદ મુંબઈથી પધારેલા આરતી ગ્રુપવાળા શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીનાં અધ્યક્ષ સ્થાને એક સ્ટેજ પ્રોગ્રામ યોજવામાં આવેલ હતો. કાર્યક્રમની શરૂઆતમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મે. ટ્રસ્ટી તથા પ્રમુખ ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયાએ પધારેલા સૌ મહાનુભાવો તથા સભ્યોને આવકાર આપેલ હતો. ત્યારબાદ સંસ્થાનાં ઉપપ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ આવાસ યોજનાની વિગતો સમજાવેલ હતી. ગ્રાઉન્ડ તથા ૪ માળનાં મકાનમાં દરેક માળે ૮ ફ્લેટના હિસાબે કુલ ૪૦ ફ્લેટ્સ તૈયાર કરવાની યોજના સમજાવેલ. દરેક ફ્લેટમાં એક બેડરૂમ, હોલ તથા કિચન હશે અને તેમાં સંપૂર્ણ સુવિધા પૂરી પાડવામાં આવશે. આ મકાન આવતા બાર મહિનામાં જ તૈયાર કરી દેવાની ગણતરી છે. આ સ્કીમનાં ફ્લેટોના લાભાર્થીઓ પાસેથી જૂજ કિંમત લઈને તેમને આવાસ ફાળવવામાં આવશે. જેની અંદાજિત કિંમત ૪.૦૦થી ૪.૫૦ લાખ રૂપિયા થશે. આ માટે સમાજના જરૂરિયાતવાળા સભ્યો પાસેથી અરજીઓ અગાઉથી પ્રાપ્ત થઈ ગયેલ છે. નવનીત ગ્રુપના શ્રી શાંતિલાલ રામજી ગાલાએ પોતાનાં પ્રવચનમાં જણાવેલ કે આ પ્રકારના આવાસોની જરૂરિયાત વધુ હોતાં, આવતા દિવસોમાં આપણે હજુ વધારે આવાસ યોજનાઓ કરવી જોઈએ. આ માટે અમારો પૂરેપૂરો સહયોગ આ સમાજને મળશે તેમ તેમણે જણાવ્યું હતું. અન્ય વક્તાઓના પ્રવચન બાદ સમારંભના અધ્યક્ષ શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. તેમાં તેઓએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની આવાસ યોજના તથા

*આત્મવિશ્વાસનો અર્થ છે પોતાના કામમાં અતૂટ શ્રદ્ધા.*

અન્ય પ્રવૃત્તિઓને બિરદાવી હતી. કાર્યક્રમને સમેટીને ગીતા મંદિર સ્થિત શ્રી કચ્છી જૈન સેવા ભવનના પુનઃ લોકાર્પણ નિમિત્તે ત્યાં પહોંચી જવા સહુને અપીલ કરવામાં આવી હતી. વડોદરા, સુરત, વલસાડ, વાપી, રાજપીપળા, ગાંધીધામ, મુંદ્રા, મુંબઈ વગેરે સ્થળોના અનેક મહાનુભાવો આ કાર્યક્રમની શાન વધારવા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આવાસ યોજનાનાં ભૂમિ પૂજનનો સમારોહ પૂર્ણ થયા બાદ ઉપસ્થિત સહુ મહાનુભાવો અને આમંત્રિતો સહિત દરેક જણા ગીતા મંદિર પાસે "માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) શ્રી કચ્છી જૈન સેવા ભવન" પર પહોંચી ગયા હતા. જ્યાં નવીનીકરણ પામેલ સેવા ભવનનું ઉદ્ઘાટન માતુશ્રી કંકુબેન પરિવારના શ્રી પ્રવીણભાઈ જૈન તથા શ્રી રાજકુમાર જૈનના વરદ્ હસ્તે કરવામાં આવેલ. આ સમયે આ પરિવારના ડૉ. શ્રી ચંદ્રકાંતભાઈ દેઢિયા, શ્રીમતી ચંદ્રિકાબેન દેઢિયા, શ્રી બિપીનભાઈ જૈન ઉપરાંત શ્રીમતી હેમલતાબેન, શ્રીમતી શોભાબેન પ્રવીણચંદ્ર જૈન, શ્રીમતી બિયાંકીબેન રાજકુમાર જૈન તેમજ અન્ય સદસ્યો હાજર રહ્યા હતા. સેવા ભવનની ઓફિસનું ઉદ્ઘાટન શ્રી શાંતિલાલ રામજી ગાલા તથા શ્રી રાજુભાઈ હરખચંદ ગાલાનાં વરદ્ હસ્તે કરવામાં આવેલ. ગ્રાઉન્ડ ફ્લોર પરની ડોરમેટરીનું ઉદ્ઘાટન શ્રી ભોગીલાલ નેમચંદ મહેતાના વરદ્ હસ્તે કરવામાં આવેલ હતું જ્યારે ડાઇનિંગ હોલનું ઉદ્ઘાટન શ્રી નયન અશોકભાઈ ભેદાનાં વરદ્ હસ્તે તથા દ્વિતીય માળ પરની ડોરમેટરીનું ઉદ્ઘાટન શ્રી દીપક ધારશી ભેદાના વરદ્ હસ્તે કરવામાં આવેલ.

ઉપરોક્ત ઉદ્ઘાટન બાદ દ્વિતીય માળ પરની ડોરમેટરીમાં શ્રી બિપીનચંદ્ર કાનજી જૈનનાં પ્રમુખપણા હેઠળ એક સમારંભ રાખવામાં આવેલ હતો ત્યારે આ હોલ ખીચોખીચ ભરાઈ ગયો હતો. ઉત્સાહ અને ઉમંગના વાતાવરણ વચ્ચે માઈક પરથી જાહેરાત કરવામાં આવેલ કે આ ભવનનાં પુનઃ નિર્માણ નિમિત્તે ભવનનાં મુખ્ય નામનાં દાતા પરિવાર તરફથી એટલે કે માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી પરિવાર તરફથી આજના પ્રસંગ નિમિત્તે રૂા. ૧૧.૦૦ લાખનું દાન જાહેર થયેલ છે. આ જાહેરાતથી સભાગૃહમાં આનંદની લાગણી પ્રસરી હતી. ત્યારબાદ સંસ્થાના મે. ટ્રસ્ટી તથા પ્રમુખ શ્રી ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયાએ આવકાર પ્રવચન આપેલ. આ પ્રસંગે દાતા પરિવારના યુવા પેઢીનાં સભ્ય શ્રી રાજકુમાર જૈને પ્રવચન આપતાં જણાવેલ કે અગાઉ મેં આ પ્રકારના કોઈપણ કાર્યક્રમમાં ભાગ લીધેલ નથી. આજનો આ સમારંભ જોયા પછી મને લાગે છે કે અમારે આ પ્રકારનાં કાર્યક્રમોમાં અવશ્ય ભાગ લેવો જોઈએ. સંસ્થાના ઉપપ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ કહ્યું હતું કે ૧૯૮૪માં સમાજે સૌપ્રથમ આ મિલકત ખરીદ કરેલ હતી. ત્યારે પણ આ જ પરિવારે રૂા. ૩.૦૦ લાખ જેટલી માતબર રકમનું દાન આપ્યું હતું અને આ પ્રોજેક્ટને પૂર્ણ કરવામાં સાથ અને સહકાર આપેલ હતો. આ સેવા ભવનને નવનિર્મિત કરવામાં સમાજનાં માનદ્ મંત્રી શ્રી પ્રતાપભાઈ દંડે જે જહેમત ઉઠાવેલ, તેને બિરદાવેલ. અંતમાં સમારંભના પ્રમુખ શ્રી બિપીનભાઈ જૈનનાં પ્રવચન સાથે આ કાર્યક્રમ સમાપ્ત થયેલ. ત્યારબાદ ઉપસ્થિત સહુએ ભોજન માટે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી તરફ પ્રયાણ કરેલ.

શ્રી કચ્છી જૈન ભવન - પાલડીનાં સાંસ્કૃતિક હોલમાં સૌ આમંત્રિતો અને સભ્યોએ ભોજન લીધા બાદ થોડો સમય વિરામ લીધેલ. સવારનાં ૮ વાગ્યાથી ૧ વાગ્યા સુધી સતત ૫ કલાકની દોડધામ બાદ પણ સૌ મહેમાનો આનંદ અને ઉત્સાહમાં હતા. વિરામ બાદ સહુ કોઈ શ્રી ઠાકોરભાઈ દેસાઈ હોલ ખાતે મુંબઈની આવાસ યોજનાનાં ઝિંદાદિલ દાતાશ્રીઓનાં બહુમાન કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. ઉદ્બોધક તરીકેની જવાબદારી અહીં પણ કવિ શ્રી ઊર્મિલે સંભાળેલ હતી.

કાર્યક્રમની શરૂઆતમાં અતિથિ વિશેષશ્રીઓ તથા સંસ્થાનાં હોદ્દેદારોએ સ્ટેજ ઉપર પોતાના સ્થાન ગ્રહણ કરેલ. ત્યારબાદ તરતમાં શ્રી નવનીત પરિવાર તરફથી આવાસ યોજનાનાં મુખ્ય નામ પેટે રૂા. ૫૧.૦૦ લાખનાં દાનની જાહેરાત કરવામાં આવેલ હતી. આ જાહેરાતને સભાગૃહમાં હાજર રહેલ સૌએ તાળીઓના ગડગડાટ સાથે વધાવી લીધેલ હતી.

કાર્યક્રમની શરૂઆતમાં સમાજનાં માનદ્ મંત્રી શ્રી પ્રતાપભાઈ દંડના આવકાર પ્રવચનથી થઈ. ત્યારબાદ સંસ્થાના ઉપપ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ મુંબઈ આવાસ યોજના અંગે વિગતવાર માહિતી આપેલ હતી. શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશન - મુંબઈ દ્વારા શરૂ કરવામાં આવેલ આવાસ યોજના માટે ૪૦૦૦ લાભાર્થીઓની અરજીઓ આવી હતી. આ આવાસ યોજનામાં ખૂટતા નાણાં દાતાશ્રીઓ તરફથી મેળવવામાં આવે છે. દાતાશ્રીઓએ એક કરોડથી પાંચ કરોડ સુધીના દાનો આ યોજના માટે જાહેર કરેલ હતા, તેવી વિગત તેમણે જણાવેલ હતી.

ત્યારબાદ ઉપસ્થિત રહેલા મુંબઈ આવાસ યોજનાના સૌ દાનવીરોને માળા, શાલ, સ્મૃતિ ચિહ્ન તથા સન્માનપત્ર સાથે સન્માનિત કરવામાં આવ્યા હતા. સન્માનનાં કાર્યક્રમ બાદ હાજર

MILAN® MASALA

K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

રહેલા અતિથિશ્રીઓમાંથી શ્રી બાબુભાઈ મેઘજી શાહ, શ્રી નયન ભેદા, શ્રી શાંતિલાલ રામજી ગાલા, શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી તથા શ્રી રાજેન્દ્ર વીરચંદ શાહે પ્રસંગને અનુરૂપ પ્રવચનો કરેલ હતા. સંસ્થાના મે. ટ્રસ્ટી તથા પ્રમુખ ડૉ. શ્રી ચંદ્રકાંતભાઈ દેઢિયાએ સમારંભના અધ્યક્ષ તરીકેનું પ્રવચન આપેલ હતું. કાર્યક્રમના અંતમાં સંસ્થાનાં માનદ્ મંત્રી શ્રી પ્રતાપભાઈ દંડે આભારવિધિ કરી હતી.

આ સમગ્ર કાર્યક્રમ દરમ્યાન અતિથિ વિશેષ તરીકે શ્રી બિપીનભાઈ જૈન, શ્રી બાબુભાઈ મેઘજી શાહ, શ્રી હિતેશભાઈ મોતા, શ્રી પદમશીભાઈ લાલકા, શ્રી ભોગીલાલ નેમચંદ મહેતા, શ્રી રાજેન્દ્ર વીરચંદ શાહ ઉપસ્થિત રહ્યા હતા. મુંબઈ આવાસ યોજનાનાં દાનવીર મહાનુભાવોમાં શ્રી ભૂપેન શામજી છેડા, શ્રી નયન ભેદા, શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી તથા શ્રી દીપકભાઈ ભેદા ઉપસ્થિત રહ્યા હતા.

કચ્છ, મુંબઈ, ગુજરાત તથા દેશાવરથી અનેક મહાનુભાવો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આજના સમારંભમાં શ્રી હિતેશ માણેકજી મોતાએ આવાસ યોજના માટે રૂા. ૧૧.૦૦ લાખ તથા નવીનીકરણ પામેલ સેવા ભવન માટે રૂા. ૫.૦૦ લાખનાં દાનોની જાહેરાત કરી હતી. શ્રી નયનભાઈ ભેદાએ આવાસ યોજના માટે રૂા. ૧૧.૦૦ લાખનાં દાનની જાહેરાત કરેલ હતી. તે ઉપરાંત અનેક મહાનુભાવો તરફથી આવાસ યોજનામાં એક - એક ફ્લેટ દત્તક લેવામના રૂા. ૨.૫૧ લાખના દાનની જાહેરાતો કરવામાં આવી હતી. તે ઉપરાંત આ યોજના જ્યારે જાહેર કરવામાં આવી ત્યારે જ શ્રી રાયચંદ હંસરાજ ધરમશી તરફથી બે ફ્લેટ બદલ રૂા. ૫.૦૦ લાખના દાનની જાહેરાત થઈ હતી.

સમગ્ર દિવસ દરમ્યાન સ્વાગત, ઉતારા વ્યવસ્થા, ટ્રાન્સપોર્ટ, પૂજન વિધિ, પૂજન વ્યવસ્થા, જમણવાર તથા સેવાભવન સમિતિઓએ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થાય તે માટે ખૂબ જ જહેમત લીધી હતી. 'સંકલ્પ'ની કાર્યવાહી બેનમૂન રહી હતી. તેના વોલન્ટિયર્સ ગ્રુપે દિવસભર અવિરતપણે સેવાઓ આપી હતી. આભારવિધિમાં બધી જ સમિતિઓ તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજનાં મેનેજરશ્રી, સ્ટાફ સભ્યો તથા સેવા આપેલ દરેક એજન્સીઓના કર્તાઓને બિરદાવવામાં આવેલ.

કાર્યક્રમની પૂર્ણાહુતિ બાદ સંસ્થાના ઉપપ્રમુખશ્રી કાંતિલાલ વેલજી સાવલાના લૉ ગાર્ડન સ્થિત બંગલાની લોનમાં આયોજિત ભોજનનો રસાસ્વાદ સહુએ માણેલ હતો. ત્યારબાદ સમગ્ર કાર્યક્રમની પૂર્ણાહુતિ થઈ હતી.

*(ક્રમશઃ)*

## વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે થોડું ચિંતન - મનન

**(અનુસંધાન : પાના નં.-૬૯ ઉપરથી ચાલુ)**

★ હાલ અલ નીનોની દહેશત વરતાઈ રહી છે. વિશ્વના અનેક દેશોમાં ગંભીર અસર થઈ શકે છે. દુષ્કાળ પણ પડે, પૂર પણ આવી શકે. આ અલ નીનોની આફત ઓઝોન કવચમાં પડેલાં ગાબડાંઓને લીધે આવી છે. આ આફત પૃથ્વીને બીમાર ગ્રહ બનાવી શકે છે.

આ આફતોમાંથી ઊગરવા માનવીએ જાગવાની જરૂર છે. કારણ કે જે સતત જાગ્રત હોય તે વિચારે છે કે હું શું બોલું છું? હું કેવું વર્તન કરું છું? સમાજમાં આપણી ભૂમિકા આપણા વ્યવહારથી, બોલવાથી નક્કી થાય છે. ગીતામાં પણ ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને જાગ્રત થવાનું જ કહ્યું છે - માનવી આજે જે અહંકાર, લોભ-લાલચ અને બુદ્ધિભ્રષ્ટતાના ઘેનમાં જીવે છે તેમાંથી બહાર આવી કુદરતી આફતોના એકમાત્ર ઉપાયરૂપ જંગલો ઊભાં કરવાં જોઈએ. કારણકે વૃક્ષ-વનસ્પતિ, જંગલો પર્યાવરણ પ્રદૂષણ સામે રક્ષણ પૂરું પાડે છે. એક સમયે ધરતી પર બાર અબજ એંસી કરોડ હેક્ટર વિસ્તારમાં અડાબીડ-ઘટાટોપ જંગલો હતાં. આજે બે અબજ હેક્ટર વિસ્તારોમાં જંગલો બચ્યાં છે. - એક વ્યક્તિને તંદુરસ્ત રીતે જીવવા ૩૦ ચો.ફૂટ જંગલ જોઈએ. ગણતરી પ્રમાણે આપણા દેશમાં દર મિનિટે ૬૦૦ ચો.ફૂટ નવું જંગલ ઊભું કરવું જોઈએ. જંગલ ઊભા થવાને બદલે જંગલો કપાઈ રહ્યાં છે. તેને બચાવીએ, વધુ વૃક્ષો વાવીએ.

૫૦ વર્ષનું એક વૃક્ષ તેના જીવનકાળ દરમિયાન રૂા. ૨.૫૦ લાખનો ઓક્સિજન, રૂા. ૨.૫૦ લાખની જમીનની ફળદ્રુપતા, રૂા. ૩ લાખનું જળ સિંચન અને ભેજ, રૂા. ૫ લાખના પ્રદૂષણને કંટ્રોલમાં રાખે છે. આમ, વૃક્ષ તેના જીવન દરમિયાન રૂા. ૧૫ લાખ ઉપરાંતના લાભો આપે છે. - માટે વૃક્ષ મંદિરો ઊભાં કરીએ. વધુ વૃક્ષો વાવીએ, વધુ વૃક્ષો બચાવીએ. ઓફિસ, ઘર કે ગાડીમાં પ્રદૂષણ ફેલાવનાર એ.સી.નો વપરાશ ટાળીએ. રાસાયણિક ખાતરો-દવાઓથી જમીનનું રક્ષણ કરીએ. પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળીએ. પાણીનો બગાડ અટકાવીએ. અનાજનો બચાવ કરીએ. વિશ્વ પર્યાવરણ દિનને સાર્થક કરવા, પર્યાવરણની જાળવણી માટે બુદ્ધિજીવીઓ અને વિકાસશીલ દેશોએ જીવનશૈલી બદલવી જ રહી. - ચાલો, સૌ સ્વાર્થ છોડી, ભાવિ પેઢીના સુખનો વિચાર કરી સમગ્ર જીવસૃષ્ટિ માટે વિશ્વ પર્યાવરણ દિવસને સાર્થક કરીએ. કવિ ઉમાશંકર જોશીની ઉપરોક્ત... પંક્તિઓ વાગોળીએ.

*૨૦, પંચાયત વાસ, મુ. નવા કોબા,*
*તા. જિ. ગાંધીનગર-૩૮૨ ૦૦૯. મો. ૯૪૨૭૬ ૨૦૧૩૨*

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઇન્ડસ્ટ્રીઝ

**હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા**

**લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી**

**એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨**

E-mail : kaykay_industries@yahoo.com

પર્યાવરણ

# વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે થોડું ચિંતન-મનન

• ડૉ. કિશોર સાધુ •

*'વિશાળ જગ વિસ્તારે નથી એક જ માનવી,*
*પશુ છે, પંખી છે, વનોની છે વનસ્પતિ.'*

*- ઉમાશંકર જોશી*

આપણે સૌ ધરતીમાતાનાં સંતાન છીએ. આપણી ધરતી અપરિમિત સંસાધનોથી ભરેલી છે. જે સંપૂર્ણ જગતની શાશ્વત જીવનસ્થલી છે. આ જીવન સ્થલી પર આપણાં શાસ્ત્રો મુજબ ૮૪ લાખ અન્ય જીવ-પ્રજાતિઓ છે. આપણી સૃષ્ટિનો કણકણ જીવંત છે. વૃક્ષ, વનસ્પતિ-તૃણ એ ધરતીમાતાને ચોંટીને જીવન વિતાવે છે. પશુ-પંખી સંપૂર્ણ કુદરતને આધીન થઈ જીવન ગુજારે છે. જ્યારે માનવી! આ બુદ્ધિશાળી માનવી-ધરતીથી વિખૂટો પડી આકાશને આંબવાની જીદે ચડ્યો છે. પરિણામે જમીનથી ઉખડેલા વૃક્ષ જેવી હાલત માનવની થઈ છે. માનવજાતમાં માણસાઈ સૂકાઈ રહી છે.

પરિણામે વિશ્વ પર્યાવરણ પરિવર્તનની પીડાથી પસ્તાઈ રહ્યું છે. જ્યારે આપણા ઋષિમુનિઓ, ચિંતકોએ, વિચારકોએ વર્ષોથી સૃષ્ટિના સંવર્ધનનું મહત્ત્વ સમજાવ્યું છે.

*યાવદ ભૂ મંડલમ્ ધત્તે સશૈલમ્ કાનનમ્ ।*
*તાવત તિષ્ઠુપતિ મેં દિન્માત સંતતિ પૂત્રે પૌત્રકીઃ ॥*

અર્થાત્ જ્યાં સુધી ધરતી વૃક્ષો, પહાડો અને વનોથી ઘેરાયેલી રહેશે ત્યાં સુધી માનવનાં સંતાનો માટેની તમામ જરૂરિયાત પૂરી થતી રહેશે.

પરંતુ માનવીના મેલા મનના લોભ-લાલચ, ઉપભોગવાદી ગતિવિધિઓ એટલે કે માનવમાં વધી રહેલા દોઢડહાપણના પરિણામે જગ વિસ્તારે માનવી જ માનવી ફેલાઇ ગયો છે. જીવસૃષ્ટિનો વિચાર પણ નથી કરતો. તેથી વર્તમાન સમયમાં ચકલી, ગીધ, સમડી જેવાં પક્ષીઓ, સસલાં, શિયાળ જેવાં પ્રાણીઓની પ્રજાતિ લુપ્ત થઈ રહી છે. ઘણી ઉપયોગી વનૌષધિઓ લુપ્ત થઈ ગઈ છે. પરિણામે પર્યાવરણની સમતુલા ચકરાવે ચડી છે.

આ પર્યાવરણ એટલે વનસ્પતિ જગત, પ્રાણીઓ અને માનવ સહિતના તમામ સજીવો. તેમની સાથે સંકળાયેલ ભૌતિક પરિસર! પર્યાવરણના બધા જ જૈવિક અને અજૈવિક ઘટકો સમતુલાની જાળવણી માટે એકબીજા પર આધાર રાખે છે. કોઈ પણ ઘટકમાં થતો ફેરફાર સજીવોના જીવનને અસર કરે છે. વર્તમાન સમયમાં માનવીએ વિજ્ઞાન, ટેક્નોલોજી, વિકાસ-પ્રગતિ અને સંશોધનના નામે આ ધરતીના વાતાવરણને વલોવી નાંખ્યુ. પરિણામે પર્યાવરણના ઘટકો પરિવર્તન પામી પ્રદૂષણના રૂપે વળતો પ્રહાર કરી રહ્યા છે. ગ્લોબલ વોર્મિંગ, ક્લાઈમેટ ચેન્જ, અલ નીનો વગેરેની દહેશત આજે વિશ્વ પર તોળાઇ રહી છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘે મોસમના બદલાતા મિજાજને પારખી જઇને ૧૯૭૨થી જ પર્યાવરણ બચાવવાની બૂમો પાડવાની શરૂ કરી દીધી હતી અને લોકોમાં જાગરૂકતા લાવવાના ઉદ્દેશથી તા. ૫થી ૧૬ જૂન, ૧૯૭૨માં યોજાયેલ વિશ્વ પર્યાવરણ સંમેલનમાં પર્યાવરણની ચિંતા શરૂ કરી. પ્રથમ વિશ્વ પર્યાવરણ દિવસ ૫ જૂન, ૧૯૭૩ એટલે કે ૪૧ વર્ષ પહેલાં ઊજવાયો. ત્યારથી દર વર્ષે એક થીમ લઇને આ દિવસ મનાવવામાં આવે છે. આ વર્ષે ૨૦૧૪ના વર્ષ માટે થીમ રાખવામાં આવી છે : “Small Island Developing States (SIDS).” ચાર દાયકાથી સંયુક્ત રાષ્ટ્રસંઘે લોક-સમુદાયને જાગરૂક કરવાના પ્રયાસો શરૂ કર્યા. છતાંય ઊંઘતી સરકારો કે લોકો જાગ્યા નથી. પરિણામે આજે નાના દરિયાઇ ટાપુ, દરિયા-કિનારાના વિસ્તારોના રહેવાસીઓ માટે ખતરાની ઘંટડીઓ વાગી રહી છે. ૧૨ કરોડ લોકોના જીવનનું જોખમ છે. વિજ્ઞાનીઓએ સંશોધન કરી શંકા વ્યક્ત કરી છે કે ગ્લોબલ વોર્મિંગના કારણે ૧૯મી સદીમાં સમુદ્રનું જળસ્તર વર્ષના ૦.૧ મિલિમિટરના હિસાબે વધી રહ્યો છે. પચાસના દાયકામાં એ ગતિમાં વધારો થયો. હાલ એ ગતિ વધીને અંદાજે ૩.૭ મિલિમિટર થઇ છે. કારણકે પૃથ્વી પર વધતાં તાપમાનને કારણે ઉત્તરધ્રુવ (એન્ટાર્કટિકા)માં આવેલ હિમશિલા પીગળી રહી છે. હાલ ૪૦૦ મિટરની એક હિમશિલા જે પીગળી રહી છે તે પૂરેપૂરી પીગળી જશે ત્યારે સમુદ્રની જળસપાટી ત્રણ મિટર જેટલી વધશે. તે અમીરી-ગરીબનો ભેદભાવ કર્યા વિના બધાને લઈ ડુબશે. આપણા દેશમાં મુંબઈ, કલકત્તા, ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારો સામે ખતરો છે તે અંગેના અખબારી સમાચારો પ્રસિદ્ધ થાય છે. આ વિકરાળ આફતની કલ્પનાના અંશો કુદરતે બતાવ્યા પણ છે.

★ અમેરિકા, ઇંગ્લેન્ડમાં કાળઝાળ ગરમી પડવી અને બીજી બાજુ હિમવર્ષા.

★ બે વર્ષ અગાઉ યુરોપ જેવા ઠંડા પ્રદેશમાં લૂ લાગવાથી ઘણા લોકોનાં મોત થયાં હતાં.

★ તાજેતરમાં ગુજરાતમાં કમોસમી કરા સાથે વરસાદ અને વાવાઝોડું આવ્યું હતું. ૨૦૦૧નો ભૂકંપ.

★ બદ્રી કેદારનાથ ચારધામ યાત્રાના સ્થળની હાલત યાદ છે?

★ ૨૦૧૩ના વર્ષમાં જ વિશ્વએ ૪૬૦ જેટલી નાનીમોટી કુદરતી આફતોનો સામનો કર્યો છે.

★ વિશ્વમાં અંદાજે ૮૭ કરોડ લોકો ભૂખમરાનો શિકાર બને છે, તો બીજી બાજુ અંદાજે ૫૦ કરોડ લોકો મેદસ્વીતાનો શિકાર બને છે. ભૂખ અને ભારે શરીરની ખાઈનો આ ખુલાસો શું સૂચવે છે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૬૮ ઉપર)**

*સફળતા પ્રાપ્ત કરવા માટે અન્ય કોઈ પણ સાધનસામગ્રી કરતાં તમારો આત્મવિશ્વાસ વધુ ઉપયોગી છે.*

સંસ્થા/વ્યક્તિ વિશેષ

# એક આશ્રમી વ્યક્તિત્વ : શ્રી વેલજીભાઈ

• હરેશ ધોળકિયા •

મોટા ભાગના સમાજોની કરુણતા એ હોય છે કે લગભગ પંચાણુથી વધારે ટકા સમાજ દૈનિક જીવનમાં મૂઢતાથી જીવતો હોય છે. મૂઢતા એટલે ખરાબ કે દુષ્ટ નહીં, પણ અભાન! અજાગૃત! એટલે કે તે રોજ, મોટા ભાગે, ખાવા, પીવા, 'સૂવા' અને દૈનિક કાર્યો કરવામાં જ સમય પસાર કરી દેતો હોય છે. તેનું વર્તુળ બહુ જ નાનું હોય છે. લગભગ તો કેવળ કુટુંબ જ. કદાચ થોડો વિશાળ થવા જાય તો પડોશ કે વધારેમાં વધારે જ્ઞાતિ. બસ! વાત પૂરી. દેશ? ઓહ એ તો મોટી બાબત છે! અને વિશ્વ? એ શું છે વળી? તેની તો ખબર જ નથી. ઘરની બારી કે બારણા બહારની દુનિયા મોટાભાગના લોકો માટે અસ્પૃશ્ય છે, અદશ્ય છે. તેના દૈનિક જીવનમાં તેનું કશું જ સ્થાન નથી.

કરુણતા એટલા માટે કે આનું પરિણામ એ આવે છે કે આ મૂઢતાના પરિણામે વ્યક્તિ કે સમાજ તેને કારણે અદ્‌ભુત જીવન જીવવાનું ચૂકી જાય છે. તેના પોતા પાસે અનંત શક્તિઓ છે જેનો તે ઉપયોગ કરી શકતો નથી. તેના આસપાસ અદ્‌ભુત વિશ્વ છે જેને તે જોતો નથી, માણતો નથી. તેની આસપાસ અદ્‌ભુત વ્યક્તિઓ, સંસ્થાઓ, સ્થળો છે જેનો તે લાભ લેતો નથી. બસ! હું, મારું ઘર, મારાં પતિ કે પત્ની અને બાળકો! ઇતિ સિધ્ધમ્! તેના સાથે ખાયેંગે, પીયેંગે ઔર એશ કરેંગે, ઔર ક્યા? સાઠ-સિત્તેર-એંસી... બધાં વર્ષો આમાં જ પસાર થઇ જાય છે. તેના ઉછેરમાં ક્યારે પણ તેને નથી કહેવાતું કે તેણે સમગ્ર વિશ્વનો વિચાર કરવાનો છે. અદ્‌ભુત સ્થળો જોવાનાં છે. અદ્‌ભુત લોકોનો સત્સંગ કરવા ખૂબ ખૂબ જાણવાનું છે. અને સૌથી મોટી વાત, પોતાને જાણવાનું છે.

આપણા કચ્છમાં લગભગ બાર લાખ લોકો વસે છે. તેમાંથી કેટલાને "સાધનાશ્રમ"નો ખ્યાલ છે?

તરત સવાલ ઊભો થશે- આ સાધનાશ્રમ વળી શું છે? તે ક્યાં આવેલ છે? ત્યાં રહેવા-જમવાની સારી સગવડ છે, તો જઇએ!

માંડવી તાલુકાનાં બિદડા ગામથી તો હવે આપણે પરિચિત છીએ. કારણ તેની આંતરરાષ્ટ્રીય સર્વોદય હોસ્પિટલ છે. અદ્‌ભુત મેડિકલ સેવાઓ આપે છે તે. પણ તે તો આજે છે. બિદડા તો તેનાથી પહેલાં પણ જાણીતું છે - આ સાધનાશ્રમથી. આપણે ભલે તેનાથી અપરિચિત હોઈશું, પણ ભારત અને વિશ્વના અનેક સાધકો અને જિજ્ઞાસુઓ તેની સતત મુલાકાત લે છે. તેના જ્ઞાનભંડારનો લાભ લે છે.

આ સાધનાશ્રમના સ્થાપક હતા શ્રી વેલજીભાઈ. આખું નામ લઈએ તો વેલજી ઠાકરશી. આમ તો બિદડાના જ. પણ પછી વૈશ્વિક બની ગયેલા. ઉત્તમ સાધક. ભારતમાં જેમ ગાંધીજી રાજકીય વ્યક્તિ હોવા સાથે એક આધ્યાત્મિક વ્યક્તિ પણ હતા, તેમ કચ્છમાં આ વેલજીભાઈ પણ રાજકીય અગ્રણી હોવા સાથે આધ્યાત્મિક સાધક અને સિધ્ધ હતા. જીવનના ચાર દાયકા તેમણે બિદડામાં જબરી તપસ્યા કરી અને આ આશ્રમને તપોભૂમિ બનાવી. આજે પણ તે છે.

આ વેલજીભાઈ વિશે જાણવું ફરજિયાત છે.

શ્રી વેલજીભાઈ મૂળ બિદડાના જ. ૧૯૦૧માં જન્મ. આજનાં સાત ધોરણ સુધી અભ્યાસ. ભણવામાં તેજસ્વી. એક શિક્ષકને ત્યાં જ વાંચતા. સંસ્કૃતના એક પંડિત પાસે અભ્યાસ કર્યો. વાંચવાના પુષ્કળ શોખીન. અંગ્રેજી પણ જાતે જ શીખ્યા.

બાળપણથી જ સમાજની સેવા માટે જ જન્મ થયો છે તેવી દઢ માન્યતા. લગ્નની ના જ પાડી, પણ વડીલોની બહુ જ સમજાવટ પછી હા પાડી. પણ સાથે શરત કરી કે એક સંતાન સુધી કુટુંબમાં રહેશે. પછી તેમનો માર્ગ બદલશે. દેવકાંબાઈ સાથે લગ્ન થયાં. એક પુત્રી થઈ. પત્નીનું તરત અવસાન. પુત્રી પણ ઓગણીસમા વર્ષે મૃત્યુ પામી. જાણે કુદરત બધા જ અનુભવો પણ આપતી હતી અને તેનાથી મુક્ત પણ કરતી હતી.

અત્યંત જ્ઞાનપિપાસા અને સામાજિક ક્ષેત્રે કામ કરવાની તમન્નાના કારણે દુકાનમાં મન ચોંટતું ન હતું. અન્ય પ્રવૃત્તિઓ પણ કરતાં. સમાજની રૂઢિચુસ્તતા સામે અસંતોષ હતો. ગાંધીજીના વિચારના પ્રભાવમાં આવ્યા અને લડતમાં જોડાયા. ખાદી પ્રવૃત્તિ કરી. અંત્યોદય માટે પણ કામ કર્યું. તેમને શિક્ષિત કરવા મથ્યા. એક શાળા પણ ઊભી કરી. રાજ્ય સામે ચળવળ કરતાં ધરપકડ પણ વહોરી. કોંગ્રેસના અને કચ્છમાં પ્રજાકીય પરિષદના સભ્ય પણ રહ્યા.

પણ આ બધું તો ઉપરછલ્લું. મૂળ તો તેમનો જીવ અધ્યાત્મ પંથનો. એટલે જ તે સાંસારિક બંધનોથી મુક્ત રહેવા માગતા હતા. આ બધી પ્રવૃત્તિઓ વચ્ચે પણ આંતરિક સાધના ચાલુ રાખી હતી. અનેક પ્રવૃત્તિઓ વચ્ચે પણ ધ્યાન કરવાનું ચૂકતા નહીં. આ દરમ્યાન મહર્ષિ અરવિંદની વિચારધારાનો પરિચય થયો. તે તરફ આકર્ષાયા. ૧૯૨૩માં પોંડિચેરી ગયા અને તેમને મળ્યા. શ્રી અરવિંદને પણ તેમનામાં તણખો દેખાયો. તેમણે તેમને સાધના કરવા પ્રોત્સાહન આપ્યું. વેલજીભાઈને પણ પોતાનો માર્ગ મળી ગયો. ૧૯૨૫માં બીજી વાર પોંડિચેરી ગયા અને શ્રી અરવિંદ અને શ્રી માતાજીનું સાધના બાબતે માર્ગદર્શન મેળવ્યું. પણ એ સ્વતંત્ર

*જેને પોતાની જાત પર વિશ્વાસ ન હોય તે નાસ્તિક છે.*

મગજના હતા. તેમને ત્યાંનું આશ્રમ જીવનનું બંધન ગમ્યું નહીં. તે માનતા કે જો પોંડિચેરીમાં દિવ્યતાનું અવતરણ થઈ શકે, તો બિદડામાં કાં ન થઈ શકે! એટલે જ તે પાછા ફર્યા. અહીં જ "સાધનાશ્રમ" શરૂ કર્યો. "જીવનની આત્મસાધના" ને લક્ષ્ય બનાવ્યું. તેના માધ્યમથી સાધના શરૂ કરી. શરૂઆતમાં તો શ્રી અરવિંદના તત્ત્વજ્ઞાનના આધારે જ સાધના કરી, પણ સમય જતાં ભક્તિ તરફ વળ્યા અને થોમસ કેમ્પસનાં પુસ્તક "ઈમિટેશન ઓફ ક્રાઈસ્ટ" અને ચૈતન્ય પ્રભુનાં પુસ્તકોના વાંચનના આધારે સમર્પણ ભાવે સાધના કરવી શરૂ કરી. નામ સ્મરણ, જપ, કીર્તન, દર્શન વગેરે સાધનો દ્વારા ઉપાસનામાં રત થતા ગયા. તલ્લીન રહેવા લાગ્યા. રોજના ચૌદ ચૌદ કલાક તેમાં મસ્ત રહેવા લાગ્યા. તેમના મતે પંચાવનમા વર્ષે તેમની સાધના પૂર્ણ થઈ અને દિવ્ય તત્ત્વની ઝાંખી કરી.

ત્યાર પછીનાં વર્ષોમાં પોતાને જે જ્ઞાન અને અનુભૂતિ મળી હતી, તેને વહેંચવા માંડી. અનેક સાધકો તેમની પાસેથી માર્ગદર્શન મેળવવા લાગ્યા. પણ શરીર પાસેથી વધારે પડતું કામ લીધું હતું. તેથી શરીર થાક્યું. શારીરિક રોગો વધવા લાગ્યા. તેમને પણ ખ્યાલ આવી ગયો કે હવે પોતાનું શરીર વધારે નથી ટકવાનું. એટલે મુંબઈ જતા રહ્યા. ત્યાં તબિયત બગડી અને ૧૯૬૬માં દેહત્યાગ કર્યો. માત્ર છાંસઠ વર્ષમાં જીવન સિધ્ધિ મેળવી લીધી. જીવન સફળ કરી લીધું.

## • વેલજીભાઈની વિશિષ્ટતા શું?

વેલજીભાઈ તેમના ગુરૂ શ્રી અરવિંદને બરાબર મળતા આવે છે. શ્રી અરવિંદ પણ પહેલાં સાદું જીવન જીવ્યા. લગ્ન પણ કર્યાં. પણ ભોગવ્યું નહીં અને સાધનામાં ઉતરી ગયા. તેમણે પણ પહેલે તબક્કે સ્વાતંત્ર્ય સંગ્રામમાં સક્રિય ભાગ લીધો. ચળવળો કરી. જેલ પણ ગયા. પણ પછી અચાનક યોગમાં ઊતરી ગયા અને પોંડિચેરી ચાલ્યા ગયા અને પૂર્ણયોગમાં ઊતરી ગયા અને પરમોચ્ચ અનુભૂતિ મેળવી લીધી.

તો વેલજીભાઈએ પણ પહેલા તબક્કામાં સામાન્ય જીવન પસાર કર્યું. લગ્ન પણ કર્યાં. બાળક પણ થયું. પણ તરત મુક્ત થઈ ગયા. સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભાગ પણ લીધો. ધરપકડ વહોરી. સામાજિક કાર્યો પણ કર્યાં. પણ અચાનક શ્રી અરવિંદનાં તત્ત્વજ્ઞાનમાં આકર્ષાયા અને યોગમાં ઉતરી ગયા. સાધનામાં પડી ગયા. તેમણે પણ આશ્રમ સ્થાપ્યો. સિધ્ધિ પણ મેળવી લીધી. શ્રી અરવિંદ કહે છે તેમ યોગોનો સમન્વય કરી સાધના કરી. પણ સિધ્ધિ તો મેળવી જ.

તેમની બાબતે સૌથી મહત્ત્વનું ધ્યાન એ જાય છે કે ત્યારે, જયારે કચ્છ હજી તદ્દન પછાત હતું, કશી જ સગવડો ન હતી, ત્યારે તેમણે શ્રી અરવિંદ વિશે કેમ જાણકારી મેળવી હશે? કેમ તેમના ગ્રંથો કે સામયિકો મેળવ્યાં હશે? પ્રવૃત્તિઓ વચ્ચે કેમ વાંચ્યા હશે? અને શ્રી અરવિંદના વિચારો તો સમજવામાં અતિ કઠિન. તેને કેમ ઝડપથી સમજ્યા હશે? અને શ્રી અરવિંદ પણ હજી પોતે પણ વિકસતા હતા. હજી યોગી તરીકે પૂરા જાહેર પણ નહોતા થયા. હા, ચળવળ કરનાર તરીકે જાણીતા હતા, પણ યોગના અભ્યાસી તરીકે તો ખાસ જાણીતા ન હતા. ત્યારે વેલજીભાઈ તેમને બરાબર ઓળખી ગયા અને તેમને સ્વીકાર્યા. વેલજીભાઈ મુંબઈ કે કલકત્તા કે દક્ષિણમાં હોત અને આ બધું કર્યું હોત, તો નવાઈ ન લાગત. પણ કચ્છનાં અંધકારભર્યા વાતાવરણમાં રહીને આ કર્યું તે ખૂબ આશ્ચર્ય પમાડે છે. જાણે નિયતિએ જ તેમને શ્રી અરવિંદ પાસે મોકલ્યા. તૈયાર કરીને મોકલ્યા. કારણ કે તેમને મળીને શ્રી અરવિંદ તેમના વિશે અભિપ્રાય આપે છે કે : "He seems to be a remarkable man. He has got intuition and some inspiration. His vital being is strong and psychic being is also sufficeintly near the surface. I think once he is opened up, it would be all right. He is promising." માત્ર ચોવીસ વર્ષની વયે અને શ્રી અરવિંદને પ્રથમ વાર જ અને તે પણ થોડી જ ક્ષણો મળે અને આવો અભિપ્રાય મેળવે એ વિચાર કરે તેવી બાબત છે. એક તો શ્રી અરવિંદ ત્યારે બહુ જ ઓછા લોકોને મળતા. મોટા ભાગે એકાંતમાં જ રહેતા. તે વેલજીભાઈને મળે તે જ ધ્યાન ખેંચે છે. વળી, શ્રી અરવિંદ અભિપ્રાયો આપવામાં ચુસ્ત હતા. જલદી ન આપે. આપે તો ઝડપથી અનુકૂળ તો ન જ આપે. તે વેલજીભાઈને પહેલી નજરે જ આવો અભિપ્રાય આપે તે પણ ધ્યાન ખેંચે છે. માતાજી પણ આશીર્વાદ આપે છે.

ત્યારે, સ્વાભાવિક રીતે, કલ્પના આવે કે એવી તે વેલજીભાઈએ તેમના સાથે શું વાતો કરી હશે, તેમનું અંગ્રેજી કેવું હશે જે શ્રી અરવિંદને સમજે, એટલું જ નહીં, તેમને પણ પોતાની વાતો સમજાવી શકે. શ્રી અરવિંદે તેમને પૂરતો સમય આપ્યો હશે, તો જ તેમની વાતો સાંભળી શક્યા હશે. તીવ્ર સાધના વચ્ચે તે સમય આપે, સમજે, આશીર્વાદ આપે અને ઉત્તમ અભિપ્રાય આપે... અદ્‌ભુત જ લાગે. અને આમાં શ્રી અરવિંદની મહત્તા તો ભલે દેખાય, પણ સાચી મહત્તા તો વેલજીભાઈની દેખાય છે કે તે આવા સિધ્ધને પોતા તરફ કરી શક્યા. અને છતાં તેમનાથી અંજાયા વગર પાછા આવ્યા. તે પણ તેમણે શ્રી અરવિંદને કહ્યું જ હશે. શ્રી અરવિંદને તો આવો ઉચ્ચ કક્ષાનો સાધક આશ્રમમાં રહે તેમાં રસ હશે જ. તેમણે આગ્રહ પણ કર્યો હશે? છતાં તે નહીં માન્યા હોય અને "શા માટે બિદડામાં નહીં"ની દલીલ કરી પાછા આવ્યા હશે. કેવી અદ્‌ભુત સ્વતંત્ર પ્રજ્ઞા હશે વેલજીભાઈની! અને તે કંઈ કેવળ વાંચનથી નહીં આવી હોય. સાધનાનું જ પરિણામ હશે. અને તો ચોવીસમા વર્ષે તેમની સાધના કેવી હશે! મળ્યા પછી કેવી કરી હશે! શું ઊંડાણ, શું તીવ્રતા હશે તેમની સાધનાની! આ બધા જ મુદ્દા વિચાર કરવા પ્રેરે છે. તેમના તરફ આદર વધારે છે. આજે પણ જ્યારે સાધનાશ્રમ જોઈએ છીએ અને તેની

*જે વ્યક્તિ આત્મવિશ્વાસ ગુમાવી બેસે છે, તેને પછી કશું ગુમાવવાનું રહેતું નથી.*

મહત્તા અનુભવીએ છીએ, ત્યારે તેમની હાજરીમાં તો ત્યાં કેવી દિવ્યતા અનુભવાતી હશે! તેમના સાધકોએ કેવી અનુભવી હશે!

તેમના એક સાધક કહે છે, "સદ્‌ગુરુરૂપી અરીસાની સામે ઊભા રહેતાં જીવને પોતાની કચાશો, દોષો વગેરેનું સતત ભાન થતું રહે છે. તેમજ વાણીના ઉપયોગ વગર જ ફેરફારો થતા રહે છે. સદ્‌ગુરુની હાજરી માત્ર પરિવર્તન લાવતી રહે છે." (મૂળચંદ શિવજી.)

બીજા એક સાધક લખે છે, "(તેમની હાજરીમાં) શું થઈ રહ્યું છે તે કંઈ સમજાતું નહીં. અંદરની પ્રક્રિયાઓ શરૂ થઇ ગઇ. બહારનો રસ ઘટવા લાગ્યો. જપ અને પ્રાર્થનાનો પ્રવાહ અસ્ખલિત વહેવા લાગ્યો." (લક્ષ્મીબહેન વીરજી).

એક સાધક લખે છે, "બધી પ્રક્રિયાઓ મૌનભાવે ચાલતી રહે છે. શબ્દોથી વ્યક્ત નથી કરી શકાતી. જૂની માન્યતાઓ તૂટતી જાય છે. હવે સ્વાનુભૂતિના વાસ્તવિક સ્તર પર આપણે ઊભા છીએ. જાત અનુભવ હોવાથી હવે શ્રધ્ધાને કોઈ ડગાવી શકતું નથી. 'હું' અને 'મારું' છૂટતાં ગયાં." (લક્ષ્મીબહેન વીરજી પાસુ.)

અરે! વેલજીભાઈના ગયા પછી પણ તેમની દિવ્ય ચેતના તેમના શિષ્યોને માર્ગદર્શન આપતી રહી. એક સાધક, પ્રેમકુંવર લખે છે, "બાપુજીના ગયા પછી મારી પ્રભુ પ્રત્યેની ઝંખના વધતી ગઈ. પ્રભુનું સાનિધ્ય અને તેની ચેતનાનો અનુભવ થયો. હૃદયમાં શાંતિ મળી. કુટુંબીજનો વિરોધ કરતાં, પણ બાપુજીની કૃપાથી અને હૃદયની સાચી ભાવનાથી અમે એ માર્ગ પર ટકી રહ્યાં."

વેલજીભાઈનું તત્ત્વજ્ઞાન શું હતું? પહેલા તબક્કામાં તે જ્ઞાનમાર્ગી હતા. પાછળથી પ્રેમમાર્ગી થયા અને ભક્તિમાં લીન થઈ ગયા. આ બન્ને બાબતો તેમના તત્ત્વજ્ઞાનમાં વ્યક્ત થતી રહી છે.

***જ્ઞાનમાર્ગ બાબતે કહે છે,***

"વસ્તુમાત્ર એક સત્તાથી ચાલે છે. બધા તરંગો એક જ સાગરના વમળ છે. બધા જીવો એક જ પ્રભુનાં સ્વરૂપો છે. આત્મા અને પરમાત્મા એક જ છે."

"હે સંન્યાસી! જગતને છોડીને તું ક્યાં જવા નીકળ્યો છે? અભેદતાના માર્ગે તું કોની સાથે અભેદ પામવા મથે છે? તું પાછો ફર. જગત સાથે અભેદતા સાધ્યા વગર પ્રભુ સાથે એક થવું શક્ય નથી. પ્રભુનું બાહ્ય સ્વરૂપ એ જ જગત છે. જગતનો ત્યાગ એ તો પ્રભુનો જ ત્યાગ છે. તારા એકાંતનાં જપ-તપ છોડી દે. જગતમાં જ પ્રભુને પ્રગટાવ."

"જીવનમાં જે મેળવવા જેવી વસ્તુ છે, જે પ્રાપ્તવ્ય છે, તે નકલી ખ્યાલો નહીં, પણ આત્મા સ્વયં છે."

"આત્મભાવ એ મુનિ દશા છે. અપ્રમત્ત ભાવ છે, શુધ્ધ આચાર છે."

"સૌને ઉત્તમ જ્ઞાન જોઇએ છીએ, પણ આ જ્ઞાન કંઈ એમને એમ મળી શકે તેવું નથી. એ તો જીવનના હોમથી તૈયાર થતો પ્રકાશ છે. તે નિર્મળ મનુષ્યને જ મળે છે. આ જ્ઞાન તો છે અહંનાશની, ખાંડાની ધાર પર ચાલવાની પ્રક્રિયા."

***તો પ્રેમભાવમાં તે કહે છે,***

"જીવની પ્રેમસાધનાનો અંતિમ હેતુ પોતાનામાં પરમાત્માને જોવાનો છે. સર્વ જીવોને એમનામય જોવાના છે. જેમ પરમાત્મા કરુણાપૂર્વક સૌને સાચવે છે, તેમ પ્રેમી સાધકે સૌ પ્રત્યે વ્યવહાર કરવાનો છે. આ સાધના સાતત્યપૂર્ણ બનવી જોઇએ. તો જ જીવ પરમાત્મામય બની શકે. એની સાથે રમણ કરી શકે."

"હે પ્રેમ, હે પ્રભુ! હું તારા શરણે છું. જે કંઈ પ્રાપ્તવ્ય છે, તે માત્ર તારો અનુગ્રહ જ છે. તેના દર્શન માત્રથી અહંતા ચાલી જાય છે. વાસનાઓ દૂર નાસે છે, આવેશો બંધ પડે છે. તે તારાં સ્વરૂપને વંદન હો."

તો સમાજના સંદર્ભમાં પણ તેમના વિચારો જાણવા જેવા છે. તે કહે છે....

"ભોજન મનુષ્યને મળે છે. શ્વાનને તો ટુકડા જ મળે છે. સત્ય મહાન વિચારકોને મળે છે."

"'અર્પણતા' જ્યારે વિકૃત બને, 'સેવા'નું નામ ધારણ કરે છે.

'મહત્તા' જ્યારે વિકૃત થાય છે, ત્યારે 'અભિમાન'નું નામ ધારણ કરે છે.

'વિનય' જ્યારે વિકૃત થાય છે, ત્યારે તે 'ખુશામત'નું નામ ધારણ કરે છે."

આમ, સમગ્ર સંદર્ભમાં શ્રી વેલજીભાઈનું જીવન અને કાર્ય તપાસીએ છીએ તો સ્પષ્ટ દેખાય છે કે તે બાળપણથી જ એક વિશિષ્ટ આત્મા હતા. જાણે કે તેમને પોતાનું જીવન ધ્યેય ખબર જ હતું. શરૂઆતનું જીવન તેની તૈયારીરૂપે હતું. પણ જેવા શ્રી અરવિંદને મળ્યા, તરત જાણે શ્રી અરવિંદ તેમના માટે અરીસો બન્યા. શ્રી વેલજીભાઈ તેમનામાં પોતાનાં સાચાં સ્વરૂપની ઝાંખી કરી શક્યા. વીજળીના ઝબકારાની જેમ તેમનો માર્ગ અને તેમને સ્પષ્ટ થઈ ગયો. એટલે જ બિદડામાં રહેવા છતાં તે સાધના કરી શક્યા. ગુરૂ વિના પણ સાધના કરી શક્યા અને ધ્યેય સિધ્ધ કરી શક્યા.

શ્રી વેલજીભાઈ, રામાયણના પ્રતીકસમા, "ભરત" છે જે શ્રીરામની નિર્ગુણ આરાધના કરે છે. ગુરૂથી દૂર છતાં નજીક છે.

અને આપણે? તેમની નજીક છતાં દૂર છીએ!

શ્રી વેલજીભાઈનો જેટલો પણ અભ્યાસ થાય, તેટલો લાભદાયી છે.

*ન્યુ મિન્ટ રોડ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૨૭૯૪૬*


ફાર ઈસ્ટ
સીંગાપોર • મલેશિયા • થાઈલેન્ડ
All Inclusive Rs. 39,999/- + $ 999
11 Days – 11 Nights • નિયમિત પ્રસ્થાન
દુબઈ • આબુધાબી
All Inclusive Rs. 24,444/- + $ 499
4 Nights – 5 Days • નિયમિત પ્રસ્થાન
યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા
મુલુંડ
✆ : 93233 60708 / 25903514 • 5 • 6

# હૃદયરોગની સારવારમાં ઉપયોગી હાઈબ્રીડ પ્રક્રિયા

• ડૉ. ધીરેન શાહ, MB, MS, MCH (CVTS) •
કાર્ડિયોથેરાસીક અને વાસ્ક્યુલર સર્જન

## • હાઇબ્રીડ પ્રક્રિયા શું છે?

પૌરાણિક સમયથી જ શંકર એટલે કે હાઈબ્રીડ હંમેશા ઉત્સુકતા અને કૌતુકનો વિષય રહ્યો છે. વિવિધ પ્રાણીઓના શરીરના અલગ અલગ હિસ્સાને જોડીને તૈયાર થયેલ એક કાલ્પનિક પ્રાણી એટલે હાઈબ્રીડ.






જો આજ વ્યાખ્યા આપણે હૃદયરોગની સારવારમાં ઉપયોગમાં લઈએ તો આપણને મળે છે હાઈબ્રીડ કાર્ડિયાક પ્રક્રિયા જે ઑપન હાર્ટ સર્જરી ટેકનિક અને કોરોનરી એન્જિયોપ્લાસ્ટી અને સ્ટેન્ટ જેવી કેથેટર આધારિત ઈન્ટરવેન્શનનું સંયોજન છે જેનાથી દર્દીઓ માટે લેસ ઈન્વેસિવ ઑપરેશન શક્ય બને છે.

## • સ્ટેન્ટ અને બલૂન એન્જિયોપ્લાસ્ટી

તમે આ ટેકનોલોજી વિશે વધુ ઝડપથી સમજો તે માટે અહીં હું થોડી વિગતો ઉમેરવા ઇચ્છું છું. ઓક્સિજનયુક્ત રક્ત હૃદયના સ્નાયુ સુધી લઇ જતી ધમનીઓમાં ગંભીર અવરોધ (સ્ટેનોસીસ) થવાથી કોરોનરી આર્ટરી ડિસીઝ થાય છે. માનવીય હૃદયમાં ત્રણ મુખ્ય ધમનીઓ હોય છે : રાઈટ કોરોનરી આર્ટરી (આરસીએ.) અને લેફ્ટ કોરોનરી આર્ટરી (એલસીએ) જે લેફ્ટ એન્ટિરીયર ડિસેન્ડિંગ (એલએડી) અને સર્કમફ્લેક્સ આર્ટરી (સીએક્સ)માં પ્રવેશવાની સાથે જ વિભાજિત થાય છે. આ ધમનીઓમાં બ્લોકેજ અંગે તબીબી રિપોર્ટ અંગે વધુ સમજૂતી માટે નીચેનું ચિત્ર જુઓઃ

જ્યારે રિપોર્ટમાં આવે કે તમને 'ટ્રીપલ વેસલ ડિસીઝ' છે, તેનો અર્થ એ થાય છે કે ત્રણેય મુખ્ય રક્તવાહિનીઓ (એલએડી, સીએક્સ અને આરસીએ) અથવા તો તેમની શાખાઓમાં વધુ કે




ઓછા ગંભીર બ્લોકેજીસ છે. જો તેમાં આવે કે "લેફ્ટ મેઈન ડિસીઝ" છે તો તેનો અર્થ થાય છે કે એલસીએ એ એલએડી અને સીએક્સમાં વિભાજીત થાય તે પહેલાં તેમાં બ્લોકેજ છે. આ એક ગંભીર સમસ્યા છે જે ઘણીવાર "વિડો મેકર"ના હુલામણા નામથી પણ ઓળખાય છે, તેને હૃદયના નિષ્ણાતની તાત્કાલિક સારવારની જરૂર હોય છે.

તેને જો પ્લમ્બિંગના સંદર્ભમાં વિચારીએ તો, જેટલો અપસ્ટ્રીમ બ્લોકેજ હોય તેટલું જ હૃદયના સ્નાયુઓને જોખમ વધારે હોય છે. પ્લમ્બિંગની ભાષામાં કહીએ તો જો તમે તમારા બેઝમેન્ટમાં પાણીનો પ્રવાહ બંધ કરી દો તો તમારા ઘરમાં બીજે ક્યાંય પાણી નહીં આવે. સીંગલ, ડબલ, ટ્રીપલ વેસલ ડિસીઝ તેમ જ લેફ્ટ મેઈન ડિસીઝ ધરાવતા ઘણાં દર્દીઓને જીવન બચાવવા માટે કોરોનરી

*અનુભવથી આપને સમજાય છે કે શું કરવું અને શું ન કરવું. અને આત્મવિશ્વાસ આપને તે કામ કરવાની તાકાત આપે છે.*

બાયપાસ સર્જરીની જરૂર પડે છે અને તેઓ આ રોગ માટે મિનીમલી હાઈબ્રીડ થેરાપી માટે આદર્શ ઉમેદવારો પુરવાર થઈ શકે છે.

પહેલા અવરોધાયેલી કોરોનરી ધમનીમાં રક્તનો પ્રવાહ ફરી શરૂ કરવા માટે બાયપાસ સર્જરી એ જ એકમાત્ર રસ્તો હતો. ત્યારબાદ એન્જિયોપ્લાસ્ટીની તકનીકની શોધ થઈ અને કોરોનરી ધમનીના રોગોના ઉપચારમાં તેનો ઉપયોગ થયો. એક પાતળા કેથેટરને તેની ટોચ પર ફુલાવી શકાય તેવા બલૂન સાથે બ્લોક થયેલ ભાગમાં અંદર નાખવામાં આવે છે અને બલૂનને ફુલાવીને બ્લોક થયેલો ભાગ ખેંચીને ખોલી દેવામાં આવે છે. તે એક સારો વિકલ્પ હતો, પરંતુ તેમાં એક નોંધપાત્ર સમસ્યા પણ હતી. એન્જિયોપ્લાસ્ટી પછી ઘણીવાર ખેંચાયેલા અવરોધ ફરી સંકુચિત થઈ જતા (જે રીસ્ટેનોસિસ તરીકે ઓળખાય છે) અને દર્દીઓ ફરીથી તેવા જ કે તેથી પણ વધુ છાતીના દુખાવા અથવા હૃદયરોગના હુમલા જેવી સમસ્યાઓ સાથે પાછા ફરતા. રીસ્ટેનોસિસ રોકવા માટે કંઈક કરવાની જરૂર હતી. અમારા ક્ષેત્રમાં શોધકર્તાઓનું મગજ 'મિકેનિકલ' હોય છે. અને તેના નવા વિકલ્પ તરીકે એક વિસ્તૃત થઈ શકે તેવા વાયર મેશ ટ્યુબની ડિઝાઈન કરવામાં આવી કે જેને બ્લોકેજવાળા ભાગમાં એક માળખા તરીકે કાર્ય કરે અને તેને ખુલ્લો રાખીને જ રીસ્ટેનોસિસ થતું રોકે.


હવે જ્યારે તમે આ પ્રકારના કોરોનરી ઈન્ટરવેન્શન વિશે થોડું વધુ જાણો છો તો, હું તમને એ જણાવીશ કે બંને પ્રકારના સર્વોત્તમ પરિણામો પ્રાપ્ત કરવા માટે કેવી રીતે અનેક અલગ અલગ પરિસ્થિતિઓમાં મિનિમલી ઈન્વેઝીવ હાર્ટ સર્જરીની પદ્ધતિઓ અને સ્ટેન્ટનું સંયોજન સાધી શકાય. આ મિનિમલી ઈન્વેઝીવ પ્રક્રિયાઓના આયોજિત સંયોજન થકી ઓછી અસરયુક્ત, મિનીમલી ઈન્વેઝીવ પદ્ધતિ દ્વારા ઝડપી રીકવરી, નાનકડા છેદ અને ઉત્કૃષ્ટ કોસ્મેટિક પરિણામો સાથે અનેક હૃદયની સમસ્યાઓનો સંપૂર્ણ ઈલાજ મળે છે. મારી ક્લિનિકલ પ્રેક્ટીસમાંથી કેટલાક ક્લિનિકલ કિસ્સાઓ તમારી સાથે હું વહેંચવા ઈચ્છું છું જેનાથી તમને ખ્યાલ આવશે કે કેવી રીતે મિનિમલી ઈન્વેઝીવ હાઈબ્રીડ પ્રક્રિયાથી અદ્ભુત પરિણામ મળી શકે છે.


આ અભિગમ માટેનું તારણ એ છે કે આંતરિક મેમરી ધમની જેને મિનિમલી ઈન્વેઝીવ ઝબે મૂકી શકાય છે તે હૃદયની એન્ટિરીયલ દિવાલો માટે શ્રેષ્ઠ પસંદગી છે. આ બાયપાસ ગ્રાફ્ટની સુરક્ષા હેઠળ, અન્ય રક્તવાહિનીઓને સ્ટેન્ટેડ કરી શકાય છે. જ્યારે બાયપાસ સર્જરી પૂરી થઈ જાય એટલે બાયપાસ જરૂરી ન હોય તેવી અતિશય બ્લોક ન થયેલ ધમનીઓમાં રક્ત પ્રવાહને પુનઃસામાન્ય કરવા માટે કાર્ડિયોલોજિસ્ટ એન્જિયોપ્લાસ્ટી હાથ ધરે છે. બ્લોકેજ ફરીથી થવાની સંભાવના ઘટાડવા માટે, કોટેડ સ્ટેન્ટનો ઉપયોગ કરવામાં આવે છે. આ સ્ટેન્ટ રીસ્ટેનોસિસ એટલે કે ધમનીઓમાં ફરીથી અવરોધ થતો રોકે તેવી દવાઓથી આવરીત હોય છે.

અવધિ વધારતી મિનિમલ ઈન્વેઝીવ સર્જીકલ પ્રક્રિયાનો ઉપયોગ કરીને અને સ્ટેન્ટની સર્વોત્તમ ક્ષમતાનો ઉપયોગ કરીને એટલે કે, નોન-લેફ્ટ એન્ટિરીયલ ડિસેન્ડિંગ (એલએડી) રક્તવાહિનીઓની સંભાળ લઈને હાઈબ્રીડ પ્રક્રિયા બાયપાસ સર્જરી અને સ્ટેન્ટિંગનો સુભગ સમન્વય સાધે છે.

સીમ્સ હોસ્પિટલ ખાતેની ટીમ અદ્યતન હાઈબ્રીડ પ્રક્રિયા પર કાર્ય કરી રહી છે અને જેમાં કોરોનરી ધમની સિસ્ટમના એકથી વધુ બ્લોકેજની એન્ડોસ્કોપી સર્જરી અને કેથેટર આધારિત ઈન્ટરવેન્શનના સંયોજનથી સારવાર કરવામાં આવે છે.

- **મિનિમલી ઈન્વેઝીવ સીએબીજી :**






- **સાઇમલ્ટેનસ (સતત) હાઇબ્રીડ પ્રક્રિયાના અન્ય શું ફાયદા છે?**

(૧) આ અભિગમ દર્દીઓને લાભદાયી છે કારણકે અલગ અલગ દિવસે કરાવવું તેના કરતા બાયપાસ સર્જરી અને સ્ટેન્ટિંગ પ્રક્રિયા એક જ સમયે કરાવવું વધુ સરળ અને ઓછું તણાવયુક્ત છે.

(૨) આ સમગ્ર પ્રક્રિયા કાર્ડિયાક સર્જરી ઓપરેટીંગ રૂમની સંપૂર્ણ સુરક્ષા હેઠળ કરવામાં આવે છે.

(૩) દર્દીઓ માટે અન્ય ફાયદો એ છે કે આ પ્રકારની બાયપાસ

*આત્મવિશ્વાસ સફળતાનું પ્રથમ રહસ્ય છે.*

સર્જરીમાં મોટા છેદ વગર થઇ શકે છે. લાંબાગાળાની સફળતાની વધુ સારી તકો સાથે તે ઓછી ઇન્વેઝીવ પ્રક્રિયા છે.

(૪) દર્દીઓ વધુ ઝડપથી રીકવરી અને હોસ્પિટલમાં ઓછા રોકાણની આશા રાખી શકે છે.

- **હાઇબ્રીડ પ્રક્રિયા કોણ કરાવી શકે છે?**

હૃદયને ૬૦% રક્ત પૂરું પાડતી લેફ્ટ એન્ટિરીયલ ડિસેન્ડિંગ (એલએડી) ધમની નામક મોટી રક્તવાહિનીમાં અવરોધ આવતા તેમજ નોન-એલએડી ધમનીઓમાં અવરોધ ધરાવતા લોકો જેમને સ્ટેન્ટની સારવાર જરૂરી છે તેઓ હાઇબ્રીડ પ્રક્રિયા કરાવી શકે છે.

- **ક્લિનિકલ કેસો અને ઉદાહરણો :**

૧. ૪૫ વર્ષની એક વ્યક્તિ ડબલ વેસલ ડિસીઝથી પીડિત હતા. તેમની એક એલએડી ધમની ૧૦૦ ટકા અવરોધાયેલી હતી જ્યારે જમણી બાજુની ધમની ૯૦ ટકા બ્લોક હતી. તેમના માટે એન્જિયોપ્લાસ્ટીનો વિકલ્પ શક્ય ન હતો અને ૧૦-૧૨ ઇંચના કાપાવાળી હાડકાને કાપીને કરાતી પરંપરાગત બાયપાસ સર્જરી માટે તેઓ તૈયાર ન હતા. આથી તેમને હાઇબ્રીડ સીએબીજીનો વિકલ્પ આપવામાં આવ્યો. છાતીની બાજુમાંથી એક નાનકડો કાપ મૂકીને છાતીની દિવાલમાંથી ધમની લઇને એલએડી આર્ટરી બાયપાસ કરવામાં આવે છે. ત્રીજા દિવસે જમણી ધમનીમાં એન્જિયોપ્લાસ્ટી કરવામાં આવી. ઑપરેશન પછીના પાંચમાં દિવસે દર્દીને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવ્યો અને ૨૦ દિવસની અંદર તો તે રાબેતા મુજબની જીવનશૈલીમાં જોડાઇ ગયા.

૨. રૂમેટોઇડ આર્થરાઇટીસ અને હાડકાની ગંભીર વિકૃતિ ધરાવતા ૬૫ વર્ષીય વૃદ્ધ દર્દી થ્રી વેસલ ડિસીઝ ધરાવતા હતા. પરંપરાગત સીએબીજી તેમના માટે અતિ જોખમી હતી. આથી તેમને હાઇબ્રીડ સીએબીજીનો વિકલ્પ આપવામાં આવ્યો હતો. આ દર્દી પર એલએડી ધમનીની એમઆઇસીએસ સીએબીજી અને અન્ય બે રક્તવાહિનીઓ માટે એન્જિયોપ્લાસ્ટી કરવામાં આવી. ઑપરેશનના છઠ્ઠા જ દિવસે તેઓ ઘરે જઇ શક્યા અને ફક્ત ૧ મહિનામાં જ તે રોજિંદી જીવનશૈલી પર પાછા ફરી શક્યા.

ગંભીર કાર્ડિયાક સારવારની જરૂર ધરાવતા દર્દીઓ માટે આનો શું અર્થ છે તે જાણવા માટે હાઇબ્રીડ ઓપરેટિંગ રૂમમાં હાથ ધરવામાં આવતી કેટલીક રાબેતા મુજબની પ્રક્રિયાઓ પર એક નજર નાખીએ.

★ **સ્ટેન્ટ વાલ્વ :** એક વ્યક્તિ છાતીમાં દુખાવાની ફરિયાદ સાથે હોસ્પિટલમાં પહોંચે છે. ડોક્ટરોને તપાસ બાદ માલૂમ થાય છે કે તેમની બે જમણી કોરોનરી ધમની અંશતઃ બ્લોક થઇ ગઇ છે અને ઍરોટિક વાલ્વ (ઍરોટિક વાલ્વ સ્ટેનોસીસ) સંકોચાઇ ગયો છે. હાઇબ્રીડ ઓપરેટીંગ રૂમમાં, કાર્ડિયોલોજિસ્ટ અવરોધાયેલ ધમનીમાં રક્ત પ્રવાહને પુનઃ ચાલુ કરવા માટે સ્ટેન્ટ દાખલ કરે છે. ત્યારબાદ તુરંત જ, કાર્ડિયાક સર્જન ક્ષતિગ્રસ્ત વાલ્વ બદલે છે.

★ **કોમ્બિનેશન રીવાસ્ક્યુલરાઇઝેશન :** એક સ્ત્રી કોરોનરી ધમનીમાં અંશતઃ અને બીજીમાં સંપૂર્ણ બ્લોકેજ ધરાવે છે. આ કિસ્સામાં હૃદયના સ્નાયુ સુધી રક્તનો પુરવઠો પુનઃ પહોંચાડવા માટે કોમ્બિનેશન અભિગમ સૌથી સારી રીતે કામ કરી શકે છે. કાર્ડિયોલોજિસ્ટ એક કોરોનરી ધમનીને ખોલવા માટે તેમાં સ્ટેન્ટ દાખલ કરે છે અને ત્યારબાદ, શસ્ત્રક્રિયા નિષ્ણાત અન્ય બ્લોકેજની આસપાસ રક્ત પ્રવાહ શરૂ કરવા માટે બાયપાસ રક્તવાહિનીની પ્રક્રિયા કરે છે.

★ **મિનિમલી ઇન્વેઝીવ પ્રક્રિયાઓ :** ઘણાં લોકો હૃદયની સમસ્યા ધરાવે છે જેના માટે પહેલાં પરંપરાગત સર્જરી વિકલ્પ હતો પરંતુ હવે મિનિમલી ઇન્વેઝીવ ટેકનિકથી તેની સારવાર થઇ શકે છે. જેનું એક ઉદાહરણ છે ઍરોટિક વાલ્વ રીપ્લેસમેન્ટ, જે હવે ઓછી ઇન્વેઝીવ સર્જરીથી અથવા એન્જિયોપ્લાસ્ટી જેવી શસ્ત્રક્રિયામુક્ત પદ્ધતિથી કરવામાં આવે છે. (આ એક પ્રયોગાત્મક અભિગમ છે, જેને ટ્રાન્સકેથેટર વાલ્વ રીપ્લેસમેન્ટ તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રક્રિયા હાલમાં મૂલ્યાંકન હેઠળ છે અને તે વ્યાપક રૂપે ઉપલબ્ધ નથી.) આ પ્રકારની મિનિમલી ઇન્વેઝીવ પ્રક્રિયાઓ માટે ઓન-સાઇટ, હાઇ-રીઝોલ્યુશન ડિજિટલ ઇમેજીંગ ઉપકરણોની જરૂર છે જે ફક્ત હાઇબ્રીડ ઓપરેટિંગ રૂમમાં જ ઉપલબ્ધ હોય છે.

બંને કિસ્સામાં અંતિમ પરિણામને બંનેનું સર્વશ્રેષ્ઠ તરીકે વર્ણવી શકાય છે. ટેકનિક્સના સંયોજન થકી બંને દર્દીઓએ તેમના તમામ કોરોનરી બ્લોકેજ અને/અથવા વાલ્વના રોગ માટે સફળ સારવાર મેળવી જેનાથી તેમને ઝડપી અને કોઇ સમસ્યા રહિત રીકવરી તે પણ કોઇપણ રક્ત ટ્રાન્સફ્યુઝન વગર અને ઉત્કૃષ્ટ કોસ્મેટિક પરિણામો સાથે મળી. પુરાતનકાળની હાઇબ્રીડ એટલે શંકર પ્રજાતિઓની જેમ જ આ પ્રક્રિયાઓ અલગ શક્તિ છે જે સાથે મળીને વિશિષ્ટ શક્તિશાળી તત્ત્વનું નિર્માણ કરે છે.

*સીમ્સ હોસ્પિટલ, શુકન મૉલની સામે,*
*સાયન્સ સિટી રોડ, સોલા, અમદાવાદ*
*મો. ૯૮૨૫૫ ७५९33 ● Email : dhiren.shah@cims.me*

Aristo™ STAINLESS STEEL

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

# ચશ્માથી મુક્તિ

● ડૉ. જુગલ પી. શાહ - આંખના સર્જન ●

**લેસિક :** લેસિક એક પધ્ધતિ છે જેમાં ટૂંકી દૃષ્ટિ, લાંબી દૃષ્ટિ (નજીકના, દૂરના અને બંને સાથે)નો દોષ એક્સાઈમર લેસરથી દૂર કરવામાં આવે છે અને એના થકી ચશ્મા અને કોન્ટેક્ટ લેન્સથી મુક્તિ મળે છે.

**માહિતી :**

★ **સામાન્ય દૃષ્ટિ :-** સામાન્ય દૃષ્ટિવાળા માણસમાં (વ્યક્તિમાં) પ્રકાશનું કિરણ કોર્નિયા, પુતળી, લેન્સમાંથી પસાર થઇ આંખની અંદરની લેસર (સપાટી) જે રેટીના કહેવાય, તેના પર પડે છે અને પરિણામે નજીક અને દૂરની દૃષ્ટિ સ્પષ્ટ અને ક્લિયર દેખાય છે.

દૃષ્ટિમાં ફેર એટલે નંબરમાં ફેરફાર થાય, જેમાં પ્રકાશના કિરણ રેટીના પર નથી પડતાં.

દૃષ્ટિમાં ફેર નીચે મુજબ ગણાવી શકાય.

★ **માયોપિયા (ટૂંકી દૃષ્ટિ, – (માઈનસ) નંબર) :-** માયોપિયામાં પ્રકાશના કિરણો રેટીનાથી આગળ કેન્દ્રિત થાય છે, જેના કારણે વ્યક્તિને દૂરની વસ્તુ જોવામાં તકલીફ થાય છે અને નજીકની વસ્તુઓ સ્પષ્ટ દેખાય છે.

★ **હાઈપર મેટ્રોપિયા (+નંબર, લાંબી-દીર્ઘ દૃષ્ટિ) :-** દીર્ઘ દૃષ્ટિમાં પ્રકાશના કિરણો રેટીનાથી પણ આગળ કેન્દ્રિત થાય છે જેના કારણે વ્યક્તિને નજીકની વસ્તુઓ જોવામાં તકલીફ પડે છે અને દૂરની વસ્તુઓ સ્પષ્ટ દેખાય છે.

★ **આસ્ટીગ્મેટીઝમ :-** આમાં પ્રકાશના કિરણો રેટીનાના અલગ અલગ ભાગો પર કેન્દ્રિત થાય છે. જેનાથી વસ્તુનું ઈમેજ વિકૃત બને છે અને ધૂંધળું પણ લાગે છે. આ કમીને દુરસ્ત કરવા કાચની શોધ ૧૩મી સેંચુરીમાં થયેલી. આજના જમાનામાં કોન્ટેક્ટ લેન્સ પ્રખ્યાત છે. પણ એ ફક્ત કાચને છુપાવી શકે છે. પણ જે આંખમાં ખામી છે એને દૂર કરી શકતા નથી. ૧૯૭૦માં ટૂંકી દૃષ્ટિને દૂર કરવા માટે નાની શસ્ત્રક્રિયા જે રેડિયન કેરેટો ટોમી તરીકે ઓળખાય છે તે શોધવામાં આવી. દરમિયાન બીજી પધ્ધતિઓ પણ વિકસાવવામાં આવી. પણ વારંવાર એ ખામી ઊભી થતી એટલે એ પ્રખ્યાત થઇ નહીં. પણ હવે લેસિકનો ઉપયોગ આના માટે પ્રચલિત થયો છે, જે સલામત પણ છે, સચોટ અને ચોકસાઈભર્યો છે અને દૃષ્ટિની દુનિયામાં પ્રકાશના કિરણોને આંખમાં વ્યવસ્થિત ફોકસ કરવા માટેનું વિજ્ઞાન બની ચૂક્યું છે. આની પ્રક્રિયામાં કોમ્પ્યુટરથી કંટ્રોલ કરતું એક્સાઈમર લેસર કોર્નિયાને વ્યવસ્થિત આકાર આપે છે અને નંબરોની ઝંઝટને સુધારે છે.

એક્સાઈમર લેસર, અલ્ટ્રાવાયોલેટ લેઝર અને ગેસ (આર્ગોન અને ફ્લોરિન) વાપરી ઉષ્મા રહિત ઠંડું કિરણ નિર્માણ કરે છે.

***રીત - પધ્ધતિ નીચે મુજબ છે :-***

પહેલાં એનેસ્થેટીક ટીપાં (સૂન કરવા માટે) મૂકવામાં આવે છે અને કોઈપણ પ્રકારનું ઈન્જેક્શન આપવામાં આવતું નથી એટલે કોઈપણ જાતની પીડા થતી નથી. વ્યક્તિની ક્ષમતા અને સહનશીલતા અનુસાર થોડું અસુવિધાજનક લાગે.

એક રીંગ આંખની ઉપર મૂકવામાં આવે છે અને પ્રેશર પણ આપવામાં આવે છે. જેથી સક્શન નિર્માણ કરી શકાય. જેવી સક્શન રીંગ ચાલુ થાય, દૃષ્ટિ ઝાંખી પડે છે અને સામાન્ય અસુવિધા જેવી સ્થિતિ જણાય છે. પછી માઈક્રો કેરાટોમથી કોર્નિયાનો એક ફ્લેપ (પાતળી ઉપરની ચામડી) કાપવામાં આવે છે અને પછી માઈક્રો કેરાટોમ અને સેક્શન રીંગ દૂર કરવામાં આવે છે.

પછી ફ્લેપ ઉપાડવામાં આવે છે અને ઘડી કરીને હીજ ઉપર મૂકવામાં આવે છે અને ખુલ્લી પડેલી ટિસ્યુ બધી સૂકવવામાં આવે છે. પછી પાછું લેસર બીમ કેન્દ્રિત કરવામાં આવે છે અને દર્દીને લાલ લાઈટ તરફ જોવાનું કહેવામાં આવે છે. લાઈટ આંખને એક જગ્યાએ કેન્દ્રિત કરવામાં મદદ કરે છે.

લેસરનો એક ધબકારો ટીકલીન્ગ અવાજ કરે છે અને કોમ્પ્યુટર લેસરની એનર્જીની માત્રા કંટ્રોલ કરે છે જે પેશન્ટની આંખ પર નાખવામાં આવેલ છે. ગણત્રીના માપ પ્રમાણે લેઝર વધઘટ થઈ આંખની કીકીનો વળાંક બનાવે છે અને ત્યારબાદ અગાઉ કાઢેલો કોર્નિઅલ ફ્લેપ ફરીથી બેસાડાય છે.

કોર્નિયાની અસામાન્ય બોન્ડિંગ ક્વોલિટીના કારણે કોઈ જાતના ટાંકાની જરૂર પડતી નથી. આંખની ઉપર પેચ મૂકવાની પણ જરૂર ગણાતી નથી.

લેસિક આમ તો હવે ઓફિસમાં કરીએ એવું હળવું કામ થઇ ગયું છે. અડધો કલાકમાં તો પેશન્ટને ઘરે મોકલી શકાય છે અને આવી રીતને ફક્ત ૧૫ થી ૨૦ મિનિટ જ લાગે છે. બંને આંખો – એક બાદ બીજી પણ એ જ દિવસે કરી શકાય.

પરિણામો કહે છે કે દૃષ્ટિ સામાન્યપણે બે અઠવાડિયામાં સામાન્ય બની જાય છે અને દર્દી બે-ત્રણ દિવસમાં જ કામ પર જઇ શકે છે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૭૮ ઉપર)**

***જો તમે તમારા પર વિશ્વાસ રાખશો તો બીજા લોકો પણ આપોઆપ તમારા પર વિશ્વાસ રાખશે.***

# મનની વૈદ્યકીય તપાસ (Mental Status Examination – MSE)

• ડૉ. મણિલાલ ગડા – ડૉ. દીપ્તિ શાહ (ગડા) •

જાણીને કદાચ નવાઈ લાગશે કે મનની (માનસિક) બીમારીઓના નિદાન માટે મનની વૈદ્યકીય તપાસ (Mental Status Examination - MSE) કરાય છે. આ તપાસ કરવાની પધ્ધતિ વૈજ્ઞાનિક છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે મનની આ તપાસ એક સરખી પધ્ધતિથી થાય છે (Standardized). વિશ્વ આરોગ્ય સંસ્થાએ આ મનની તપાસ માન્ય કરેલ છે.

શારીરિક બીમારીના નિદાન માટે મુખ્યત્વે ત્રણ મુદ્દાઓ પર લક્ષ અપાય છે :

(૧) લક્ષણો વિષે જાણકારી :

(અ) દર્દીની તકલીફો-શરૂઆતથી અત્યાર સુધીની

(બ) ડોક્ટર તરફથી તકલીફો વિષેની અન્ય જાણકારી

(૨) શારીરિક વૈદ્યકીય તપાસ : નાડીના ધબકારા, બ્લડ પ્રેસર, અન્ય નિરીક્ષણ, સ્ટેથોસ્કોપ દ્વારા તપાસ, જરૂરત પ્રમાણે અન્ય સાંધાની, સ્નાયુઓની, ન્યુરોલોજિકલ તપાસ.

(૩) લેબોરેટરી, એક્સ-રે, સોનોગ્રાફી અન્ય સ્પેશિયલ તપાસ : લોહી - પેશાબ - સંડાસની તપાસ, એક્ષરે, સોનોગ્રાફી, સી.ટી. સ્કેન, એમ.આર.આઈ. સ્કેન, ૨-ડી ઈકો, એન્જિઓગ્રાફી વગેરે.

ઉપરોક્ત ત્રણેય મુદ્દાઓ લક્ષમાં લઈ શારીરિક બીમારીનું યોગ્ય નિદાન કરાય છે.

**મનની વૈજ્ઞાનિક તપાસ :**

મનની (માનસિક) બીમારીના નિદાન માટે પણ પધ્ધતિસરની (Standardized) વૈજ્ઞાનિક વૈદ્યકીય તપાસ છે જેમાં નીચેના મુદ્દાઓ લક્ષમાં લેવામાં આવે છે.

**(૧) લક્ષણો વિષે જાણકારી (History)**

**૧.૧** શારીરિક લક્ષણો વિશેની જાણકારી મેળવાય છે. વારંવાર માથાનો દુઃખાવો, ચક્કર આવવા, વારંવાર છાતીમાં દુઃખાવો, ગભરામણ થવી, પેટમાં ગેસ થવો, એસીડિટી, અપચો, કબજિયાત, ભૂખ ઓછી લાગવી, નબળાઇ, અશક્તિ લાગવી, થાક લાગવો, વજન ઘટી જવું, અનિદ્રા, શરીરમાં કળતર વગેરે.

**૧.૨** મનના લક્ષણો વિશે ઊંડાણમાં જાણકારી મેળવાય છે.

મન ઉદાસ રહેવું, કામમાં મન ન લાગવું, જિંદગી તથા કામમાંથી રસ ઊડી જવો, રડવું આવવું, આત્મવિશ્વાસ ગુમાવવો, એકાગ્રતાનો અભાવ, વારંવાર ભૂલો થવી, ભૂલકણાપણું, યાદશક્તિ ઓછી થવી, વિચારો વધારે આવવા, નકારાત્મક વિચારો આવવા, ચીડિયાપણું, ગુસ્સે થઇ જવું, અપરાધભાવ, આત્મહત્યાના વિચારો, આત્મહત્યાનો પ્રયાસ, શંકાઓ આવવી, વહેમ આવવા, લોકો મારી વાતો કરે છે, મારા વિચારો બધા જાણી જાય છે; કારણ વગરની ચિંતા થવી, ડર લાગવો, બંધ જગ્યાઓ જેવી કે લિફ્ટ, થિયેટરમાં ડર લાગવો, વિમાન, રેલવે કે એકલા મુસાફરી કરવાનો ડર લાગે, ગંદકી, સાફ સફાઇના વધારે વિચારો આવે, વધારે સાફ સફાઇ કરે, દરરોજના કામકાજમાં આથી ખલેલ પહોંચે.

ગુસ્સો આવે, તોડફોડ કરે, મારામારી કરે, વધારે ફરે, વધારે ખર્ચો કરે, ક્ષમતાથી વધારે દાન કરે, દારૂ જુગારનું વ્યસન,

**૧.૩ દર્દીનું વ્યક્તિત્વ :** દર્દીનું વ્યક્તિત્વ, અભિગમ, વલણ, અપેક્ષાઓ, અરસપરસના કૌટુંબિક તથા ધંધાકીય સંબંધો વગેરે વિષે ઊંડાણમાં માહિતી મેળવાય છે. આ માહિતી દર્દી પાસેથી વ્યક્તિગત રીતે એકાંતમાં મેળવાય છે.

**૧.૪** નજીકના પરિવારજનો (જીવનસાથી, દીકરા/દીકરી, માતાપિતા, ભાઇબહેન, નજીકના મિત્રો, ધંધા/નોકરી પરના સાથીદારો વગેરે) પાસેથી દર્દી વિષેની માહિતી મેળવવાનો પ્રયાસ કરાય છે. આ માહિતી પણ વ્યક્તિગત રીતે એકાંતમાં મેળવાય છે.

**(૨) મનની વૈજ્ઞાનિક તપાસ : (Mental Status Examination MSE)**

મનોચિકિત્સક પધ્ધતિસર (Standardized way) નીચેના મુદ્દાઓ દ્વારા મનની વૈજ્ઞાનિક તપાસ કરે છે.

**૨.૧ દેખાવ તથા વર્તણૂક :** મનોચિકિત્સક પોતાની હાજરીમાં આ બાબત નિરીક્ષણ કરે છે (અસ્વસ્થતા, વારે ઘડીએ અંગસ્થિતિ (Posture) બદલવી, મોઢાના હાવભાવ, વગેરે)

**૨.૨ મિજાજ (mood) :** નિરાશ, હતાશ, ચિંતાતુર, બિંદાસ, પોતાનામાં જ રચ્યા રહેવું.

**૨.૩ વિચારો :** (અ) વિચારોની હારમાળા (ત્રુટક ત્રુટક, એકધારી), (બ) વિચારોનો વિષય (નકારાત્મક) વિચારો, અપરાધભાવના વિચારો, આત્મહત્યાના વિચારો, ભ્રમ શંકાઓ (delusion) મારા વિચારો બધાને ખબર પડે છે, ટી.વી., રેડિયો, ફેસબુક

*મહાન કાર્યોની સૌપ્રથમ જરૂરિયાત આત્મવિશ્વાસ છે.*

પર આવે છે (thought broadcasting) ડરના વિચારો (phobia), ગંદકી, સાફ સફાઈના વિચારો (obsessive thoughts)

૨.૪ **વાણી :** પોતે જ બોલ્યા કરવું, બીજાને બોલવા ન આપવું (pressure of speech), હા કે ના માં જવાબ આપવો (withdrawn)

૨.૫ **ભણકારા/ભાસ :** કોઈ આજુબાજુ ન હોવા છતાં સ્પષ્ટ અવાજો સંભળાવા (auditory hallucination), વ્યક્તિઓ એમના ચહેરા દેખાવા (Visual hallucination)

૨.૬ **સ્મરણશક્તિ :**

(અ) તાજેતરની (immediate) પાંચ વસ્તુઓ બતાડી પાંચ મિનિટ બાદ પૂછવાનું

(બ) થોડોક સમય પહેલાંની (recent past) ગઈકાલના બનાવો

(ક) વર્ષો પહેલાના પ્રસંગો (past)

૨.૭ **એકાગ્રતા :** ૧૦૦માંથી ૭ બાદ કરતા જવાનું

૨.૮ દિવસ, તારીખ, સમયની જાણકારી (orientation), પોતે ક્યાં છે, આજુબાજુ શું છે, કોણ છે વગેરેની સમજ.

૨.૯ પોતે બીમાર છે કે નહીં તથા સારવારની જરૂર છે કે નહીં એની સમજ (Insight into illness)

(૩) **શારીરિક વૈદ્યકીય તપાસ (Physical Examination)** : નાડીના ધબકારા, બ્લડ પ્રેસર, સ્ટેથોસ્કોપ દ્વારા તપાસ કરવામાં આવે છે.

(૪) **લેબોરેટરી, એક્સ-રે, સોનોગ્રાફી, સ્પેશિયલ તપાસ (Physical Investigations) :** દર્દીની વ્યક્તિગત જરૂરત પ્રમાણે લેબોરેટરી તથા અન્ય તપાસ કરાય છે જેથી શારીરિક બીમારી છે કે નહીં એની જાણકારી મળે છે.

(૫) **સાઈકોલોજિકલ ટેસ્ટ (Psychological Tests) :** મનની બીમારીના નિદાન માટે જરૂરત પ્રમાણે સાઈકોલોજિકલ ટેસ્ટ કરાય છે જેવી કે રોરશાક ટેસ્ટ (Rorschach Test), એમ.એમ.પી.આઈ. (M.M.P.I.), ટી.એ.ટી. (T.A.T.), બેન્ડર જેસ્ટાલ્ટ ટેસ્ટ (Bender Gestalt Test BG Test), મેમરી ટેસ્ટ, એમ.એમ.એસ.ઈ. (M.M.S.E.), ડીમેન્શિયા સ્ક્રીનીંગ ટેસ્ટ, ન્યુરો સાઈકિયાટ્રીક સ્ક્રીનીંગ, બુધ્ધિ આંક (I.Q.), સી.એ.ટી. (C.A.T.), લર્નિંગ ડીસએબેલિટી ટેસ્ટ (LD Screening) વગેરે

- **મનની બીમારીનું નિદાન :**

ઉપરોક્ત મુદ્દાઓ પ્રમાણે ઊંડાણમાં માહિતી મેળવી, વૈજ્ઞાનિક વૈદ્યકીય તથા લેબોરેટરી અને સાઈકોલોજિકલ તપાસ કરી મનની બીમારીનું નિદાન કરાય છે. દર્દી ભારતમાં હોય, અમેરિકામાં હોય કે ઇંગ્લેંડમાં કે અન્ય દેશમાં હોય આંતરરાષ્ટ્રીય વર્ગીકરણના પુસ્તક પ્રમાણે નિદાન કરાય છે જે એક પધ્ધતિસરની (Standardized) પ્રક્રિયા છે.

*મનોસ્મૃતિ પોલીક્લિનિક, 'પ્રભુકૃપા', એલ.બી.એસ. માર્ગ,*
*સર્વોદય હોસ્પિટલની અને હોટલ રાધાકૃષ્ણની બાજુમાં,*
*ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬.*
*ફોન : (૦૨૨) ૨૫૧૪૮૮૫૯*

## ચશ્માથી મુક્તિ

**(અનુસંધાન : પાના નં.-૭૬ ઉપરથી ચાલુ)**

### શું તમે લેસિક માટે લાયક છો?

- દર્દીની ઉંમર અઢાર વર્ષથી વધારે હોવી જોઈએ.
- હોર્મોન્સ લેવલ વધારે વધ-ઘટ થતાં ન હોવા જોઈએ. (જેવી રીતે ડાયાબિટીસમાં અથવા પ્રસૂતિકાળ દરમિયાન જોવા મળે છે.)
- નંબરની સ્થિતિ છ મહિનાથી સ્ટેબલ હોવી જોઈએ.
- લેસિક ટેકનિકથી માયોપિયા –૧૮ નંબર સુધી અને હાઈપર મેટ્રોપિઆ -૧ થી -૬ નંબર સુધી ઠીક કરી શકાય છે. સામાન્ય આંખોની તપાસ માટે ઓપરેશન પહેલાં નીચે મુજબની ટેસ્ટો કરાવવી જોઈએ.

**કેરાટોમેટ્રી :-** કોર્નિયાના આકારનું મૂલ્યાંકન કરવા

**પેચાયમેટ્રી :-** કોર્નિયાની જાડાઈ માપવા.

### શું કરવું અને શું ન કરવું!!

★ **સર્જરી પહેલા :-** કોન્ટેક્ટ લેન્સ પહેરતાં હો તો ૪૮ થી ૭૨ કલાક પહેલા પહેરવા બંધ કરવા અને RGP Lens પહેરતાં હો તો ૧૫ દિવસ પહેલાં બંધ કરવા.

★ **સર્જરીના દિવસે :-** વાળ ધોઈ લેવા. આંખમાં કોઈપણ કોસ્મેટિક લગાડવું નહીં અને કોઈપણ જાતના ક્રીમ - ડીઓડરન્ટ-લોશન-પરફ્યુમ વિગેરે વાપરવા નહીં.

★ **સર્જરી બાદ :-** એક અઠવાડિયા સુધી ગોગલ્સ પહેરવાં. એક મહિનો આંખમાં પાણી છાંટવું નહીં. માથે એક અઠવાડિયું નહાવું નહીં અને એક મહિનો તરવા જવું નહીં.

***મા નર્સિંગ હોમ અને નેત્ર જ્યોતિ આઈકેર સેન્ટર***
*હિમાચલ બિલ્ડિંગ, સુંદર નગર સામે, એસ.વી. રોડ, મલાડ,*
*ગોરેગામ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૪.*
*ફોન : (૦૨૨) ૨૮૭૫ ૨૧૦૨,*
*મો. ૯૮૨૦૦ ૭૨૮૪૩*

*જેનામાં આત્મવિશ્વાસ છે તેની હારમાં પણ જીત છે.*

ભૌતિકવાદ

# બાળકોને ભરડામાં લેતો ઉપભોક્તાવાદ!

• હરેશ ધોળકિયા •

ટેલિવિઝનના એક કાર્યક્રમ (ક્રાઈમ પેટ્રોલ)ના અંતે પ્રવક્તા કહે છે કે, 'આ જગત એક બજાર છે. દરેક માણસ એક ગ્રાહક છે. તેને એ નજરે જ જોવામાં આવે છે. તેની એક કિંમત આંકવામાં આવે છે. વ્યક્તિ જો આ બાબત ધ્યાનમાં નહીં રાખે, તો તે સતત ઠગાયા કરશે. તેનું સતત શોષણ કરવામાં આવશે.'

જેમ જેમ મૂડીવાદ વધારે ને વધારે વ્યાપક બનતો જાય છે, તેમ તેમ સમગ્ર દુનિયા તેના પાશમાં ફસાતી જાય છે. એક નવી વિચારસરણી ફેલાવવામાં આવે છે કે પૈસા જ મહત્ત્વના છે. પૈસા છે તો જ જીવન છે. જીવનમાં પૈસા જ મેળવવાના છે અને નફો જ મેળવવાનો છે. તે માટે ગમે તે કરી શકાય છે. કશું જ નૈતિક કે અનૈતિક નથી. પૈસો મળે તો બધું જ નીતિ બની જાય છે. મૂડીવાદ કહે છે કે દરેક માણસનો ઉપયોગ કરો અને તેને 'ઉત્તમ ગ્રાહક' બનાવવાનો પ્રયાસ કરો. તે માટે તેને ખરીદી કરવા પ્રેરો. જાહેરાતોનો મારો કરી તેના મગજને મૂઢ કરી નાખો જેથી તે વિચારી જ ન શકે અને ખરીદી પાછળ ગાંડો થાય. વધુ પૈસા, વધુ ખરીદી, વધુ નફો!! વર મરો, કન્યા મરો, પણ ગોરનું તરભાણું ભરો!

પરિણામે આજે ચારેબાજુ 'ખરીદી-વા' જોવા મળે છે. જરૂર હોય કે ન હોય, કશુંક તો ખરીદ્યા જ કરો. જરૂર હોય તેના કરતાં પણ વધારે ખરીદી કર્યા કરો. એટલે જ દરરોજ નવા નવા મૉલ શરૂ થતા જાય છે. નવા નવા નુસખાઓ દ્વારા વધારે ખરીદી કરાવાય છે. 'શોપોમેનિયા', 'શોપોહોલિક' જેવા શબ્દો ચલણમાં આવતા જાય છે. એક વ્યાપક ગાંડપણ (માસ મેડનેસ) જોવા મળે છે. ઉપભોક્તાવાદે સમગ્ર વિશ્વના માનવમન પર ભરડો જ લીધો છે.

તેમાં પણ ભયંકર ઘટના એ બની રહી છે કે તેણે બાળકોને પણ નથી છોડ્યાં. આજનો ઉપભોક્તાવાદ માને છે કે બાળકો જ તેમના માટે શ્રેષ્ઠ 'ટાર્ગેટ' છે. આજે જો જાહેરાતોનો અભ્યાસ કરવામાં આવે, તો તેમાં બાળકોનો ઉપયોગ વધારેમાં વધારે કરવામાં આવે છે. આપણને તે બાળકો ખૂબ ચતુર, સ્માર્ટ લાગે છે, પણ તેની શું અસરો થાય છે તેનો જો ખ્યાલ રાખવામાં આવે તો હચમચી જવાશે. અમેરિકાની સંસ્થા 'વર્લ્ડ વૉચ ઈન્સ્ટિટ્યૂટ' સમગ્ર વિશ્વનો, તેની દરેક બાબતનો અભ્યાસ કરે છે અને દર વર્ષે તે સંદર્ભે રિપોર્ટ બહાર પાડે છે. ૨૦૧૦માં તેણે જે રિપોર્ટ બહાર પાડ્યો છે, તેનું શીર્ષક છે 'વિશ્વની સ્થિતિ : સંસ્કૃતિઓમાં પરિવર્તન : ઉપભોક્તાવાદથી ટકાઉપણા તરફ.' (State the World: Transforming Cultures : From Consumerism to Sustainability) તેમાં એક સંશોધન આપેલ છે જેનું નામ છે, 'બાળકોના જીવનમાં ઉપભોક્તાવાદ.' (Commercialisation in Children's Lives) જો સંવેદનશીલ સમાજ કે બાળકોની ચિંતા કરનાર તે વાંચે, તો હચમચી જ જાય. રિપોર્ટ તો બહુ લાંબો છે. તેની ચર્ચા તો એક નાની પુસ્તિકા માગે, પણ તેનો સાર જોવા જેવો છે.

તે કહે છે કે આ ઉપભોક્તાવાદ અને જાહેરાતોના કારણે આજનાં બાળકો આરોગ્યની અનેક સમસ્યાઓથી પીડાઈ રહ્યાં છે. તેને કારણે બાળકોમાં ખાવાની સમસ્યાઓ, જાતીયતાનો અતિરેક, યુવાનોમાં હિંસા, દારૂ અને તમાકુનો અમર્યાદિત ઉપયોગ વગેરે સમસ્યાઓ વધતી જ જાય છે. તેમાં સૌથી મોટી સમસ્યા મેદસ્વીતા છે. વધારે ને વધારે બાળકો જાડાં થતા જાય છે.

પણ એ બધા કરતાં પણ ગંભીર સમસ્યા ઊભી થઈ છે તે એ કે, બાળકોમાં સર્જનાત્મક રમતો તરફ ઉદાસીનતા વધતી જાય છે. તેમના જીવનમાંથી રમતો દૂર થતી જાય છે. અને બાળકના સ્વસ્થ વિકાસ માટે તો રમત જ પાયામાં છે. પણ વ્યાપારી હિતો તેનામાં આ સહજ રમત રમવાની વૃત્તિને જ લૂંટવા લાગ્યાં છે. આ કોર્પોરેટ માર્કેટિંગથી બાળકોને કેમ બચાવવાં એ વિશ્વના ચિંતકોની ચિંતાનો વિષય બની ગયો છે.

'યુનાઈટેડ નેશન્સ' બાળકોના હક્કના મુદ્દે કહે છે કે બાળકના સ્વાસ્થ્ય માટે રમવું એ તો તેનો પાયાનો હક્ક છે. તે જ જગતને બચાવી શકશે. રમતો જ બાળકને આનંદ સાથે જવાબદારી વગેરે શીખવે છે. તે જ તેના અસ્તિત્વને સાર્થક બનાવે છે. તે જ તેનામાં લોકશાહી, સમભાવ, સહકાર, જિજ્ઞાસા, વિચારશક્તિ વગેરે ભાવો ઊભા કરે છે. તે જ તેને કલ્પનાશીલ બનાવે છે અને સમાંતરે વ્યવહારુ પણ બનાવે છે. પણ એકવીસમી સદીમાં આ સર્જનાત્મક રમતો એક જોખમમાં મુકાઈ છે. અમેરિકામાં થયેલ અભ્યાસ કહે છે કે ૧૯૯૭થી ૨૦૦૨ દરમ્યાન ત્યાં છ વર્ષનાં બાળકોનો આ સર્જનાત્મક રમતો રમવાનો સમય ત્રીજા ભાગનો થઈ ગયો છે. સોળ દેશોનો અભ્યાસ કહે છે કે માત્ર ૨૭ ટકા બાળકો આવી રમતો રમે છે. માત્ર સોળ ટકા આધુનિક માતાઓ જ માને છે કે બાળકોના આરોગ્ય માટે રમતો મહત્ત્વની છે.

આમ તો બાળક જન્મથી જ રમવાની સહજ વૃત્તિ ધરાવે છે. પણ જ્યારે વ્યાપારી હિત સંસ્કૃતિ પર હાવી થવા લાગે છે, ત્યારે તેના માટે આ રમત જોખમી બને છે. તે તેના નફાને નુકસાન કરે છે. સામાન્ય રીતે બાળકો માટે સર્જનાત્મક રમતોમાં કોઈ

*પ્રબળ આત્મવિશ્વાસ જ મહાન કાર્યોનો જનક છે.*

વસ્તુની જરૂર નથી હોતી. તે પોતામાં જ મસ્ત હોય છે. તેઓ કોઈ પણ વસ્તુને ગમે તે રમતમાં ફેરવી શકે છે. તેમના માટે એક નાની લાકડી, જાદુઈ છડી, તલવાર, રેતીમાં ચિત્ર દોરવાની પીંછી બની જાય છે. પણ જ્યારથી ઉપભોક્તાવાદ વધવા લાગ્યો છે, ત્યારથી આ બાબત ઘટવા લાગી છે. અને તેનાં વિચિત્ર પરિણામો જોવા મળે છે. અમેરિકાના ચારસો કંપનીઓના માલિકોનો અભ્યાસ કહે છે કે તેઓનું અવલોકન છે કે તેમના યુવાન કર્મચારીઓ - જેઓ આ ઉપભોક્તાવાદથી ઊછર્યા છે - વિચારશક્તિ અને સમસ્યાની ઉકેલશક્તિ, સર્જનાત્મકતા અને નવીન વિચારવાની શક્તિનો તેમનામાં અભાવ જોવા મળ્યો છે. આ બધું માત્ર ને માત્ર બાળપણમાં તેઓ સર્જનાત્મક રમતો રમ્યા હોત તો જ ખીલ્યું હોત.

એંસીના દાયકાથી ઉપભોક્તાવાદ વધતો ગયો છે. ૧૯૮૩માં અમેરિકાના માર્કેટીયરોએ બાળકોને ટાર્ગેટ બનાવતી જાહેરખબરો માટે સો મિલિયન ડોલરનો ખર્ચ કર્યો હતો. પણ આજના સત્તર બિલિયન ડોલર ખર્ચ સામે તો તે ચણા મમરા છે! માત્ર આહાર બનાવતી બાળકોને આકર્ષવા માટેની જાહેરાતોનો ખર્ચ ૧.૯ બિલિયન ડોલર છે. પહેલાં તો માત્ર મિકી માઉસ જ એક માધ્યમ હતું. પણ એંસીના દાયકામાં અને તે પછી તો જે નવીન શોધો થતી ગઈ તેણે તોફાન મચાવ્યું છે. તેમાં વીડિયો, ડી.વી.ડી., કેબલ, સેટેલાઈટ ટેલિવિઝન, ઈન્ટરનેટ, વીડિયો ગેમ્સ, સેલ ફોન વગેરે આમાં મદદ કરે છે. આકર્ષક પડદા પર દેખાતાં દૃશ્યોએ બધી જ બાબતોનું અર્થઘટન બદલી નાખ્યું છે. આહાર, આનંદ વગેરેના અર્થો બદલી ગયા છે. એક અભ્યાસ કહે છે કે જ્યારથી ટી.વી. પર વર્લ્ડ રેસલિંગ એન્ટરટેઈનમેન્ટના કાર્યક્રમો શરૂ થયા છે, ત્યારથી બાળકોમાં ઈજાનું પ્રમાણ વધતું જાય છે.

વૈશ્વિકરણનો એક જબરદસ્ત ગેરફાયદો એ થયો છે કે તેના કારણે બાળકોમાં મૂડીવાદનાં મૂલ્યો ઘર ઘાલવા લાગ્યા છે. ગમે તે વસ્તુની જાહેરાત હોય, પણ તેનો આંતરિક સંદેશ એ જ હોય છે કે કેવળ વસ્તુઓ ખરીદવાથી જ સુખ વધે છે. જેમ વધારે ખરીદી, તેમ વધારે સુખ. પણ આના કારણે કેવળ ભૌતિકવાદ જ વધે છે. સુખને બદલે વસ્તુ ન મળે તો ડિપ્રેશન વધતું જોવા મળે છે. તેના વિના બાળકો માને છે કે તેનું કોઈ મૂલ્ય નથી. આજે બાળક પાસે અદ્યતન મોબાઈલ ન હોય તો તેને પોતાની કિંમત નથી લાગતી. આના કારણે તેમનામાં વર્તનની સમસ્યાઓ ઊભી થાય

ઉપભોક્તવાદનો બધા કરતાં ભયંકર પ્રભાવ પડ્યો છે ‘રમત’ પર. બાળકોની ફુરસદની પ્રવૃત્તિ રમવાની હોય છે. પણ હવે, ખાસ કરીને ઔદ્યોગિક અને વિકસિત દેશોમાં, બાળકોની મુખ્ય પ્રવૃત્તિ ટેલિવિઝન જોવાની થતી જાય છે. એઓ મહત્તમ સમય તેની સામે ગાળે છે. અમેરિકામાં એક વર્ષનાં ઓગણીસ ટકા બાળકોના સુવાના રૂમોમાં ટી.વી. હોય છે. વિયેટનામની એકાણું ટકા માતાઓ કહે છે કે તેમનાં બાળકો મોટાભાગનો સમય ટી.વી. જોયા કરે છે. અન્યત્ર આ પ્રમાણ એંસી ટકા છે.

સંશોધન કહે છે કે જેમ બાળક વધારે સમય ટી.વી.ના પડદા સામે ગાળે, તેમ તે સર્જનાત્મક રમતો પાછળ ઓછો સમય ગાળવાનાં. આ બાબત સર્જનાત્મક રમતો, કલ્પનાશક્તિ, વાંચન વગેરે માટે જોખમી બને છે. તેમાં પણ હવે તો ‘માગ પ્રમાણે કાર્યક્રમ’ (On demand)ના કારણે બાળક હવે એકીસાથે અનેક કાર્યક્રમો જોઈ શકે છે. તેમાં કંપનીઓ એવી તો આકર્ષક પેકેજિંગમાં જાહેરાતો આપે છે કે બાળકો માટે બચવું જ મુશ્કેલ બને છે!

બાળકોને વિકાસ માટે સમય, અવકાશ, જગ્યા, સાધનો, મૌન વગેરે જોઈતાં હોય છે. તો જ તેમની જિજ્ઞાસા, વિચારશક્તિ વગેરે વિકસી શકે. પરંતુ આજે જે રમકડાં મળે છે તે કલ્પનાને ઉત્તેજિત નથી કરતાં, કોમ્પ્યુટર ચીપ્સવાળાં રમકડાથી બાળક રમે છે. આ રમકડાંમાં બાળકોને ઉત્તેજિત કરવાની વૃત્તિ નથી હોતી, પણ તે ખૂબ વેચાય તે જ હેતુ હોય છે. આવાં રમકડાંથી બાળક તરત કંટાળી જાય છે અને ફેંકી દે છે. સરસ! લ્યો નવું!

આવી તો અનેક સમસ્યાઓ બાબતે આ રિપોર્ટમાં ચર્ચા કરી છે. તેના ઉપાયો પણ બતાવ્યા છે. પણ આ માટે જરૂર છે ખૂબ જ જાગૃત માતા-પિતાની. તકલીફ એ છે કે માતા-પિતા પણ આ બધાથી મોહિત છે. તે પણ જાહેરાતોથી ગ્રસ્ત છે. વળી, તેમની પાસે બાળકો માટે પૂરતો સમય નથી. તે તેમને ઉછેરવાની જવાબદારીથી બચવા જ તેમને ટી.વી. સામે બેસાડી દે છે. તૈયાર ફુડ ખાવા આપી દે છે. વીડિયો ગેમ્સ લઈ દે છે. બાળક આ બધાને આશરે જ ઊછરે છે. તેને માટે માતા-પિતા કરતાં પણ આ બધી વસ્તુઓ મહત્ત્વની બની જાય છે. તારુણ્ય અવસ્થામાં વીડિયોથી પોર્નોગ્રાફી જોઈ તરુણની શું સ્થિતિ થતી હશે તેની કલ્પના જ કરવી રહી! બળાત્કાર ઘટશે એવી વ્યર્થ કલ્પના જ ન કરવી. તે તો વધતા જ જશે.

આ રિપોર્ટ વાંચીએ છીએ ત્યારે હૃદય કકળી ઊઠે છે. વ્યાપારવાદ કેટલો ભયંકર છે તેનો ખ્યાલ આવે છે. આપણે વ્યસન, નશીલી દવાઓ વગેરેની કદાચે થોડી ચિંતા કરીએ છીએ. તેના ઉપાયો પણ શોધીએ છીએ, પણ આ ઉપભોક્તાવાદના નશાથી કેમ દૂર રહેવું, કે બાળકોને રાખવાં તેની જરા પણ ચિંતા નથી કરતાં. તેને તથ્ય માની જીવીએ છીએ. હવે રોગો કે યુદ્ધથી લોકો ખલાસ નહીં થાય. આ ઉપભોક્તાવાદ જ પ્રજાને ખલાસ કરી નાખશે.

અને, કમનસીબે, સરકારો જ તેને મદદ કરશે!

*ન્યુ મિન્ટ રોડ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૨૭૯૪૬*

*આનંદ જ બ્રહ્મ છે, આનંદ જ સાચું જ્ઞાન છે, આનંદથી જ બધા પ્રાણીઓ ઉત્પન્ન થાય છે અને આનંદમાં સમાઈ જાય છે.*

સંશોધન

# તાળું - ચાવી

• મિતેષ એમ. સોલંકી •

તાળું - ચાવી — આ બંને શબ્દો અને બંને વસ્તુઓ આપણા માટે ખૂબ સામાન્ય છે. આપણે તાળા અને ચાવીનો ઉપયોગ સદીઓથી કરતા આવ્યા છીએ. તેથી કદાચ તેમના વિષે જાણવાની તાલા (તાળા?)વેલી હવે એટલી રહી નથી. પરંતુ ખરું કહું તો મને આ બંને વસ્તુમાં ખૂબ રસ પડ્યો. ઈન્ટરનેટ પર જોતાં ખ્યાલ આવ્યો કે માણસ છેલ્લા ૪૦૦૦ વર્ષોથી તાળાનો ઉપયોગ કરતો આવ્યો છે. હવે કદાચ થોડી નવાઈ લાગવી જોઈએ કે આપણે તાળા-ચાવી સાથે ૪૦૦૦ વર્ષોથી જોડાયેલા છીએ. આમ જુઓ તો કોઈપણ વસ્તુ બંધ કરવી હોય અથવા બંધ થઈ શકતી હોય એટલે તેના પર તાળું મારી શકાય. ઈતિહાસ તાળાને ૪૦૦૦ વર્ષ જૂનું આલેખે છે. પરંતુ મને લાગે છે કે આ તાળું તેનાથી પણ વધારે જૂનું હશે કારણકે રામ અને કૃષ્ણના સમયમાં પણ મહેલને બારી, બારણાં હતા, રાજની તિજોરીઓ હતી, ઘર હતા. તેથી ત્યારે પણ તાળું હોવાની શક્યતા નકારી શકાય નહિ. રામ રાજ્યમાં લોકો ઘરને બારણે તાળા ન મારતા તેનો સીધો અર્થ એમ ચોક્કસ ન લઈ શકાય કે ત્યારે તાળાં અસ્તિત્વમાં જ ન હતા. શું કહેવું છે તમારું?

તાળાં ખરા અર્થમાં માણસની વિકાસયાત્રાના સાક્ષી છે કારણકે જેમ જેમ માણસ અમૂલ્ય વસ્તુઓનો સંગ્રહ કરતો ગયો હશે તેમ તેમ તાળાંની બનાવટમાં, તેની મજબૂતીમાં, તેની જટિલતામાં પણ વધારો થતો ગયો હશે. માણસે એકઠી કરેલી સંપત્તિ અને વસ્તુઓનો એકમાત્ર ચોકીદાર એટલે "તાળું." તેની આ જવાબદારીને કારણે તાળું માણસનું સૌથી પ્યારું પાત્ર છે. આજે પણ આપણે જ્યારે બહારગામ જતા હોઈએ છીએ ત્યારે ઘરના વડીલો છેલ્લે કહેતા હોય છે, 'બેટા! ઘરને તાળું બરાબર માર્યું છે ને?' ગુજરાતી ભાષા પણ ખૂબ રમૂજથી ભરેલી અને હસમુખી છે. આપણે તાળું વાસતા કે બંધ નથી કરતા પણ 'મારીએ' છીએ. હવે તમને થશે કે આ ક્યારની તાળાની જ વાતો થાય છે તો ચાવીનું શું? તાળાંની ખરી કિંમત તેની ચાવીથી થાય છે. જો તાળું જરૂરી છે તો ચાવી તેના કરતાં પણ વધારે જરૂરી છે. ચાવી વગરના તાળાની કોઈ કિંમત જ નથી. ચાવી વગરના તાળાને આપણે તોડી નાખતાં હોઈએ છીએ.

જૂના તાળા જોતાં ખ્યાલઆવે કે તાળાની મજબૂતી માત્ર તેને બનાવવા માટે વપરાયેલ ધાતુ પર કે તેની ડિઝાઈન પર આધારિત નથી પરંતુ તેને ખોલવા માટેની ચાવીની ડિઝાઈન પર આધાર રાખે છે. અદ્‌ભુત, બેનમૂન અને માની ન શકાય તેવી ગૂંચવણભરી ચાવીની ડિઝાઈન જોતાં ખ્યાલ આવે કે માણસે તાળાને મજબૂતી આપવા ચાવીની પાછળ કેટલી મહેનત લેવી પડે છે.

તાળું એક વિશ્વાસના પ્રતીક સ્વરૂપે માણસ સાથે હંમેશાં રહ્યું છે. આપણી તિજોરીમાં રહેલ સંપત્તિ એક નાનકડાં તાળાથી રક્ષિત છે. આપણા ૪૦૦ વારના ફ્લેટ કે બંગલાની જવાબદારી આપણે ૪ ઈંચના તાળાને સોંપીને નિરાંતે બહારગામ જતાં રહીએ છીએ. આ પરથી એક વાત ચોક્કસ શીખવા મળે કે તાળું કદથી ભલે નાનું દેખાય પણ જવાબદારી હંમેશાં મોટી લેતું રહ્યું છે. પોતાનું મૂલ્ય ભલે ઓછું હોય પણ તે અમૂલ્યને સાચવવાની હિંમત ધરાવે છે. મારી આપને નમ્ર વિનંતી કે હવે પછી તાળાને દરવાજા પર લટકાવી દેવાતું સાધન માત્ર કે વસ્તુમાત્ર ના ગણવું પરંતુ એક ઉપદેશ આપતાં ગુરુ તરીકે માન આપવું.

જેમ માણસ ઝાડની છાલના બદલે પોલીએસ્ટરના કપડા પહેરતો થયો, જેમ ગુફાવાસીમાંથી ફ્લેટવાસી થયો તેમ તાળાએ પણ વિકાસ કર્યો છે. આધુનિક સમયના તાળા પણ ખૂબ બદલાઈ ગયા છે. આપણા ઘરનાં તાળાં હવે સ્કુટર અને મોટર સાથે ફરતાં થઈ ગયાં છે. વાહનમાં રહેલા તાળાં-ચાવી તેને માત્ર રક્ષણ આપતાં નથી પણ ચલાવે પણ છે. વર્તમાન સમયના તાળાં-ચાવીની જોડી હવે માત્ર ધાતુની જ નથી રહી પરંતુ અત્યાધુનિક બની ગઈ છે. નંબર લોક, ઈલેક્ટ્રોમેગ્નેટીક લોક, ઈન્ટરલોક, એક કરતા વધારે ચાવી દ્વારા જ ખોલી શકાય તેવા લોક વગેરે.

પહેલાંના સમયમાં તો આપણે એક જ ચાવીને સાચવવી પડતી, જે સ્ત્રીની કમરથી લઈને પુરુષના ખિસ્સા વચ્ચે ક્યાંક સચવાઈ જતી. પરંતુ હવે તે ચાવીનું સ્થાન પાસવર્ડ અને પાસકોડે લઈ લીધું છે. આજે માણસ ચાવી હાથમાં, કમર પર કે ખિસ્સામાં રાખતો નથી પરંતુ મગજમાં રાખે છે. વર્તમાન સમયનાં તાળાં દેખાતાં નથી અને ચાવી પડે તો અવાજ આવતો નથી, કારણકે તાળા ધાતુના રહ્યા નથી અને ચાવી જૂડામાં લટકતી નથી. બંનેના સ્વરૂપ તદ્દન બદલાઈ ગયા છે. હવેના તાળાં એટલે યુઝરનેઈમ અને ચાવી એટલે પાસવર્ડ. આ બધામાં એક વાત તો હજુ પણ અકબંધ છે — ચાવી (પાસવર્ડની ડિઝાઈન). આજે જ્યારે પણ આપણે પોતાનું યુઝરનેઈમ બનાવવા માટે પ્રયત્ન કરીએ છીએ ત્યારે સામે બેઠેલું કોમ્પ્યુટર આપણને ઘણા બધા વિકલ્પો અથવા સલાહ આપશે અને જેવા આપણે પાસવર્ડ બનાવવાનું શરૂ કરીશું, તરત જ કોમ્પ્યુટર કેટલીક શરતો મૂકશે - જેમકે તમારો પાસવર્ડ ઓછામાં ઓછા ૮ અક્ષરોનો હોવો જોઈએ, એક

**(અનુસંધાન : જુઓ પાના નં.-૬૧ ઉપર)**

*આનંદ એવી વસ્તુ છે, જે તમારી પાસે નહિ હોવા છતાં તમે ધારો તો બીજાને આપી શકો છો.*

વાર્તા

# મને સમજે એવું છે કોઈ?

• ડૉ. ઊર્મિલા શાહ •

"મમ્મી... ઓ મમ્મી... મમ્મી તું ક્યાં છે? જલદી બહાર આવને!" પાર્થ સ્કૂલમાંથી આવતાવેંત જ બારણામાંથી બૂમો પાડવા લાગ્યો. આખો દિવસ સ્કૂલમાં રહ્યા પછી ઘેર આવે ત્યારે બાળક માને મળવા અધીરું હોય એ સ્વાભાવિક છે. આખા દિવસની વાતો કરવા તેનું મન તલપાપડ હોય, પણ આજે મીનાબહેનને ઓફિસેથી આવતાં મોડું થયું હતું. આમ તો એ મોટેભાગે સમયસર આવી જ જાય. પાર્થના આવતાં પહેલાં તે લગભગ આવી જ જતાં પણ ક્યારેક કંઈ કામ આવી ચડે તો ફોન કરી દેતાં ને એથી પાર્થને ધીરજ રહે. પણ આજે તે ખબર આપી શક્યાં ન હતાં એટલે એમનાં સાસુની ય અકળામણનો પાર ન હતો.

પાર્થે ઘરમાં પ્રવેશતાં જ જે બૂમાબૂમ શરૂ કરી એટલે એ અકળાયાં "કોણ જાણે મીના આજે કેમ નથી આવી? તારી માને ય એવી ટેવ છે કે મોડી આવવાની હોય તો વાતેય કરતી નથી. મને શું ખબર પડે? આ ભણેલાંથી તો તોબા. ઘરમાં ટાંટિયો ટકે જ નહીંને! એક બાજુ ધણી નીકળે ને બીજી બાજુ છોકરો નીકળે, એટલે ફટ લઇને ઘરમાંથી નીકળી જ પડે ને! ઘર કરતાંય એને નોકરી પહેલી... ઘર, વર ને છોકરાં, બધાંયને નોકરી આગળ ઠેબે ચડાવી દે છે. આ તે કંઈ ભણતર છે? નહીં ઘરના કે નહીં વરનાં. ને છોકરાં તો જાણે ક્યાંય અથડાતાં કૂટાતાં મોટાં થાય. એને વિચારેય નહીં આવતો હોય કે મારો છોકરો ઘેર આવી ગયો હશે! પોતાના પેટના છોકરાની ય છે કશી ચિંતા? અને પછી કંઈ કહીશું તો જવાબ તો તૈયાર જ હોય, બહુ ભણેલાંને! એટલે એમને પહોંચાય જ નહીં. 'જેના હોઠ સાજા એના ઉત્તર ઝાઝા.'"

પાર્થ દાદીમાનો આ ઉકળાટ સાંભળતો હતો. તેનાય કુમળા માનસમાં આ બધા શબ્દો એક પછી એક પ્રત્યાઘાત પાડી રહ્યા હતા. મા કોને વહાલી ન હોય! પાર્થ પણ જાણે છે કે મમ્મી તેને કેટલું બધું વહાલ કરે છે! રોજ સ્કૂલમાંથી આવે ને ગળે લગાડી ખૂબ હેત કરીને દૂધ-નાસ્તો કરાવે છે. અને એટલે આજે એ પણ જરા અસ્વસ્થ તો છે જ. તેમાં વળી દાદીમાની આ ઉગ્રતા. એ લગભગ રડુંરડું થઈ ગયો હતો, પણ સાત વર્ષના પાર્થનેય એટલી તો સમજ હતી કે 'અત્યારે રડીશ તો દાદીમાનો ગુસ્સો વધી જશે. ને માને વધુ વઢ ખાવી પડશે...' ને એટલે કશું જ બોલ્યા ચાલ્યા વિના રૂમમાં જઇ રમવામાં મન પરોવવાનો પ્રયત્ન કરવા લાગ્યો.

ત્યાં તો ડોરબેલ વાગ્યો. ને પાર્થ દોડતો બારણે આવીને ઊભો. મીનાબહેન આવતાં જ તે તેમને વળગી પડ્યો. બા તો એકબાજુ ગુસ્સાથી કાંપતાં ઊભાં હતાં. મીનાબહેન સમજી ગયાં કે વાતાવરણ ગરમ છે. બાને ઠંડાં પાડવા તેમણે પ્રયત્ન કરતાં કહ્યું, 'બા, મારે આજે અચાનક મિટિંગ નક્કી થઈ, તમને ટેલિફોન કરવાનો બહુ પ્રયત્ન કર્યો પણ ફોન જ નહોતો લાગતો, શું કરું? પાર્થે બહુ હેરાન કર્યા બા? સોરી બા.'

ત્યાં તો બાનો ગુસ્સો એકદમ ગયો. 'આ તમે ભણેલાં ગણેલાં, Sorry કહો એટલે જાણે બધું પતી ગયું. તને ખબર ન પડે કે પાર્થ સ્કૂલેથી આવી જશે? હવે અમારીય અવસ્થા થઈ. અમેય ક્યાં સુધી તમારી વેઠ કરીએ? અમારાં છોકરાં માંડ મોટાં કરી પરવાર્યાં ત્યાં હવે તમારી પળોજણ કરવાની. આના કરતાં તો હું અભણ વહુ લાવી હોત તો સારું થાત. એનું ઘર સંભાળીને બેસી તો રહેત. આ તો નહીં ઘરનાં ને નહીં ઘાટનાં. કોણ જાણે શું ય કમાઈને જાણે ઊંધાં વળી જતાં હશે! આખો દિવસ બહાર ફરો એટલે ઘરનાં કામમાંય શું ભલીવાર વળે? નહીં ખાધાનાં ને નહીં પીધાનાં. બળ્યો મારો તો કંઈ અવતાર છે? હું તો એવી થાકી જાઉં છું. બપોર પડે ને ઘડીમાં બારણાની રિંગ ને નહીં તો ટેલિફોનની ઘંટડી, ઘડીય પગ વાળીને બેસવા નથી મળતું. મને તો એમ થઈ જાય છે...' ને એમ કહેતાં કહેતાં તો એ રડવા લાગ્યાં.

મીનાબહેનની સ્થિતિ ખૂબ મુશ્કેલ બની ગઈ. એક બાજુ પાર્થ અધીરો બની ગયો હતો તો બીજી બાજુ બા પણ આજે બાળકની જેમ રડતાં હતાં. કોને સાચવે? ફોન ચાલ્યો નહીં અને વીસેક મિનિટ મોડું થયું એમાં તો જાણે ધમસાણ મચી ગયું હતું. પણ એ કોને કહે ને કોને સમજાવે!

મીનાબહેનના મગજમાં પણ વિચારોનું પ્રલય ધમસાણ મચી રહ્યું હતું. આટલું ભણીગણી છું તો શું ઘરની ચાર દીવાલો વચ્ચે ગોંધાઈ રહેવા? મારો જીવ ન ગૂંગળાય! અને હું ય ક્યાં ઘરનું કામ રખડાવીને બહાર જાઉં છું! સવારે સાડા પાંચથી ઊઠી બધું કામ એકલે હાથે પતાવું છું... મને ય સમજ પડે છે કે બાને માથે હવે કામ ન નંખાય. પણ નોકરી ન કરું તો શું કરું? બાને ય કેમ કરીને સમજાવું કે મોંઘવારી કેટલી છે. ને આ કાળજાળ મોંઘવારીમાં મયંક સાથે ખભેખભો મિલાવી કામ ન કરું તો આ ઘર આમ ચાલી શકે ખરું? પણ બાને એવું કહેવાય પણ કેવી રીતે? ઊંધો જ અર્થ લઇને ઉપરથી ગુસ્સે થઇ જાય કે 'કેમ? મારો દીકરો કમાતો નથી? એ કંઈ બેસી રહે છે? જાણે તું જ નવી નવાઈની કમાતી હશે. મારા દીકરામાં હજી ઘર નિભાવવાની શક્તિ છે.

*જે આનંદમાં બધા સહભાગી ન હોય, તે અપૂર્ણ છે.*

આ તો ઠીક રોજ બપોર પડે એટલે ઘરની બહાર નીકળવા મળે ને પગ છૂટો થાય ને કહેવાય કે કમાઉ છું, બાકી ઘરનું કામ ને છોકરાં રખડાવી કમાવ એમાં શું સાર કાઢો છો?'

અરે! કાલે તો ઓફિસમાં એટલું બધું કામ પહોંચ્યું હતું. એક પળવાર પણ જાણે શ્વાસ ખાવા નહોતો મળ્યો, થાકીપાકી ઘેર આવી, રસ્તામાં વિચાર્યું કે આજે જરા રસોઇમાં સાદું બનાવી દઇશ. ત્યાં તો બાએ કહ્યું, મારે પૂરણપોળી ખાવી છે, મને તો એવો ધ્રાસ્કો પડ્યો. એક બાજુ પાર્થની ધમાલ, ઓફિસના કામનો થાક ને બીજી બાજુ બાની ફરમાયશ. મનમાં ઘણું થયું કે બાને કહું, 'કાલે જરૂર કરીશ.' પણ બાનો સ્વભાવ હું જાણું છું ને તે દિવસે સહેજ એવું કહેવા ગઈ તો કેવાં ગુસ્સે થઈ ગયાં? "તમારે તો છાશવારે ને છાશવારે બહાર જમવાનું હોય એટલે તમને તો બધું ય ફરતાફરતી ખાવાનું મળે. પણ અમારે તો જે ખાવું હોય તે ઘરમાં જ ખાવાનું ને! અમે ક્યાં તમારી જેમ હોટલમાં ખાવા જવાનાં છીએ!" ને મારું મોં સિવાઈ ગયું. મેં નક્કી કર્યું : બા જે કહે તે બનાવવું જ. એમના જીવને ક્લેશ ન જ કરાવવો. પણ ક્યારેક તો બા મને એવી તાવે છે, થાકી હોઉં કે કંટાળી હોઉં ત્યારે જ મારી પાસેથી એમની અપેક્ષા વધી જાય. જાણે મને કસોટીની એરણ પર ટીપતાં ન હોય! અને એટલે તો મેં હવે 'થાક' શબ્દને મારી ડિક્ષનરીમાંથી જ કાઢી નાખ્યો છે. પણ છતાંય મારું મન ક્યારેક મૂંઝાઈ જાય છે, અકળાઇ જાય છે, ને ત્યારે મારાથી મયંક આગળ મારી અકળામણ વ્યક્ત થઇ જાય છે. હું ય શું કરું? મનનો ભાર હળવો કરવા મારેય કોઇક તો જોઇએ જ ને! પણ એ દિવસે મયંક પણ કેવા ગુસ્સે થઇ ગયા! 'નોકરી ન થતી હોય તો મૂકી દે. આ શું કકળાટ! ને નહીં તો માણસ રાખ.' મયંકને હું કેમ કરી સમજાવું કે 'તમારા એકલાની આવક પર આપણું ઘર નભે એમ છે ખરું!' પણ પુરુષ માણસ છે ને! સ્ત્રીની આંખમાં આંસુ જુએ એટલે એની તરફ હમદર્દી બતાવવાને બદલે ઉપરથી ગુસ્સો. જાણે મને દાઝ્યા પર કોઇ ડામ દેતું ન હોય! ઓફિસમાં બોસને ખુશ રાખવા મોં પર મહોરું પહેરી ફરવાનું ને ઘરમાં બાને, એમને ને પાર્થને ખુશ રાખવા શારીરિક શ્રમ તો ઠીક, પણ મોં પર પણ જરાય અકળામણ પ્રગટ થવા નહીં દેવાની. જાણે કઠપૂતળીની જેમ હું જિંદગી જીવી રહી છું. હુંય સમજું છું કે મયંકને મારે માટે પ્રેમ તો છે જ પણ બીજી બાજુ એમની ય મા છે. આંગળીથી નખ વેગળા એટલા વેગળા ને ક્યારેક મને એમ થઇ જાય છે કે મયંકની ય દશા સૂડી વચ્ચે સોપારી જેવી જ છે ને! એ કોને કહે? શું કરું? મને તો ક્યારેક એમ થાય છે કે એક સ્ત્રી જ સ્ત્રીને ન સમજી શકે? સ્ત્રી થઇને જ સ્ત્રીની અગ્નિપરીક્ષા કરે! સ્ત્રી જ સ્ત્રીની દુશ્મન બને! આના કરતાં તો હું ન ભણી હોત તો સારું થાત એવું ક્યારેક મને થઇ જાય છે. વર કમાઇ લાવે ને બે ટંક રાંધીને ઘરનું જ કામ ફક્ત કરીને નિરાંતે જીવવાનું તો મળે! બીજી કશી ચિંતા તો નહીં. બધી જ જવાબદારી પતિને માથે! કેટકેટલાં અભણ બૈરાંને કેવાં નિરાંતે જીવતાં જોઉં છું ને ત્યારે મને થાય છે કે કેવાં સુખી છે આ લોકો! 'Ignorance is bliss' મારા ભણતરે મારામાં મહત્ત્વાકાંક્ષા અને પ્રેરણા પ્રગટાવ્યાં ને એટલે હું મારા જીવનની પળપળનો ઉપયોગ કરી લેવા લલચાઉ છું. મારા કુટુંબને, મારા સંતાનને, પાર્થને, અરે, સાસુને શક્ય તે બધી જ સેવા આપવા તત્પર રહું છું, એને માટે મને ગૌરવ થાય છે. પણ છતાંય ક્યારેક બાના આવા પ્રતિભાવ મને જોવા ને સાંભળવા મળે છે ત્યારે મારું મન ભાંગી પડે છે. મારામાં રહેલી આદર્શ પત્ની, આદર્શ માતા અને આદર્શ ગૃહિણી બનવાની તમન્ના જાણે મૂરઝાઈ જાય છે. ને હું મુંઝાઉ છું. હું શું કરું?

*૨૫, પાર્શ્વ બંગ્લોઝ એસ.જી. હાઇવે*
*અમદાવાદ - ૩૮૦ ૦૧૫.*
*મો. ૯૯૭૯૨ ૩૦૪૦૪*

## ધીમું ઝેર.....

***વિદેશી ઠંડાં પીણાં ગળામાં ઉતરતાંની સાથે જ જે અસર કરે છે એ કોઈ ધીમા ઝેરથી કમ નથી. ત્યારે એક નજર એ વિશેની અસર પર :***

★ ઠંડાં પીણાની એક બોટલ પીધા બાદ ૧૦ મિનિટમાં ૧૦ ચમચી જેટલી ખાંડ આપણા શરીરની અંદર જતી હોય છે. પરંતુ આ પીણાંઓમાં રહેલું ફોસ્ફરિક એસિડ આપણને આ વધારાની મીઠાશનો અનુભવ થવા દેતું નથી. જો આ એસિડ તેમાં ન હોય તો આપણું શરીર ઊલટી દ્વારા એ મીઠાશને બહાર ફેંકી દે છે.

★ ૨૦ મિનિટ બાદ બ્લડસુગર ઝડપથી વધવા માંડે છે. જે શરીરને આટલી ખાંડ પચાવવા માટે ઈન્સ્યુલિન વિસ્ફોટ માટે મજબૂર કરે છે. લીવર તેની પ્રતિક્રિયાના ભાગરૂપે શર્કરાને ફેટમાં પરિવર્તિત કરે છે એટલે સફળતા વધે છે.

★ ૪૦ મિનિટ બાદ સોફ્ટ ડ્રિંકનું કેફીન શરીરમાં સમાઈ જાય છે. આંખોની કીકીઓ વધુ ખુલ્લી થાય છે. બ્લડપ્રેશર વધી જાય છે. હૃદયને વધુ ઊર્જાની જરૂર પડે છે. પરિણામે લીવર શર્કરાને લોહીમાં પંપ કરે છે.

★ ૪૫ મિનિટ બાદ શરીરમાં ડોયામાઈન નામનું કેમિકલ બને છે. હેરોઈનનો નશો કર્યા બાદ પણ આ જ રીતે ડોયામાઈન પેદા થાય છે. તેનાથી મગજને નશાની અનુભૂતિ થાય છે અને મગજને ધીમે ધીમે આ પીણાંઓની લત લાગી જાય છે.

★ ૬૦ મિનિટ બાદ ફોસ્ફોરિક એસિડ શરીર માટે મહત્ત્વપૂર્ણ એવા કેલ્શિયમ, મેગ્નેશિયમ અને ઝિંકને આંતરડામાં બાંધી દે છે. તેના પર કેફીન અસર કરે છે અને પેશાબ દ્વારા તેને શરીરની બહાર ફેંકી દે છે. એટલે થાક અને ડિહાઈડ્રેશન થાય છે.

*સાભાર : 'સાધના' તા. ૧૦-૫-૧૪*

***આનંદ મનની અંદર કે બહાર ક્યાંય નથી, તે તો ફક્ત પ્રભુ સાથેનાં આપણા ઐક્યમાં છે.***



# બાબુડેં જયું ગાલિયું

**સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા**

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : આંઉ રોજ ઉગઈમેં ઉઠે નેં મંજન કંઈધો વાં તેર મુંજી નજર પાંજે સામે જે ફલેટમેં ગાભુકાકા રેંતા અનીંજે રસોડે મેં પેતી. મેણું ડીં થ્યો આંઉ મંજન કંઈધો વાં તેર જ ગાભુકાકા રસોડે મેં અચેં ને પોય હકડો ડબ્બો ઉઘાડે કરે મંજ નેરીયેં ને પોય બંધ કરે ને બાર હલ્યા વેને... સે રોજરોજ કુરો નેરીંયેતાં સે ખબર પે નતી. ત તું જરા તપાસ ત કર. ગાભુકાકા ડબ્બો કુલા ઉઘાડીયેતાં?

બચુડો : (તપાસ કેનેં ચે) અધા... અધા ગાલ મેં કીં માલ નાય... ગાભુકાકા વહુ કતરો માલ વાપરેતી અનજી તપાસ નતા રખેં પણ અનીંકે ડાયાબિટીસ આય અતરે ડૉક્ટર અનીંકે ચેં વે રોજ સુગરજી તપાસ કઈજા. અતરે ગાભુકાકા રોજ સકર જો ડબ્બો ઉઘાડે ને મંજ સકર નેરે ને ડબો બંધ કે લાઈયેંતા!!

## ખિલજા મ ભલા

મનજીત : અરે રણજીત, કેમ આમ ઉદાસ થઈને બેઠો છે?

રણજીત : બે કારણોસર હું મારી ગર્લફ્રેન્ડને કારમાં ફરવા લઈ જઈ શકતો નથી.

મનજીત : એવા તે કયા કારણો છે?

રણજીત : એક તો મારી પાસે કાર નથી અને બીજું મારે કોઈ ગર્લફ્રેન્ડ નથી.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : વેલ્ડિંગ અને વેડિંગમાં શું ફરક છે?

આદિત્ય : ફરક સાવ મામૂલી છે. વેલ્ડિંગમાં પહેલા તણખા ઝરે છે અને વેડિંગમાં પછીથી તણખા ઝરે છે!!

☺ ☺ ☺ ☺ ☺

ડૉક્ટરસાહેબ : (જુહારીમલને) શેઠજી, તમારી એક કિડની ફેઈલ થઈ ગઈ છે.

જુહારીમલ : કાંઈ વાંધો નથી... બીજી તો પાસ થઈ ગઈ છે ને... પહેલાવાળી પણ આવતા વર્ષે પાસ થઈ જશે... જરા મહેનત વધારે કરવી પડશે.. પણ સાહેબ, તમે ચિંતા કરતા નહીં.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : સસલું દોડી - દોડી કૂદી કૂદી જીવે છે તો માત્ર ૧૫ વર્ષ સુધી જીવી શકે છે. કાચબો દોડતો નથી, કૂદતો નથી, ધીમે ધીમે ચાલે છે છતાં ૨૦૦ વર્ષ સુધી જીવે છે. આમાં તમે શું સમજ્યા?

આદિત્ય : દોડાદોડ કરવાથી કાંઈ ફાયદો નથી. શાંતિ રાખો તો વધારે જીવશો.

☺ ☺ ☺ ☺ ☺

નારદજી : બેટા, તારી ભક્તિથી હું ખૂબ પ્રસન્ન થયો છું. બોલ, તારી શું ઈચ્છા છે?

શ્રેય : જો આપ ખરેખર પ્રસન્ન થયા હો, તો મને એક સારી ડી.જે. સિસ્ટમ અપાવી દો.

નારદજી : અરે બેટા, ડી.જે. સિસ્ટમ કાંઈ રસ્તામાં પડી છે? એમ જ મળતી હોત તો હું તંબુરો લઈને શું કામ ફરતો રહું?

☺ ☺ ☺ ☺ ☺

કોલગેટનો પ્રતિનિધિ : (દરવાજો ખટખટાવીને ખૂલ્યો એટલે પૂછ્યું) શું તમારી ટુથપેસ્ટમાં મીઠું છે?

બંટી : કામ ધંધો છે કે નહીં? ટુથપેસ્ટમાંથી મીઠું કાઢીશ કઈ રીતે? ત્રણ રૂપિયે કિલો લારીમાં મળે છે એ સસ્તું પડશે.

☺ ☺ ☺ ☺ ☺

રોનક : (લગ્ન પછી પત્ની – રશ્મિને) હવે મને તું કહે કે લગ્ન પહેલા તારે કેટલા બોયફ્રેન્ડ હતા?

રશ્મિ એકદમ ચૂપ થઈ ગઈ.

રોનક : કેમ તારી ખામોશીનો મારે શું અર્થ કાઢવો?

રશ્મિ : ઓ...ઓ... તમે તો ભારે અધીરિયા... યાદ કરીને ગણવામાં વાર તો લાગે ને...!

☺ ☺ ☺ ☺ ☺

બંટી :(બબલીને) હેવ એ ગુડ ડે!

બબલી : નહીં જી... મુજે તો પાર્લે-જી હી પસંદ હૈ.

☺ ☺ ☺ ☺ ☺

રોહિણી : તમે સૂઈ ગયા પછી હું કદી સ્વપ્નમાં તમને દેખાઉં છું ખરી?

રોહન : ના... ના... કાયમ હું હનુમાન ચાલીસા ગણીને જ સૂઈ જાઉં છું.

☺ ☺ ☺ ☺ ☺

મમ્મી : અલ્યા ટપુડા, આ શું ગાંડપણ માંડ્યું છે. ડોલમાં માથુ ખોસીને કેમ બેઠો છે?

ટપુ : આ તો તું રોજ કચકચ કર્યા કરે છે કે તારું મગજ ચાલતું નથી. આથી મને થયું કે લાવ જરા ચેક કરી લઉં કે મગજમાં પંચર તો નથી પડ્યું ને?

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*જે સમયને વીતાવવામાં તમને આનંદ આવતો હોય એ સમય વેડફાઈ ગયો ન કહેવાય.*

## બાલુડેં જ્યું ગાલિયું

### THE HARE AND THE TORTOISE

The tortoise walked so slowly that the hare made fun of him.

"You slow old thing," said the hare, "why do you not hurry up?"

"I may be slow," said the tortoise, "but I clould beat you in a race."

"You beat me!" said the hare.

"Yes," said the tortoise, "I should beat you."

"If it were not too silly for a hare to race with a tortoise, I would soon show you," said the hare.

"You are afraid," said the tortoise.

"Very well," said the hare, "we will have a race."

The rat started them.

"One, two, three — Go!"

Off went the hare, and the tortoise went slowly after him.

Then the hare thought, "There is no need for me to run so fast. I will lie down and rest. Then when the tortoise comes along, I will get up and beat him."

So the hare lay down, and he soon went to sleep.

The tortoise went on. He was very slow, but he kept on and on, and still the hare was asleep.

Then the hare wakened up. "I must run now," he said, "or the tortoise will win."

"I have won," said the hare.

"No," said the rat, "the tortoise won. He reached the winning post while you were asleep."

So the tortoise beat the hare after all. ■

*સુખી થવાની ફોર્મ્યુલા છે : જિંદગીમાં બિનજરૂરી અપેક્ષાઓ ન રાખો. સાચું પૂછો તો કોઈ અપેક્ષાઓ જ ન રાખો. જિંદગી જે કંઈ આપે તે હસતે ચહેરે અપનાવી લેનારને જિંદગી ઘણી બધી માનસિક પીડાથી બચાવી લે છે.*

ઘર ઘરની મીઠાઈ..

હાથી છાપ ગોળ
શાહ હાથીભાઈ અજરામલદાસ
જુના માધુપુરા, અમદાવાદ. ફોન : ૨૨૧૨૩૬૫૪

**આ જગમાં થોડા મલે!**

જાણે ભાષાને ભાવ, અંતરના ઊંડાણથી<br>
પ્રગટાવે પુણ્ય પ્રકાશ, આ જગમાં થોડા મલે!<br>
લખે લહિયા અનેક, ટેવના પરિણામથી<br>
મર્મ માણી જે લખે, આ જગમાં થોડા મલે!

*– રશ્મિનનો રણકાર, ભાગ-૨માંથી સાભાર*

Viketa
Electronics
An ISO 9001-2000 COMPANY
MANUFACTURERS OF
ELECTRICAL PANEL BOARDS
4759, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch.
Phone : 02646-226257 Fax : +91-2646-252759
Mobile : 9824101111, 9824762141
E-mail : viketa53@rediffmail.com

# પરધન પથ્થર જાનિયે

અમારા મિત્રએ એક દિવસ મને કહ્યું, 'મારે સારા કામમાં થોડા પૈસા વાપરવા છે તો મારે શું કરવું?' મેં કહ્યું, 'જેના જેના ઉછીના લીધા છે તેને પાછા આપી દો.'

મિત્રને મારી વાત ગમી નહિ. પણ હું મારી વાતને વળગી રહ્યો. જેનો વ્યવહાર શુદ્ધ તેનો ધર્મ શુદ્ધ. જીવનમાં બુદ્ધિની જરૂર છે કે વિશુદ્ધિની?

કરોડોના ગોટાળા કરનાર દેશદ્રોહીઓમાં પણ બુદ્ધિ તો હોય છે, પણ વિશુદ્ધિ નથી હોતી. બુદ્ધિમાન ભણેલા, સ્માર્ટ, અન્યને આંજી નાખનાર, કોઈ વિષયના નિષ્ણાત હોઈ શકે. બીજાને છેતરી શકે. બુદ્ધિમાનની બુદ્ધિ વાસનાની દાસી હોય છે. એ બુદ્ધિ વાસનાને વાજબી દર્શાવતી દલીલો કરી શકે. બુદ્ધિમાન કોઈ પણ સરળ વાતને જટિલ બનાવી શકે, ગૂંચવી શકે, કાંઈ ન હોય અને સમસ્યા સર્જી શકે. રાજકારણીઓ અને સંતોમાં બસ આટલો જ ફર્ક હોય છે.

રાજકારણીઓ સરળ સ્થિતિને સમસ્યામાં બદલી એ સમસ્યાની સીડી બનાવી પોતે સત્તાસ્થાન સુધી પહોંચી શકે છે. સંપત્તિ પ્રાપ્ત કરી શકે છે. મોજશોખ, વૈભવવિલાસમાં જીવન વિતાવી શકે છે.

જ્યારે સંતો જટિલ સમસ્યાને સરળ બનાવી દે છે. ઘણી વાર એમની સચ્ચાઈ, સરળતા જ એમના માટે ભયાનક મુસીબતો સર્જી શકે છે. ક્યારેક કારાગૃહ તો કોઈ વાર મોત.

રાજકારણીઓની ભાષા જટિલ હોય છે. તેમાં સ્પષ્ટતા નથી હોતી, 'આપ કહો છો એ સત્ય છે અને હું કહું છું એ પણ અસત્ય તો નથી જ.' આવી રજૂઆત હોય છે, 'વરસાદ પૂરતો થશે, બિયારણ સારું હશે, ખાતર પ્રમાણસર નાખ્યું હશે, જમીન ફળદ્રુપ હશે અને ખેડૂતભાઈઓ કઠોર પરિશ્રમ કરશે તો હું છાતી ઠોકીને ખાતરી આપું છું કે પાક મબલક ઊતરશે.' આવું મંત્રીશ્રીઓ બોલતા હોય છે.

જ્યારે સંતોની ભાષા સાવ સરળ હોય છે.

★ નિર્ધન કે ધન રામ, નિર્બલ કે બલ રામ

*– કબીરસાહેબ*

★ પરધન પત્થર જાનિયે પરસ્ત્રી માત સમાન, ઇતને મેં હરિ ના મિલે તો તુલસીદાસ જમાન

*– તુલસીદાસજી*

★ પ્રેમનો રસ તું પામે પિચ્છધર, તત્ત્વનું ટૂંપણું તુચ્છ ભાસે.

*– નરસિંહ મહેતા*

★ હાસ્ય વગરની ગંભીરતા, અને ગંભીરતા વગરનું હાસ્ય બંને વ્યર્થ છે.

*– મહાત્મા ગાંધીજી*

જિસસ ક્રાઈસ્ટ પાસે એક અભણ ગામડિયો શ્રમજીવી આવ્યો. તેણે જિસસને કહ્યું, 'જુઓ હું અભણ છું. મારામાં ઊંડું કાંઈ સમજવાની બુદ્ધિ નથી. નિરાંતે બેસીને શાંતિથી સાંભળી શકું એવો મારી પાસે સમય પણ નથી છતાં મને એવું જણાવી દો જે જાણ્યા પછી મારે બીજું કાંઈ જાણવાપણું ન રહે.'

જિસસે કહ્યું, 'જે તમારા માટે ઈચ્છો તે બીજાને માટે કરો.'

બુદ્ધિમાનો પણ આવી વાતો પોતાના વક્તવ્યમાં વણી શકે, રજૂ કરી શકે. પણ બુદ્ધિમાનો માટે વાણી એ માત્ર વાણીવિલાસ હશે જ્યારે સંતો, મહાપુરુષો માટે એ આચરણ હશે. બુદ્ધિમાનોની એક મૂર્ખાઈ એ હોય છે કે તેઓ હંમેશાં 'હું કહું છું એ જ સાચું' આવું માને છે. 'સાચું છે માટે કહું છું' આ ભાવ તેમનામાં નથી હોતો. તેમને તેમના વિચારો પ્રત્યે એટલી આસક્તિ હોય છે કે એ વિચારો ખોટા હોવા છતાં તેને છોડી નથી શકતા, દુર્યોધન બુદ્ધિમાન છે. ધર્મ શું છે અને અધર્મ શું છે તેની તેને ખબર છે, પણ ધર્મ આચરવા એ નથી માગતો. તેમ અધર્મ છોડવા પણ એ તૈયાર નથી.

અર્જુન બુદ્ધિનિષ્ઠ છે. એટલે જેને પોતાની બુદ્ધિમાં નિષ્ઠા છે. સાથે સામાની બુદ્ધિમાં પણ નિષ્ઠા છે. અર્જુનને જ્યારે લાગ્યું કે હું વિચારૂં છું તે બરાબર નથી, પરંતુ શ્રીકૃષ્ણ જે સમજાવે છે તે સાચું છે એટલે તરત જ તેણે પોતાના વિચારોનો ત્યાગ કર્યો અને 'કરિષ્યે વચનમ્ તવ' કહી, શરણાગતિ સ્વીકારી. એમ તો ધૃતરાષ્ટ્રે પણ ગીતાજીનો ઉપદેશ ક્યાં નહોતો સાંભળ્યો? પરંતુ તેનામાં ફેરફાર ન થયો, કારણ કે એ બુદ્ધિનિષ્ઠ નહોતાં.

પ્રજ્ઞા અને પ્રજ્ઞાવાનની વાત જ અલૌકિક છે. પ્રજ્ઞા એટલે જે સત્ય હોય તે જ દર્શાવે છે અને પ્રજ્ઞાવાન જે સત્ય હોય તેનું જ આચરણ કરે તે.

બુદ્ધિમાન બુદ્ધિનિષ્ઠ બને અને બુદ્ધિનિષ્ઠ પ્રજ્ઞાવાન બને એમાં જ જીવવાની સાર્થકતા છે.


મને તો એક દિવસ મથુરે કહ્યું, 'કોઈને સુખી કરવા હોય તો શું કરવું?' મેં કહ્યું, 'દુઃખી ન કરવા. કોઈને દુઃખી ન કરો એ સુખ જ આપ્યું ગણાશે.' પીપા ભગતે કહ્યું છે, 'પીપા પાપ ન કિજિયે પુણ્ય કિયા સો બાર.' વ્યસન છોડો તો વ્યાયામ જ છે. એટલે જ ભૂકંપપીડિતો ભ્રષ્ટાચારીઓને વિનંતી કરે છે : 'અમારું ખાઈ ન જાવ તો સેવા જ છે.' મથુર કહે, 'તારામાં ગંભીરતા જ નથી આપણે ક્યાં કોઈને દુઃખી કરવા જઈએ છીએ?' અમારી વાતચીત ચાલતી હતી સાથે જ મથુરના દીકરા દામોદરના સગપણની વાત પણ ચાલતી હતી, મથુર કહે, 'સગપણનું નક્કી થાય એટલે તરત જ ગોળ વહેંચવો પડશે. મેં તો ઘરનાને અગાઉથી જ કહી રાખ્યું છે કે ગોળ ખરીદીને હાથવગો રાખજો.' મેં કહ્યું, 'તું એ ચિંતા કરીશ મા, માત્ર સગપણનું પાકે પાયે થઈ જાય અને બહાર ખબર પડશે એટલે ગોળ તો ગામ વહેંચશે.'

અમુક જુવાનોની સુવાસ આખી શેરીમાં એવી હોય છે કે એમના સગપણની ખુશાલીમાં ગામ ગોળ વહેંચે છે. મથુરે દામોદરની વાસ્તવિકતાને મશ્કરીમાં ઉડાડી દઈ મને ધબ્બો મારીને કહ્યું, 'તું આવો ને આવો રહ્યો.' અમે પાછો આગલી વાતનો દોર સાધ્યો. મેં કહ્યું, 'જો કોઈને સુખી કરવા એ આપણા હાથની વાત નથી, પણ દુઃખી ન કરવા એ આપણાથી થઈ શકે તેમ છે.'

પ્રત્યેક વ્યક્તિ મહાન પુરુષ ન થઈ શકે પણ દરેક...

*પંકજ વલ્લભ સાવલા - હૈદ્રાબાદ*
*મો. ૯૩૯૪૫૫૩૧૫૪*

*પ્રસન્નતા બધા સદ્‌ગુણોની માતા છે.*




## 'મંગલ મંદિર' – પ્રતિભાવ

'મંગલ મંદિર' માસ મે-૨૦૧૪ના અંકમાં તંત્રીલેખ ખૂબ જ સાચો અને યોગ્ય છે. અને ખરેખર વખત આવી ચૂક્યો છે કે આપણે જવાબદાર ભારતવાસીઓ, આ દિશામાં સાચી લોકનીતિ બનાવીએ, સાચા અર્થમાં લોકભાગીદારી અને જવાબદારી શક્ય બનાવીએ. તમે જે કલ્પના લોકો સામે મૂકી છે એવી જ કલ્પના ગાંધીજીએ આપી હતી. જ્યારે કન્સ્ટીટ્યૂશન્ટ એસેમ્બલી ભારતનું કન્સ્ટિટ્યૂશન ઘડવા ભેગી થયેલી ત્યારે ગાંધીજીએ રાજેન્દ્ર બાબુને કહ્યું હતું કે આ તો પરદેશથી આણેલ એક ખૂબ જ ખોટી દિશામાં જવાનો રસ્તો થઈ રહ્યો છે. રાજેન્દ્ર બાબુએ ગાંધી પાસેથી તો સાચો રસ્તો કેવો હોય એનું માર્ગદર્શન માગ્યું હતું ત્યારે ગાંધીજીએ એક નાનકડી નોંધ બનાવીને આપી હતી. પણ પંડિત નહેરુને તો જે થઈ રહ્યું હતું તે જ સાચું લાગતું હતું અને કહી દીધું, 'આમાં આપણે ખૂબ આગળ વધી ગયા છીએ. આ જ સાચું છે.'

ડૉ. ધરમપાલે તો આના પર આખું પુસ્તક પણ લખ્યું છે. ૨૦૧૪માં આ ૬ દાયકાથી વધારે સમયના ખૂબ દુષ્પરિણામો જોયા કર્યા છે.

હવે આપણે જ ભેગા થઈ આગળ વધવાનું છે. તંત્રીલેખમાં ખૂબ જ સરસ એક ચિત્ર ઊભું કરી શક્યા છો. કચ્છમાં તો આવું કંઈક પણ કરી શકાશે.

'મંગલ મંદિર' અને આપને ખૂબ ખૂબ ધન્યવાદ.

*કાંતિસેન શ્રોફ - ભુજોડી, ભુજ, કચ્છ*
*ફોન : (૦૨૮૩૨) ૨૪૦૨૭૨*

★

## 'મંગલ મંદિર' માસ જૂન-૨૦૧૪ પ્રતિભાવ

'મંગલ મંદિર' માસ જૂન અંકમાં તંત્રીલેખ ઉપરાંત તંત્રીશ્રીએ કચ્છના ખેડૂતોની દરિયાદિલીની જે વિગતો આપી છે એ બધી ખારા સમુદ્રમાં મીઠી વીરડીઓ સમાન છે.

દરરોજ વર્તમાનપત્રોમાં નકારાત્મક સમાચારો, રાજકીય કાવાદાવા, ખૂન, લૂંટ, બળાત્કાર, ઠગાઈ વગેરેના જ સમાચાર મળતા હોય છે, જે વાંચીને ઘણીવાર મન ખિન્ન થઈ જાય છે. છતાં સવારના ન્યુઝ પેપર વાંચ્યા વગર ચાલતું પણ નથી!

દેશ અને દુનિયામાં ઘણું બધું સારું બનતું જ હોય છે પણ એના સમાચાર બનતા નથી. આમાં કોઈનો દોષ નથી. સામાન્ય જનમાનસ જ એવું છે કે સારાપણું તો સહજ છે. એવા સમાચારમાં લોકોને ક્યાંથી રસ પડે? સીધા સાદા કે સામાન્ય રીતે બનતા રહેતા બનાવોના સમાચાર ન બને. માણસ કૂતરાને કરડે તો સમાચાર બને!

ગમે તે હોય, સારા બનાવો - સમાચારો પ્રજા સમક્ષ મૂકાવા જ જોઈએ. એ દૃષ્ટિએ તંત્રીશ્રીએ આપેલ માહિતી આવકારદાયક છે. એમ લાગે છે કે સતયુગ હજુ છે.

તંત્રીશ્રીએ આપેલ દાખલાઓ તો માત્ર મુંદ્રા તાલુકાના ૨-૩ ગામો (તેમાંય મુખ્યત્વે મારી જન્મભૂમિ અને મોસાળ ઝરપરા)ના છે. પણ કચ્છ, ગુજરાત અને ભારતના અનેક ગામો અને શહેરોમાં આવા દાખલા મળી રહેશે. આવા લોકો પોતાના કાર્યોના ઢોલ પીટતા નથી. નીતિનિયમોને વળગી રહી લાલચને વશ ન થયાનો આત્મસંતોષ એ જ તેઓ માટે મોટી વાત હોય છે.

આજની તારીખમાં પણ કચ્છ અને સમગ્ર ગુજરાતમાં કેટલીય સંસ્થાઓના કાર્ય દ્વારા લાખો દલિતો, વંચિતો, આદિવાસીઓ, અપંગો, વિચરતા સમૂહોના જીવનમાં અજવાળા પથરાયા છે. કેટલીય વ્યક્તિઓ પોતાના સેવાકાર્યો દ્વારા સંસ્થારૂપ બની ગઈ છે. આવા લોકો અને તેમના કાર્યો - સમાચારોની હેડલાઈન બનતી નથી પણ સમાજ ઉપર બહુ મોટી અસર થાય છે. ઘણીવાર એમ કહેવાનું મન થાય છે કે આવા લોકોના કારણે જ દુનિયા ટકી રહી છે.

આ લખાણની આખરે, તંત્રીશ્રીએ અનુરોધ કરેલ છે કે કોઈ લેખકે આવા બનાવોનું પુસ્તક બહાર પાડવું જોઈએ. આ પ્રકારના પુસ્તકની ખબર નથી પણ ગુજરાતના જ એક લેખક, જેઓએ આવા સેવાકાર્ય કરતી સંસ્થાઓ અને એવી વ્યક્તિઓના પરિચય આપતું પુસ્તક લખેલ છે. પુસ્તકનું નામ "ઝબકાર" અને લેખક છે રજનીકુમાર પંડ્યા.

ઉપરાંત આ લેખક હાલમાં પણ મુખ્યત્વે મુંબઈના જન્મભૂમિ પ્રવાસીમાં આવી સંસ્થાઓ અને વ્યક્તિઓનો વિગતવાર પરિચય આપતા રહે છે અને એ રીતે સંસ્થાને પ્રસિધ્ધિ અને દાન બંને મળે છે.

આપણા 'મંગલ મંદિર'માં પણ ભાઈશ્રી કિરણ ચાંપાનેરી (સેતુ) લગભગ દરેક અંકમાં આવી સંસ્થાનો પરિચય આપે છે, એ પણ આવકારદાયક છે.

જૂન અંકના અન્ય લેખ

શ્રી મુરજીભાઈ ગડા અનુવાદિત સુબોધ શાહની લેખમાળાનો મણકો-૨ પણ વિચારણીય છે. તેમણે એક જગ્યાએ શ્રી અરવિંદનો દાખલો આપેલ છે કે આવી પ્રખર પ્રતિભા ધર્મ - અધ્યાત્મના નામે આપણી પાસેથી છીનવાઈ ગઈ. આવું તો બન્યા જ કરે છે.

*પ્રસન્નતા એક એવી વસ્તુ છે કે જેમાં વ્યક્તિને શક્તિ મળે છે, શરીર મજબૂત થાય છે અને મગજનો વિકાસ થાય છે.*

આજે પણ દીક્ષા, સંસારત્યાગ અને મોક્ષ પ્રાપ્તિના નામે આવી પ્રતિભાઓ આપણા જ સમાજમાંથી છીનવાઈ રહી છે. પરલોક સુધરતો કોણે જોયો છે? પણ આ લોકને થતું નુકસાન તો પ્રત્યક્ષ દેખાઈ રહ્યું છે.

ઉપરાંત સ્વામિ વિવેકાનંદને કેન્દ્રમાં રાખીને લખાયેલ શ્રી હરેશ ધોળકિયાની વાર્તા 'ગાયિકા' પણ દિલને સ્પર્શી ગઈ.

અભિનંદન.

*મગનલાલ સંઘવી - અમદાવાદ*
*ફોન : (૦૭૯) ૨૬૮૭૧૭૭૬*

★

## યુવા શિક્ષણ અંગે તમામ સમાજોએ વિચારવા લાયક મુદ્દા

અમદાવાદના શ્રી કચ્છી જૈન સેવા સમાજ દ્વારા તેમના સમાજના ૧૮થી ૩૦ વર્ષની વયજૂથના ૬૩૩ યુવા-યુવતીઓની યાદી સાથે તેમના શિક્ષણની માહિતી 'કચ્છમિત્ર'ના વ્યવસ્થાપક શ્રી શૈલેષ કંસારાના પિતાશ્રી હંસરાજભાઈ જેઓ અમદાવાદમાંથી પ્રકાશિત થતા 'કચ્છ શ્રુતિ' માસિકના માનદ્ સલાહકાર છે તેમણે આ માહિતીનું પૃથ્થકરણ કરતાં તેમાં બહાર આવેલ મુદ્દાઓ આ મુજબ હતા.

૧. સન ૧૯૪૭ની આઝાદી બાદ વર્ષ ૨૦૧૪ માં ૧૦૦ ટકા યુવાવર્ગ શિક્ષિત છે. યુવતીઓ પણ ૧૦૦ ટકા શિક્ષિત છે અને અનેક સ્થળે યુવતીઓ શૈક્ષણિક ક્ષેત્રે આગળ છે.

૨. ૬૩૩માંથી ૮ ટકા ધો. ૧૨થી નીચેના અભ્યાસવાળા, ૧૫ ટકા ધો. ૧૨ સુધીના અભ્યાસ વાળા, ૨૯ ટકા કોમર્સ લાઈન પસંદ કરનાર, ૩ ટકા આર્ટસ શાખાના અને ૩.૩ ટકા સાયન્સ લાઈન પસંદ કરનારા છે.

૩. કોમર્સ, સી.એ., કંપની સેક્રેટરી વગેરે પ્રકારની વાણિજ્ય વ્યવસ્થાપનના ક્ષેત્રે લગભગ ૭૦ ટકા યુવાવર્ગ છે. અન્યત્ર ૩૦ ટકા છે.

૪. મેડિકલની વિવિધ શાખામાં જનાર માત્ર ૨ ટકા વિદ્યાર્થી છે.

૫. આઈ.ટી. અથવા કોમ્પ્યુટર ક્ષેત્રે જનાર માત્ર ૫ ટકા છે.

૬. એન્જિનિયરિંગ સાઈડે જનાર માત્ર ૧૨ ટકા છે.

૭. સાઈકોલોજી, આર્કિટેક્ચર, ફાઈન આર્ટ, માસ કોમ્યુનિકેશન વગેરે પ્રકારની સર્જનાત્મક બ્રાંચમાં જનાર માત્ર ૨ ટકા છે.

૮. પોલિટિકલ, સોશિયલ એન્જિનિયરિંગ, આઈએએસ જેવા ક્ષેત્રે જનાર એક પણ નથી.

આ પૃથ્થકરણનું તારણ એ છે કે મેડિકલ, આઈ.ટી., કોમ્પ્યુટર, આર્કિટેક્ચર, માસ કોમ્યુનિકેશન વગેરે પ્રકારની ટેકનોલોજી બ્રાંચમાં જનાર વિદ્યાર્થીઓનું પ્રમાણ માત્ર ૨૦ ટકા છે જ્યારે વાણિજ્ય બ્રાંચનું પ્રમાણ ૭૦ ટકા છે.

આ પ્રકારનું અભ્યાસક્ષેત્ર કોઈપણ સમાજના ભાવિ માટે આશાસ્પદ ન ગણાય. આપણે માત્ર કારકુની સ્ટાફ ઉત્પન્ન કરી શકીએ છીએ તેવા આ તારણ છે. જીવનમાં જાતે આગળ વધી પોતાની સર્જનાત્મક શક્તિથી સમાજને સમૃધ્ધ બનાવે તેવા આ તારણો નથી.

આથી દરેક સમાજની વિચારવંત વ્યક્તિઓએ પોતપોતાના સમાજના યુવા વર્ગની આ માહિતી એકત્ર કરી તેના તારણોના આધારે યુવા વર્ગના અભ્યાસક્રમોને યોગ્ય દિશામાં વાળવાનું ખૂબ જરૂરી છે. દરેક સમાજના મહાજનોએ આ અંગે પહેલ કરી યોગ્ય વ્યવસ્થા ગોઠવવાનું વિચારવું જોઈએ.

*શશીકાંત ઠક્કર - માધાપર*

★

## 'કચ્છી જૈન યુવાધન' – એક મનનીય અને સરસ લેખ

'મંગલ મંદિર'ના અંકો નિયમિત મળે છે. એમાં આપ સહુની મહેનત દેખાઈ આવે છે. લેખકો પોતાના લેખથી રંગત જમાવી, વાંચકોને ખુશ કરી દે છે. કેટલાક લેખો બીજા મેગેઝિન - દૈનિક અખબારોમાંથી વાંચી-ચૂંટી-પસંદ કરી એને છાપવામાં આવે છે, તે પણ વાંચનારની જાણકારી અને માહિતીમાં વધારો કરે છે. જે બદલ આપ સહુ 'મંગલ મંદિર'ની એડિટોરિયલ ટીમ - સંપાદકો, પ્રુફ રીડર્સ, લેખકો સહુ અભિનંદનના અધિકારી છે. સહુને મારા અને મારા ધર્મપત્ની નજમાબેન ગોલીબાર તરફથી ધન્યવાદ, અભિનંદન.

ખાસ તો આ પત્ર લખવાનો હેતુ ૨૦૧૪ના માર્ચ મહિનામાં પેજ-૨૨ ઉપર છપાયેલો 'અમદાવાદનું કચ્છી જૈન યુવા ધન' માટે શ્રી હંસરાજ કંસારાને તથા આપ સહુને મુબારકબાદ, અભિનંદન, કોંગ્રેચ્યુલેશન્સ.

શ્રી હંસરાજભાઈ મારા અંગત મિત્ર છે, એક અચ્છા લેખક છે. પણ હું એમને આ રીતે નહોતો ઓળખતો. 'મંગલ મંદિર' મેગેઝિન થ્રુ મને એમની નવી ઓળખ મળી છે. એમણે આ લેખમાં થ્રી-ઈન-વન – ત્રેવડી ભૂમિકા ભજવી છે. લેખક તરીકે, આંકડાશાસ્ત્રી - સ્ટેટેસ્ટિશિયન તરીકે તથા સમાજશાસ્ત્રી તરીકે.

હું માનું છું કે, એમણે શ્રી કચ્છી જૈન સેવા સમાજ અને મંગલ મંદિર માટે સુંદર લેખ લખ્યો છે, એના કરતાં એમ કહું કે અર્પણ કર્યો છે. શ્રી હંસરાજ કંસારાએ ખૂબજ ખંત, ચીવટ, ઉત્સાહ, અથાક પ્રયત્નો અને ખૂબજ એકાગ્રતાથી તેમજ તનતોડ મહેનતથી આ લેખ લખ્યો છે. જે કચ્છી જૈન સમાજ માટે મોર મુગટપિચ્છ સમાન સાબિત થયેલો છે. જે માટે શ્રી હંસરાજ કંસારા ખૂબ ખૂબ અભિનંદનના અધિકારી છે. એટલું જ નહિ, તેઓ ખૂબ જ દીર્ઘદૃષ્ટિ ધરાવનારા સમાજશાસ્ત્રી છે. પોતાનો ખાસ સમય ફાળવી સમાજ તરફ અનેરી લાગણી, પ્રેમ દર્શાવીને કામગીરી કરતા હોય છે. સમાજની પ્રગતિ માટે અને ભવિષ્યના સમાજને પોતાની

*પ્રસન્નતા વસંતની જેમ દિલની તમામ કળીઓને ખીલેલી રાખે છે.*

આગવી અને અનેરી કેડી કંડારવાનો સંદેશ અને આહ્વાન આપે છે. આ રીતનો લેખ શારીરિક, માનસિક મહેનત માગી લે છે. આ બદલ આપણે શ્રી હંસરાજ કંસારાને કોંગ્રેચ્યુલેશન્સ કહીને જેટલી શાબાશી અને અભિનંદન આપીએ તેટલા ઓછા છે.

સાથોસાથ શ્રી કચ્છી જૈન સેવા સમાજ, શ્રી કચ્છી સમાજ અને કચ્છી સમાજના અન્ય ઘટકોને નાનકડી ફરિયાદ કે સૂચન કરવાનું મન થાય છે કે આવા કચ્છી મિત્રોનો સમાજ માટે ઉપયોગ કરવો જોઈએ. હરણની નાભિમાં જેમ કસ્તૂરી અને આફ્રિકન સીદી જમાતમાં હીરાને કાચનો ટુકડો સમજી આટલા વખત સુધી એમની આ સેવા અને એમની દીર્ઘદૃષ્ટિનો લાભ કેમ ન લીધો? વળી મિત્ર શ્રી હંસરાજભાઈને પણ પ્રેમપૂર્વકની ફરિયાદ છે અને ભવિષ્યમાં આશા છે કે આવા અન્ય પ્રોજેક્ટ જે આપના દિલ અને દિમાગના એક ખૂણે સચવાયેલા છે, તેને સમાજની પ્રગતિ માટે પથદર્શક બનીને, આગળ આવીને રજૂ કરો.

જેમ શ્રી કચ્છી જૈન સેવા સમાજનો અભ્યાસ અને એનાલિસિસ થાય એવી જ રીતે શ્રી કચ્છી સમાજના અન્ય ઘટકો અને અન્ય કચ્છી સમાજના થાય તો એ ખૂબ જ સરાહનીય, વંદનીય અને સલાહકીય છે એવું મારું અંગતપણે માનવું છે.

આ બાબતમાં મિત્ર શ્રી હંસરાજભાઈ કંસારાને તેમજ કચ્છી સમાજના પ્રમુખશ્રી, ઑન.જ. સેક્રેટરીને તથા કચ્છી સમાજના અન્ય હોદ્દેદારોને મારી વિનંતી છે કે, મારા સૂચન ઉપર ધ્યાન આપશો તો એ સમગ્ર કચ્છી સમાજને ખૂબ જ ઉપયોગી થશે. વળી, એના ઉપર અમલ થશે તો અમને ઘણી જ ખુશી થશે.

*ભોલાભાઈ ગોલીબાર, તંત્રી : 'ચક્રમ-ચંદન' સાપ્તાહિક*
*નજમાબેન વાચ. ગોલીબાર, સામાજિક કાર્યકર - લેખક*
*સહતંત્રી : 'ચક્રમ-ચંદન' સાપ્તાહિક*

★

## સંગીતના કાર્યક્રમમાં ગુજરાતી ગીતો રજૂ થવા જોઈએ

આપણા સમાજમાં લગભગ નિયમિત કોઈક ને કોઈક પ્રકારના જુદા જુદા કાર્યક્રમો યોજાતા હોય છે. આવા કાર્યક્રમોમાં સંગીતના કાર્યક્રમો પણ હોય છે.

આવા કાર્યક્રમોમાં હંમેશાં તો નહીં પણ મોટેભાગે હિંદી ગીતો ગવાતા હોય છે.

એવું ન થઈ શકે કે સંગીતના દરેક કાર્યક્રમોમાં માત્ર ને માત્ર ગુજરાતી ગીતો જ રજૂ થાય – એક પણ હિંદી ગીત નહીં!

સુંદર ભાવવાહી ગુજરાતી ગીતોની સંખ્યા ઓછી તો નથી જ અને ગુજરાતી ગીતો ગાનારાઓની સંખ્યા પણ ઓછી નથી.

મને લાગે છે કે આપણે સૌએ ગુજરાતી ગીત સંગીતને પ્રોત્સાહન આપવું જોઈએ. વિચારશો.

*શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

★

## "કંદમૂળ અને વિજ્ઞાન"

વિજ્ઞાનનો એક નિયમ છે – where there is darkness, there are jerms – જ્યાં અંધકાર હોય ત્યાં જીવોત્પત્તિ હોય. કંદ એટલે જમીન. મૂળ એટલે જેનું મૂળ જમીનની અંદર હોય. તમામ કંદમૂળ જમીનની અંદર થતા હોય છે. તેથી ત્યાં કાયમ અંધારું હોવાથી તેમાં જીવો હોય જ. કેટલા હોય — ન દેખાતા હોય એ અન્ય બાબત છે.

શાસ્ત્રોમાં લખ્યું નથી કે લખ્યું છે એની વાત જવા દઈએ પરંતુ શું શાસ્ત્રોમાં લખ્યું આપણે ક્યારે અપનાવીએ છીએ? શું એ વાતને આપણે સ્વીકારવા તૈયાર છીએ? બાકી અભક્ષ અને અનંતકાયનો ઉલ્લેખ તો છે.

હવે વાત રહી કંદમૂળ ખાવાની! ખાવું કે ન ખાવું એ વ્યક્તિગત બાબત છે. તેનાથી સત્ય બદલાતું નથી. અને મુખ્ય વાત કંદમૂળ નહિ ખાવાથી નુકસાન શું અને ખાવાથી ફાયદો શું? તો પછી આની વિશેષ ચર્ચા કે લેખો લખાય નહીં. ખાવા માટે કોઇ રોકતું નથી અને ન ખાનારને કોઇ ખવડાવતું નથી. બીજી વાત જો ડોક્ટર એમ કહે કે બટાકાથી ગેસ થશે, તમે બંધ કરો. આપણે ત્યારે તથાસ્તુ કહીને સ્વીકારી લઇએ છીએ કારણકે આપણે બુધ્ધીજીવી પ્રજા છીએ. પરંતુ મેં એમ નથી સાંભળ્યુ કે કોઇ સ્વામિનારાયણ જે ડુંગળી, લસણ નથી ખાતુ એણે આવો સવાલ કર્યો હોય. તેઓ તો માત્ર શિક્ષાપત્રીને જ પ્રાધાન્ય આપે છે. ત્યારે સવાલ માત્ર એટલો જ થાય કે આપણી શ્રધ્ધા ક્યાં છે? કોના પર છે? ધર્મ પર, ધર્મગુરૂ પર કે પછી વિવેચક વૈજ્ઞાનિક કે ડોક્ટર પર?

એથી જ જૈન શાસન આટલા વર્ષો થયા પરંતુ જૈન શાસન જયવંતુ વર્તે છે અને સદાય જયવંતુ વર્તે એવી આપણે સૌ પ્રાર્થના કરીએ કારણ જૈન દર્શન જેવું કોઇ દર્શન નથી અને મહાવીર જેવો વૈજ્ઞાનિક કોઇ નથી.

*નીતિન સંઘવી - ગાંધીનગર*

★

AMBA
SHIPPING AGENCIES
CLEARING FORWARDING & SHIPPING AGENTS
HIRALAL DAGHA
401, Rajgor Chambers, 99, Masjid Siding Road, Near Masjid Station (E), Mumbai-400 009. E-mail : ambashipage@rediffmail.com
Cell : 98210 69299 Tel. : 23772744 Telefax : 23710875 Resi. : 24097776

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

### વર્ષ ૨૦૧૪-૨૦૧૫ના હોદ્દેદારો

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળની મીટિંગ તથા કારોબારી સમિતિની મીટિંગ રવિવાર, તા. ૪-૫-૨૦૧૪ના રોજ મળેલ હતી કે જ્યારે વર્ષ ૨૦૧૪-૧૫ના નીચે મુજબના હોદ્દેદારોની વરણી કરવામાં આવેલ હતી.

| | |
|---|---|
| શ્રી અશોક મહેતા | - મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ |
| શ્રી જગદીશભાઈ ઠક્કર | - પ્રથમ ઉપપ્રમુખ |
| શ્રી મનુભાઈ શાહ | - દ્વિતીય ઉપપ્રમુખ |
| શ્રી રઘુરામભાઈ ઠક્કર | - તૃતીય ઉપપ્રમુખ |
| શ્રી ભરત ઓઝા | - માનદ્ મંત્રી |
| શ્રી સંજય રાઠોડ | - પ્રથમ સહમંત્રી |
| શ્રી સુનિલ દાવડા | - દ્વિતીય સહમંત્રી |
| શ્રી મનુભાઈ કોટડિયા | - ખજાનચી |
| શ્રી હરસુખભાઈ વી. પટેલ | - સહ ખજાનચી |

તદુપરાંત નીચે મુજબની વિવિધ સમિતિઓના કન્વીનરશ્રીની ૨૦૧૪-૨૦૧૫ના વર્ષ માટે નિયુક્તિ કરવામાં આવેલ હતી અને તેઓને જણાવવામાં આવેલ હતું કે તેઓ પોતાની ટીમ બનાવી ફાઈનલ ઍપ્રુવલ માટે કારોબારી સમિતિ સમક્ષ મોકલી આપે.

| | |
|---|---|
| કચ્છશ્રુતિ તંત્રી મંડળ | - શ્રી ભરતભાઈ ઓઝા |
| કચ્છશ્રુતિ વ્યવસ્થાપક સમિતિ | - શ્રી મનુભાઈ કોટડિયા |
| શૈક્ષણિક વિકાસ સમિતિ | - શ્રી હિમાંશુભાઈ ઠક્કર |
| સરસ્વતી સન્માન સમિતિ | - શ્રી દીપક નાનાલાલ ચૌહાણ |
| યુવા વિકાસ સમિતિ | - શ્રી સુનિલ હંસરાજ દાવડા |
| મહિલા ઉત્કર્ષ સમિતિ | - શ્રીમતી શિલ્પીબેન શાહ |
| વયસ્ક સમિતિ | - શ્રી રજનીકાંત ધરમશી પારેખ |
| સભ્યપદ સમિતિ | - શ્રી પરબતભાઈ શિવજીભાઈ પટેલ |
| સાંસ્કૃતિક કાર્યક્રમ સમિતિ | - શ્રી અતુલભાઈ સોની |
| શૈક્ષણિક લોન સમિતિ | - શ્રી કૈલાસદાન ગઢવી |
| વેબસાઈટ સમિતિ | - શ્રી હિમાંશુભાઈ ઠક્કર |
| બંધારણ સમિતિ | - શ્રી અતુલભાઈ સોની |
| નવા પ્રોજેક્ટ સમિતિ | - શ્રી કૈલાસદાન ગઢવી |
| કચ્છી ખબરપત્રિકા સમિતિ | - શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર |

*ભરત ઓઝા*
*માનદ્ મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ*

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

### વયસ્ક (સિનિયર સિટીઝન) સમિતિ
### સરદાર સરોવર 'નર્મદા ડેમ' ની મુલાકાતનો કાર્યક્રમ

આપ સૌને સુવિદિત છે તે મુજબ શ્રી કચ્છી સમાજ - અમદાવાદના નેજા હેઠળ વયસ્ક સમિતિની તાજેતરમાં રચના કરવામાં આવેલ છે.

નર્મદા ડૅમ સાઈટ એટલે તેના ચાર પોઈન્ટ્સ, પ્રથમ તબક્કે ડૅમની સમીપ જતાં જ તેના ૩૦ બેરેજ અને તેમાંથી એકધારા ધસમસતા પાણીના ફ્લો તેમજ રોપ-વે વગેરે નિહાળીને આનંદ વિભોર થવા..... સમિતિના વયસ્ક સદસ્યો માટે નવલા નજરાણા સ્વરૂપે પ્રથમ કાર્યક્રમનું આયોજન એટલે સરદાર સરોવર નર્મદા ડૅમ સાઈટની બસ દ્વારા મુલાકાત

તારીખ : (પ્રથમ સપ્તાહ) ઓગસ્ટ ૨૦૧૪ - એક દિવસની પિકનિક

તે સમયે ડૅમ 'ઓવરફ્લો' થયેલ હશે તો મનમોહક નજારો પ્રત્યક્ષ - રીતે માણી શકાશે.

ચાર્જ : રૂા. ૬૦૦/-

પિકનિકમાં સામેલ થનાર વ્યક્તિએ જરૂરી રકમ સાથે પોતાનું નામ, ટેલિફોન નંબરની નોંધ નીચે જણાવેલ વ્યક્તિઓ પૈકી કોઈ એક પાસે તા. ૨૫-૦૭-૨૦૧૪ સુધીમાં કરાવશો. જેથી ટ્રાન્સપોર્ટ વગેરે વ્યવસ્થા યોગ્ય રીતે કરી શકાય.

*શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર : (૦૭૯) ૨૨૮૮૪૧૬૨*
*શ્રી મનુભાઈ કોટડિયા : ૯૬૦૧૨ ૭૫૦૭૮*
*શ્રી પરબતભાઈ પટેલ : ૯૮૨૪૦ ૬૨૭૧૧*
*શ્રી રજનીકાંત પારેખ : ૯૮૯૮૦ ૫૩૫૨૧*

વધુ વિગત માટે કચ્છ શ્રુતિ, મંગલ મંદિર, સેતુ તેમજ લોહાણા પ્રકાશન કાર્યાલયનો સંપર્ક કરી શકાય છે.

*કન્વીનર : રજનીકાંત પારેખ (મો. : ૯૮૯૮૦ ૫૩૫૨૧)*

★

*ભવિષ્ય ચાહે ગમે તેટલું સુંદર હોય તેનો વિશ્વાસ ન કરો. ભૂતકાળની પણ ચિંતા ન કરો. જે કંઈ કરવું હોય તે પોતાની અને ઈશ્વરની ઉપર વિશ્વાસ રાખીને વર્તમાનમાં કરો.*

*દુનિયામાં સુખેથી અને પ્રસન્નતાથી રહેવું હોય તો તમારી જરૂરિયાત ઓછી કરો.*

## ગુજરાત ઇતિહાસ પરિષદના પ્રમુખપદે પહેલીવાર કચ્છી

ગુજરાત ઈતિહાસ પરિષદના વર્ષ ૨૦૧૪-૨૦૧૬ બે વર્ષ માટેના હોદ્દેદારોની ચૂંટણીમાં પરિષદના પ્રમુખ તરીકે કચ્છના ઈતિહાસ સંશોધક અને 'કચ્છમિત્ર'ના પત્રકાર **નરેશ અંતાણી** તાજેતરમાં ચૂંટાઇ આવ્યા હતા. પરિષદના પ્રમુખ તરીકે ચૂંટાનાર તેઓ પ્રથમ કચ્છી છે.

પરિષદ સાથે છેલ્લા છવ્વીસ વર્ષથી સંકળાયેલા શ્રી અંતાણીએ ૧૪ વર્ષ પરિષદના મંત્રી તરીકે તથા બે વર્ષ ઉપપ્રમુખ તરીકેની ફરજો સંભાળી હતી. એ દરમ્યાન કચ્છમાં પાનધ્રો, ભુજ તથા રાજસ્થાનના જયપુર ખાતે પરિષદના અધિવેશન તથા જ્ઞાનસત્રનું આયોજન એમણે કર્યું હતું.

કચ્છના ઈતિહાસ સંદર્ભે તેમનાં આઠ પુસ્તકો પ્રકાશિત થયાં છે, તો અમદાવાદના કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ દ્વારા પ્રકાશિત 'કચ્છનો સર્વાંગી ઈતિહાસ'ના સંપાદનમાં પણ તેમણે યોગદાન આપ્યું છે. 'કચ્છમિત્ર'માં 'જ્ઞાતિગંગા કચ્છની' કટાર તેમણે સંભાળી હતી. એ દરમ્યાન કચ્છની ૭૦થી વધારે જ્ઞાતિઓનો પરિચય કરાવ્યો હતો. હાલે 'તવારિખી તેજ છાયા' નામક કચ્છના ઈતિહાસ સંદર્ભની કટાર પ્રસિદ્ધ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે તેમની માહિતીસભર કૃતિઓ 'મંગલ મંદિર'ના અંકોમાં પણ અવારનવાર પ્રકાશિત થાય છે.

★

## લોકસેવા ટ્રસ્ટ દ્વારા IAS, UPSC, GPSC માટે ફ્રી કોચિંગનું આયોજન

વૈચારિક અભિયાન દ્વારા જનજાગૃતિનું કામ કરતી સંસ્થા લોકસેવા ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૧૧ વર્ષથી IAS, IPS, GPSC જેવી સ્પર્ધાત્મક પરીક્ષા માટે નિઃશુલ્ક તાલીમ અને માર્ગદર્શનનું કાર્ય કરવામાં આવે છે.

લોકસેવા IAS ટ્રેનિંગ સેન્ટરના કો-ઓર્ડિનેટર નિર્મિતા નાકરાણીએ જણાવ્યુ હતું કે અમારા ટ્રસ્ટ દ્વારા ૨૦૦૧ થી ૨૦૦૫ સુધીમાં સ્પર્ધાત્મક પરીક્ષા અંગેની જાગૃતિ અને કારકિર્દી માર્ગદર્શન માટે સમગ્ર ગુજરાતમાં ટ્રસ્ટની તજજ્ઞ ટીમે ૧ લાખ કિ.મી.થી વધુ પ્રવાસ કરી હજારો યુવાનોને માર્ગદર્શન પૂરું પાડવાનું કામ કર્યું છે અને છેલ્લા ૧૧ વર્ષથી ગ્રેજ્યુએટ અને અંડર ગ્રેજ્યુએટ માટે યુવાનોને UPSC, GPSC જેવી સ્પર્ધાત્મક પરીક્ષા માટે નિઃશુલ્ક તાલીમ આપવામાં આવે છે. ટ્રસ્ટનો મૂળ હેતુ છે કે ગુજરાતના યુવાનો સ્પર્ધાત્મક પરીક્ષામાં ભાગ લેતા થાય. આ માટે દર વર્ષે ૭ જુલાઈથી બીજા વર્ષના મે મહિના સુધી વીકએન્ડ બેચ દ્વારા તાલીમ આપવામાં આવે છે. ગુજરાતમાં અંડર ગ્રેજ્યુએટને આ તાલીમ આપવાનો પ્રારંભ લોકસેવા ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યો હતો. આ સંસ્થા દ્વારા જે યુવાનો તાલીમ લેવા માગતા હોય તેમણે મો. ૯૭૨૩૩ ૩૬૪૮૨, ૯૪૨૬૬ ૦૬૪૮૩ ઉપર સંપર્ક કરવાનું ટ્રસ્ટની એક પ્રેસનોટમાં જણાવાયું છે.

★

## સામાજિક, ધાર્મિક અને શૈક્ષણિક ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન આપનાર જાણીતા શ્રેષ્ઠી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈનું દુઃખદ નિધન

જાણીતા શિક્ષણવિદ અને અનેક સંસ્થા - સેવાકીય પ્રવૃત્તિઓમાં પાયાની ભૂમિકા ભજવનારા શ્રેણિકભાઈ કસ્તૂરભાઈનું તા. ૧૯ જૂન, ૨૦૧૪ના રોજ અવસાન થતાં ગુજરાત સહિત અન્ય સ્થળોના ગુજરાતી સમાજોમાં શોકની લાગણી ફેલાઈ હતી. ૮૯ વર્ષીય શ્રેણિકભાઈ છેલ્લા કેટલાક સમયથી નાદુરસ્ત સ્વાસ્થ્ય ધરાવતા હતા. સાદગીભર્યા જીવન સાથે શિક્ષણ, ધર્મ, કળા, સ્થાપત્યના ક્ષેત્રે ખૂબ જ મહત્ત્વની કામગીરી અદા કરી હતી. તેમજ દરેક પ્રકારની સમાજસેવામાં પણ અગ્રસ્થાને રહેતા હતા. વડાપ્રધાન, રાજ્યપાલ, મુખ્યમંત્રી, મોખરાના રાજકારણીઓ, સમાજ અગ્રણીઓ વગેરેએ સદ્ગતશ્રીને શ્રધ્ધાંજલિ અર્પી હતી. એમના અવસાનથી ગુજરાતે મહાજન પરંપરાના જૈન શ્રેષ્ઠી ગુમાવ્યા છે. દિવંગતને શાશ્વત શાંતિ પ્રાપ્ત થાય તે માટે ઈશ્વરને પ્રાર્થના.

૨૮ ડિસેમ્બર, ૧૯૨૫ના રોજ જન્મેલા શ્રેણિકભાઈએ ૧૯ વર્ષની ઉંમરે ઈન્ટર સાયન્સનો અભ્યાસ કરીને અમેરિકાની એમ.આઈ.ટી. માંથી કેમિકલ એન્જિનિયરિંગ સાથે બીએસનો અભ્યાસ કર્યા બાદ હાવર્ડમાંથી એમ.બી.એ.નો અભ્યાસ પૂર્ણ કર્યો હતો.

★

## અમદાવાદ ખાતે ૨૦ મુમુક્ષોએ દીક્ષા ગ્રહણ કરવાનો ઐતિહાસિક અવસર

આધુનિક યુગમાં મનુષ્ય ભૌતિક સુખ સગવડ પાછળ આંધળી દોટ મૂકી રહ્યો છે. તેવા સમયે દુન્યવી સુખોનો ત્યાગ કરીને સંન્યાસના માર્ગે પ્રયાણ કરવું અત્યંત કઠિન હોવા છતાં અમદાવાદ ખાતે તા. ૨૦-૬-૨૦૧૪ના રોજ ૨૦ મુમુક્ષોએ સાંસારિક સુખ સગવડો ત્યજીને દીક્ષાના પંથે ચાલી નીકળ્યા હતા. જિન શાસનના શિરોમણિ આચાર્ય ભગવંત યુગભૂષણસૂરિશ્વરજી મ.સા.ની નિશ્રામાં ૨૦ મુમુક્ષોએ દીક્ષા ગ્રહણ કરી હતી. આ સાથે જૈન ધર્મમાં એક અનોખો અદ્વિતીય

*મનુષ્ય માટે નિરાશા સમાન બીજું કોઈ પાપ નથી. એટલા માટે મનુષ્યએ આશાવાદી બનવું જોઈએ.*

રેકોર્ડ સર્જાયો હતો. કળીયુગની વર્તમાન સદીનો આ પ્રથમ પ્રસંગ હતો. આ મુમુક્ષોની ઉંમર ૧૨થી ૪૭ વર્ષ સુધીની છે અને તેઓએ સી.એ., કંપની સેક્રેટરી, ફેશન ડિઝાઈનર, એન્જિનિયર જેવી ઉચ્ચ શૈક્ષણિક લાયકાત સાથેના પદોને તેમજ સંસારની મોહમાયાને એક પળમાં જ ત્યજી દીધી હતી. છ દિવસ સુધી યોજાયેલા વિવિધ કાર્યક્રમોને કુલ પાંચ લાખ લોકોએ માણ્યા હતા. અમદાવાદના જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ ખાતે ૧૦ લાખ ચોરસફૂટ પર બાંધવામાં આવેલા વિશાળ મંડપની વચ્ચે શોભતા એટલા જ વિશાળ સ્ટેજ પર જ્યારે દીક્ષાર્થીઓ મહાભિનિષ્ક્રમણ માર્ગે આગળ વધ્યા હતા ત્યારે ૫૦ હજારથી વધુ ભાવિકો આ અદ્વિતીય ક્ષણના સાક્ષી બન્યા હતા. આ ભવ્ય પ્રસંગે દેશભરમાંથી અનેક મહાનુભાવો, અગ્રણીઓ, જૈન આગેવાનો, ઔદ્યોગિક ગ્રુપના માલિકો, પ્રતિનિધિઓ વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ હતા. દીક્ષાર્થીઓના ગુણ અનુસાર તેમના નામાભિધાન કરવામાં આવ્યા હતા. ૨૦ મુમુક્ષોની એક સાથે દીક્ષા ગ્રહણ કરવાનો આ એક અનોખો પ્રસંગ અદ્ભુત, ઐતિહાસિક તથા જીવનભર ન ભુલાય તેવો હતો. ૨૦ પૈકી ૩ મુમુક્ષુઓ (દીક્ષાર્થીઓ) કચ્છના વતની છે.

***અહેવાલ : દિનેશ આર. મહેતા***

★

## નાની ખાખર જૈન સંઘના સહયોગ દ્વારા બાળ સંસ્કાર શિબિર યોજાયો

નાની ખાખર જૈન સંઘના સહયોગથી વર્ધમાન સર્વમંગળ અભિયાન ટ્રસ્ટ (દેશલપુર કંઠી)ના ઉપક્રમે યોજાયેલા બાળ સંસ્કાર શિબિરના સમાપન સમારોહમાં પૂ. ભુવનચંદ્રજી મહારાજ સાહેબે સંસ્કાર અને ધર્મના વારસાને નવી પેઢી સુધી પહોંચાડવા માટે અનુરોધ કર્યો હતો.



*શ્રી રમેશભાઈ સંઘવીનું સન્માન કરી રહેલાં નાની ખાખર સ્થાનિકના પ્રમુખ શ્રી પ્રવીણભાઈ કાનજીભાઈ જૈન*

આઠ દિવસના આ આવાસીય શિબિરમાં જુદા જુદા ગામોના ૧૦થી ૧૫ વર્ષના ૭૨ બાળકો જોડાયા હતા અને ધાર્મિક - સામાજિક જીવનની તાલીમ મેળવી હતી. મોબાઈલ, ટી.વી. અને રમતોની દુનિયાથી દૂર રહી આ બાળકોએ યોગ, તત્ત્વજ્ઞાન, સેવા, ધાર્મિક વિધિઓ, વ્યક્તિત્વ વિકાસ વગેરે કાર્યક્રમોમાં ભાગ લીધો હતો તેમજ ક્વીઝ, વનવિહાર જેવા કાર્યક્રમોને પણ તેઓએ માણ્યા હતા.

સમાપન સમારોહમાં કચ્છનાં જાણીતા શિક્ષણવિદ્ અને સંસ્કારપુરુષ શ્રી રમેશભાઈ સંઘવી અતિથિ વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા. આ આયોજનને સફળ બનાવવા માટે સર્વશ્રી પ્રવીણભાઈ જૈન, મણિલાલભાઈ વીરા, ખીમજીભાઈ દેઢિયા, ચંદ્રકાંતભાઈ છેડા, જિતેન્દ્રભાઈ દેઢિયા, વલ્લભજીભાઈ દેઢિયા, ખુશાલભાઈ દેઢિયા અને નગીનભાઈ દેઢિયા વગેરે અગ્રણીઓએ જહેમત ઉઠાવી હતી.

શિબિર દરમ્યાન બાળકોએ ક્રાંતિ તીર્થ તથા માનસી (બિદડા)ની મુલાકાત લીધી હતી. સમારોહમાં પ્રતિભાવ આપતા બાળકોએ આવી શિબિરો વારંવાર થાય તેવી લાગણી પ્રદર્શિત કરી હતી, એમ સંઘની એક યાદીમાં જણાવાયું હતું.

★

## જળમંદિર યોજનાને સફળ બનાવીએ

ક.વી.ઓ. મહાજન - મુંબઈ તથા ભુજના સહકારથી કચ્છમાં શરૂ થયેલ 'જળમંદિર' યોજનાં ખરેખર કચ્છની કાયા પલટ કરવામાં સફળ નીવડશે તેમજ ભૂગર્ભ જળ ક્ષેત્રે ઊભી થનારી કટોકટીમાંથી બચવા કારણરૂપ બનશે.

કુદરત ચોમાસામાં વરસાદરૂપે આપણને પૂરતું પાણી આપે છે, પણ આપણે એનું મહત્ત્વ ન સમજતાં એને દરિયામાં વહી જવા દઈએ છીએ અને બીજી બાજુ ભૂગર્ભ જળનો આડેધડ વપરાશ થતાં ભૂગર્ભ જળનાં તળિયાં ઊંડા જતા હોય છે. પાણી ક્ષારયુક્ત થતાં એનાથી અનેક બીમારીઓ ફેલાય છે, જે કારણે મનુષ્ય, પશુ પક્ષી તેમજ વનસ્પતિઓને નુકસાન થાય છે. એનાથી જમીન પણ બગડે છે અને ખેડૂતો ધાર્યા પાકો મેળવી શકતા નથી. ગામડાઓમાં ટેન્કર અને નળ દ્વારા પાણી અપાતાં, ત્યાંના તળાવ, તલાવડીઓ અને કૂવાઓનું મહત્ત્વ ભૂલાઈ ગયું છે. નદીઓ પણ તેમાં છોડાતા પ્રદૂષિત પાણીને કારણે ગટર બની ગઈ છે.

આ પરિસ્થિતિમાંથી બચવાનો એકમાત્ર ઉપાય છે કે આપણે આપણાં તળાવ, તલાવડી, નદીઓ તેમજ કૂવાઓને ફરીથી સજીવ કરવા પડશે. જે ચોમાસામાં વરસતા વરસાદનું પાણી ભૂગર્ભમાં લઈ જાય, જેથી ભૂગર્ભ જળની સપાટી ઉપર આવતી જાય અને એમાં ખારાશ ઘટતાં પાણીની ગુણવત્તા સુધરતી જાય, જતે દહાડે

*આશા, એ ફૂલ વિના મધ બનાવનારી મધમાખી છે.*

એ પાણી પીવાલાયક અને ખેતીલાયક બને.

આ યોજનાનાં કન્વીનર પર્યાવરણ પ્રેમી ભાઈશ્રી લાલ રાંભિયાએ જબરી જહેમત ઉપાડી 'જળ મંદિર' યોજનાને સફળ બનાવવા પ્રયત્નો આદર્યા છે. જેમાં તેઓને ગામેગામથી સહકાર મળી રહ્યો છે. મોટા ભાડિયાથી શરૂ થયેલી આ પ્રવૃત્તિમાં ઘણાં જળમંદિરો ટૂંક સમયમાં બની ગયા છે.

આજકાલ આપણે ગ્લોબલ વોર્મિંગને કારણે આવનારા વિનાશની વાતો સાંભળતા હોઈએ છીએ. તો આ આવનારા વિનાશમાંથી બચવા આપણે સૌ આપણા પોતાપોતાનાં ગામોનાં આપણાં તળાવ, તલાવડી, નદીઓ અને કૂવાઓનું નવસર્જન કરી જળમંદિરો બનાવીએ, તો જ આપણે આપણી ભાવિ પેઢીને આવનારા વિનાશમાંથી બચાવીશું.

આપણે જોઈ રહ્યા છીએ કે ગામેગામ નવા મંદિરો, કુળદેવીની દેરીઓ, કથાઓ તેમજ સામાજિક કાર્યોમાં કરોડોનો ખર્ચ થઈ રહ્યો છે. એમાંનો થોડો ભાગ આપણે આવી જળમંદિર તેમજ વૃક્ષારોપણ જેવી પ્રવૃત્તિઓ પાછળ ખર્ચીએ તો ખરેખર આપણાં કચ્છ જિલ્લાને લીલુંછમ બનાવીને તેને દુષ્કાળ મુક્ત બનાવી શકીએ.

*એલ.ડી. શાહ, કોટિવૃક્ષ અભિયાન - બિદડા*
*મો. ૯૮૭૯૬ ૪૭૯૧૫*

★

## શ્રી કચ્છી ગુર્જર જૈન પરિચય મિલન

### ૧ અને ૨ નવેમ્બર, ૨૦૧૪, હૈદરાબાદ

શ્રી દક્ષિણ ભારત કચ્છી ગુર્જર જૈન પરિવાર અને શ્રી કચ્છી ગુર્જર જૈન પરિવાર હૈદરાબાદ-સિકંદરાબાદના સંયુક્ત ઉપક્રમે, શ્રી કચ્છી ગુર્જર જૈન સમાજના પરણવા ઉત્સુક યુવક-યુવતીઓનું એક પરિચય મિલનનું આયોજન તા. ૧ અને ૨ નવેમ્બર, ૨૦૧૪ના હૈદરાબાદમાં રાખવામાં આવેલ છે. જેમાં ભારતભરના કોઈ પણ પ્રાંત કે અન્ય દેશમાં વસતા શ્રી કચ્છી ગુર્જર જૈન યુવક-યુવતીઓને ભાગ લેવા સહર્ષ આમંત્રણ છે.

અરજી કરનારએ kutchigurjarjainhyd.org વેબસાઈટ ઉપર જ ઓનલાઈન અરજીપત્રક ભરવાનું રહેશે.

વધુ વિગત માટે નીચે જણાવેલ સંચાલકોનો સંપર્ક કરી શકાય છે.

**શ્રી દક્ષિણ ભારત કચ્છી ગુર્જર જૈન પરિવાર**

**સંચાલકો :**

*રમેશ મણિલાલ શાહ : ૦૯૪૪૦ ૯૯૬૬૫૨*
*પ્રદીપ કેશવલાલ સંઘવી : ૦૯૪૪૦ ૬૦ ૧૬૬૯*
*નલિન મહેન્દ્ર શાહ : ૦૯૮૪૮૨ ૯૯૯૨૭*

★

**કચ્છજો માડુ...**
કચ્છજો માડુ ભુખ્ખ સૈંચેં ડુખ્ખ સૈંચેં, પણ કઢીયેં ન પિંઢજો કંધ;
માડુ મીળે હેંમથ વારા, તડેં રશ્મિન્ પુજેતાં પિંઢજે પંધ.
*– રશ્મિન્ ખોના (મુંબઈ)*

❀

**MAYUR PEER**

**NATIONAL ENTERPRISES**
**CLEARING, FORWARDING**
**SHIPPING & TRANSPORT AGENT**

277, Sahid Bhagat Singh Road, 1st Floor,
Suite No. 16, Hansraj Damodar Trust Building,
Fort, Mumbai-400 038.
**Tel. : (022) 2266 3097, 3254 7879**
**Fax : (022) 2267 3098**
**E-mail : mumbai@burleighintl.com**
**E-mail : mp@nealmp.com**
**Website : www.burleighintl.com**
**Website : www.nealmp.com**

# સાર સમાચાર

*સંકલનકર્તા : શાંતિલાલ સંઘવી*

(૧) મહિમા મહેરા નામની જયપુરની મહિલાએ હાથીની લાદમાંથી કાગળ બનાવવાની ટેકનોલોજી સફળ કરી બતાવી છે. આજે હાથીની લાદમાંથી તેણે બનાવેલા કાગળો જર્મની અને અન્ય દેશોમાં નિકાસ થાય છે. ***(સાધના, તા. ૧૦-૫-૨૦૧૪)***

(૨) અંતરિક્ષમાં દર સેકંડે પાંચ હજાર જેટલા નવા તારાઓનું નિર્માણ થાય છે. ***(ચિત્રલેખા, તા. ૨૬-૫-૨૦૧૪)***

(૩) દેશની તિહાર જેલમાં ૬૬ જેટલા કેદીઓ સજા પૂરી કરવાના છે. તેમને છુટ્યા બાદ જુદી જુદી કંપનીઓએ નોકરીની ઑફર કરેલી છે. રાજુ પારસનાથે જેલમાં જ ઇંદિરા ગાંધી ઑપન યુનિ.માંથી સામાજિક કાર્યના સ્નાતકની ડિગ્રી મેળવી છે. તેને તાજ ગ્રુપ દ્વારા બિઝનેસ ડેવલપમેન્ટ મેનેજર તરીકે માસિક રૂા. ૩૫,000/-ના પગારે રાખી લેવામાં આવેલ છે. ***(સાધના, તા. ૧૭-૫-૨૦૧૪)***

(૪) ઈરાન સરકારે વૉટ્સ ઍપ પર ઈરાનમાં પ્રતિબંધ મૂકેલ છે કારણકે વૉટ્સ ઍપનો માલિક ઝુકરબર્ગ અમેરિકન યહૂદી છે! ***(સાધના, તા. ૧૭-૫-૨૦૧૪)***

(૫) અમિતાભ બચ્ચનના પત્ની જયા બચ્ચનને ખેડૂત હોવાનું સર્ટિફિકેટ મધ્યપ્રદેશ સરકારે આપેલ છે. એટલે તાજેતરમાં થયેલા કમોસમી વરસાદના કારણે થયેલ નુકસાન પેટે સરકારે જયા બચ્ચનને રૂા. ૧૪,000/- સહાય રૂપે આપેલ છે! ***(સાધના, તા. ૧૭-૫-૨૦૧૪)***

(૬) ગાંધીજીના લખાણના કોપી રાઈટ ૨૦૦૯માં પૂરા થતાં ચીનના ૩૦ કરતાં પણ વધારે પ્રકાશકોએ ગાંધીજીની આત્મકથાની હજારો નકલો પ્રકાશિત કરી છે. આ ઉપરાંત 'હિંદ સ્વરાજ'નું પણ ચીની ભાષામાં અનુવાદ થયેલ છે. ***(હલચલ, તા. ૧૧-૧૦-૨૦૧૩)***

(૭) બ્રિટીશ લેખિકા આગાથા ક્રિસ્ટીનું એક નાટક 'માઉસ ટ્રેપ' લંડનમાં સળંગ ૨૦ વર્ષ ચાલ્યું. ***(હલચલ, તા. ૧૭-૧-૨૦૧૪)***

(૮) ચીનની સુન યાટ સેન યુનિ.ના પ્રોફેસર હુઆંગ યીનહોંગે ગાંધીજીના સત્યાગ્રહ અને ઉપવાસના વિષયમાં Ph.D. કરેલ છે. ***(હલચલ, તા. ૧૧-૧૦-૨૦૧૩)***

(૯) જૈન તેરાપંથી સંપ્રદાયના આચાર્ય તુલસી કે જેની જન્મ શતાબ્દિનું વર્ષ છે, તેમણે ૫૦૦ જેટલાં ગીતોની રચના કરી છે. આ તમામ ગીતોની સ્વર રચના પણ તેમણે જાતે જ કરી છે અને એ ગીતોને કંઠ પણ પોતાનો જ આપ્યો છે. ***(દિવ્ય ભાસ્કર, તા. ૨૫-૫-૧૪)***

(૧૦) વિકલાંગ લોકોને શિક્ષણ, આરોગ્ય, નોકરી વગેરે માટેની સરકારી કલ્યાણ યોજના માટે રાજ્ય સરકારનું પ્રમાણપત્ર મેળવવું જરૂરી છે. આ મામલે સમગ્ર દેશમાં સૌથી ખરાબ પાંચ રાજ્યોમાં ગુજરાતનો સમાવેશ થાય છે. ***(ટાઈમ્સ ઑફ ઈન્ડિયા, તા. ૨૬-૪-૨૦૧૪)***

(૧૧) રાજ્યભરના કોર્ટ કેસોનો ભરાવો અટકાવવા ૨૦૦૬ નવેમ્બરથી શરૂ થયેલી સાંધ્ય કોર્ટો ગ્રાંટ ન મળવાને કારણે બંધ કરવામાં આવી. ***(નયા માર્ગ, તા. ૧૬-૫-૨૦૧૪)***

(૧૨) ગુજરાતના 'સદ્‌ભાવના'ના રૂા. ૪૦,૦૦૦ કરોડનું શું થયું? એ માટે કરવામાં આવેલી આર.ટી.આઈ.નો સરકાર તરફથી કશો જવાબ નથી. ***(નયા માર્ગ, તા. ૧૬-૫-૧૪)***

(૧૩) કેન્સર પીડિત મહિલાઓના માથા માટેની વિગ બનાવવાના ઉમદા હેતુસર ચેન્નાઈની વિમેન્સ ક્રિશ્ચિયન કોલેજની વિદ્યાર્થિનિઓ અને કેટલાક મહિલા અધ્યાપકોએ પોતાના લાંબા સુંવાળા વાળ ઉતરાવી બધા વાળ દાનમાં આપ્યા. શરૂઆત કરનાર વિદ્યાર્થિની હતી રેની શારદા અને વાળ ઉતરાવનાર યુવતીઓની સંખ્યા હતી ૧૫૦. ***(નયા માર્ગ, તા. ૧૬-૫-૨૦૧૪)***

(૧૪) બ્રિટનથી સમાચાર છે કે ૩૨ વર્ષની ઉંમરની ડેબી ટેલર નામની મહિલા છેલ્લા ૧૦ વર્ષથી માત્ર બટાકાની કાતરીની વેફર ખાઈને જીવે છે. તે બીજી કોઈ વાનગી ખાઈ જ શકતી નથી. ***(નયા માર્ગ, તા. ૧૬-૫-૨૦૧૪)***

(૧૫) 'Down to Earth' મેગેઝિનમાં આવેલી વિગતો મુજબ ૨૦૦૨ પછીના ૧૨ વર્ષમાં ચા ના બગીચામાં કામ કરવાવાળા ૧૦૦૦ મજૂરોના મોત કેવળ ભૂખમરાને કારણે થયા છે. (ચાય-પે ચર્ચા!) ***(ભૂમિપુત્ર, તા. ૧૬-૫-૨૦૧૪)***

(૧૬) મુંબઈ સ્થિત પૃથ્વી થિયેટરમાં નાટક શરૂ થયા પછી મહારાષ્ટ્રના મુખ્યમંત્રી હોય તો પણ પ્રવેશ આપવામાં આવતો નથી. ત્યાં વર્ષ દરમ્યાન ૫૫૦ કરતાં પણ વધારે નાટક શો યોજાય છે. ***(સંદેશ, તા. ૨૮-૫-૨૦૧૪)***

(૧૭) જામનગરના બ્રહ્મ સોશિયલ ગ્રુપ દ્વારા લાડુ આરોગવાની સ્પર્ધામાં કનકભાઈ ઓઝા નામના ભૂદેવે ૮૦ ગ્રામ વજનના ૧૭ લાડુ ખાઈને પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું. ***(હલચલ, તા. ૧૩-૯-૨૦૧૩)***

(૧૮) કચ્છ મુંદ્રા તાલુકાના બરાયા ગામના બાપુ હરિસિંહ ધનુભા જાડેજાની 'હીરલ' નામની ઘોડીની રૂા. ૪૧ લાખની કિંમતે માગણી થઈ પણ આટલી મોટી રકમે પણ હરિસિંહે ઘોડી વેચવાની ના પાડી. ***(હલચલ, તા. ૧૫-૪-૨૦૧૪)***

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૦૦ ઉપર)**

*વિષાદની ભરતીની ટોચે આશાનાં અમૃતબિંદુ તરે છે.*

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ*

## પ્રદૂષણના પાપે પર્યાવરણ

★ ગ્લોબલ વોર્મિંગના કારણે તાપમાન ૨૦ વર્ષમાં બે ડિગ્રી વધી ગયું છે. જેના કારણે ક્લાઈમેટ ચેન્જ જેવા વિષય પર સંશોધન અને ઉદ્યોગોમાં થતી ટેકનોલોજી પર રૂા. ૧૮ હજાર લાખ કરોડ ખર્ચવામાં આવે છે.

★ મોટા વાવાઝોડા તોફાન જેવી આપત્તિઓના કારણે રૂા. ૬૭ લાખ કરોડનું નુકસાન થાય છે.

★ આ ગ્લોબલ વોર્મિંગને રોકવા રૂા. ૯.૮૮ લાખ કરોડનો ખર્ચ વિકાસશીલ દેશોએ ૨ ડિગ્રી તાપમાન વધતું અટકાવવા કરવો પડશે.

★ વર્લ્ડ બેંકે ૧૯૯૦થી અત્યાર સુધી ૯૦ દેશોને રૂા. ૧૬૯૩૨ કરોડનું ફંડ કાર્બન ડાયોક્સાઈડ રોકવા આપ્યું છે.

### ગ્લોબલ વોર્મિંગની અસરો :

★ વિશ્વની સૌથી મોટી કોરલ રીફ ઓસ્ટ્રેલિયાની ગ્રેટ બેરિયર રીફનો રંગ જ ઊડી ગયો છે. તેનું કારણ સમુદ્રનું એસીડિફિકેશન અને તાપમાનમાં વધારો.

★ ૨૦ વર્ષ પહેલાં જ વિશ્વના સૌથી સમૃધ્ધ કોસ્ટલ ઈકો સિસ્ટમમાં ટેક્સાસ જેટલા મોટા ક્ષેત્રફળમાં રંગબેરંગી જોવા મળતી હજારો કોરલ પ્રજાતિઓ નાશ પામી છે.

★ માત્ર બે વર્ષ પહેલાં મે-૨૦૧૨માં એવરેસ્ટની ૪૦ ફૂટ ઊંચી રોક વૉલ પર ૨૩૪ લોકો એક જ દિવસમાં પહોંચ્યા હતા. એવરેસ્ટ સર કરી ચૂક્યા છે. ૨૬ હજાર ફૂટની ઊંચાઈ પર પર્વતારોહકના કેમ્પ ૪ તેમણે છોડેલા કચરાથી ભરાઈ ગયો હતો. આ કચરામાં તૂટેલા ફૂટેલા ટેન્ટ, ખાવાનો એંઠવાડ, ખાલી ઓક્સિજનની બોટલનો સમાવેશ થાય છે.

★ વિશ્વના ચોથા ક્રમના સૌથી મોટા ટાપુ મડાગાસ્કરમાં વર્ષ ૨૦૦૦ પહેલાં જ માણસો આવીને વસ્યા, પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં તેમણે પોતાની જરૂરિયાતો માટે વનોનું નિકંદન કાઢી નાખ્યું. પરિણામ એ આવ્યું કે જે વૃક્ષો માટીને બાંધી રાખતા હતા, તેની ગેરહાજરીમાં મોંગોની નદી આ વિસ્તારની માટી વહાવીને લઈ જઈ રહી છે.

★ ઉત્તરીય ધ્રુવમાં પીગળતા બરફે આ વિસ્તારની ઋતુ જ નહીં પરંતુ પ્રજાતિઓને પણ અસર કરી છે. સીલ અને વાલરસ જેવી માછલીઓની પ્રજાતિઓને પ્રજનન માટે બરફની જરૂર હોય છે. જ્યારે તટવર્તી વિસ્તારોમાં એક સામટા બરફ ભાગ્યે જ જોવા મળે છે. તેની જગ્યાએ હવે પીગળેલા બરફના ટુકડા જ ટુકડા હોય છે.

★ ઉત્તર પશ્ચિમ અમેરિકા અને પશ્ચિમી કેનેડાના ૧ કરોડ એકર વિસ્તારમાં ફેલાયેલો રોકી નેશનલ પાર્કના લીલા પોઈન્ટ ટ્રી પર ગ્લોબલ વોર્મિંગની અસર સ્પષ્ટપણે જોવા મળે છે. સૌથી વધુ અસર માઉન્ટેન પાઈન બીટલ્સને થઈ છે. પહેલા ઠંડીના કારણે બીટલ થઈ શકતા ન હતા. હવે તેમનું પ્રમાણ વધી રહ્યું છે. પરિણામે લીલોતરીનો નાશ થઈ રહ્યો છે.

★ અલાસ્કાના મૂર ગ્લેશિયર પીગળીને એક ઝરણામાં ફેલાઈ ગયા છે. બરફની જગ્યા લીલોતરીએ લઈ લીધી છે. ઝરણાના કિનારે ગ્લેશિયરના કાંપ સ્વરૂપે કાંકરા બચ્યા છે. ૧૯મી સદીમાં આ માત્ર બરફના પર્વતોની જગ્યા હતી. અહીં સ્થિત હિમશખર ૭ ફૂટ પહોળા હતા. ૨૦૦૫ સુધીમાં મૂર ગ્લેશિયર ૩૧ માઈલ ઓછો થઈ ગયો હતો.

★ આપણે આપણી સુવિધાઓ માટે વધુને વધુ વીજળીનો ઉપયોગ કરતા થયા છીએ. નીચેના આંકડા આનો પ્રકાશ પાડે છે.

| | | |
|---|---|---|
| ચીન | ૨૯૪૪ | બિલિયન કિલોવોટ |
| પાકિસ્તાન | ૪૫૭ | બિલિયન કિલોવોટ |
| ભારત | ૬૧૬ | બિલિયન કિલોવોટ |
| ઈંગ્લેન્ડ | ૬૦૬૧ | બિલિયન કિલોવોટ |
| અમેરિકા | ૧૩૬૬૩ | બિલિયન કિલોવોટ |

★ વીજળીના ઉત્પાદનના પરિણામે કાર્બન ડાયોક્સાઈડનું ઉત્સર્જન મોટા પ્રમાણમાં થાય છે. આનાથી ચિંતિત દેશોએ કાર્બનનું પ્રમાણ ઘટાડવાનો વાયદો કર્યો છે. જે આ પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ભારત | ઈ.સ. ૨૦૫૦ સુધી | ૨૦-૨૫% |
| ચીન | ઈ.સ. ૨૦૨૦ સુધી | ૪૫% |
| અમેરિકા | ઈ.સ. ૨૦૨૦ સુધી | ૧૭% |
| ઈંગ્લેન્ડ | ઈ.સ. ૨૦૨૫ સુધી | ૫૦% |
| પાકિસ્તાન | ઈ.સ. ૨૦૨૫ સુધી | ૨૫% |

★ પર્યાવરણના પ્રકોપથી બચવા માટે વધુને વધુ વનીકરણની જરૂર છે. લાખો કરોડોની આ ક્લાઈમેટ ચેન્જવાળી ઈકોનોમિમાં વાસ્તવિક પરિવર્તન તો વૃક્ષો વાવવાથી જ જોવા મળશે.

★ પાકિસ્તાનમાં વૃક્ષો ઘટે છે જ્યારે આપણે ત્યાં વૃક્ષો વધે છે.

★ ૨૦૦૨માં આપણું વનક્ષેત્ર ૨૨.૭૫% જેટલું હતું તે ૨૦૧૨માં વધીને ૨૩.૧% થયું છે. જ્યારે સમગ્ર વિશ્વનું વનક્ષેત્ર ૩૦% છે.


***ચાલો, આપણે પ્રતિજ્ઞા લઈએ....***

**"આ વરસાદની ઋતુમાં ઓછામાં ઓછા આપણી ઉંમર જેટલા વૃક્ષો વાવીએ અને તેનું જતન કરીએ."**

*આશાની છીપલીમાં જ સિદ્ધિનાં મોતી નીપજે છે.*

## શબ્દ રમત-૯૫

*સંકલન : રજનીકાંત પારેખ*




શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૦-૭-૨૦૧૪)*

### આડી ચાવીઓ

૧. બાળકને ઝુલાવાતાં ગવાતું ગીત (૪)
૪. મુઠ્ઠીમાં આવે તેટલું, પોટલું (૩)
૬. બખોલ, ગુફા (૨)
૭. એક ઉપર એક ગોઠવીને કરેલો ગંજ (૨)
૮. થડના મૂળ આગળનો ભાગ (૩)
૧૦. ભવિષ્ય કથન (૪)
૧૨. એક ફૂલ, ગર્ભાશયનું મુખ (૩)
૧૩. ભાષાંતર, અનુવાદ (૪)
૧૫. નાની, નીચી, વાંકા વળીને જવાય તેવી બારી (૫)
૧૬. જૂનું ચાલીસ સેરનું તોલ
કીડીને કણ, હાથીને --- (૨)
૧૭. પૃથ્વી (૧)
૧૮. ફાગણ - ચૈત્ર માસની ઋતુ (૩)
૨૦. રસ્તામાં મુસાફરને પાણી પાવાની જગ્યા (૩)
૨૨. ઝટ ભાંગી જાય તેવું (૩)
૨૩. ચોરાસી લાખ જન્મનું ચક્ર (૫)
૨૬. જાતે, પંડે (૨)
૨૭. ઘાંટો, સૂર, બૂમ (૨)
૨૮. બહાનું, મિષ (૨)
૨૯. દમયંતીનો પતિ, રાજા (૨)
૩૦. હોડ, કરાર, બોલી (૩)
૩૧. કાપીને મારી નાખવું, વધારો (૨)
૩૨. રાણા પ્રતાપના અશ્વનું નામ (૩)
૩૩. કીટો, ગરમીથી પીગળી ગયેલી ઈંટ
કે નળિયાનો કટકો (૨)
૩૪. છેડો, હદ, કાંઠો (૨)
૩૫. નાશ, લીન, એકતાર થવું (૨)
૩૬. સમૃધ્ધિ, જાહોજલાલી (૫)
૩૭. આકાશ, શૂન્ય, પોલાણ (૧)

### ઊભી ચાવીઓ

૧. હાથમાં ઝાલવાની લાકડી, આધાર (૫)
૨. વાતોડિયું, માથે ઝીક્યું (૨)
૩. નાનો પર્વત, મોટો ઢગ (૩)
૪. એક જાતનું અનાજ (૩)
૫. ધાણાની ભાજી (૪)
૬. પાણીમાં ચેતવણી આપવા માટેનું
લોઢાના ગોળા જેવું સાધન (૨)
૯. ચરણોદક (૫)
૧૦. નિસબત, સંબંધ, ભૂતપ્રેત (૪)
૧૧. ધાતુની છીછરી થાળી (૩)
૧૩. મલાઈ, કાંપ, પોપડી (૨)
૧૪. યુગલ, જોડું (૨)
૧૬. અમિતાભ બચ્ચન અને શાહરૂખની
એક ફિલ્મ (૪)
૧૯. સંયોગ, સંબંધ, સહવાસ (૨)
૨૦. ઘરનો આગલો ખંડ (૪)
૨૧. કારીગરી, કસબ, ચાતુરી, જાદુ (૪)
૨૪. માથું, મસ્તક (હિં) (૨)
૨૫. સાવચેત, હોશિયાર (૩)
૨૯. અનુકરણ (૩)
૩૧. પતિ, વરદાન (૨)
૩૨. સુખ, આરામ (૨)
૩૩. થાંભલો, ખંભો (૨)
૩૪. સ્લેટ (૨)

**Inter PLASTICA PVT. LTD.**
AN ISO 9001 : 2000 CERTIFIED COMPANY
SHAILESH V. HARIA
Director
MFG. : HDPE JERRY CANS, DRUMS 20 LTRS TO 160 LTRS.
NARROW MOUTH, WIDE MOUTH, FULL OPEN TOP DRUMS
Plot No. 1103/1104, G.I.D.C. Estate, Ankleshwar-393 002 (Gujarat)
Tel. : 225861, 221126 Fax : (02646) 252861 Mo. : 098241 34499
E-mail : info@interplastica.com • Website : www.interplastica.com

॥ શ્રી મહાવીરાય નમઃ ॥

# શ્રી કાનજી શિવજી ઓસવાળ જૈન બોર્ડિંગ હાઉસ (ગુરૂકુળ)

રજિ. નંબર : એ-૧૬૪ ● સ્થાપના : ૧૯૨૨

કાર્યાલય : જિલ્લા પેઠ, બી.એસ.એન.એલ. ઓફિસની પાસે, જલગાંવ, મહારાષ્ટ્ર-૪૨૫ ૦૦૧.

**અધ્યક્ષ : શ્રી દલિચંદજી હસ્તીમલજી ચોરડિયા**
**ઉપાધ્યક્ષ : શ્રી વિજયરાજજી કપૂરચંદજી કોટેચા**
**શ્રી અનિલકુમાર કેવલચંદજી દેસડા**

**સચિવ : શ્રી પ્રદીપભાઈ જ્ઞાનચંદજી રાયસોની**
**પ્રબંધક સમિતિ અધ્યક્ષ તથા સહસચિવ :**
**શ્રી દિલીપ હસ્તીમલજી ચોપડા**

જલગાંવ (મહારાષ્ટ્ર)માં જ્યારે એક પણ કોલેજ અસ્તિત્વમાં ન હતી ત્યારે સમગ્ર જૈન જ્ઞાતિની શૈક્ષણિક પ્રવૃત્તિને પોષકરૂપ અને સંવર્ધક કહી શકાય તેવી આ અગ્રિમ હરોળની સંસ્થા શ્રી કાનજી શિવજી ઓસવાળ જૈન બોર્ડિંગ હાઉસ (ગુરૂકુળ)ની સ્થાપના આજથી ૯૨ વર્ષ અગાઉ એટલે કે વર્ષ ૧૯૨૨માં થઈ હતી. જે એક દંતકથારૂપ કહી શકાય. દાનવીર શ્રી કાનજીભાઈ શિવજી ગામ બારોઈ - કચ્છનાં છે, જે સમગ્ર કચ્છ માટે ગૌરવની વાત છે.

હાલે જલગાંવમાં વિદ્યા મેળવવા ક્ષેત્રે જુદા જુદા વિષયોની લગભગ ૧૬ જેટલી કોલેજો કાર્યરત છે અને તેનો લાભ લેનાર છાત્રોની સંખ્યા મોટા પ્રમાણમાં છે.

ઉપરોક્ત કોલેજોમાં અભ્યાસ માટે દાખલ થનારને રહેવા માટે આ સંસ્થા બોર્ડિંગની સગવડ આપે છે.

- ધોરણ-૧૧થી ઉપરના છાત્રોને આ બોર્ડિંગમાં પ્રવેશ મળશે.
- જલગાંવ સ્થિત ઉત્તર મહારાષ્ટ્ર વિદ્યાપીઠ પણ ચાલુ છે.
- ભારતભરના જૈન છાત્રો માટે ઉપરોક્ત સગવડતા ઉપલબ્ધ છે.

***પ્રવેશપાત્ર છાત્રો નીચે જણાવેલ ફોન પર સંપર્ક કરી શકે છે.***

**મેનેજર : શ્રી રમેશચંદ્ર જૈન**
**(૦૨૫૭) ૨૨૩૯૪૫૩**
**મો. ૦૯૯૭૦૦ ૩૯૮૦૮**

**કાર્યકારી સભ્ય : શ્રી રાઘવજી લાલજી સતરા**
**(૦૨૫૭) ૨૨૨૧૨૪૫**
**મો. ૦૯૬૭૩૩૬૪૨૯૦**

## Nano 9 Sudoku

**શરતો :**

૧. ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.

૨. ૧થી ૯ના આંકડા 3 X 3ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.

મે-૨૦૧૪ના અંકમાં છપાયેલ
સુડોકુ-૧૦૪૯ના સાચા ઉકેલ મોકલનારના નામ

| | | |
|---|---|---|
| ૧. | રમેશ ઉમરશી સાવલા | - અમદાવાદ |
| ૨. | નેહા ભાવેશ પારેખ | - અમદાવાદ |
| ૩. | અવંતી દેવેશ દંડ | - અમદાવાદ |
| ૪. | સ્મિતા વિશાલ શાહ | - અમદાવાદ |
| ૫. | ઉષ્મા વિશાલ શાહ | - અમદાવાદ |
| ૬. | પ્રજ્ઞેશ ખુશાલ ગોસર | - અમદાવાદ |
| ૭. | પ્રતાપ નારાણજી દંડ | - અમદાવાદ |
| ૮. | ગીતા વિનોદ મહેતા | - અમદાવાદ |
| ૯. | હર્ષ પ્રતીક પારેખ | - સિકંદ્રાબાદ |
| ૧૦. | પ્રભા મહેન્દ્ર શેઠિયા | - વલસાડ |
| ૧૧. | હર્ષદ ખેતશી ગાંધી | - બેંગ્લોર |
| ૧૨. | હસમુખ દામજી દેઢિયા | - અડાલજ |

ઉપર્યુક્ત ૧૨ સાચા જવાબ મોકલનારાઓના લક્કી ડ્રો અનુસાર ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. જેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મેળવી લેવા વિનંતી છે.

**★ વિજેતાઓ ★**

- *પ્રભા મહેન્દ્ર શેઠિયા - વલસાડ*
- *હર્ષ પ્રતીક પારેખ - સિકંદ્રાબાદ*
- *નેહા ભાવેશ પારેખ - અમદાવાદ*

*આળસ શરૂઆતમાં સુખરૂપ હોય છે પણ અંતમાં દુઃખરૂપ, જ્યારે પુરુષાર્થ શરૂઆતમાં દુઃખરૂપ હોય છે પણ અંતમાં સુખરૂપ.*

## Nano 9 Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૦૫૧ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૦-૭-૨૦૧૪ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ ઓગસ્ટ-૨૦૧૪ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મોબાઈલ : ______________________

**ક્રમાંક - ૧૦૫૧**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૬ | | | | ૭ | |
| ૧ | ૭ | | | | | | | |
| ૨ | | | | | | | ૬ | ૪ |
| ૪ | ૩ | | ૨ | | | | | |
| ૫ | | | | | ૬ | | | ૨ |
| | | | | | ૮ | ૭ | | |
| ૩ | | | ૧ | | | | | ૮ |
| | | | | | ૫ | ૩ | | ૧ |
| | | ૫ | ૩ | | | ૨ | ૪ | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨ | | | | ૫ | | ૮ | |
| ૩ | | | | | | | ૯ | |
| | | ૯ | ૨ | | | | | ૪ |
| | | | | ૫ | ૭ | | ૩ | ૨ |
| ૫ | | | ૮ | | ૪ | | | ૧ |
| ૪ | ૩ | | ૬ | ૨ | | | | |
| ૨ | | | | | ૮ | ૬ | | |
| | ૬ | | | | | | | ૯ |
| | ૮ | | ૫ | | | | ૪ | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૮ | | | ૧ | | ૭ | ૫ |
| | | | ૬ | | | | | ૧ |
| | ૭ | ૩ | ૫ | | ૪ | ૯ | | ૬ |
| | ૮ | | | ૬ | | ૩ | | ૪ |
| ૯ | | | | | | | | ૭ |
| ૩ | | ૧ | | ૫ | | | ૯ | |
| ૮ | | ૭ | ૨ | | ૩ | ૫ | ૬ | |
| ૬ | | | | | ૫ | | | |
| ૪ | ૩ | | ૯ | | | ૨ | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | | | | ૭ | ૨ | | |
| ૪ | | ૧ | | | | | | |
| ૨ | | | ૯ | | | ૫ | ૪ | |
| ૧ | | ૮ | | | | | | |
| ૫ | | | ૨ | ૩ | | | | ૪ |
| | | | | | ૬ | | ૭ | |
| | | | | | | | | |
| | | ૫ | | ૨ | | | | |
| | | | ૭ | ૧ | | ૯ | ૨ | |

**ઉકેલ : ક્રમાંક - ૧૦૫૦**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૬ | ૮ | ૨ | ૩ | ૧ | ૪ | ૭ | ૯ |
| ૭ | ૯ | ૨ | ૬ | ૪ | ૮ | ૫ | ૧ | ૩ |
| ૩ | ૧ | ૪ | ૯ | ૫ | ૭ | ૮ | ૨ | ૬ |
| ૬ | ૮ | ૩ | ૭ | ૧ | ૫ | ૯ | ૪ | ૨ |
| ૧ | ૭ | ૯ | ૪ | ૨ | ૬ | ૩ | ૮ | ૫ |
| ૨ | ૪ | ૫ | ૩ | ૮ | ૯ | ૭ | ૬ | ૧ |
| ૮ | ૫ | ૬ | ૧ | ૯ | ૪ | ૨ | ૩ | ૭ |
| ૪ | ૨ | ૭ | ૫ | ૬ | ૩ | ૧ | ૯ | ૮ |
| ૯ | ૩ | ૧ | ૮ | ૭ | ૨ | ૬ | ૫ | ૪ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૨ | ૯ | ૮ | ૫ | ૭ | ૬ | ૪ | ૧ |
| ૬ | ૮ | ૭ | ૯ | ૧ | ૪ | ૩ | ૨ | ૫ |
| ૧ | ૪ | ૫ | ૨ | ૩ | ૬ | ૮ | ૭ | ૯ |
| ૮ | ૫ | ૩ | ૧ | ૬ | ૨ | ૭ | ૯ | ૪ |
| ૭ | ૧ | ૬ | ૫ | ૪ | ૯ | ૨ | ૮ | ૩ |
| ૪ | ૯ | ૨ | ૭ | ૮ | ૩ | ૫ | ૧ | ૬ |
| ૯ | ૩ | ૮ | ૪ | ૭ | ૫ | ૧ | ૬ | ૨ |
| ૫ | ૭ | ૪ | ૬ | ૨ | ૧ | ૯ | ૩ | ૮ |
| ૨ | ૬ | ૧ | ૩ | ૯ | ૮ | ૪ | ૫ | ૭ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૩ | ૫ | ૬ | ૧ | ૪ | ૨ | ૭ | ૮ |
| ૬ | ૮ | ૪ | ૭ | ૫ | ૨ | ૧ | ૯ | ૩ |
| ૧ | ૭ | ૨ | ૯ | ૮ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૮ | ૫ | ૧ | ૨ | ૩ | ૬ | ૯ | ૪ | ૭ |
| ૭ | ૨ | ૬ | ૮ | ૪ | ૯ | ૫ | ૩ | ૧ |
| ૪ | ૯ | ૩ | ૧ | ૭ | ૫ | ૮ | ૬ | ૨ |
| ૫ | ૬ | ૭ | ૪ | ૨ | ૧ | ૩ | ૮ | ૯ |
| ૩ | ૧ | ૮ | ૫ | ૯ | ૭ | ૬ | ૨ | ૪ |
| ૨ | ૪ | ૯ | ૩ | ૬ | ૮ | ૭ | ૧ | ૫ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૧ | ૭ | ૯ | ૪ | ૨ | ૮ | ૬ | ૩ |
| ૩ | ૬ | ૮ | ૫ | ૧ | ૭ | ૯ | ૪ | ૨ |
| ૯ | ૪ | ૨ | ૬ | ૩ | ૮ | ૧ | ૭ | ૫ |
| ૧ | ૨ | ૪ | ૭ | ૯ | ૩ | ૬ | ૫ | ૮ |
| ૮ | ૭ | ૫ | ૪ | ૬ | ૧ | ૨ | ૩ | ૯ |
| ૬ | ૩ | ૯ | ૮ | ૨ | ૫ | ૪ | ૧ | ૭ |
| ૨ | ૮ | ૧ | ૩ | ૫ | ૪ | ૭ | ૯ | ૬ |
| ૭ | ૯ | ૩ | ૧ | ૮ | ૬ | ૫ | ૨ | ૪ |
| ૪ | ૫ | ૬ | ૨ | ૭ | ૯ | ૩ | ૮ | ૧ |

## શબ્દ રમત-૯૪નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | મ | ન | ગ | મ | તું | ■ | ત | લ | વા | ર | ■ |
| અ | ન | વ | ર | ■ | ■ | તા | ■ | લા | ગ | ■ | મા |
| ■ | હ | ■ | બ | ■ | ઝ | ટ | પ | ટ | ■ | કા | વ |
| ભા | ર | ■ | ડ | ર | ■ | ■ | રા | ■ | સ | મ | જ |
| ર | ■ | સ | ■ | ■ | ગ | તા | ગ | મ | ■ | ના | ત |
| ત | ■ | બ | ■ | વા | જ | ■ | ■ | ખ | ગ | ■ | ■ |
| ■ | મ | ક | લી | ■ | ■ | ક | ન્યા | ■ | ર | ■ | સુ |
| મા | ળ | ■ | રા | જા | પુ | રી | ■ | હો | મ | ■ | મે |
| લ | વ | ણ | ■ | વ | ■ | ■ | હો | જ | ■ | શૂ | ળ |
| દા | ળ | ■ | આ | ક | લ | ન | ■ | રી | ■ | ર | ■ |
| ર | ■ | બ | દ | ■ | બ્ધિ | ■ | ના | ■ | ના | વી | ન્ય |
| ■ | ભા | દ | ર | વા | ■ | ભ | વ | સા | ગ | ર | ■ |

*માસ મે-૨૦૧૪ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૯૩ના ઉકેલ મોકલાવનારના નામ*

| | | | |
|---|---|---|---|
| ૧. | શાંતિભાઈ વ. શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૨. | પ્રતાપ નારાણજી દંડ | - અમદાવાદ | બધા સાચા |
| ૩. | ચંદ્રાબેન મહેન્દ્ર શાહ | - ભટ્ટા, અમદાવાદ | બધા સાચા |
| ૪. | પ્રભા મહેન્દ્ર શેઠિયા | - વલસાડ | બધા સાચા |
| ૫. | નગીન હંસરાજ શાહ | - નાગપુર | બધા સાચા |
| ૬. | નવીન શામજી લાલકા | - ગદગ | ૧ ભૂલ |
| ૭. | ચંદ્રા મહેન્દ્ર શાહ | - સેટેલાઈટ, અમદાવાદ | ૧ ભૂલ |
| ૮. | સ્મિતા વિશાલ શાહ | - અમદાવાદ | ૧ ભૂલ |
| ૯. | હેમલતા હસમુખ દેઢિયા | - અડાલજ | ૨ ભૂલ |
| ૧૦. | નવીન લાલચંદ સંઘવી | - અમદાવાદ | ૪ ભૂલ |

## "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

જૂન - ૨૦૧૪ દરમ્યાન નીચે મુજબ લવાજમ પ્રાપ્ત થયેલ છે.

### નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

**૧ વર્ષનું લવાજમ**

- નીલેશ શામજી ગાલા — દાદર, મુંબઈ
- માવજી આણંદજી શાહ — ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ
- કાજલ મહેન્દ્ર ગડા — પવઈ, મુંબઈ

**૩ વર્ષનું લવાજમ**

- વિપીન દલીચંદ મઠિયા — એલિસબ્રિજ, અમદાવાદ
- ઉમાબેન શિવજી ભેદા — શાંતાક્રુઝ (વેસ્ટ), મુંબઈ
- દીપક પુનશી શાહ — મુલુંડ (ઈસ્ટ), મુંબઈ

**૫ વર્ષનું લવાજમ**

- પદમશી ઉમરશી સાવલા — ડુમરા, અબડાસા, કચ્છ

- રશ્મિકાંત લવજીભાઈ મહેતા — ગાંધીધામ, કચ્છ

### રીન્યુ થયેલ લવાજમો

**૧ વર્ષનું લવાજમ**

- કિશોરચંદ્ર જગજીવન શાહ — ભુજ, કચ્છ
- મહેન્દ્ર પી. સંઘવી — બેંગલુરુ

**૩ વર્ષનું લવાજમ**

- ઉમરશી શામજી મેપાણી — વડાલા, મુંબઈ

**આજીવન**

- પ્રવીણચંદ્ર હરધોર ગાલા — વિલેપાર્લે (ઈસ્ટ), મુંબઈ

## સાર સમાચાર

(અનુસંધાન : પાના નં.-૯૫ ઉપરથી ચાલુ)

(૧૯) માણસનું હૃદય બંધ પડી જાય તે પછી પણ તેનું મગજ ૯૦ મિનિટ સુધી જીવિત રહે છે, આંખ ૩૦ મિનિટ સુધી, હાડકાં ૩ દિવસ સુધી અને ચામડી પાંચ દિવસ સુધી જીવિત રહે છે. ***(લોક સ્વરાજ, જૂન-૨૦૧૪)***

(૨૦) ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડેઝર્ટ ઈકોલોજી નામની સંસ્થા રણના પર્યાવરણ પર કામ કરે છે. તે એવા જીવાણુંઓ પેદા કરવા મથી રહી છે જે સફળ થાય તો રણ મટીને ફળદ્રુપ જમીન બની જાય. આ જીવાણુંઓ ખારાશને હજમ કરી શકે છે. કચ્છ જેવા વિસ્તારો માટે આવી શોધ આશીર્વાદરૂપ બની શકે છે. ***(લોક સ્વરાજ, જૂન-૨૦૧૪)***

(૨૧) ગુજરાતમાં એટલી બધી બેકારી છે કે ૧૫૦૦ તલાટીઓની નોકરી માટે ૨ લાખ જેટલા લોકોએ અરજી કરી છે. અરજી ફોર્મની કિંમત સરકાર રૂા. ૨૦૦/- લે છે. એ મુજબ સરકારને રૂા. ૪૦ કરોડ તો કેવળ અરજી ફોર્મની ફી તરીકે મળી ગયા. અરજી કરનારાઓમાં ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ તથા એન્જિનિયર લોકો પણ હતા. ***(લોક સ્વરાજ, જૂન-૨૦૧૪)***

(૨૨) રવીન્દ્રનાથ ટાગોર પાસે કોલેજની એક પણ ડિગ્રી ન હતી પરંતુ રવીન્દ્રનાથ પર અત્યાર સુધીમાં ૪૦૦૦ લોકોએ Ph.D. કરેલ છે. ***(નવગુજરાત સમય, તા. ૮-૬-૨૦૧૪)***



સંકલન : દિનેશ આર. મહેતા

★ **કચ્છી કૃષિ પેદાશો લંડનમાં :** વૈશ્વિક અર્થતંત્ર, વેપારધંધા આયાત-નિકાસથી અવગત કચ્છના લેવા પટેલ યુવાનો આગામી સમયમાં કચ્છમાં કુદરતી કૃષિ ઉત્પાદનો લંડનની બજારમાં વેચવા તરફ ડગ માંડી રહ્યા છે. જ્ઞાતિના કચ્છ ખાતે સૌપ્રથમ વેપાર પ્રદર્શનના અંતિમ ચરણમાં વિશિષ્ટ વ્યવસાયિક પ્રવૃત્તિઓમાં આગળ વધી રહેલા કેટલાક આશાસ્પદ યુવક - યુવતીઓનું સન્માન કરાયું હતું. ત્રિ-દિવસીય પ્રદર્શનમાં ૧.૭૫ કરોડના સોદા પણ થયા હતા. આફ્રિકામાં સિવિલ વર્ક, બાંધકામ, યુ.કે.માં માહિતી પ્રસારણ, મસ્કત - દુબઈમાં કન્સ્ટ્રક્શન, હાર્ડવેર તેમજ ઑસ્ટ્રેલિયામાં સર્વિસ સેક્ટરમાં નોંધપાત્ર પ્રગતિ પામેલા કચ્છના લેવા પટેલો સ્થાનિકે વેપાર ધંધામાં અગ્રેસર થવા કમર કસી છે. કચ્છમાં વ્યક્તિગત તેમજ જૂથ બનાવીને વેપારનો વિસ્તાર કરાશે તેવો સંકલ્પ પ્રદર્શનના અંતે લેવાયો હતો. જ્ઞાતિનાં કેટલાક સાહસિક ખેડૂતો અને યુવાનોએ કચ્છની કુદરતી કૃષિ ઉપજ માટે લંડનમાં સુપર માર્કેટ સર્જી જિલ્લાની સૂકી ધરતીમાં નવો પ્રાણ પૂરવાની તૈયારીઓમાં લાગી ગયા છે.

★ **ગોટ ઘોડે નહીં પણ ઊંટે ચડ્યા :** સરહદી કચ્છ જિલ્લો સામાજિક ક્ષેત્રે ભારે વિવિધતા ધરાવે છે. જિલ્લામાં વસવાટ કરતી અનેક કોમોમાં એક કોમ એવી પણ છે - તેનો સામાજિક દરજ્જો અન્ય સમાજો કરતાં ખૂબ જ નીચો છે. શૈક્ષણિક સમાજ ખાસ કરીને પાવરપટ્ટી અને બન્ની પંથકમાં છૂટક છૂટક પરિવારો સાથે વસવાટ કરતો નાનકડો સમાજ એટલે વાઢા (કોળી) સમાજ લાકડાના વ્યવસાય સાથે સંકળાયેલો હોવાથી મોટાભાગે તેને વાઢા લોકો તરીકે ઓળખે છે. તેઓએ છેલ્લા ચારેક દાયકાથી સ્થિર બની હિંદુ ધર્મ અપનાવ્યો છે. પાવરપટ્ટીના વિસ્તારમાં વસતા ૩૦ જેટલા વાઢા પરિવારોમાં એકી સાથે છ પરિવારોમાં પ્રથમ જ વાર તાજેતરમાં યોજાયેલા લગ્નપ્રસંગો ધામધૂમપૂર્વક ઉજવ્યા હતા. પોતાના પરંપરાગત સિંધી કચ્છી મિશ્ર પોષાકમાં સુસજ્જ આ સમાજની મહિલાઓ અને પુરુષો ઘોડાના બદલે શણગારેલા ઊંટો પર વિશિષ્ટ વેશભૂષા સાથે વરને બિરાજમાન કરી કાઢેલા 'વરઘોડા'માં સામેલ થયા હતા. તેમને નિહાળવા મોટી સંખ્યામાં ગામલોકો એકત્ર થયા હતા.

★ **વધુ પ્રધાનપદું માંડવીના ફાળે :** માંડવી વિસ્તારના ધારાસભ્યશ્રી તારાચંદભાઈ છેડાને તાજેતરમાં રાજ્યમંત્રી પદે સ્થાન મળતાં કચ્છીઓમાં ખુશી ફેલાઈ હતી. માંડવી બેઠકને સ્પર્શે છે ત્યાં સુધી કચ્છમાં સૌથી વધુ પ્રધાનપદું આ બેઠકે ભોગવ્યું છે અને ઠેઠ મુખ્યમંત્રી પદ સુધી આ વિધાનસભા મત વિસ્તારને તક મળી છે.

★ **૨૦૧૫ના પ્રારંભે કચ્છને સિંચાઈના નીર :** નર્મદા નિગમના કચ્છી ડાયરેક્ટર મૂકેશભાઈ ઝવેરીએ સરહદી કચ્છ જિલ્લાના રહેવાસીઓને હૈયે ટાઢક વળે એવા સમાચાર તાજેતરમાં આપતાં જણાવ્યું હતું કે કચ્છ શાખા નહેરનું કામ ધમધોકાર ચાલી રહ્યું છે અને મહદ્ અંશે માર્ચ - ૨૦૧૫ સુધી કચ્છની ધરતી પર નર્મદાના સિંચાઈના નીરનું અવતરણ થઈ જશે. શ્રી ઝવેરીએ કહ્યું કે નર્મદા બંધની ઊંચાઈ વધવાથી ડૅમમાં જળરાશિનો ભરાવો વધશે અને વીજળી ઉત્પાદન પણ વધશે. આનાથી કચ્છ - સૌરાષ્ટ્રને કોઈ સીધો ફાયદો નથી પરંતુ આઠ વર્ષથી અટવાયેલું કામ આગળ ધપશે અને કેનાલોના કામમાં ઝડપ આવશે.

નર્મદાની કચ્છ શાખા નહેરની લંબાઈ ૩૬૦ કિ.મી. છે. એ પૈકી ૨૭૦ કિ.મી.નું કામ ચાલુ છે. ૧૨૧થી ૧૩૮ કિ.મી.નું કામ યુધ્ધના ધોરણે થઈ રહ્યું છે અને આવતા વર્ષના પ્રારંભે કચ્છને પાણી પહોંચાડવાની ગણતરી છે.

એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે કહ્યું કે ૧૪૪થી ૧૬૩ કિ.મી.ના કેનાલનો પટ્ટો કચ્છના રણમાં આવેલ અભયારણ્યમાંથી પસાર થવાનો હોવાથી તેની પર્યાવરણીય મંજૂરી કેન્દ્ર સ્તરે અટવાઈ છે. પરંતુ હવે બી.જે.પી. સરકાર આવી જતાં તેને તાત્કાલિક મંજૂરી મળવામાં છે, એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

વડાપ્રધાને તાજેતરમાં દિલ્હી ખાતે સરદાર સરોવર બંધની ઊંચાઈ ૧૨૧.૯૨ મીટરથી ૧૩૮.૭૨ સુધી વધારવાની મંજૂરી આપતાં, ઉપરોક્ત વિગત આપવામાં આવી હતી.

★ **કચ્છના વધુ ૯૦ ગામોમાં અર્ધ અછત :** એકધારા ત્રણ વર્ષથી વરસાદની ખેંચ અનુભવીને પીડાઈ રહેલા પશ્ચિમ કચ્છના અબડાસા અને લખપત તાલુકામાં અર્ધ અછતની જાહેરાત બાદ રાજ્ય સરકારે જિલ્લાના વધુ ૯૭ ગામો પણ તાજેતરમાં અર્ધ અછતગ્રસ્ત જાહેર કર્યા છે અને બન્નીના પશુઓને ઘાસચારો મળી રહે તેવા આદેશ પણ કરવામાં આવ્યા છે.

★ **માંડવી મુંદ્રા અને કંડલા વિસ્તારમાં સમુદ્રના પાણી :** તાજેતરમાં દરિયાઈ તાસીર બદલાતાં માંડવી બંદરીય પોર્ટ પરિસર ઉપરાંત વિન્ડફાર્મ બીચ પર અસાધારણ મોજાઓના ઉછાળનો નજારો સર્જાયો હતો. તેવી રીતે કંડલા બંદરે પણ દરિયાના પાણી ફરી વળતા ઝૂંપડપટ્ટી વિસ્તારમાં અમુક સમય સુધી વ્યાપક પાણીનો ભરાવો થયો હતો. મુંદ્રામાં કસ્ટમ હાઉસ, અદાણી હાઉસ, એગ્રીકલ્ચર પાર્ક વિસ્તાર અને સી.એફ.એસ.નો સમગ્ર વિસ્તાર ભરતીના પાણીની લપેટમાં આવી ગયો હતો. એકથી દોઢ કલાક સુધી જીવ અધ્ધર કરી દેતાં કુદરતના મિજાજથી કોઈ જાનહાનિ થઈ ન હતી.

★ **કચ્છના વિકાસમાં પાછીપાની નહીં :** સમગ્ર કચ્છ સહિત દેશભરમાં ભારતીય જનતા પાર્ટીને મળેલી ઐતિહાસિક જીતને વધાવવા ભુજના જ્યુબિલી ગ્રાઉન્ડ ખાતે તાજેતરમાં વિજયોત્સવ મનાવવાની સાથે કચ્છના નવનિયુક્ત રાજ્યમંત્રી તારાચંદભાઈ છેડા, નવનિર્વાચિત સાંસદ વિનોદભાઈ ચાવડા અને ધારાસભ્ય પંકજભાઈ મહેતાનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. કચ્છની જનતાએ પોતાના પક્ષ પર મૂકેલા વિશ્વાસને સાર્થક

કરવા કચ્છના વિકાસમાં ક્યાંય પાછીપાની નહીં કરવાની ખાતરી ઉચ્ચારી હતી.

★ **કીર્તિભાઈ ખત્રીને એવોર્ડ એનાયત :** ગુજરાતના વરિષ્ઠ પત્રકાર 'કચ્છમિત્ર'ના પૂર્વતંત્રી અને હાલ સલાહકાર તરીકે સેવાઓ આપતાં કીર્તિભાઈ ખત્રીને તાજેતરમાં અમદાવાદમાં મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન ખાતે અરુણાબેન મહેતા મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા ગુજરાતી અને અંગ્રેજીના નીડર પત્રકાર, તંત્રી અને લેખક સ્વ. તુષાર ભટ્ટની સ્મૃતિમાં શરૂ કરેલો "તુષાર ભટ્ટ ઍવોર્ડ - ૨૦૧૩" ગુજરાતના પૂર્વ નાણાંપ્રધાન સનત મહેતાના હસ્તે એનાયત કરાયો હતો. આ પ્રસંગે અન્ય પત્રકારો અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

★ **કચ્છી વાઈ અને સુરંદો :** હિંદી ફિલ્મી ગીતોના વાયરામાં કચ્છી લોકસંગીત ધીરે ધીરે ભૂલાઈ રહ્યું છે. એટલું જ નહીં, લોકસંગીતના જોરે આજીવિકા રળી ખાતાં કચ્છી કલાકારો આર્થિક રીતે પડી ભાંગ્યા છે. **જેના કારણે કચ્છી લોકગીતને જીવંત રાખવાનું ખૂબ જરૂરી બન્યું છે. કચ્છી લોક સંગીતના વાદ્યો વાઈ અને સુરંદો વગાડનારાં કલાકારો હવે માત્ર અલ્પ સંખ્યામાં (ચાર-પાંચ) રહ્યા છે.** આ પ્રકારના સંજોગોમાં કચ્છના કલાકારોને એક મંચ પર લાવીને કચ્છી લોક સંગીતને જાળવવા ગુજરાતમાં એક સંગીત લાઈબ્રેરી બનાવેલ છે, જેનું 'સંગીત જો સંજીરો' જેવું નામ અપાયું છે. આ પ્રકારે પ્રયાસ કરનાર સંસ્થા દ્વારા એક કોમ્યુનિટી રેડિયો પણ ચલાવાય છે. જેમાં પણ કચ્છી લોકગીત સંગીતની જાળવણી કરવા માટે અમેરિકન સ્ટડી રિસર્ચ ઑફ ઈન્સ્ટિટ્યૂટ - દિલ્હી સાથે મળીને રેકોર્ડિંગ કરવાની કામગીરી શરૂ કરી છે. કચ્છી સંગીતને સી.ડી. - આલ્બમ રૂપે તૈયાર કરીને લાઈબ્રેરીમાં મૂકવાના હવે પ્રયાસ થઈ રહ્યા છે. જ્યાં કોઈપણ વ્યક્તિ કચ્છી સંગીતની જાણકારી મેળવી શકશે. આમ, કચ્છી લોક સંગીતને ટકાવી રાખવા અથાગ પ્રયાસો થઈ રહ્યા છે.

★ **કચ્છનો વિકાસ દીપી ઊઠશે :** કચ્છની જવાબદારી હવે તારાચંદભાઈ છેડા પાસે છે ત્યારે કચ્છનો વિકાસ અટકશે નહીં, વધુ દીપી ઊઠશે તેવું તાજેતરમાં ભુજ ખાતે કચ્છી વીસા ઓસવાલ જૈન મહાજન દ્વારા રાજ્યમંત્રી તરીકે આરૂઢ થયેલા શ્રી છેડાના અભિવાદન સમારોહ પ્રસંગે જાણીતા દાનવીર અને **કચ્છી ઉદ્યોગપતિ દામજીભાઈ એન્કરવાલા**એ જણાવ્યું હતું. સમારોહના અધ્યક્ષ સ્થાનેથી બોલતા દામજીભાઈએ તેમની ભારોભાર પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે ૪૦ વર્ષથી તેમણે પોતાનું જીવન સેવા માટે સમર્પિત કરી નાખ્યું છે. આ પ્રસંગે **ચંદ્રકાંત ગોગરી, સુંદરજીભાઈ શાહ, બિપીનભાઈ ગાલા** સહિત અન્ય ધારાસભ્યશ્રીઓ રાજકીય, સામાજિક તેમજ ઔદ્યોગિક ક્ષેત્રના અનેક અગ્રણીઓ હાજર રહ્યા હતા. **શ્રી કચ્છી જૈન સેવા સમાજના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ અશોક મહેતા** પણ કાર્યક્રમ દરમ્યાન ઉપસ્થિત રહ્યા હતા.

★ **લોકસભાના સ્પીકર સાથે કચ્છનું સંભારણું :** નવનિર્મિત ૧૬મી **લોકસભાના સ્પીકર સુમિત્રા મહાજન** ૨૦૦૪ના જાન્યુઆરી માસના પ્રથમ સપ્તાહમાં ભુજની લાલન કૉલેજ તથા પોલીટેકનિક કૉલેજનું ખાતમુહૂર્ત કરવા કચ્છ આવ્યા હતા. તે સમયે તેઓ કેન્દ્રીય પેટ્રોલિયમ રાજ્યમંત્રીનો હોદ્દો સંભાળતા હતા. કચ્છની આ બંને મહત્ત્વની શિક્ષણ સંસ્થાઓના નિર્માણ કાર્યમાં તેઓ વિશેષ નિમિત્ત બન્યા હતા, તે કચ્છ માટે યાદગાર સંભારણું બની રહ્યું છે એવું ભુજ શહેરના અગ્રણી **મધુકર પ્રેમજી ઠક્કરે** તાજેતરમાં જણાવ્યું હતું.

★ **કાજલ ઓઝા વૈદ્યનું વ્યાખ્યાન :** રોટરી ક્લબ ઑફ ભુજ ફલેમિંગોના ઉપક્રમે તાજેતરમાં જાણીતા કટારલેખિકા કાજલ ઓઝા વૈદ્યનું વ્યાખ્યાન ભુજ ખાતે યોજાયું હતું. તેઓને સાંભળવા શહેરીજનો ઊમટી પડતાં હોલ ખીચોખીચ ભરાઈ ગયો હતો.

★ **અબડાસાના ધારાસભ્યનું સન્માન :** અખિલ કચ્છ રાજપુત (ક્ષત્રિય) સભાએ અબડાસાનાં નવનિર્વાચિત ધારાસભ્ય **શક્તિસિંહ ગોહિલ**નું તાજેતરમાં ભુજ ખાતે સન્માન કર્યું ત્યારે નાગરિકોની મુશ્કેલી ઉકેલવા તમામ શક્તિ કામે લગાડવાની ખાતરી આપી હતી.

★ **કુદરત કા કરિશ્મા :** જ્યાં ગાંડા બાવળ અને લાણા સિવાય કોઈ વૃક્ષની કલ્પના ન થઈ શકે તેવા બન્નીના ભીરંડિયારા ગામના પરિવારે ઘર આગળ રોપેલા ઘટાદાર દેશી કેસર આમ્રવૃક્ષો ચાલુ વર્ષમાં ઝૂલી રહ્યા છે.

★ **ડાયાલિસિસ માટે દાન :** મુંદ્રા તાલુકાના ભુજપુર ગામે રહેતા કંદોઈ પરિવારે સરસ હૃદય સ્પર્શી જાય એવું દાન તાજેતરમાં આપ્યું હતું. **ભુજપુરના રમણીકલાલ કેશવલાલ કંદોઈ** ફરસાણનો વ્યવસાય કરતાં તેમને કિડની તથા અન્ય તકલીફ થતાં તેમણે કિડનીના દર્દીઓની વ્યથા જોઈ હતી. જ્યારે તેમનું દુઃખદ અવસાન થયું ત્યારે તેમની ઈચ્છા પરિવારજનો પાસે વ્યક્ત કરી હતી કે કિડનીના દર્દીઓ માટે શક્ય હોય એટલી મદદ કરવી. તેમના પત્ની મંજુલાબેન તથા પુત્રોએ તે દિવસથી જ પોતાના વ્યવસાયમાંથી રોજની બચત કરવાનું ચાલુ કર્યું હતું. તાજેતરમાં સદ્‌ગતની પુણ્યતિથિ હતી ત્યારે જે રકમ એકત્ર થઈ હતી તે ભુજપુરથી ભુજ આવીને ડાયાલિસિસના કાર્ય માટે અર્પણ કરી હતી.

★ **દીપક માંકડને 'કચ્છ શક્તિ' એવોર્ડ :** મુંબઈ ખાતેના 'કચ્છ શક્તિ'ના પ્રમુખના તાજેતરમાં જણાવ્યા મુજબ અષાઢી બીજની ઉજવણી કરવાની પરંપરાના ભાગરૂપે યોજાનાર એક કાર્યક્રમમાં 'કચ્છ શક્તિ' નેશનલ ઍવોર્ડ એનાયત થશે. પત્રકાર ક્ષેત્રે 'કચ્છ મિત્ર'ના તંત્રી દીપકભાઈ માંકડની પસંદગી થઈ છે. તે સાથે વિવિધ ઍવોર્ડ્સ જે તે ક્ષેત્રની વ્યક્તિઓને અપાશે.

★ **કચ્છ યુનિવર્સિટીએ ૧૧ વર્ષ પૂરા કર્યા :** યુનિવર્સિટીની સ્થાપનાને ૨૨મી જૂને ૧૧ વર્ષ પૂરા થયા હતા. આ નિમિત્તે એન.એન.એસ. શિબિરનું આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે યુનિ - ઈ.કુલપતિ, એન.એસ.એસ.ના રિજિયોનલ ડાયરેક્ટર, ઈ.રજિસ્ટ્રાર ડૉ. મહેશ ઠક્કર વગેરે ઉપસ્થિત રહ્યા હતા. શિબિરમાં શાળા કૉલેજના ૨૦૦થી વધુ છાત્રોએ ભાગ લીધો હતો.

***(સમાચાર પત્રો પર આધારિત)***

ગુજરાતી ભાષાનાં
કોઈપણ પ્રકાશક
દ્વારા પ્રકાશિત
કોઈપણ લેખકનાં
પુસ્તકો મેળવવાનાં
સંપર્ક સૂત્રો

અંગ્રેજી-હિન્દી સાહિત્યનાં
પુસ્તકો માટે પણ
પૂછપરછ આવકાર્ય છે.

આપની પસંદગીનાં પુસ્તકોની યાદી
મોકલશો તો આપને ઘરે બેઠાં
પુસ્તકો મોકલી આપીશું.




# ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-380001

ફોન : 22144663 ફેક્સ : 22144663

‡-ÏÜå‡êÜ : goorjar@yahoo.com

**સંસ્કાર સાહિત્યમંદિર**

5, N.B.C.C. હાઉસ, સહજાનંદ કૉલેજ પાસે,
આંબાવાડી, અમદાવાદ-15
ફોન : 079-26304259

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

13, શિવરંજની સોસા., ઓવરબ્રિજના છેડે,
અશ્વમેધ બંગલોઝના બસ સ્ટેન્ડ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-15
ફોન : 26761366 મો. 9825268759

BHARAT B. GALA

NAVINCHANDRA D. DEDHIA

SRE

Raju
ENTERPRISE

RE - ROLLING / S. S. PATTA - PATTI

179 & 323, Unit-2, G.V.M.M., Odhav, Ahmedabad - 382 415.
Telefax : 2290 0896, 2290 0300 Mob. : 93270 05460, 98257 33710


B
BLUE STAR
INDUSTRIES

www.shilpaworld.com

Chandrakant K. Gada
+91 - 9825069290

STAINLESS STEEL RE-ROLLERS

Plot No. 130, G.I.D.C. Estate, Kalol-382 721. Gandhinagar.
Phone : (02764) 220330, 224330, 227030
E-mail : blustar.indu@yahoo.in




## સરનામા ફેરફાર

- **રાજેશ રામજી ગોગરી**
  ૨૦૧, બિનોરી-૧૮૦, પ્રેસ્ટીજ ટાવર પાસે,
  ચીફ જસ્ટિસના બંગલા પાસે, જજીસ બંગલા રોડ,
  બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
- **ભાવેશ કિરીટ દંડ**
  ૬૦૫, શિખર ટાવર,
  વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
- **જિગ્નેશ મહેન્દ્રભાઈ વોરા**
  બી-૪, આકાશ એપાર્ટમેન્ટ,
  યોગીદર્શન સોસાયટી, ફતેહનગર, ભઠ્ઠા, પાલડી,
  અમદાવાદ-૩૮૦ ૦૦૭. મો. ૯૪૨૮૧ ૦૩૧૨૦
- **રાહુલ ભોગીલાલ મહેતા**
  સમકિત-૨, એ-૬૧, ચંદન પાર્ટી પ્લોટ સામે,
  જોધપુર ગામ, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
  મો. ૯૮૨૫૨ ૧૪૮૯૯

## સગપણ

- **શુક્રવાર, તા. ૨-૫-૨૦૧૪**
  **ચિ. ધવલ બિપિન રતનશી સાયા (સુજાપુર - અમદાવાદ)**
  **ચિ. દર્શિકા જયેશભાઈ રાજપુત (અમદાવાદ)**
- **શુક્રવાર, તા. ૩૦-૫-૨૦૧૪**
  **ચિ. કરણ લક્ષ્મીચંદ ભાણજી મૈશેરી (બાંઢિયા - અમદાવાદ)**
  **ચિ. પૂજા કિરણ જીવરાજ લોડાયા (બાંઢિયા - નાસિક)**
- **રવિવાર, તા. ૧૫-૬-૨૦૧૪**
  **ચિ. છાયા જયેશ ભવાનજી નાગડા (નલિયા - અમદાવાદ)**
  **ચિ. જસ્મીન રમેશચંદ્ર રતિલાલ શાહ (દહેગામ - અમદાવાદ)**

## શરણાઈ

- **મંગળવાર, તા. ૧૭-૫-૨૦૧૪**
  **ચિ. કિંજલ કમલેશ મનુભાઈ શાહ (કાંડાગરા - અમદાવાદ)**
  **ચિ. નિસર્ગ કીર્તિકુમાર શાહ (બારેજા)**

## સાભાર સ્વીકાર

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સક્રિય વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.**

### વૈયાવચ્ચ ખાતે

રૂા. ૧,૦૦૧/- સ્વ. ઈન્દુબેન જયંતીલાલ શેઠ - અમદાવાદ
રૂા. ૮૦૦/- શ્રી ભૂપેશ ખીમજી મોતા - છત્તીસગઢ
રૂા. ૫૦૧/- શ્રી વસંતલાલ ખીમજી શેઠિયા - અમદાવાદ
રૂા. ૫૦૧/- શ્રી જિતેન્દ્ર મોતીલાલ લાપસિયા - મુંબઈ
રૂા. ૫૦૦/- શ્રી ધીમંતભાઈ શાહ - મુંબઈ

### જલારામ અન્નક્ષેત્ર ખાતે

રૂા.૧૧,૦૦૦/- શ્રીમતી સુશીલાબેન ડી. પાસડ - મુંબઈ
રૂા. ૩,૧૨૫/- શ્રી વિનોદ ગિરિરાજ બંસલ - અમદાવાદ
રૂા. ૨,૧૦૦/- શ્રીમતી શારદાબેન વિરાણી - અંજાર
રૂા. ૧,૫૦૦/- શ્રી અનિલભાઈ સથવારા - અમદાવાદ
રૂા. ૧,૦૦૦/- શ્રી નીલેશ શામજી ગાલા - મુંબઈ
રૂા. ૫૦૦/- શ્રી હીરજી ખેતશી શાહ - સાંયરા (કચ્છ)

### તબીબી સહાય ખાતે

રૂા. ૨,૫૦૦/- શ્રી માવજી આણંદજી શાહ - મુંબઈ
રૂા. ૧,૫૦૦/- શ્રી હીરેન ચંપકલાલ - ચેન્નાઈ
રૂા. ૧,૦૦૦/- શ્રી સુરેશભાઈ આર. શાહ - અમદાવાદ

### ડાયાલિસિસ સેન્ટર ખાતે

રૂા. ૩,૦૦૦/- શ્રીમતી ઉમાબેન શિવજી ભેદા - મુંબઈ

### 'મંગલ મંદિર' ભેટ ખાતે

રૂા. ૫૦૧/- શ્રી લક્ષ્મીચંદ ભાણજી મૈશેરી - અમદાવાદ
પુત્ર ચિ. કરણના સગપણ નિમિત્તે
રૂા. ૫૦૧/- શ્રી કમલેશ મનુભાઈ શાહ - અમદાવાદ
પુત્રી ચિ. કિંજલના લગ્ન નિમિત્તે

### જનરલ ડોનેશન ખાતે

રૂા. ૨,૦૦૦/- શ્રી બી. એન. શાહ - અમદાવાદ

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો*
*ખૂબ ખૂબ આભાર માને છે.*

*સુખના સોદા સુખથી થાય છે. કુદરતનો કાયદો એવો છે કે જો તમે કોઈને સુખ આપશો તો જ તમને સુખ મળશે.*

*શરીરથી ઈન્દ્રિયો શ્રેષ્ઠ છે, ઈન્દ્રિયોથી મન શ્રેષ્ઠ છે, મનથી બુદ્ધિ શ્રેષ્ઠ છે અને જે બુદ્ધિથી પણ શ્રેષ્ઠ છે તે આત્મા છે.*

## પુરસ્કાર સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પરિવારજનોના બાળવર્ગથી ધોરણ-૭ સુધીના વિદ્યાર્થીઓને સ્વામિવાત્સલ્યના દિવસે પુરસ્કાર આપવામાં આવશે. એ માટેનું માહિતી પત્રક 'મંગલ મંદિર'ના માસ જૂન-૨૦૧૪ના અંકમાં પ્રસિધ્ધ થયેલ છે. તે ઉપરાંત નીચે જણાવેલ પ્રતિષ્ઠાનો તથા સભ્યો પાસેથી પણ ફોર્મ મળી શકશે. પત્રક જરૂરી માહિતી સાથે પાલડી ભવન પર સમયસર પહોંચતા કરવા.

| | |
|---|---|
| *નાડકો ડ્રેસીસ - પાલડી* | *ફોન : ૨૬૫૭૫૩૮૪* |
| *વિજય સ્ટોર્સ - મણિનગર* | *ફોન : ૨૫૪૬૦૮૯૩* |
| *શશીકાંતભાઈ ગાલા - નહેરુનગર* | *મો. ૯૪૨૮૧ ૧૨૨૪૨* |
| *અમીબેન* | *ફોન : ૨૭૪૯૯૨૮૮* |

*કન્વીનર - પુરસ્કાર સમિતિ*

## શૈક્ષણિક લોન સમિતિ

વર્ષ ૨૦૧૩-૨૦૧૪માં શૈક્ષણિક લોન યોજના હેઠળ આવેલી કુલ ૬૩ અરજીઓ સામે નીચે મુજબ રકમ આપવામાં આવેલ છે.

| *ધોરણ* | *વિદ્યાર્થી સંખ્યા* | *લોનની રકમ (રૂા.)* |
|---|---|---|
| ૧ થી ૪ | ૨૦ | ૧,૦૦,૦૦૦/- |
| ૫ થી ૮ | ૧૪ | ૧,૪૦,૦૦૦/- |
| ૯ થી ૧૨ | ૧૪ | ૧,૮૪,૪૦૦/- |
| કોલેજ તથા ઉચ્ચકક્ષા | ૧૫ | ૨,૦૬,૫૦૦/- |
| *લોન પેટે અપાયેલ કુલ રકમ* | | *૬,૩૦,૯૦૦/-* |

*આણંદજી શાહ - કન્વીનર, શૈક્ષણિક લોન સમિતિ*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ મળેલ પુસ્તકોની યાદી

| ક્રમ | પુસ્તકનું નામ | લેખકશ્રી/સંપાદકનું નામ | પૃષ્ઠ સંખ્યા | ભેટ આપનારનું નામ |
|---|---|---|---|---|
| ૧. | The Columbia – Viking Desk Encyclopaedia (Vol.-1) | William Bridgwater | 717 | શ્રી મુરજીભાઈ ગડા - વડોદરા |
| ૨. | The Columbia – Viking Desk Encyclopaedia (Vol.-2) | William Bridgwater | 1477 | " |
| ૩. | Encyclopaedia of World Travel (Vol.-1) | Nelson Doubleday | 655 | " |
| ૪. | Encyclopaedia of World Travel (Vol.-2) | Nelson Doubleday | 1309 | " |
| ૫. | Spindrift Phyllis A. Whitney | The Turqoise Mask | 320 | " |
| ૬. | Tales from Tagore | E.F. Dodd | 80 | " |
| ૭. | A Code of Conduct | Munishri Bahdraguptvijay | 91 | " |
| ૮. | The Devil's Advocate | Taylor Caldwell | 349 | " |
| ૯. | Captains And the Kings | Taylor Caldwell | 816 | " |
| ૧૦. | The Devil of Aske | Pamela Hill | 319 | " |
| ૧૧. | Fountain of Inspiration | Chitrabhanu | | " |
| ૧૨. | The Mountain of Adventure | Enid Blytom | 191 | " |
| ૧૩. | પ્રેમનાં ફૂલો | રજનીશ | ૧૮૪ | " |
| ૧૪. | બા અને બાળક | વૈદ્ય જાદવજી નરભેરામ શાસ્ત્રી | ૬૨૪ | " |
| ૧૫. | ઈશુનું બલિદાન | સ્વામી આનંદ | ૫૮ | " |
| ૧૬. | સમાજ ઘડતર | ફાધર વાલેસ | ૪૭૦ | " |
| ૧૭. | સીવણ માર્ગદર્શિકા | ગોદાવરીબેન મુળજીભાઈ મૈશેરી | ૫૮ | પ્રમીલા કુરુવા ફાઉન્ડેશન |
| ૧૮. | Discover Gujarat (Complete Tourist Guide for A Great Holiday) | | 75 | " |
| ૧૯. | Perspectives on Tourism in India | Som N. Chib | 61 | " |
| ૨૦. | Best Practices for Cyber Crime | Rohas Nagpal | 191 | " |
| ૨૧. | સાધનાનું સાતત્ય : હેમરાજ શાહ | અરુણ ગુજરાથી, નિરંજન મહેતા | ૩૮૭ | શ્રી ઉમરશીભાઈ કુરુવા |
| ૨૨. | અખંડ દીવાના અજવાળા | ડૉ. કાંતિ ગોર 'કારણ' | ૧૯૨ | ડૉ. કાંતિ ગોર |
| ૨૩. | રવિન્દ્રનાથ ટાગોર જો ગીતાંજલી | ડૉ. રમેશ ભટ્ટ 'રશ્મિ' | ૭૬ | ડૉ. રમેશ ભટ્ટ |

*ન્યાયની અદાલતોથી પણ મોટી એક અદાલત હોય છે અને તે છે અંતરાત્માના અવાજની. આ અંતરાત્માના અવાજની અદાલત બધી જ અદાલતો કરતાં શ્રેષ્ઠ છે.*

# મહિલા ઉત્કર્ષ સમિતિ

## સમિતિ દ્વારા આયોજિત અનેકવિધ હરીફાઈઓનો કાર્યક્રમ

### રંગોળી હરીફાઈની તારીખમાં ફેરફાર

*તા. ૧૫-૮-૨૦૧૪ના બદલે તા. ૭-૯-૨૦૧૪ (સ્વામિવાત્સલ્ય કાર્યક્રમના દિવસે)*

- **વિષયો :**
  - ૧. સરસ્વતી દેવી
  - ૨. ભારત માતા
  - ૩. ધ્વજવંદન
  - ૪. આદર્શ નેતાનું રેખાચિત્ર
  - ૫. ભારતનો નકશો - રાજ્યોના નામો સાથે (અંગ્રેજી ગુજરાતીમાં લખી શકાય)
  - ૬. ગણેશજી
- **સમય મર્યાદા :** ૪૫ મિનિટ
- **સમય :** સવારના ૧૦.૩૦
- **સ્થળ :** શ્રી કચ્છી જૈન ભવન, પાલડી
- **નિયમો :**

૧. ઉપરોક્ત વિષયોમાંથી તમારો મનપસંદ કોઈ પણ એક વિષય સ્થળ પર દોરીને રંગ પૂરવાનો રહેશે.
૨. માત્ર ને માત્ર રંગોળીના કલરનો જ ઉપયોગ કરવાનો રહેશે.
૩. કલર / ગેરૂ (વાપરવું હોય તો) ઘરેથી લાવવાના રહેશે.

### (૨) માતુશ્રી દમયંતીબેન ખીમચંદ વેલજી ધરમશી લગ્નગીત ગાવાની હરીફાઈ

- **શનિવાર, તા. ૧૨-૭-૨૦૧૪**
- **વિષય :** લગ્ન પ્રસંગના દરેક અવસરને અનુરૂપ ગીતો તૈયાર કરવાના રહેશે. હિંદી / ગુજરાતી / કચ્છી / ફિલ્મી - નોન ફિલ્મી ગીતો અપાયેલા વિષયને સંબંધિત ગાવાના રહેશે.
- **નિયમો :**

૧. હરીફાઈના દિવસે અવસર ચિઠ્ઠી ઉપાડીને નક્કી થશે. એ પ્રમાણે ગાવાનું રહેશે.
૨ સમય મર્યાદા : ૩ મિનિટ.

### (૩) ગૂર્જર પરિવાર બ્યુટી હરીફાઈ

- **શનિવાર, તા. ૧૨-૭-૨૦૧૪**
- **વિષય :** લગ્નને અનુરૂપ મેઈક-અપ અને લગ્નને અનુરૂપ હેર ડ્રેસિંગ (સમય મર્યાદામાં રહીને)
- **નિયમો :** ડ્રેસિંગ - કચ્છી બાંધણી ઘરેથી પહેરીને આવવાનું રહેશે. મેઈક-અપ અને હેર ડ્રેસિંગ લગ્નને અનુરૂપ સ્થળ ઉપર કરવાનું રહેશે. જેના માટેનો સામાન / ઘરેણાં ઘરેથી લાવવાના રહેશે.
- **સમય :** બપોરના ૨.૩૦ વાગ્યાથી
- **સ્થળ :** શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.
- **નોંધ :**

૧. દરેક હરીફાઈમાં ૧૬+ ઉંમરની બહેનો ભાગ લઈ શકશે.
૨. હરીફાઈમાં ભાગ લેનાર બહેનોએ (રંગોળી સિવાય) મોડામાં મોડા ૩.૦૦ વાગ્યા સુધી નામ લખાવવાના રહેશે.
૩. સ્પોન્સરરના પરિવારજનો જે તે હરીફાઈમાં ભાગ લઈ શકશે નહીં. અન્ય સ્પર્ધામાં ભાગ લઈ શકશે.
૪. નિર્ણાયકનો નિર્ણય આખરી ગણાશે.
૫. સ્પર્ધક સિવાયના હાજર રહેનાર બહેનો માટે કંઈક સ્પેશિયલ.

***સ્પર્ધકોએ બધા જ નિયમો ધ્યાનથી વાંચવા અને તેનું પાલન કરવું.***

***કન્વીનર - સુલુ જલદીપ શાહ***

# સભ્યપદ તથા મેડિકલ કાર્ડ સમિતિ

## નવા કાર્ડ મેળવી લેવા અનુરોધ

સમાજ સંચાલિત મેડિકલ સેન્ટરમાં તબીબી સેવાના લાભ લેવા માટે તૈયાર કરવામાં આવેલ નવા મેડિકલ કાર્ડ અગાઉ જાહેરાત કર્યા છતાં પણ હજુ સુધી કેટલાક સભ્યશ્રીઓએ અત્રેથી મેળવેલ નથી. આથી તેવા સભ્યશ્રીઓને આખરી તાકીદ કરવામાં આવે છે કે તેઓએ પોતાના નવા કાર્ડ તા. ૩૧-૭-૨૦૧૪ સુધીમાં લઈ જવાના રહેશે. ત્યારબાદ કાર્ડ તૈયાર કરવાના ચાર્જ પેટે રૂા. ૫૦/- વસૂલ કરવામાં આવશે, જેની નોંધ લેવી.

***રમણિકલાલ કે. ગોસર - કન્વીનર***

# સાધર્મિક સહાય સમિતિ

ગત વર્ષ દરમ્યાન સમાજના કુલ ૧૧ સાધર્મિક પરિવારોને જુદા જુદા પ્રકારે અપાયેલ સહાય પેટે રૂા. ૧,૭૮,૦૦૦/-નો ખર્ચ થયેલ છે.

***આણંદજી શાહ - કન્વીનર***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યો તરફથી માસ જૂન - ૨૦૧૪ દરમ્યાન પ્રાપ્ત થયેલ લવાજમની યાદી

| ક્રમ | સભ્યનું નામ |
|---|---|
| ૧. | નેહલ રમેશ અમૃતલાલ શાહ |
| ૨. | નીપેશ જયકુમાર શાહ |
| ૩. | અશ્વિન વસંતલાલ વિસરિયા |
| ૪. | પુષ્પાબેન મંગલદાસ શાહ |
| ૫. | ખુશાલ ખેરાજ ગાલા |
| ૬. | મહાસુખભાઈ રાયચંદભાઈ દત્રાણીયા |
| ૭. | ધનલક્ષ્મીબેન ગોવિંદજી લોડાયા |
| ૮ | જિગ્નેશ મહેન્દ્રભાઈ વોરા |
| ૯ | ભરત નાનાલાલ શાહ |
| ૧૦. | હિતેશ ધીરજલાલ સંઘવી |
| ૧૧. | મહેશ આર. મૈશેરી |
| ૧૨. | પ્રવીણ કેશવજી મોતા |
| ૧૩. | ધર્મેન્દ્ર બાબુલાલ ગાંધી |
| ૧૪. | પંકજ કીર્તિલાલ સંઘવી |
| ૧૫. | દિનેશ પ્રેમચંદ શાહ |
| ૧૬. | ચંદ્રકાંત લીલાધર શાહ (મોતા) |
| ૧૭. | શૈલેષ ઈશ્વરલાલ મહેતા |
| ૧૮. | ઝવેરચંદ લાલજી ખોના |
| ૧૯. | ધર્મેન્દ્ર બાબુલાલ બાબરિયા |

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## મે / જૂન - ૨૦૧૪

● **રવિવાર, તા. ૨૫-૫-૨૦૧૪**

★ આજરોજ સવારમાં ૯ વાગે ટ્રસ્ટ મંડળની એક મીટિંગ મળેલ હતી. જેમાં લગભગ ૧૫ ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા. વર્ષ ૨૦૧૨-૧૩ની બેલેન્સ શીટને સર્વાનુમતે મંજૂર કરી, ઓડિટ માટે સંસ્થાના ઓડિટરશ્રીને મોકલી આપવાનું નક્કી કરવામાં આવેલ હતું. વાર્ષિક સામાન્ય સભાની તારીખ ૨૭-૭-૨૦૧૪ની નક્કી કરવામાં આવેલ હતી. ચૂંટણી પંચમાં શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી તથા શ્રી કે.ડી. શાહની વરણી કરવામાં આવેલ હતી. નવા ૧૬ સભ્યોની સભ્યપદ માટેની અરજી મંજૂર કરવામાં આવેલ હતી. ડાયાલિસિસ સેન્ટરના અત્યાર સુધીના કુલ ખર્ચ રૂા. ૮૧,૭૫,૧૯૭/-ને સર્વાનુમતે મંજૂર રાખવામાં આવેલ હતો. આવાસ યોજનાના ખાલી પડેલ બે ફ્લેટમાંથી એક ફ્લેટની ફાળવણી નક્કી કરવામાં આવેલ હતી. અન્ય ફ્લેટની ફાળવણી, બાકીની અરજીઓમાંથી કોઈ એક સભ્યને કરવા આ વિભાગની સમિતિને સુપરત કરવામાં આવેલ હતું. અત્યારની મોંઘવારીની પરિસ્થિતિને લક્ષમાં રાખીને તા. ૧-૪-૨૦૧૪થી દરેક સ્ટાફના સભ્યોને રૂા. ૧,૦૦૦/-નો ઍડહોક માસિક વધારો આપવાનો નિર્ણય લેવામાં આવેલ હતો. 35AC નું સર્ટિફિકેટ મેળવવા જરૂરિયાતના ધોરણે આગળ વધવાનું નક્કી કરવામાં આવેલ હતું. ટ્રસ્ટીશ્રીઓ, કારોબારી સમિતિના સભ્યશ્રીઓ તથા વિવિધ સમિતિના સભ્યશ્રીઓ માટે ચાર કલાકના એક વર્કશોપનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. શૈક્ષણિક લોન સમિતિના આવેલ પત્ર અનુસાર વર્ષ ૨૦૧૪-૧૫ માટે વિદ્યાર્થીઓના અભ્યાસ માટે રૂા. ૧૨ લાખની મંજૂરી આપવામાં આવેલ હતી.

● **મંગળવાર, તા. ૨૭-૫-૨૦૧૪**

★ આજરોજ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી જે.જે. શાહ તથા શ્રી પ્રદીપ જોષી સાથે રહી 35AC મેળવવા ચર્ચા કરવામાં આવી અને તેની વિગતો કાઢીને તેનો અભ્યાસ કરવાનું નક્કી કરવામાં આવ્યું.

વર્ષ ૨૦૧૪-૧૫માં કચ્છને ફાળવવામાં આવેલ વધારાના પાણીના કાર્યો શરૂ થઈ શકે તે માટે બજેટમાં યોગ્ય રકમની ફાળવણી કરવા સચિવશ્રી - જળસિંચાઈ, મંત્રીશ્રી - જળસિંચાઈ, મંત્રીશ્રી - નાણાં વિભાગ તથા મુખ્યમંત્રીશ્રીને વિગતવાર પત્રો લખવામાં આવ્યા.

● **બુધવાર, તા. ૨૮-૫-૨૦૧૪**

★ "કચ્છ : એક અલગ રાજ્ય — તેના ફાયદા તથા ગેરફાયદા" વિષયે લેખ મેળવવા આજરોજ ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ ચૂંટણી કમિશનર શ્રી પ્રભાકરભાઈ ધોળકિયાની શ્રી અશોક મહેતા, શ્રી દિનેશ મહેતા તથા શ્રી હંસરાજભાઈ કંસારાએ મુલાકાત લીધેલ હતી.

● **ગુરુવાર, તા. ૨૯-૫-૨૦૧૪**

★ શ્રી સુરેશચંદ્ર મહેતા આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર પધારેલ હતા. તેઓ પાસે માગવામાં આવેલ લેખ "કચ્છ : એક અલગ રાજ્ય — તેના ફાયદા તથા ગેરફાયદા" વિષયે વિવિધ સ્વરૂપે ચર્ચા કરવામાં આવેલ હતી. આવતા દિવસોમાં તેઓશ્રી પોતાનો લેખ તૈયાર કરીને મોકલી આપશે તેવું તેમણે જણાવેલ હતું.

● **શુક્રવાર, તા. ૩૦-૫-૨૦૧૪**

★ શ્રી વલ્લભજીભાઈ પ્રેમજી સાવલા તથા ક.વી.ઓ. મહાજન - વડોદરાના અંદાજિત અન્ય ૧૫ સભ્યો સાથે મુંબઈના અતિથિ ભવન વિષે વડોદરા ખાતે વિસ્તૃતપણે ચર્ચા કરવામાં આવી. મુંબઈ ખાતે અતિથિ ભવન ઊભું કરવા માટે વડોદરા મહાજન પૂરેપૂરો કાર્યરત રહેવા માંગે છે તે તેમની વાતો પરથી કોઈને પણ ખ્યાલ આવી શકે.

● **શનિવાર, તા. ૩૧-૫-૨૦૧૪**

★ 'કચ્છમિત્ર'ના પૂર્વતંત્રી શ્રી કીર્તિભાઈ ખત્રીને આજરોજ મહાત્મા ગાંધી લેબર ઈન્સ્ટિટ્યૂટમાં એક સન્માન સમારંભ યોજી તેમને અરુણાબેન મહેતા મેમોરિયલ ટ્રસ્ટના નેજા હેઠળ પત્રકારત્વ ક્ષેત્રનો "તુષાર ભટ્ટ ઍવોર્ડ" અર્પણ કરવામાં આવ્યો. જે પ્રસંગે શ્રી ક.જૈ.સે. સમાજના શ્રી અશોક મહેતા, શ્રી દિનેશ મહેતા તથા શ્રીમતી અલ્પા શાહ અને શ્રી કચ્છી સમાજ - અમદાવાદના શ્રી ભરત ઓઝા, શ્રી હંસરાજ કંસારા વગેરે ઉપસ્થિત રહેવા પામેલ હતા.

★ સમાજની મેરેજ બ્યુરો સમિતિમાં નવ સભ્યોએ મુલાકાત લઈને જરૂરી માહિતી એકત્ર કરી હતી.

● **શુક્રવાર, તા. ૬-૬-૨૦૧૪**

★ માતૃવંદના - બિદડા ખાતે શ્રી કોમલભાઈ સાવલા, શ્રી અશોક મહેતા, શ્રી કીર્તિભાઈ ખત્રી, ડૉ. કાંતિભાઈ ગોર, શ્રી ભગવાનભાઈ પટેલ, શ્રી હરેશભાઈ ધોળકિયા, શ્રી નરેશભાઈ અંતાણી તથા શ્રી મહેન્દ્રભાઈ ગઢવી એકત્રિત થયેલ હતા અને કચ્છના શિક્ષણ વિષયે, બે દિવસની એક ચિંતન શિબિર રાખવાનું આયોજન વિચારેલ

*ન્યાયાધીશની જેમ આપણને દંડ આપતા પહેલાં અંતઃકરણ આપણને મિત્રની જેમ સાવધાન કરે છે.*

હતું. ચિંતન શિબિરના વિષયો, તેના વક્તા, સેશન કન્વીનર, ઉપસ્થિત શ્રોતાગણ વગેરે વિષયે ચર્ચા કરી, જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા.

● **શનિવાર, તા. ૭-૬-૨૦૧૪**

★ ભુજ ખાતે શ્રી મૂકેશભાઈ ઝવેરીની મુલાકાત લઈ કચ્છ બ્રાંચ કેનાલના હાલે ચાલતા કાર્યો અંગે જાણકારી મેળવવામાં આવેલ હતી.

★ "કચ્છ : એક અલગ રાજ્ય – તેના ફાયદા તથા ગેરફાયદા" વિષયે લેખ મેળવવા આજરોજ શ્રી અશોક મહેતા તથા શ્રી વિનોદભાઈ ગાલાએ કચ્છના મહારાવશ્રી પ્રાગમલજી ત્રીજાની રણજીત વિલા પેલેસ ખાતે મુલાકાત લઈ પ્રશ્નોત્તરી સ્વરૂપે તેમના આ વિષયના વિચારોની જાણકારી મેળવેલ હતી.

★ શ્રી તારાચંદભાઈ છેડાની રાજ્યકક્ષાના મંત્રી તરીકે નિમણૂક થતાં શ્રી કચ્છી વીસા ઓસવાલ જૈન મહાજન - ભુજ દ્વારા તેમના સન્માનનો એક કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. જેમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તરફથી શ્રી અશોક મહેતાએ ઉપસ્થિત રહી, સમાજ વતી તેમનું સન્માન કરેલ હતું.

★ સમાજની મેરેજ બ્યુરો સમિતિમાં દસ સભ્યોએ મુલાકાત લઈને જરૂરી વિગતો એકત્ર કરી હતી.

● **સોમવાર, તા. ૯-૬-૨૦૧૪**

★ આજરોજ શ્રી સુંદરજીભાઈ સાથે મુંબઈ ફોન કરી કેટલીક અગત્યની બાબતોએ ચર્ચા કરવામાં આવેલ હતી.

★ શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીએ ધ્યાન દોરતા ડૉ. કૌશિક શાહ - માંડવી સાથે મુખ્યમંત્રીશ્રીની અમૃતમ્ યોજના અંગે ફોન પર ચર્ચા કરવામાં આવેલ હતી. ઉપરોક્ત યોજના શ્રી કચ્છી વિશ્રામ ગૃહના ડાયાલિસિસ સેન્ટર માટે અનુરૂપ નથી તેવા તારણ કાઢવામાં આવ્યા હતા.

★ વર્ષ ૨૦૧૪-૧૫ના ગુજરાત સરકારશ્રીના બજેટમાં કચ્છને ફાળવાયેલ વધારાના પાણીના કાર્યો માટે બજેટકીય જોગવાઈ મૂકવામાં આવે તેવી વિગતો દર્શાવતો પત્ર કચ્છના દરેક ધારાસભ્યશ્રીને તથા કચ્છના સાંસદશ્રી પર મોકલવામાં આવ્યા.

● **મંગળવાર, તા. ૧૦-૬-૨૦૧૪**

★ શ્રી અશોક મહેતા, શ્રી કે.ડી. શાહ તથા શ્રી રમણિકલાલ કુંવરજી ગોસરે સાથે રહી સ્ટાફના કેટલાક સભ્યોને પી.એફ.માં સમાવેશ કરવા અંગે ચર્ચા કરી, જરૂરી નિર્ણયો લીધા.

★ ત્રણે ભવનના સ્ટાફના નીતિ-નિયમો બનાવી તેને ટાઈપ કરવા આપ્યા.

★ ત્રણે ભવનના સ્ટાફના હોદ્દા અંગે ચર્ચા કરી, તેને ફાઈનલ સ્વરૂપ આપવામાં આવ્યું.

● **ગુરુવાર, તા. ૧૨-૬-૨૦૧૪**

★ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા મળેલ હતા અને શ્રી ક.જૈ.સે.સ.- અમદાવાદ વિષે વિવિધ ચર્ચા કરવામાં આવેલ હતી. મુંબઈના અતિથિ ભવન વિષે પણ ચર્ચા કરવામાં આવેલ હતી. જૂન મહિનાના છેલ્લા અઠવાડિયામાં મુંબઈ જઈ અતિથિ ભવનના ડેવલપરને અને એસ.આર.એ.ના અધિકારીશ્રીઓને મળવાનું પણ નક્કી કરેલ હતું.

★ આજરોજ સંપર્ક સૂત્રો દ્વારા વિશ્વાસપાત્ર સમાચાર મળ્યા કે ગુજરાત સરકારશ્રીના વર્ષ ૨૦૧૪-૧૫ના બજેટમાં કચ્છને નર્મદા નદીના વધારાના પાણી જે ફાળવાયેલ છે તેના કાર્યો અંગે કોઈ બજેટકીય ફાળવણી કરવામાં આવેલ નથી. આ બાબતે આગળ શું કરી શકાય તે અંગે જરૂરી વિચારણા કરવામાં આવી.

★ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર કચ્છી યલો પેજિસ સમિતિની એક મીટિંગ મળેલ હતી. જેમાં શ્રી મનુભાઈ શાહ, શ્રી અશોક મહેતા, શ્રી દિનેશ જગજીવન શાહ, શ્રી નરેન્દ્ર કોઠારી તથા શ્રી ગિરીશ હીરજી દેઢિયા ઉપસ્થિત રહેલ હતા. આ મીટિંગમાં નીચે મુજબ નિર્ણયો લેવામાં આવેલ હતા : (૧)

## તબીબી સાધનો વપરાશ માટે આપવાની યોજના

**શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર નીચે મુજબના તબીબી સાધનો દૈનિક ભાડાના ધોરણે મળી શકશે. જેઓને આ સાધનોની જરૂરિયાત હોય તેઓ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર ફોન : ૨૬૫૭૮૮૯૨ / ૨૬૫૮૧૫૦૧ પર સંપર્ક સાધી શકશે.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. એર બેડ | રૂા.૧૦/- | ૫. વૉકર | રૂા. ૨/- | ૯. બેડ પાન | રૂા. ૨/- |
| ૨. વ્હીલ ચેર | રૂા. ૩/- | ૬. વોકિંગ સ્ટીક | રૂા. ૧/- | ૧૦. ફાઉલર બેડ | રૂા.૧૦/- |
| ૩. ઓક્સિજન સિલિન્ડર (નાનો) | રૂા. ૫/- | ૭. કમોડ ચેર | રૂા. ૩/- | ૧૧. ટેબલ ટોપ (ફાઉલર બેડ માટે) | રૂા. ૨/- |
| ૪. નેબ્યુલાઈઝર | રૂા. ૫/- | ૮. સેલાઈન સ્ટેન્ડ | રૂા. ૨/- | ૧૨. બેક રેસ્ટ | રૂા. ૨/- |

**નોંધ : (૧)** સ્ટોકમાં હશે ત્યાં સુધી આ સાધનો ડીપોઝિટ આપીને ભાડેથી મેળવી શકાશે. **(૨)** સાધનો પાલડી ભવન પરથી લઈને ત્યાં જ પરત કરવાના રહેશે.

***કે. આર. શાહ - માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

*સ્વતંત્રતાથી પણ વધુ શક્તિશાળી એક શબ્દ છે અને તે છે – 'અંતઃકરણ.'*

ડિરેક્ટરીના ઈન્ડેક્ષમાં જરૂરી સુધારા કરવા, (૨) દરેક સમાજના અગ્રણીઓને તેઓના સમાજના સભ્યોની ડિરેક્ટરી લઈ જવા જણાવવું, (૩) ડિરેક્ટરીના દરેક સરનામાની સામે તેના વ્યવસાયનો પ્રકાર લખવો, (૪) બધા સુધારાવધારા સાથેની ડિરેક્ટરી ઍક્સલમાં તૈયાર કરી વેબસાઈટ પર મૂકવી, (૫) જે સભ્યોના સરનામા, વ્યવસાય, ફોન નંબર, વગેરે બાબત ભૂલ દેખાય તે માટે જે તે વ્યક્તિ ભવન પર ફોન કરે તેવી વિવિધ સમાજોના મુખપત્રમાં જાહેરાત મૂકાવવી અને આ રીતે આવેલ સુધારા વેબસાઈટ પરની ડિરેક્ટરીમાં દર મહિને કરતા રહેવા.

★ હિસાબી સમિતિની મળેલ બેઠકમાં વર્ષ ૨૦૧૪-૧૫ માટે ઓડિટર્સના મહેનતાણા સંબંધી ચર્ચાના અંતે સમિતિના સભ્ય શ્રી હસમુખભાઈ શાહને આ બાબતે ઓડિટર્સ સાથે વાતચીત કરવા સત્તા આપવામાં આવેલ. બેઠકમાં શ્રી મગનભાઈ સંઘવી, શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકભાઈ ગોસર અને શ્રી રાજેન્દ્ર વસા ઉપસ્થિત હતા.

● **શુક્રવાર, તા. ૧૩-૬-૨૦૧૪**

★ ગુજરાત રાજ્યના વર્ષ ૨૦૧૪-૨૦૧૫ની બજેટકીય જોગવાઈમાં કચ્છને ફાળવાયેલ વધારાના પાણીના કાર્યોના ખર્ચનો સમાવેશ કરવામાં આવેલ ન હોવાથી કચ્છના દરેક લોક પ્રતિનિધિશ્રીને પત્રો લખી મોકલી આપવામાં આવ્યા અને તેના સમાચાર બનાવી કચ્છમિત્ર પર પણ મોકલવામાં આવ્યા. આ બાબતે કચ્છના કેટલાક ધારાસભ્યશ્રી સાથે ફોન પર ચર્ચા પણ કરવામાં આવી.

★ અમદાવાદની જે મ્યુનિસિપલ શાળાઓમાં વૃક્ષારોપણ કરવામાં આવેલ હતું એ વૃક્ષોના છેલ્લા બે મહિનાના મેઈન્ટેનન્સનો અહેવાલ આજરોજ શ્રી પીયૂષ પારેખ ભવન પર આવી રૂબરૂમાં આપી ગયેલ હતા. તેમના કહેવા અનુસાર વૃક્ષોનો ઉછેર સારી રીતે થઈ રહેલ છે.

★ આજરોજ ભુજ ખાતેના ટાઉન પ્લાનિંગ ડિપાર્ટમેન્ટના શ્રી જે.પી. પટેલ, શ્રી મહેશ્વરી તથા શ્રી પરમારને સાથે લઈ શ્રી રજ્જુ પટવા તેઓને આર્કિટેક્ચરલ કૉલેજ જ્યાં કરવા માગીએ છીએ તે જમીન રૂબરૂમાં બતાવી આવેલ હતા.

★ ત્રણે ભવનો માટે જરૂરી એવી ચીજવસ્તુઓની ખરીદી અર્થે ખરીદી સમિતિના સર્વશ્રી રમણિકભાઈ ગોસર અને કે.ડી. શાહ માણેકચોક વિસ્તારમાં લાગતી વળગતી દુકાનોમાં યોગ્ય રીતે ભાવતાલ કરાવીને નીચા ભાવથી ખરીદી કરવા ઑર્ડર્સ આપી આવ્યા હતા.

● **શનિવાર, તા. ૧૪-૬-૨૦૧૪**

★ સમાજની મેરેજ બ્યુરો સમિતિમાં સાત સભ્યોએ વિવિધ સ્થળે મુલાકાત લઈને જરૂરી માહિતી એકત્ર કરી હતી.

★ સમાજની કેન્ટીન સમિતિની મીટિંગ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. જેમાં શ્રી મણિલાલ કુંવરજી ગોસર, શ્રી દિનેશચંદ્ર જે. શાહ તથા શ્રી પીયૂષ સાવલા ઉપસ્થિત રહેલ હતા. કેન્ટીનની થાળી દીઠ રૂા. ૫/-ના ભાવવધારાને ચર્ચા વિચારણાને અંતે નામંજૂર રાખવામાં આવેલ હતો. તેના બદલે પીરસાતા ભોજનની ક્વોલિટીમાં સુધારો કરવા અંગે યોગ્ય કાર્યવાહી કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

● **શુક્રવાર, તા. ૧૩-૬-૨૦૧૪**

★ શ્રી પ્રતાપભાઈ દંડ અને સમિતિના અન્ય સભ્યોની દેખરેખ હેઠળ શાહીબાગ ખાતેના શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં અત્યાર સુધી ૧૦૦ ડાયાલિસિસ પ્રક્રિયાનો આંક પાર કરીને તેની કામગીરી સંતોષજનક રીતે આગળ ચાલી રહી છે.

● **શનિવાર, તા. ૧૪-૬-૨૦૧૪**

★ કચ્છને નર્મદા નદીના ફાળવેલ વધારાના પાણીના કાર્યો માટે વર્ષ ૨૦૧૪-૨૦૧૫ના બજેટમાં વિશ્વાસપાત્ર સાધનોના જણાવ્યા અનુસાર રૂા. એક પણની ફાળવણી કરવામાં આવેલ ન હોવાના 'કચ્છમિત્ર' પર મોકલેલ સમાચાર આજે 'કચ્છમિત્ર'માં પ્રથમ પાને મુખ્ય સમાચાર તરીકે ચમકાવવામાં આવ્યા. તેના કારણે કચ્છમાંથી દિવસભર અનેક ફોન આવતા રહ્યા.

★ આજે સાંજના ભવન પર શ્રી અશોક મહેતા, શ્રી દિનેશ મહેતા, શ્રી પરાશર


## કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ

**નીચે જણાવેલ સ્થળે મ્યુઝિયમ નિહાળવા જાહેર જનતાને ભાવભર્યું નિમંત્રણ છે. આ મ્યુઝિયમની મુલાકાતથી અમદાવાદમાં રહીને કચ્છ - દર્શનની એક ઝલક જોઈ શકશો. દેશ-વિદેશથી આવતા આપના કોઈપણ મહેમાનો સાથે આપ આ મ્યુઝિયમની અવશ્ય મુલાકાત લેશો.**

***મ્યુઝિયમ જોવા માટે કોઈ એન્ટ્રી ફી નથી.***

***સ્થળ :*** શ્રી કચ્છી વિશ્રામગૃહ, અરિહંતનગર દેરાસરની સામે, રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ, અમદાવાદ.

***ફોન સંપર્ક :*** (૦૭૯) ૨૨૮૮૪૫૪૭ ● ***સમય :*** સવારે ૧૦થી ૨ અને સાંજે ૫ થી ૭.


*જેમ શરીર માટે સારું સ્વાસ્થ્ય જરૂરી છે તેમ આત્મા માટે સારું અંતઃકરણ જરૂરી છે.*

વ્યાસ તથા શ્રી પરાગ સોની એકત્રિત થયેલ હતા અને અનેક લોકોને 'મંગલ મંદિર' ન મળવાના આવતા સમાચારના અનુસંધાને ચર્ચા કરેલ હતી. આવેલ લવાજમની રસીદો મોકલવી, મેઈલિંગ લિસ્ટમાં લવાજમ ભરાયેલ સભ્યોના નામનો સમાવેશ કરવો, મેઈલિંગ લિસ્ટ પ્રમાણે મંગલ મંદિર પોસ્ટ થાય તેની કાળજી લેવી, જાહેરાતના બિલો નિયમિતપણે બનાવવા વગેરે અંગે ચર્ચા કરી, વધુ ચોક્સાઈપૂર્વક કાર્યવાહી કરવાનું નક્કી કરવામાં આવ્યું. સમાજમાં એક ટાઈપીસ્ટ કમ ક્લાર્ક તથા બે પટ્ટાવાળાની શોર્ટેજ વરતાય છે તેની જાહેરાત આપી આ જગ્યાઓ તાત્કાલિક પૂરી કરવાનું નક્કી કર્યું. ચોમાસામાં બેઝમેન્ટમાં પાણી ભરાય તે સામે જરૂરી સામાન બે ફુટ અધ્ધર ઘોડામાં મૂકાવી દેવાનું નક્કી કર્યું.

● **સોમવાર, તા. ૧૬-૬-૨૦૧૪**

★ રવિવાર, તા. ૧૪-૬-૨૦૧૪ના 'કચ્છમિત્ર'માં કચ્છને વધારાના પાણીના ફાળવણીના કાર્યોના અનુસંધાને જે સમાચાર આવેલ હતા તેના પ્રતિસાદ સ્વરૂપે શ્રી તારાચંદભાઈ છેડાની આપેલ વિગતો આજે 'કચ્છમિત્ર'માં પ્રસારિત કરવામાં આવેલ હતી. આ વિગતો યોગ્ય સ્વરૂપની જણાયેલ ન હતી.

● **મંગળવાર, તા. ૧૭-૬-૨૦૧૪**

★ રાજ્યકક્ષાના મંત્રી શ્રી તારાચંદભાઈ છેડાના કચ્છને ફાળવાયેલ વધારાના પાણીના કાર્યો અંગેના જે સમાચાર તા. ૧૬-૬-૧૪ના 'કચ્છમિત્ર'માં પ્રકાશિત કરવામાં આવેલ હતા તેનો કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલે ખુલાસો કરતાં જે સમાચાર 'કચ્છમિત્ર' પર મોકલી આપેલ હતા એ સમાચાર આજે 'કચ્છમિત્ર'માં પ્રસારિત કરવામાં આવેલ હતા.

★ આજરોજ શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી મનુભાઈ શાહ, શ્રી કે.આર. શાહ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા એકત્રિત થયેલ હતા અને વર્ષ ૨૦૧૪-૧૫ના સમાજના વિવિધ આયોજનો અંગે ચર્ચા કરેલ હતી.

★ મંગલ મંદિર – અષાઢી બીજ વિશેષાંકના અનુસંધાને પૂર્વ મુખ્યમંત્રી શ્રી સુરેશચંદ્ર મહેતા ભવન પર આવેલ હતા અને તેમના આ અંક માટે મોકલવામાં આવનાર લેખના અનુસંધાને તેઓએ જરૂરી ચર્ચા કરેલ હતી. આ સમયે શ્રી અશોક મહેતા, શ્રી હીરજી પાસુ શાહ, શ્રી દિનેશ મહેતા, શ્રી ભરત ઓઝા વગેરે ઉપસ્થિત રહેલ હતા.

★ આજરોજ શ્રી વસનજીભાઈ હરશી ગાલા સાથે તેઓએ અમદાવાદ સમાજની લાઈબ્રેરીમાં મોકલવાની બુક્સ અંગે ફોન પર ચર્ચા કરવામાં આવેલ હતી. તેઓના જણાવ્યા અનુસાર આ વિધિમાં હજુ એક-બે મહિનાનો સમય નીકળી જશે અને એ પ્રમાણે ગણના રાખવાની વાત કરેલ હતી. તેઓ જે બુક્સ મોકલવા માગે છે તેનું લિસ્ટ તેઓ તરતમાં મોકલી આપશે તેવું પણ તેમણે જણાવેલ હતું.

● **શુક્રવાર, તા. ૨૦-૬-૨૦૧૪**

★ શ્રી કચ્છી વિશ્રામ ગૃહની અગાસી પર લગાવેલ મોબાઈલ ટાવરના ૧૦ વર્ષનો કોન્ટ્રાક્ટ ઓગસ્ટ-૨૦૧૪માં પૂરો થતો હોવાથી તેના રિન્યુઅલ અંગેની ચર્ચા કરવા ટાવરની કંપનીના પ્રતિનિધિશ્રી આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર આવેલ હતા કે જ્યારે શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.આર. શાહ, શ્રી કે.ડી. શાહ, શ્રી ર.કું. ગોસર વગેરે ઉપસ્થિત રહેલ હતા. તેઓ સાથે વિગતવાર ચર્ચા કર્યા બાદ જરૂરી ચકાસણી કરી યોગ્ય નિર્ણય લેવાનું શ્રી કે.આર. શાહ પર છોડવામાં આવ્યું હતું.

★ ટ્રસ્ટીશ્રીઓ તથા કારોબારી સમિતિના સભ્યશ્રીઓના વર્કશોપ માટે શ્રી દેવેન છેડા આજરોજ શ્રી અચલ એન. રંગાસ્વામીને ભવન પર લાવેલ હતા કે જ્યારે શ્રી અશોક મહેતાએ તેમની સાથે મીટિંગ કરેલ હતી. અંદાજિત તારીખ અને સમય રવિવાર તા. ૧૩-૭-૨૦૧૪ના સાંજના ૪.૦૦થી ૬.૦૦નો નક્કી કરવામાં આવેલ હતો.

★ શ્રી નવનીત પરિવારે અલગ અલગ પ્રસંગે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કાર્યો માટે વિવિધ દાનો જાહેર કરેલ હતા. આજરોજ તેઓશ્રીએ એ બધા જ પ્રકારના દાનોના વિવિધ ચેકો મોકલી આપી સમાજની વિવિધ પ્રવૃત્તિઓ ધબકતી રાખવામાં સહાયભુત બનેલ હતા.

● **શનિવાર, તા. ૨૧-૬-૨૦૧૪**

★ બપોરના ૩.૩૦ વાગે મેડિકલ સમિતિની એક મીટિંગ મળેલ હતી. કે જેમાં શ્રી અશ્વિન સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.આર. શાહ, ડૉ. હિતુભાઈ શાહ, શ્રી નરેન્દ્ર ખોના, શ્રી દિનેશ મહેતા, શ્રીમતી હાસ્યલતાબેન, શ્રીમતી દક્ષાબેન તથા પીન્ટુ ઉપસ્થિત રહેલ હતા. ગત વર્ષ દરમ્યાનની મેડિકલ સેન્ટરની વિવિધ કાર્યવાહીના સ્ટેટમેન્ટ બનાવી તેનું વિશ્લેષણ કરવામાં આવ્યું. સ્ટાફને નમ્રતાપૂર્વક વર્તન કરવા વર્કશોપ વિષે ચર્ચા કરવામાં આવી, નવું ઓડિયોગ્રામ મશીન ખરીદવા કારોબારી સમિતિ પર ભલામણ કરવાનું નક્કી કરવામાં આવ્યું. નવા એક નર્સ બહેનને એપોઈન્ટમેન્ટ આપવાનું નક્કી કરવામાં આવ્યું. ■

*એક મોટી તક આવી પહોંચે તેની રાહ જોઈને બેસી રહેવાને બદલે નાની નાની તકોને ઝડપી લઈએ તો આપણે ઝડપથી મંઝિલ સુધી પહોંચી શકીએ છીએ.*

*સજ્જનોની મહાનતા તેઓના અંતઃકરણમાં હોય છે, લોકોની પ્રશંસામાં નહિ.*

# ઊડતી નજરે....

**માસ મે-૨૦૧૪ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>જેમાંથી – | ૧૨,૧૭૬ |
| | (બ) | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ........ ૫૩૪ | |
| | (ક) | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ........ ૭૮ | |
| | (ખ) | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) ........ ૧૩ | |
| | (ગ) | સોનોગ્રાફી........ ૧૧૦૪ | |
| | (ઘ) | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) ........ ૩૫ | |
| | (ચ) | બોડી ચેક-અપ........ ૪૦૪ | |
| | (છ) | અન્ય........ ૧૦,૦૦૮ | |
| ૨. | | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ ૨,૩૩૨<br>શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની કેન્ટીનમાં લાભ લેનાર વ્યક્તિઓ........ ૭,૬૦૯<br>શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર વ્યક્તિઓ........ ૪૭૦<br>કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ ........ ૨,૦૮૯ | ૧૨,૫૦૦ |
| ૩. | | માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા)<br>શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ ૯૫૩<br>શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ........ ૩,૨૪૯ | ૪,૨૦૨ |
| ૪. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,<br>ગીતા મંદિર, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ ૫૪૦ | ૫૪૦ |
| | | માસ મે - ૨૦૧૪ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ........ | ૨૯,૪૧૮ |

# મેરેજ બ્યુરો

**શ્રી કચ્છી જૈન ભવન પર કોઈ પણ જ્ઞાતિના યુવક - યુવતી માટે મેરેજ બ્યુરો કાર્યરત છે. આપશ્રી આપનું નામ રજિસ્ટર કરાવીને મેચીંગ સંબંધી જરૂરી વિગતો મેળવી શકશો. રૂબરૂ મુલાકાત માટે દર શનિવારે બપોરે ૩.૦૦થી ૬.૦૦નો સમય નક્કી કરવામાં આવેલ છે. જરૂરિયાત અનુસાર આપશ્રી મેરેજ બ્યુરો સમિતિના કન્વીનર શ્રી હીરજી પાસુ શાહનો મોબાઈલ નંબર ૯૮૨૫૩ ૮૦૮૬૬ પર સંપર્ક સાધી શકશો.**

*હીરજી પાસુ શાહ, કન્વીનર - મેરેજ બ્યુરો સમિતિ*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*



**નવું વર્ષ કચ્છ અને બૃહદ્ કચ્છની જનતાને**
**મંગલમયી બની રહે એ જ અભ્યર્થના....**



# જીવદયાપ્રેમીઓ
# દાનવીર દાતાઓ

## આપના અમૂલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

- આપનો કે આપના પરિવારજનોનો, બાળકોનો જન્મદિવસ.
- લગ્નદિવસ, લગ્નતિથીની ઉજવણી, લગ્નના ૨૫ કે ૫૦ વર્ષની ઉજવણી.
- આપની જીંદગીના ૫૦/૭૫ વર્ષની ઉજવણી.
- આપના સ્વજનની પૂણ્યતિથી, દેવ-દેવીના પહેડી પ્રસાદનો દિવસ વગેરે પ્રસંગોને નિરાધાર-મૂંગા જીવો માટે અભયદાનનો અવસર બનાવો.
- વર્તમાનકાળે પાંજરાપોળોને મુશ્કેલ પરિસ્થિતિ ઉદ્ભવી છે.
- વધુ વરસાદના કારણે લીલા દુકાળની પરિસ્થિતિ ઉદ્ભવી છે.
- ઘાસ-ચારા-દાણખાણના ભાવ વધતા જાય છે. ખુબ તંગી વર્તાય છે.
- હાલમાં પરિસ્થિતિ વિકટ છે તો ઉનાળામાં શું થશે ? પરિસ્થિતિ વધુ બગડશે.
- વધતા જતા વહિવટી ખર્ચ-મોંઘવારી અને ઘટતા જતા વ્યાજદરથી બે પાસા ભેગા કરવા મુશ્કેલ બન્યા છે.
- દરેક પાંજરાપોળોના બજેટખર્ચ દોઢાથી બમણા થઈ જવાની શક્યતા છે.
- વર્તમાનકાળમાં નવા નવા કતલખાના ખોલાતા પાંજરાપોળોની જરૂરિયાત વધી છે.
- યાંત્રિકરણ, શહેરીકરણ, વાહન વ્યવહાર વધવાથી પશુઓનો વપરાશ ઘટતો જાય છે.
- ચરિયાણ ગૌચરની જમીનો ઉદ્યોગોને અપાતા મોંઘી થતી જાય છે.
- ખેતીની પેદાશમાં રોકડીયા પાક તરફ ખેડૂતોનું વલણ વધી ગયુ છે. ચરિયાણ ગૌચર જમીનો પર દબાણ થતા જાય છે.
- ખેડૂતો તરફથી ભેટમાં મળતું ઘાસ ઓછું થવા લાગ્યું છે.
- આપણો વસવાટ શહેરોમાં થતા પશુઓ પ્રત્યે દયા-ભાવના લાગણી ઘટી છે.
- માંસાહારનો પ્રચાર વધતા, માંસની નિકાસ વધતા પશુઓની બેફામકતલ વધી છે.
- પશુ બચશે તો દેશ બચશે, ખેતી બચશે, પર્યાવરણ બચશે, ગરીબી, ભૂખમરો ઘટશે.

**કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકશો,**
**લિસ્ટ મંગાવી શકશો અથવા પ્રતિનિધીને રૂબરૂ બોલાવી લેશો.**

## શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

**માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)**

**કાર્યાલય : શ્રી આશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલા માળે, ઓફિસ નં. ૧૨૭/૧૩૦. ભુજ-કચ્છ (ગુજરાત) ૩૭૦ ૦૦૧.**

**ભજ ઓફિસ : ૦૨૮૩૨-૨૨૭૩૦૪. મો. ૦૯૯૦૪૮ ૩૧૫૧૪ (શ્રી ભરતભાઈ સેંઘરવા)**

## સૌજન્ય દાતા : દીપક તથા ગીરીશ ધારશી માલશી ભેદા - મોખા (થાણા)

**: મુંબઈ ઓફિસ :**

**માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)**

૩૦૭/૩૧૧, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેન્શન, ગોકુલધામ હોટલની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ટે. નં. ૨૩૮૧૩૭૩૩ / ૬૬૩૮૦૫૦૦. મો. ૯૯૨૦૨ ૯૮૭૨૬ / ૯૯૧૩૯ ૫૩૮૫૬


Nano 9
Insulated Stainless Steelware
આદર્શ ગૃહિણીની
સર્વશ્રેષ્ઠ પસંદગી
MODEL KIWI
Fruit & Salad
Insulock Lunch Pack
દરેક ઘરમા
ખુશીઓનો ઉપહાર !!
Chapati Pot
Retains & warmth freshness
DOUBLE WALL
HOT COLD
FEATHER LITE
GO FRESH
Mfg by:
Shree Balaji Metal Industries, Vasai
www. ninemetal.com | ninemetal@gmail.com
Ahmedabad Authorised Distributor :- Shahil Marketing - 9426177138
Mumbai Authorised distributor : Vasant Marketing - 9820672501, K K Associates - 9323404736


Gala
NO DUST BROOM
iska bhusa nahi nikalta!
No 'new broom dust'
3X Longer lasting
Washable
Superior Cleaning Guaranteed



# GILL & CO. PVT. LTD.

**IMPORTERS - EXPORTERS & COTTON MERCHANT**

"5", Aishwarya-1, 68, B.M.M. Society, Old Sharda Mandir Railway Crossing,
Ellisbridge, Ahmedabad - 380 006.
Phone : 079 - (O) 2658 6088 (R) 2658 1733 Telefax : 079 - 2658 6088
Mobile : 98253 28836 / 93742 08010 / 93742 08011

**Registered Office :** NTC House, Narottam Morarjee Marg,
Ballard Estate, P.O. Box. No. 86, Mumbai - 400 038.
Phone : (022) 2261 5001 (4 Lines)
Fax : (022) 2262 0598, 2265 5069 Telegram : "GILLCO, MUMBAI"
Email : gillco@gillcot.com

**: BRANCHES :**

**ADONI / AHMEDABAD / AMRAVATI**
**BHATINDA / NEW DELHI / UJJAIN**




## Kalpavriksha abode

Plots & Villas

@ PANCHASHAR SHANKHESHWAR

Plot Size - 500 SQ. YDS. & ABOVE PLOTS

VILLA ON DEMAND

- 1 BHK - 96 SQ. YDS. (Built Up)
- 2 BHK - 115 SQ. YDS. (Built Up)

Developer : DIAMOND realty

**Site Address :**
Nr. Kalash Kuber, Village Panchasar, Shankheshwar, Gujarat.

**Office Address :**
4th Floor, Anjalee House, Opp Lal Bunglow, C. G. Road, Ahmedabad- 380009

**Contact :**
M : +91 99099 44034 | Ph. : 079 2642 7001/7
Web : www.kalpavrikshaabode.com

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

**Deep Industries Limited**

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077


**Registered Office :**

**Deep Industries Limited**

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

Certified ISO 9001 2000 by BVQi UKAS QUALITY MANAGEMENT

AN ISO 9001 - 2000 COMPANY


ROMAN
GROUP
Give Your Society The Best!
Pest Control
Water Purifier
Water Proofing
Building Facilities
Silicon Acrylic Paint
Water Treatment Plant
Rain Water Harvesting
Solar Water Heating Systems
Tank And Ringwell Cleaning
Property Redevelopment And solutions
Landscaping And Play Equipment For Gardens
Roman Group of Companies
Sant Villa, Road No. 2, Juhu Scheme, Vile Parle (W), Mumbai - 400056
Tel: +91 22 6152 2400 / 6692 6166 / 67 / 68
Email Id: info@romangroup.in
www.romangroup.in

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2012-2014 Valid upto 31st December, 2014.
Published on 1st of Every Month and Permitted to Post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978

A World Class Exterior & Interior Acrylic Paints




*You Can't Buy Better Even At Higher Price !*

INDOCEM (INDIA) PVT. LTD.
(An ISO 9001: 2000 Certified Company)

**Ahmedabad** : 27541226, 27544161, 25743401, Fax : 079-27544199, **Bangalore** : 080-26758800, 26758028, **Baroda** : 0265-2412446, 2434041, **Bhopal** : 0755-2556785, **Bhuj** : 02832-223290, 250959, **Goa** : 0832-2752582, **Hubli** : 0836-2251415, **Hyderabad** : 040-24740401, 55598874, **Mangalore** : 0824-2410320, 4252325, **Mumbai** : 022-26858636, 26858639, **Nasik** : 0253-2511247, **Pune** : 020-26110951, **Rajkot** : 0281-2222766, **Surat** : 0261-2543332,